ખેતીની જમીન વેચવાની છે
રાજકોટ પૂર્વ ૨૫૦ ફુટ રીંગ રોડ,
300 ફુટ રીંગ રોડ ટચ, લાપાસરી, કાળીપાટ, મહીકા,
ઠેબચડા, અમરગઢ, ખેરડી, માલીયાસણ, ગુંદા,
તરઘડિયા, રફાડા, સર્વે નં. ૨એ, ૪એ, ૫એ, ૮એ,
૧૦એ, ૧૬એ, ટોપ લોકેશનમાં
તૈયાર ફાર્મ હાઉસ અને ફાર્મ હાઉસ લાયક
નાના ટુકડા લે વેચ માટે મળો...
બ્રોકર : પટેલભાઈ
76219 59697
લેનાર પાર્ટીએ જ કોન્ટેક કરવો

હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઇલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

R.N.I. REG NO. 38382/79
(RNP રજી. નં. RAJKOT/151/2024-2026)
Valid upto 31-12-2026 (Posting Office: RMS Rajkot)

બહારગામ

પાના : ૧૨
કિંમત રૂા.૪-૦૦

સવારે ચા, સાંજે

# અકિલા

AKILA RAJKOT
સાંજનું દૈનિક

સ્પેશ્યલ કાજુકત્રી
શુધ્ધ ઘી નાં કચ્છી મસાલા અળદીયા
નમકીનની ૧૦૧ થી વધુ વેરાયટી
કચ્છ ખાવડાવાળા
ડીસમીસ પૌવાનો ચેવડો 240
પંચનાથ મંદીર ચોક, રાજકોટ 88494 75796

Panama PANAMA electric

MFG BY:
PREM ELECTRICAL INDUSTRIES
SURENDRANAGAR
Mo. 98252 24142, 70692 24142, 98251 44142

ફોનઃ ૨૪૪૫૧૧૧, ૨૪૪૫૩૫૪ ■ વર્ષઃ ૪૯ ■ અંકઃ ૧૨૮ ■ 20 January 2026 ■ મંગળવાર ■ મહા સુદ-૨ ■ પ્રકાશન સ્થળઃઅકિલા-રાજકોટ www.akilaindia.com ■ www.akilanews.com

૨૦૨૪-૨૫માં-લોકસભા અને ૮ રાજ્યોની ચૂંટણી તથા પેટાચૂંટણીઓ યોજાઇ હતી

# ૨૦૨૪-૨૫માં ચૂંટણી જીતવા ભાજપે વાપર્યા ૩૩૫.૩૬ કરોડ



કોંગ્રેસે રૂા. ૮૯૦ કરોડનું આંધણ કર્યું: ભાજપે વર્ષ દરમ્યાન રૂા.૬૭૬૯.૧૪ કરોડ તો કોંગ્રેસે ૯૧૮.૨૮ કરોડની આવક મેળવી હતી

નવી દિલ્હી તા.૨૦: ભાજપે ૨૦૨૪-૨૫ની ચૂંટણીમાં ૩,૩૩૫.૩૬ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા જે કોંગ્રેસ દ્વારા ખર્ચવામાં આવેલા ૮૯૬.૨૨ કરોડ રૂપિયા કરતા ૩.૭૫ ગણા વધારે છે એમ ભગવા પક્ષના ઓડિટ રિપોર્ટના વિશ્લેષણમાં બહાર આવ્યું છે.

૨૦૨૪-૨૫ની લોકસભા અને આઠ રાજ્ય ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓ દરમિયાન, ભાજપે રૂા.૬,૭૬૯.૧૪ કરોડની આવક મેળવી હતી, જેમાં રૂા.૬,૧૨૪.૮૫ કરોડના દાનનો સમાવેશ થાય છે, જ્યારે રૂા.૩,૭૩૪.૫૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. સરપ્લસ રૂા.૨,૯૯૪.૫૬ કરોડ હતું.તેની સરખામણીમાં, ૨૦૨૪-૨૫માં કોંગ્રેસની આવક રૂા.૯૧૮.૨૮ કરોડ હતી, જ્યારે તેનો કુલ ખર્ચ રૂા.૧,૧૧૧.૯૪ કરોડ હતો.

ચૂંટણી પંચને સુપરત કરાયેલા ઓડિટ રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે ભાજપની આવક ૨૦૨૩-૨૪માં રૂા.૪,૩૪૦.૪૭ કરોડથી વધીને ૨૦૨૩-૨૪માં રૂા.૨,૨૧૧.૬૯ કરોડ થઈ ગઈ છે.

(જુઓ પાનુ ૬)

**MCX પર ચાંદી નવા શિખરે : ભાવ ૩૧૯૯૪૯ : સોનુ વધીને ૧૫૩૮૫૮(એપ્રિલ વાયદો)**

બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) એ ખારાનમાં મોટી જાનહાનિનો દાવો કર્યો

# બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) એ પાકિસ્તાની સેના પર મોટો હુમલો કર્યો: ૫૦ થી વધુ સૈનિકો માર્યા ગયા



નવી દિલ્હી: તા.૨૦બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) એ પાકિસ્તાની સેનાને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચાડવાનો દાવો કર્યો છે. BLF એ જણાવ્યું હતું કે તેના લડવૈયાઓએ ૧૫ જાન્યુઆરીના રોજ બપોરે ૨:૩૦ વાગ્યે (સ્થાનિક સમય) ખારાનમાં એક મોટું અને સંકલિત ઓપરેશન શરૂ કર્યું હતું. તેઓએ શહેર પર કબજો કર્યો, પોલીસ સ્ટેશનનો કબજો મેળવ્યો અને બેંકો અને સરકારી ઈમારતો પર હુમલો કર્યો.

નવ કલાક ચાલેલી અથડામણમાં ૫૦ થી વધુ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા અને ડઝનેક વધુ ઘાયલ થયા. ઘાયલોમાં વિંગ કમાન્ડર કર્નલ વાઘાન અને મેજર આસીમનો સમાવેશ થાય છે. ગ્જએ જણાવ્યું હતું કે તેના લડવૈયાઓએ પહેલા ખારાન શહેર પોલીસ સ્ટેશન પર કબજો કર્યો, કર્મચારીઓને બંધક બનાવ્યા, સરકારી હથિયારો કબજે કર્યા, કેદીઓને મુક્ત કર્યા અને ઈમારત, રેકોર્ડ અને પોલીસ વાહનોને નુકસાન પહોંચાડ્યું.

બીજી ટુકડી ખારાનના મુખ્ય બજારમાં પ્રવેશી અને મીઝાન બેંક, અલ હબીબ બેંક, નેશનલ બેંક અને અન્ય સરકારી કચેરીઓ પર હુમલો કર્યો. કાર્યવાહી

(જુઓ પાનુ ૬)

જોઈએ છે
ટ્રાફિક ડિઝાઈનર
કોરલ ડ્રો આવડવું જરૂરી | ફ્રેશર
99983 77721

૨૬મીની ઉજવણી દરમ્યાન કે પહેલા મોટા હુમલાની તૈયારીમાં ત્રાસવાદીઓ

# ગણતંત્ર પર્વ લોહીનાં રંગે રંગવા ખોફનાક ષડયંત્ર

ખાલીસ્તાની અને બાંગ્લાદેશી સંગઠનોના નિશાના ઉપર અનેક શહેરો:જૈશ-અલ કાયદા-ખાલિસ્તાની ત્રાસવાદીઓના ઇરાદાને પાડી દેવા ઠેરઠેર સુરક્ષા

નવી દિલ્હી તા.૨૦: ગુપ્તચર એજન્સીઓએ પ્રજાસત્તાક દિવસ પર સંભવિત આતંકવાદી હુમલાની આશંકા વ્યક્ત કરી છે. સૂત્રોનું કહેવું છે કે ખાલિસ્તાની આતંકવાદીઓ, જૈશ-એ-મોહમ્મદ અને અલ-કાયદા પ્રજાસત્તાક દિવસ દરમિયાન હુમલાઓનું કાવતરું ઘડી રહ્યા છે. બાંગ્લાદેશમાં આતંકવાદી સંગઠનો પણ હુમલાઓનું આયોજન કરી રહ્યા છે. રાજધાની દિલ્હી સહિત દેશના અનેક મોટા શહેરોને નિશાન બનાવી શકાય છે. ચેતવણીમાં જણાવાયું છે કે પંજાબના ગેંગસ્ટરો હવે વિદેશમાં સ્થિત ખાલિસ્તાની અને કટ્ટરપંથી હેન્ડલર્સ સાથે સહયોગ કરી રહ્યા છે.

ગુપ્તચર વિભાગની ચેતવણી મુજબ, આ ગેંગસ્ટરો હરિયાણા, દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં સક્રિય છે અને



ખાલિસ્તાની આતંકવાદીઓ સાથે સંપર્ક કરી રહ્યા છે. તેઓ ૨૬ જાન્યુઆરી પહેલા રાષ્ટ્રીય વાતાવરણને ખલેલ પહોંચાડી શકે છે. સિન્ડિકેટ પાસે માત્ર સ્વદેશી શસ્ત્રો જ નહીં પરંતુ અત્યાધુનિક શસ્ત્રોનો મોટો જથ્થો પણ છે. ચેતવણી મુજબ, વિદેશી ખાલિસ્તાની અને કટ્ટરપંથી હેન્ડલર્સ તેમના એજન્ડાને આગળ વધારવા માટે આ ગેંગસ્ટર નેટવર્કનો ઉપયોગ કરી રહ્યા છે. સુરક્ષા એજન્સીઓ હવે આવા હુમલાઓને રોકવા માટે સજ્જ થઈ ગઈ છે.

પોલીસ કર્મચારીઓ AI-સક્ષમ ચશ્મા પહેરશે. આ પ્રજાસત્તાક દિવસ, રાષ્ટ્રીય તહેવાર, દિલ્હી પોલીસ અને કેન્દ્રીય તપાસ એજન્સીઓ પાસે સંભવિત આતંકવાદી હુમલાઓ વિશે અસંખ્ય

(જુઓ પાનુ ૬)

એલોન મસ્ક એવા પ્રથમ વ્યક્તિ બન્યા છે જેમની વ્યક્તિગત સંપત્તિ અડધા ટ્રિલિયન ડોલર (૫૦૦ બિલિયન) ને વટાવી ગઈ: હકીકત એ છે કે વિશ્વમાં ૪ માંથી ૧ વ્યક્તિ પાસે ખાવા માટે પૂરતું ખોરાક નથી

# વિશ્વમાં પહેલી વાર અબજોપતિઓની સંખ્યા 3,૦૦૦ ને વટાવી ગઈ

૨૦૨૫નું વર્ષ અબજોપતિઓ માટે અત્યાર સુધીનું સૌથી સફળ વર્ષ હતું, કારણ કે તેમની કુલ સંપત્તિ વધીને રેકોર્ડ ડોલર ૧૮.૩ ટ્રિલિયન (આશરે રૂા.૧,૬૬૦ લાખ કરોડ) થઈ ગઈ છે

નવી દિલ્હી તા.૨૦: માનવ અધિકાર જૂથ ઓક્સફેમ ઈન્ટરનેશનલના નવા અહેવાલ મુજબ, વિશ્વના અબજોપતિઓની સંપત્તિ અને તેમની રાજકીય શક્તિમાં ઝડપથી વધારો થયો છે. અહેવાલમાં જણાવાયું છે કે અબજોપતિ સામાન્ય વ્યક્તિ કરતાં નેતા બનવાની શક્યતા ચાર હજાર ગણી વધારે છે. ૨૦૨૫નું વર્ષ અબજોપતિઓ માટે અત્યાર સુધીનું સૌથી સફળ વર્ષ હતું, કારણ કે તેમની કુલ સંપત્તિ વધીને રેકોર્ડ. ૧૮.૩ ટ્રિલિયન (આશરે રૂા.૧,૬૬૦ લાખ કરોડ) થઈ ગઈ છે. આ પાછલા પાંચ વર્ષની સરેરાશ કરતા ત્રણ ગણું વધારે છે.

ઓક્સફેમે રિઝિસ્ટિંગ ધ રૂલ ઓફ ધ રિચ શીર્ષક સાથે એક અહેવાલ બહાર પાડ્યો છે. તેમાં જણાવાયું છે કે ૨૦૨૦ થી અબજોપતિઓની સંપત્તિમાં ૮૧ ટકાનો વધારો થયો છે. ગયા વર્ષે, તેમની સંપત્તિમાં ડોલર ૨.૫ ટ્રિલિયન (૧૬.૫ ટકા)નો વધારો થયો છે. આ રકમ વિશ્વમાંથી ભારે ગરીબી દૂર કરવા માટે ૨૬ ગણી પૂરતી છે. ભારતમાં, દેશના ટોચના ૧ ટકા ધનિકો કુલ રાષ્ટ્રીય સંપત્તિના આશરે ૪૦ ટકાના માલિક છે.

અહેવાલ મુજબ, વિશ્વમાં અબજોપતિઓની સંખ્યા પહેલીવાર ૩,૦૦૦ ને વટાવી ગઈ છે. એલોન મસ્ક વિશ્વના પ્રથમ વ્યક્તિ બન્યા છે જેમની વ્યક્તિગત સંપત્તિ અડધા ટ્રિલિયન ડોલર



(૫૦૦ બિલિયન) ને વટાવી ગઈ છે. આ પરિસ્થિતિ એવા સમયે આવી છે જ્યારે વિશ્વમાં ૪ માંથી ૧ વ્યક્તિ પાસે ખાવા માટે પૂરતો ખોરાક નથી. ધ પોલિટિક્સ કેપ્ચર

રિપોર્ટમાં જણાવાયું છે કે શ્રીમંતો પાસે માત્ર પૈસા જ નથી, પણ રાજકારણ પર પણ નિયંત્રણ છે. સર્વેક્ષણ કરાયેલા ૬૬ દેશોના લગભગ અડધા લોકો માને છે કે શ્રીમંત વ્યક્તિઓ ચૂંટણી ખરીદે છે. વધુ અસમાનતા ધરાવતા દેશોમાં લોકશાહીના પતનનો અનુભવ થવાની શક્યતા સાત ગણી વધુ હોય છે. વધુમાં, અબજોપતિઓ વિશ્વની અડધાથી વધુ સૌથી મોટી મીડિયા કંપનીઓ અને લગભગ તમામ મુખ્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ (દા.ત., X, ધ વોશિંગ્ટન પોસ્ટ) ના માલિક છે.

રિપોર્ટ મુજબ, મીડિયા ઉદ્યોગના ટોચના સ્તરે પણ અસમાનતા યથાવત છે. વિશ્વના ટોચના હોદ્દાઓમાંથી માત્ર ૨૭% મહિલાઓ પાસે છે, અને માત્ર ૨૩% હાંસિયામાં ધકેલાઈ ગયેલા અથવા લઘુમતી જૂથોમાંથી આવે છે. રિપોર્ટમાં જણાવાયું છે કે નાગરિક સ્વતંત્રતા અને રાજકીય અધિકારોને પાછળ ધકેલી દેવામાં આવી રહ્યા છે અથવા દબાવવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે, ૬૮ દેશોમાં ૧૪૨ થી વધુ નોંધપાત્ર સરકાર વિરોધી વિરોધ પ્રદર્શન થયા હતા, જેનો અધિકારીઓએ સામાન્ય રીતે હિંસાથી જવાબ આપ્યો હતો.

રિપોર્ટમાં, ઓક્સફેમે ભારતની અનામત પ્રણાલીને સામાન્ય લોકોને રાજકીય રીતે સશક્ત બનાવવા તરફ

(જુઓ પાનુ ૬)

કબુતર જાળી
Bird Net Service
આપના ઘર, બંગલા, ફેકટરી, શેડ, કોમર્શીયલ કોમ્પ્લેક્ષને કબુતરથી બચાવો
સૂર્યા એન્ટરપ્રાઈઝ
M. 82035 77575/90241 88751
ગોલ્ડન સુપર માર્કેટની બાજુમાં, સાધુ વાસવાણી રોડ, રાજકોટ.

ભારતના કોઇપણ શહેરનાં
છાપામાં જાહેરાત
દુઃખદ અવસાન • નોટીસ • ટચુકડી
ચેન્જ ઓફ નેમ • લે-વેચ • જોઈએ છે
વિકાસ પબ્લીસીટી
૧૧૨૦-૧૧૨૧, આર.કે.સુપ્રીમ, નાના મવા સર્કલ પાસે.
98795 18143

મકાન વેચવાનું
4BHK 157 વાર
કુલ ફર્નિશ
સત્યસાંઇ મેઇન રોડનું આલાપ હેરીટેજ મો.૯૩૭૫૬ ૦૪૦૪૧

ચેક લોન
રાજકોટના ઇન્ડસ્ટ્રીયલ વેપારી ભાઇઓ માટે તાત્કાલીક લોન કઢી આપવામાં આપશે
84888 21834

ગાયત્રી યાત્રા સંઘ
2x2 સ્લીપર, 11 જ્યોતિર્લિંગ
કલકત્તા, ગંગાસાગર, જગન્નાથપુરી
દક્ષિણભારત, દિ.35
ઉપડશે- 23-01 (8 સીટો બાકી)
હસુભાઈ ભટ્ટ, રાજકોટ - 94092 63939

ચોક્કસ ઉપડે છે...કપલ / ફેમીલી ટુરો / સસ્તી AIR ટીકીટનો લાભ લો
ગંગોત્રી યમુનોત્રી બદ્રીકેદાર | કુલુ-મનાલી સિમલા ડેલહાઉસી | નૈનીતાલ મસુરી કોર્બેટ પાર્ક | સ્પે. કેરાલા સાથે મુન્નાર થેકડી | ભુતાન પારો-થીમ્પુ પુનાખા
દાજીર્લિંગ-ગંગટોક લાચુંગ-યુમથાંગ | અયોધ્યા-પ્રયાગરાજ છપૈયા-ચિત્રકુટ-વારાણસી | બેંગ્લોર-મૈસુર-ઉટી-કોડાઈ રામેશ્વરમ-કન્યાકુમારી
લેહ-લડાખ પેગોંગ લેક નુબ્રા-તુર્તુક (પાક.બોર્ડર) | આંદામાન પોર્ટબ્લેર હેવલોક ઇીચ | નેપાળ પોખરા વારાણસી ચિત્તવન | કલકત્તા ગંગાસાગર જગન્નાથપુરી ચિલકા લેક | મહારાષ્ટ્ર 5-જ્યોતિર્લિંગ પંઢરપુર શનિદેવ
76 વર્ષમાં મંગળ પ્રવેશ
ASARVAWALA AKHIL BHARAT TOURS & TRAVELS PVT. LTD. SINCE 1950
અમદાવાદ 079-26564488/8833 9375527702/03/04/06/07
રાજકોટ 9228295842
મોરબી 02822 227151 - 9925800122
જુનાગઢ 8460880099
www.akhilbharat.in | વોટ્સએપ ઉપર બુકલેટ તુરંત મેળવો

રાજ્યમાં ઘેરલું હિંસાના કેસને લઈ ચિંતાજનક ચિત્ર સામે આવ્યું: રોજના સરેરાશે ૨૪૭ કેસ નોંધાયા

ઘરેલુ હિંસા

# અભયમ ૧૮૧ પર દર ૬ મિનિટે ગુંજે છે મદદની કરવા માટેનો પોકાર

## રાજ્યમાં છેડતીના કેસમાં બે વર્ષમાં ૧૫ ટકાનો વધારો: પાંચ વર્ષમાં દૈનિક કોલની સંખ્યા બમણી


અમદાવાદ તા.૨૦: રાજ્યમાં ઘેરલું હિંસાના કેસને લઈ ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે. ૧૮૧ અભયમ હેલ્પલાઈનને દર ૬ મિનિટે ઘરેલું હિંસાનો એક કેસ મળ્યો હતો. રોજના સરેરાશે ૨૪૭ કેસ નોંધાયા હતા. જોકે આ સંખ્યા ૨૦૨૪માં નોંધાયેલા ૨૭૪ કેસ અને ૨૦૨૩માં નોંધાયેલા ૨૭૧ દૈનિક કોલ્સ કરતા ઓછી હતી.

ડેટા મુજબ, રાજ્યના ચાર મુખ્ય શહેરોમાં અમદાવાદમાં જ વર્ષ-દર-વર્ષ ઘરેલુ હિંસાના કેસોમાં વધારો જોવા મળ્યો હતો. જ્યારે રાજ્યમાં છેડતીના કેસમાં બે વર્ષમાં ૧૫ ટકાનો વધારો થયો હતો. તેમ ટાઈમ્સ ઓફ ઈન્ડીયાનો અહેવાલ જણાવે છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, કેટલાક કિસ્સાઓમાં જ્યાં તાત્કાલિક કાર્યવાહીની જરૂર હતી, તેવા કોલ્સ ગયા સપ્ટેમ્બરમાં શરૂ કરવામાં આવેલી ૧૧૨ હેલ્પલાઈન પર ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. અમદાવાદ શહેરમાં દરરોજ ઘરેલુ હિંસાના ૫૪ કોલ્સ નોંધાયા હતા, જેનો અર્થ છે કે દર ૩૦ મિનિટે લગભગ એક કોલ નોંધાયો હતો. વર્ષ ૨૦૨૦માં આ સંખ્યા ૨૬ હતી, જે દર્શાવે છે કે પાંચ વર્ષમાં દૈનિક કોલ્સની સંખ્યા બમણી થઈ ગઈ હતી.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું હતું કે, ઘરેલુ હિંસા હંમેશા મહિલાઓ માટે મુખ્ય સમસ્યાઓ પૈકીની એક રહી છે અને કોઈપણ નિવારણ પ્રણાલીમાં તેનો મોટો હિસ્સો હોય છે, પરંતુ આ વધતી સંખ્યા મહિલાઓમાં ઘટનાઓની જાણ કરવાની પ્રવૃત્તિ દર્શાવે છે. જ્યારે પરિવાર અથવા મહિલા પોલીસને બદલે હેલ્પલાઈનનો સંપર્ક કરે છે, ત્યારે તેનો હેતુ પોલીસ અથવા કાયદાકીય કાર્યવાહી શરૂ કરતા પહેલા વચલો માર્ગ શોધવાનો હોય છે. કાયદાકીય કાર્યવાહીમાં ઘણીવાર સંબંધોનો અંત આવી જતો હોય છે. આ ઉપરાંત ઘણીવાર ઘરેલુ હિંસાના કેસો અનેક મુદ્દાઓનું મિશ્રણ હોય છે, અને જ્યારે તે જાહેર મંચ પર પહોંચે છે, ત્યારે તેને સંવેદનશીલ રીતે સંભાળવાની જરૂર હોય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ઘરેલુ હિંસાના કેસો ઘણીવાર બાળકની કસ્ટડી, આર્થિક સમસ્યાઓ, લગ્નેતર સંબંધો, લગ્ન જીવનના વિખવાદ અને વ્યસન જેવા કારણોથી ઉદભવતા હોય છે.

રાજ્યમાં છેડતીના કેસમાં બે વર્ષમાં ૧૫ ટકાનો વધારો થયો હતો. અમદાવાદમાં ૨ વર્ષમાં છેડતીના કેસમાં ૪૦ ટકાનો વધારો થયો હતો. જ્યારે રાજકોટમાં ૩૮ ટકા, સુરતમાં ૩૦ ટકા અને વડોદરામાં ૫ ટકાનો ઘટાડો થયો હતો. જ્યારે મહિલા-યુવતીઓનો પીછો કરવાની ઘટનામાં અમદાવાદમાં બે વર્ષમાં ૪૫ ટકાનો વધારો થયો હતો.(૩૮.૨૬)

સેન્ટર ફોર લિવર એન્ડ પેનક્રિએટીકો-બિલિઅરી સાયન્સિસ (CLiPS) PRIME SHALBY MULTI-SPECIALTY HOSPITALS
શેલ્બી હૉસ્પિટલ, અમદાવાદના ડોક્ટર દ્વારા
હવે રાજકોટમાં લિવર ક્લિનિક

ડો. દિવાકર જૈન
સિનિયર કન્સલ્ટન્ટ એન્ડ હેડ એચ.પી.બી. એન્ડ લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન
MBBS, MS, FACS, DNB (Surgical Gastroenterology)
Fellowship in HPB Surgery & Liver Transplantation
22/01/2026, ગુરુવાર | સવારે 11:00 થી બપોરે 02:00 સુધી
આ ક્લિનિકમાં નીચેના દર્દીઓની તપાસ કરવામાં આવશે.
લિવર ટ્રાન્સપ્લાન્ટ | લિવર સિરોસિસ | લિવર કેન્સર | પેન્ક્રિયેટિક કેન્સર | પેન્ક્રિયેટાયટીસ | પેન્ક્રિયાસ માં પથરી | હિપેટાઇટિસ | પિત્તાશયનું કેન્સર | લિવરને લગતાં અન્ય રોગો | પિત્તનળીનાં જટિલ ઓપરેશન
ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ ની વધુ જાણકારી અને એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો: 7069 001 001, 87580 00480
પ્રાઇમ હૉસ્પિટલ - પંચવટી સોસાયટી મેઈન રોડ, અતિથિ ચોક, ચંદ્રેશ વાડીની બાજુમાં, નાના મવા મેઈન રોડ કોર્નર, રાજકોટ

# શનિવારે પોરબંદરમાં પૂ. રમેશભાઇ ઓઝાના હસ્તે સાંદીપનિ ગૌરવ એવોર્ડ અર્પણવિધિ

## પોરબંદર સાંદીપની વિદ્યાનિકેતન સંસ્થા દ્વારા શ્રી હરિમંદિરના ૨૦મા પાટોત્સવ અંતર્ગત પૂ. ભાઈશ્રીની પ્રેરણાથી અમદાવાદના પ.પૂ. જૈનાચાર્ય શ્રી વિજયરત્નસુંદરસુરીશ્વરજી મહારાજને દેવર્ષિ એવોર્ડ, વારાણસી (ઉત્તરપ્રદેશ)ના શ્રી ગણેશ્વર શાસ્ત્રી દ્રાવિડને બ્રહ્મર્ષિ એવોર્ડ તેમજ ભુણાવ-મહેસાણાના ડો. ગણપતભાઈ પટેલને રાજર્ષિ એવોર્ડ અર્પણ કરીને ભાવપૂજન કરાશે

(વિનુ જોશી દ્વારા)જુનાગઢ - (પરેશ પારેખ પોરબંદર તા.૨૦: પોરબંદરના સાંદીપનિ વિદ્યાનિકેતન સંસ્થા દ્વારા પૂજ્ય ભાઈશ્રી શ્રી રમેશભાઈ ઓઝાની પ્રેરણાથી ૨૯ વર્ષોથી વિભિન્ન ક્ષેત્રમાં અનુપમ યોગદાન આપનારા ત્રણ વિશિષ્ટ મહાનુભાવોનું દેવર્ષિ, બ્રહ્મર્ષિ અને રાજર્ષિ એવોર્ડથી ભાવપૂજન કરવામાં આવે છે. એ ઉપક્રમમાં આવર્ષે ૩૦મા ગૌરવ અવોર્ડ સમારોહમાં પૂજ્ય ભાઈશ્રી અને મહાનુભાવોના દ્વારા ત્રણ મહાનુભાવોનું ભાવપૂજન કરવામાં આવશે

વિદ્યાનિકેતન સંસ્થા દ્વારા પૂજ્ય ભાઈશ્રી શ્રી રમેશભાઈ ઓઝાની પ્રેરણાથી જેમાં આ વર્ષે અમદાવાદના પરમ પૂજ્ય જૈનાચાર્ય શ્રી વિજયરત્નસુંદરસુરીશ્વરજી મહારાજને દેવર્ષિ એવોર્ડ, વારાણસી (ઉત્તરપ્રદેશ)ના શ્રી ગણેશ્વર શાસ્ત્રી દ્રાવિડને બ્રહ્મર્ષિ એવોર્ડ તેમજ ભુણાવ-મહેસાણાના ડો.ગણપતભાઈ પટેલને રાજર્ષિ અવોર્ડ અર્પણ કરીને ભાવપૂજન કરવામાં આવશે.

આ વર્ષે શ્રીહરિમંદિરના ૨૦મા પાટોત્સવ અંતર્ગત મહામહોત્સવ દરમ્યાન પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૩૦મો સાંદીપનિ ગૌરવ અવાર્ડ સમારોહ, તા.૨૪-૦૧-૨૬, શનિવારે બપોર પછી ૩:૩૦ થી ૬:૩૦ દરમ્યાન સાંદીપનિ સભાગૃહમાં સંપન્ન થશે. જેમાં આ વર્ષે અમદાવાદના પરમ પૂજ્ય જૈનાચાર્ય શ્રી વિજયરત્નસુંદરસુરીશ્વરજી મહારાજને દેવર્ષિ એવોર્ડ, વારાણસી (ઉત્તરપ્રદેશ)ના શ્રી ગણેશ્વર શાસ્ત્રી દ્રાવિડને બ્રહ્મર્ષિ એવોર્ડ તેમજ ભુણાવ-મહેસાણાના ડો. ગણપતભાઈ પટેલને રાજર્ષિ અવોર્ડ અર્પણ કરીને ભાવપૂજન કરવામાં આવશે.

**દેવર્ષિ એવોર્ડ: પરમ પૂજ્ય જૈનાચાર્ય શ્રી વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**


અમદાવાદમા જૈન ધર્મની શ્રમણ પરંપરા ભારતની આધ્યાત્મિક ધરોહરની અત્યંત ગૌરવશાળી પરંપરા છે. આ પરંપરામાં એવા વિરલ સંતો જન્મ લે છે, જેમનું જીવન ત્યાગ, તપ, કરુણા અને જ્ઞાનનો સમન્વય બનીને સમાજ માટે દીવાદાંડી સમાન બને છે. પરમ પૂજ્ય જૈનાચાર્ય શ્રી વિજયરત્ન સુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ એવા જ એક મહાન સંત, વિદ્વાન આચાર્ય અને યુગપ્રેરક સાહિત્યકાર છે. તેમનું નામ આજે વિજય, વિવેક, સંયમ અને જૈન સાધુતાની ઉત્કૃષ્ટ ગુણવત્તાનું પ્રતીક બની ગયું છે.


જન્મ, સંસ્કાર અને વૈરાગ્ય પરમ પૂજ્ય આચાર્યશ્રીનો જન્મ સંસ્કારી જૈન પરિવારમાં થયો હતો. બાળપણથી જ તેમના જીવનમાં અહિંસા, સંયમ, કરુણા અને આત્મચિંતનના સંસ્કારો દ્રઢપણે વિકસ્યા હતા. વૈભવશાળી સંસારની સરખામણીમાં વૈરાગ્યમય જીવન પ્રત્યેનો તેમનો ઝુકાવ શરૂઆતથી જ સ્પષ્ટ હતો, જે આગળ જતાં તેમના શ્રમણ જીવનનો આધાર બન્યો.

વર્ષ ૧૯૬૭માં પરમ પૂજ્યશ્રીએ જૈન દીક્ષા ગ્રહણ કરી પૂર્ણ સંયમમય સાધુ જીવનનો સ્વીકાર કર્યો. દીક્ષા બાદ છેલ્લા ૫૮ વર્ષથી વધુ સમયથી તેઓ જૈન આચારસંહિતાનું કઠોરતાપૂર્વક પાલન કરી રહ્યા છે.

તેમના સંયમ જીવનની વિશેષતાઓ: સ્નાનનો ત્યાગ. સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી આહાર અને જળનો ત્યાગ.

કોઈપણ વીજ ઉપકરણનો ઉપયોગ નહીં. નગ્ન પગે પદયાત્રા. આ કઠિન નિયમોની વચ્ચે પણ તેઓ સતત તપસ્વી અને સક્રિય જીવન જીવી રહ્યા છે.











**બ્રહ્મર્ષિ એવોર્ડ: પંડિત શ્રી ગણેશ્વર શાસ્ત્રી દ્રાવિડ - વારાણસી, ઉત્તરપ્રદેશ**

ભારતીય વૈદિક પરંપરાની પ્રાચીન અને અત્યંત પ્રતિષ્ઠિત પીઠ કાશીની વિદ્વત પરંપરામાં પંડિત શ્રી ગણેશ્વર શાસ્ત્રી દ્રાવિડ એક એવા વિલક્ષણ શાસ્ત્રજ્ઞ તરીકે સ્થાપિત છે, જેમની પાસે વેદ, વેદાંગ, બ્રાહ્મણ, દર્શન, ધર્મશાસ્ત્ર, જ્યોતિષ, મંત્રશાસ્ત્ર, તંત્ર અને શ્રૌત પરંપરાઓનો અદભૂત સમન્વય જોવા મળે છે. તેઓ માત્ર શાસ્ત્રોના જ્ઞાતા જ નથી, પરંતુ શાસ્ત્રોને લોકજીવન, રાષ્ટ્રધર્મ અને વ્યવહારમાં ઉતારનારા સિદ્ધ આચાર્ય પણ છે.

તેમનો જન્મ માર્ગશીર્ષ કૃષ્ણ ચતુર્દશી, સંવત ૨૦૧૫ (૯ ડિસેમ્બર ૧૯૫૮) ના રોજ રામનગર, વારાણસીમાં થયો હતો. એમના પિતા પદ્મભૂષણ પંડિતરાજ શ્રી રાજેશ્વર શાસ્ત્રી દ્રાવિડ, જેઓ પોતે એક યુગપ્રવર્તક વિદ્વાન હતા. તેમની પાસેથી ગણેશ્વર શાસ્ત્રીજીને શાસ્ત્રીય સંસ્કાર અને વેદવિદ્યા વારસામાં મળી. માતા સ્વર્ગીય શ્રીમતી જયલક્ષ્મી દ્રાવિડ, જેમની પાસેથી તેમને ધર્મનિષ્ઠા, સંયમ અને સાધનાની પ્રેરણા મળી.

શ્રી શાસ્ત્રીજીએ કૃષ્ણયજુર્વેદ (તૈત્તિરીય શાખા) અને શુક્લયજુર્વેદ (માધ્યન્દિનીય શતપથ બ્રાહ્મણ)ની સાથે સાથે વેદાંગ, ન્યાય-વૈશેષિક દર્શન, પુરાણ, ઈતિહાસ, રાજશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર, કાવ્ય-કોષ, જ્યોતિષ, તંત્રાગમ તેમજ શ્રૌત પરંપરાઓનું ગહન અધ્યયન કર્યું. તેમના મુખ્ય ગુરુઓમાં પદ્મભૂષણ પંડિતરાજ રાજેશ્વર શાસ્ત્રી દ્રાવિડ, રાષ્ટ્રપંડિત રામચંદ્ર શાસ્ત્રી હોસમણે અને વિદ્યાભૂષણ ગણપતિ શાસ્ત્રી હેબ્બાર, પદ્મભૂષણ પટ્ટાભિરામ શાસ્ત્રી જેવા મહાન મનીષી આચાર્યોનો સમાવેશ થાય છે.

**રાજર્ષિ એવોર્ડ: ડો. ગણપત આઈ. પટેલ - ભુણાવ - મહેસાણા**

ડો. ગણપત ઈશ્વરભાઈ પટેલ, જેઓ વ્યાપકપણે ''પૈટ પટેલ'' તરીકે ઓળખાય છે, તેઓ વિશ્વ વિખ્યાત શિક્ષણશાસ્ત્રી, દૂરદર્શી સંસ્થા નિર્માતા, પ્રખ્યાત પ્રૌદ્યોગિકીવિદ્ અને પ્રતિષ્ઠિત પરોપકારી છે. તેઓ ગુજરાત સ્થિત ગણપત યુનિવર્સિટીના સ્થાપક, પ્રેસિડેન્ટ અને પેટ્રન-ઈન-ચીફ છે, સાથે જ ગણપત યુનિવર્સિટી ગોવાના પણ સ્થાપક છે. તેમનું જીવનકાર્ય એન્જિનિયરિંગ શ્રેષ્ઠતા, નૈતિક ઉદ્યમશીલતા, રાષ્ટ્ર-નિર્માણ અને માનવ-કેન્દ્રી પરોપકારનો એક દુર્લભ અને પ્રેરણાદાયી સંગમ પ્રસ્તુત કરે છે.

ડો. પટેલનો જન્મ ૧૨ જાન્યુઆરી ૧૯૪૫ના રોજ ઉત્તર ગુજરાતના ભુણાવ ગામમાં થયો હતો. તેઓ પાટીદાર સમુદાય સાથે સંબંધ ધરાવે છે અને શ્રી ઈશ્વરભાઈ પટેલ તથા શ્રીમતી મેનાબેન પટેલના સુપુત્ર છે. ગ્રામીણ ભારતમાં વિતાવેલું તેમનું પ્રારંભિક જીવન, જમીની સ્તરના વિકાસ અને સર્વસમાવેશક શિક્ષણ પ્રત્યેની તેમની આજીવન પ્રતિબદ્ધતાનો મુખ્ય આધાર બન્યું.

તેમણે વર્ષ ૧૯૬૯માં કેલિફોર્નિયા પોલિટેકનિક યુનિવર્સિટી, પોમોના (અમેરિકા) થી ઈલેક્ટ્રોનિક્સ/ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં બેચલર ઓફ સાયન્સની પદવી પ્રાપ્ત કરી. તેમના શૈક્ષણિક શિક્ષણ દ્વારા તેમને એપ્લાઇડ એન્જિનિયરિંગ, નવીનતા અને સમસ્યા નિવારણનો મજબૂત પાયો મળ્યો—આ એવા સિદ્ધાંતો છે જેણે આગળ જતાં તેમના વ્યાવસાયિક અને પરોપકારી કાર્યોને વ્યાખ્યાયિત કર્યા.

વર્ષ ૧૯૭૮માં ડો. પટેલે તેમની પત્ની શ્રીમતી મંજુ પટેલ સાથે મળીને કેલિફોર્નિયાના મિશન વિએહોમાં ચેરોકી ઈન્ટરનેશનલ, ઈન્ક. ની સ્થાપના કરી. જે કાર્ય એક સાધારણ કિચન-ટેબલ સાહસ તરીકે શરૂ થયું હતું, તે તેમના દૂરદ્રષ્ટા નેતૃત્વમાં વિકસીને વૈશ્વિક સ્તરે સન્માનિત પાવર-સપ્લાય કંપની બન્યું.

ચેરોકી ઈન્ટરનેશનલે IBM, Cisco, Motorola અને Hewlett-Packard જેવા વૈશ્વિક ટેકનોલોજી દિગ્ગજો સાથે લાંબા ગાળાની ભાગીદારી સ્થાપિત કરી અને પોતાના ઉત્પાદન કાર્યોનો વિસ્તાર યુનાઈટેડ સ્ટેટ્સ, ભારત, બેલ્જિયમ અને મેક્સિકો સુધી કર્યો.

ડો. પટેલનું નેતૃત્વ નીચેની વિશેષતાઓથી પરિપૂર્ણ રહ્યું: સશક્ત નૈતિક અને પારદર્શક શાસનએન્જિનિયરિંગ આધારિત નવીનતા, હિતધારકો સાથે લાંબા ગાળાનો વિશ્વાસ, બહુસાંસ્કૃતિક અને વૈશ્વિક ટીમ નિર્માણ તેમની ઉદ્યમશીલ યાત્રાને મૂલ્યો પર આધારિત વૈશ્વિક વ્યાવસાયિક નેતૃત્વના એક આદર્શ મોડેલ તરીકે વ્યાપકપણે જોવામાં આવે છે.

આજે ગણપત યુનિવર્સિટીમાં ૧૮,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે અને ૧,૦૦,૦૦૦ થી વધુ સ્નાતકોનું વૈશ્વિક એલ્યુમનાઈ નેટવર્ક છે. ડો. પટેલે વૈશ્વિક સ્તરે શિક્ષણ અને સામાજિક પહેલો માટે ૨૦૦ કરોડથી વધુનું યોગદાન આપ્યું છે. નાણાકીય પરોપકાર ઉપરાંત, તેમનું સૌથી મહત્વનું યોગદાન દૂરદ્રષ્ટા શાસન માળખું, નૈતિક નેતૃત્વના મોડેલ અને ''સૌ માટે શિક્ષણ''ના ક્ષેત્રમાં જોવા મળે છે. તેઓ વિશ્વભરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓના સલાહકાર બોર્ડમાં સક્રિય સેવા આપે છે.

ડો. ગણપત આઈ. પટેલ એ વિશ્વાસના જીવંત પ્રતીક છે કે સાચા નેતૃત્વનું મૂલ્યાંકન વ્યક્તિગત સફળતાથી નહીં, પરંતુ તેના દ્વારા નિર્મિત સંસ્થાઓ અને પરિવર્તિત થયેલા જીવનો દ્વારા કરવામાં આવે છે. તેઓ એક રાષ્ટ્ર નિર્માતા, વૈશ્વિક નાગરિક અને શૈક્ષણિક સશક્તિકરણના શિલ્પી તરીકે પ્રતિષ્ઠિત છે.(તસ્વીર: મુકેશ વાઘેલા-જુનાગઢ)(૨.૩)

# કુંવરજીભાઈની 'જન કલ્યાણ શિવ વંદના પદયાત્રા' સોમનાથ મહાદેવના ચરણોમાં સંપન્ન

## ઘેલા સોમનાથથી વેરાવળ સોમનાથ સુધીની ૨૨૯ કિલોમીટરની યાત્રા ૮ દિવસમાં પૂર્ણ: ૩૨ ગામોમાં ભવ્ય સ્વાગત : સાદગી અને લોકસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું



રાજકોટ/સોમનાથ : રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં આવેલ પવિત્ર યાત્રાધામ ઘેલા સોમનાથથી શરૂ થયેલી ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની 'જન કલ્યાણ શિવ વંદના પદયાત્રા' વેરાવળ સોમનાથ ખાતે ભક્તિભાવપૂર્વક સંપન્ન થઈ છે. જનકલ્યાણ, સારા આરોગ્ય અને રાજ્યના વિકાસની કામના સાથે યોજાયેલી આ ૨૨૯ કિલોમીટરની પદયાત્રાએ સાદગી અને લોકસેવાનું નવું ઉદાહરણ પૂરું પાડ્યું છે હોવાનું શ્રી વિનોદ નાગાણીએ જણાવ્યું છે.

**ઐતિહાસિક પદયાત્રા અને ઉદ્દેશ્ય**

જેમ રાજમાતા મીનળદેવીએ જનકલ્યાણ અર્થે શિવલિંગની સ્થાપના કરી હતી, તે જ રીતે જસદણ-વિંછિયાના ધારાસભ્ય અને મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ લોકહિત માટે આ બીજું ભગીરથ કાર્ય હાથ ધર્યું હતું. આ અગાઉ ૧૩ વર્ષ પહેલાં પણ તેમણે આવી પદયાત્રા કરી હતી. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોના સારા સ્વાસ્થ્ય, ગુજરાતના વેગવંતા વિકાસ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો હતો.

**૩૨ ગામોમાં અભૂતપૂર્વ સ્વાગત અને લોકસંપર્ક**

તારીખ ૨૦-૧૨-૨૦૨૫ના રોજ ઘેલા સોમનાથ મહાદેવની પૂજા-અર્ચના સાથે શરૂ થયેલી આ યાત્રા ૮ દિવસ સુધી ચાલી હતી. આ દરમિયાન જસદણ, આટકોટ, ખારચિયા, વીરનગર, બળધોઈ, હનુમાન ખારચિયા, મોટા દડવા, ઈશ્વરિયા, કોટડાસાંગાણી, પીપળિયા, કરમાળકોટડા, નાના-મોટા માંડવા, રામોદ, ઘોઘાવદર, ગોંડલ, જામવાડી, ચોરડી, વીરપુર, પીઠડિયા, જેતપુર, ચોકી, વડાલ, જૂનાગઢ, વંથલી, અગતરાય, કેશોદ, ભંડુરી અને સુપાસી સહિતના ૩૨ ગામોમાં મંત્રીશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. માર્ગમાં આવતા દરેક ગામના સરપંચો, આગેવાનો, વેપારી મહાજન અને ગ્રામજનોએ ઢોલ-નગારા સાથે અને ફૂલોની પાંખડીઓ વેરીને યાત્રાને વધાવી લીધી હતી. ગોંડલ, જેતપુર અને કેશોદમાં વેપારીઓ અને વિવિધ સમાજના લોકોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

**સાદગી અને સમર્પણે કુંવરજીભાઇ યાત્રીકો સાથે જ જમ્યા અને સુતા**

આ પદયાત્રાની સૌથી નોંધનીય બાબત મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાની સાદગી હતી. યાત્રા દરમિયાન અન્ય પદયાત્રીઓને જે સુવિધાઓ મળી હતી, તે જ સુવિધાઓનો ઉપયોગ કુવરજી ભાઈએ કર્યો હતો. યાત્રીકોએ જે ભોજન લીધું, તે જ ભોજન મંત્રીશ્રીએ લીધું હતું અને જ્યાં સામાન્ય યાત્રીકોએ રાત્રી વિશ્રામ કર્યો, ત્યાં જ તેમણે પણ વિશ્રામ કર્યો હતો. આ સાદગી જોઈને લોકોમાં 'માનવ દેહમાં ઈશ્વરીય તત્વ'હોવાની અનુભૂતિ થઈ હતી.

**મહાનુભાવોને વંદન અને મંદિરોમાં દર્શન**

યાત્રાના રૂટ પર આવતા ગાંધીજી, સરદાર પટેલ, ભગવાન રામ, જલારામ બાપા, પરશુરામજી, બાબાસાહેબ આંબેડકરજી, સ્વ. ઈન્દિરા ગાંધી તેમજ સોમનાથની રક્ષા કાજે બલિદાન આપનાર વીર વેગડાજી ભીલ અને હમીરજી ગોહિલ જેવી પ્રતિમાઓને ફુલહાર કરી વંદન કરવામાં આવ્યા હતા. ઉપરાંત ખોડિયાર માતાજી મંદિર (કાગવડ), જલારામ મંદિર (વીરપુર) અને ભવનાથ મહાદેવ (જૂનાગઢ) જેવા મંદિરોએ શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા.

**રોજગાર મેળા અને લોકડાયરો**

યાત્રા માત્ર ભક્તિ પૂરતી સીમિત ન રહેતા, તે લોકજાગૃતિનું માધ્યમ પણ બની હતી. 'મંગલમ'ની બહેનો દ્વારા ઠેર-ઠેર રોજગારલક્ષી મેળાઓ યોજવામાં આવ્યા હતા.

જૂનાગઢમાં રાત્રી રોકાણ દરમિયાન લોકસાહિત્યકાર રાજભા ગઢવીનો ભવ્ય લોકડાયરો યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. મંત્રીશ્રીએ સભાઓમાં વ્યસન મુક્તિ, ટ્રાફિક નિયમો અને સ્વચ્છતા અંગે લોકોને માર્ગદર્શન આપ્યું હતું.

**સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યાત્રાની પૂર્ણાહુતિ**

યાત્રાના અંતિમ દિવસે, તારીખ ૨૭-૧૨-૨૦૨૫ ના રોજ સવારે ૯ કલાકે તમામ પદયાત્રીઓ સાથે શ્રી કુંવરજીભાઈ બાવળીયા સોમનાથ મંદિરના મુખ્ય દ્વારે પહોંચ્યા હતા. સોમનાથ મહાદેવના શિખર દર્શન અને પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.

**કુંવરજી ભાઈએ સોમનાથ દાદાની ધ્વજાની પૂજા કરી**

વાજતે-ગાજતે -દક્ષિણા કરી કુંવરજી ભાઈએ ધ્વજા ચડાવી હતી. અંતમાં તમામ યાત્રીકોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો અને મંત્રીશ્રીએ તમામ પદયાત્રીઓ માટે પરત જવાની વ્યવસ્થા પણ કરી આપી હતી.

આ યાત્રામાં યુવાનોને પણ શરમાવે તેવા ઉત્સાહ સાથે કુંવરજીભાઈ ચાલ્યા હતા. પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત અને આરોગ્ય વિભાગ દ્વારા મેડિકલ સેવાઓ સતત સાથે રહી હતી. આ પદયાત્રા ખરા અર્થમાં 'ન ભૂતો ન ભવિષ્યતિ' સમાન બની રહી હતી.(૪૧.૧૬)




આલેખન:
**વિનોદ પી. નાગાણી**
(એમકોમ. બીજેએમસી)
પ્રમુખશ્રી, ભાજપ બક્ષી મંચ મોરચો રાજકોટ જિલ્લો; પ્રવકતા : શ્રી માંધાતા ગ્રુપ ગુજરાત અને કોળી સેના ગુજરાત; ઉપ-મુખ તળપદા કોળી સમાજની વાડી જુનાગઢ. મો.૯૭૧૨૧૬૪૪૯૬, મુ.કણકોટ, વાયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, તાલુકો અને જીલ્લો રાજકોટ)

**આજના શુભ દિવસે...**




વિનુભાઈ જગડા ● ઈન્દુબેન જગડા
મો. ૯૮૭૯૫ ૭૯૩૪૧

શ્યામ ! તારી બંસી થઈને બજવું છે જગ મારે,
સુર છેડવા કેવા, કયારે ?
એ જોવાનું તારે ?

### આવતીકાલનું પંચાંગ

॥ ૐ ॥ *વિક્રમ સંવત-૨૦૮૨*
*વીર સંવત ૨૫૫૨*
*શાલિવહન શક-૧૯૫૭*
*ઇસ્વીસન-૨૦૨૬*
*તા. ૨૧-૧-૨૦૨૬ બુધવાર*
*મહાસુદ-૩*
*ગૌરી તૃતિયા-પંચન*
*ખોડલધામ પ્રતિષ્ઠા*
*દિન (કાગવડ)*
*રવિયોગ ૧૩-૫૮ થી*

આજના ગ્રહો
સૂર્ય-મકર
ચંદ્ર-કુંભ
મંગળ-મકર
બુધ-મકર
ગુરૂ-મિથુન
શુક્ર-મીન
શનિ-મીન
રાહુ-કુંભ
કેતુ-સિંહ
હર્ષલ-વૃષભ
નેપ્ચ્યુન-મીન
પ્લુટો-મકર



કુમારભાઈ ગાંધી
મોબાઈલ
૯૩૭૪૮૧૬૯૭૭
કન્સ્લટીંગ
એસ્ટ્રોલોજીસ્ટ

**સૂર્યોદય-૭-૩૦**
**સૂર્યાસ્ત-૬-૨૬**
**જૈન નવકારશી- ૮-૧૮**
**ચંદ્ર રાશિ :- કુંભ (ગ.સ.)**
**નક્ષત્ર- ધનિષ્ઠા**

**રાહુ કાળ:**
**૧૨-૫૮ થી ૧૪-૨૦ સુધી**
**દિશા શૂળ- ઉત્તર**
**માંગલિક કાર્યોનો શુભ સમય**
સાંજનો શુભ સમય ૧૮-૨૭ થી ૨૧-૦૦ સુધી સવારે ૭-૩૦ થી લાભ-અમૃત ૧૦-૧૪ સુધી ૧૧-૩૬ થી શુભ ૧૨-૫૮ સુધી ૧૫-૪૨ થી ચલ-લાભ ૧૮-૨૭ સુધી ૨૦-૦૫ થી શુભ-અમૃત-ચલ-૨૪-૫૮

**શુભ હોરા**
૭-૩૦ થી ૯-૧૯ સુધી
૧૦-૧૪ થી ૧૧-૦૯ સુધી,
૧૨-૫૮ થી ૧૫-૪૨ સુધી
૧૬-૩૭ થી ૧૭-૩૨ સુધી

**બ્રહ્માંડના સિતારા**
જીવનમાં જયારે ગ્રહોની ચાલ અનુકુળ ન હોય ત્યારે ખોટા નિર્ણયો લેવાય જવાય છે તો શું કરવું ઘણી વખત કોઈ રસ્તો નથી દેખાતો ત્યારે જયારે તમારે તમારી વહેવારૂ કોશીષ ચાલુ રાખવી અને તેની સાથે સાથે ઈશ્વરને પ્રાર્થના કરવી કે તેમો કારણ વગરના ફસાઈ ગયા છો તમારે જેની ઉપર વિશ્વાસ રાખેલ તે વ્યકિતએ જ તમારો વિશ્વાસ જેનો ગેર ઉપયોગ કરેલ છે અહી ધીરજ કેળવો હતાશ ન થઈ મેડીટેશન કરો ઓમના જાપ કરો તમારા વિશ્વાસનો જેણે ગેર ઉપયોગ કરેલ છે તેને ઈશ્વર જરૂરથી કોઈ રસ્તો બતાવશે જયા મનુષ્યની બુધ્ધિ નથી ચાલતી ત્યાં ઈશ્વરને શરણે ચાલ્યા જાવ. (૫-૩)


**સ્મરણાંજલિ**



કૈલાસવાસી
શાંતાબેન કાશીગિરિ ગોસ્વામી
કૈલાસવાસ તા.૨૦-૧-૨૦૧૨
ત્રંબા (કસ્તુરબાધામ)- રાજકોટ.

પરમ પૂજ્ય, **બા**
વિત્યા વહાણાં ૧૪ વર્ષનાં... તોયે હૈયુ હજુ ભીંજાય છે...
અમે કદિ ન ભૂલીએ આપને
પ્રકાશગિરિ કાશીગિરિ ગોસ્વામી
વિજયગિરિ કાશીગિરિ ગોસ્વામી
સાગરગિરિ વિજયગિરિ ગોસ્વામી
ઓમ નમ: નારાયણ
''શાંતિ નિકેતન'', ૭/૪- રામનગર, ગોંડલ રોડ, રાજકોટ.
MANISH ADS


# ૩૮૯ લોકોના એક જ પિતા: બીજાના ૩૧૦ બાળકો છે...

## બંગાળમાં SIR એ એવા ખેલનો પર્દાફાશ કર્યો છે જે તમારા મનને ચકરાવે ચડાવી દેશે

## પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાં સુધારો કરવા માટે SIR અભિયાન દરમિયાન ઘણા ચોંકાવનારા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે

કોલકતા તા.૨૦: પશ્ચિમ બંગાળમાં મતદાર યાદી ચકાસણી sir અભિયાનમાં ચોંકાવનારા કિસ્સાઓ બહાર આવ્યા છે જેણે માત્ર ચૂંટણી પંચને જ નહીં પરંતુ સુપ્રીમ કોર્ટને પણ આશ્ચર્યચકિત કરી દીધી છે. ચૂંટણી પંચે સોમવારે સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે રાજ્યના અનેક વિધાનસભા મતવિસ્તારોમાં સેંકડો મતદારોએ તેમના પિતા જેવા જ વ્યક્તિની નોંધણી કરાવી છે.

ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામું દાખલ કર્યું હતું જેમાં જણાવાયું હતું કે ૨૦૨૫ ની મતદાર યાદીમાં, આસનસોલ જિલ્લાના બારાબાની વિધાનસભા મતવિસ્તાર (નંબર ૨૮૩)માં એક પુરુષ ૩૮૯ મતદારોના પિતા તરીકે નોંધાયેલ હતો. દરમિયાન, હાવડા જિલ્લાના બાલી વિધાનસભા મતવિસ્તાર (નંબર ૧૬૯)માં, બીજા એક પુરુષને ૩૧૦ મતદારોના પિતા તરીકે નોંધાયેલ હતો.

ચૂંટણી પંચનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ દીપાંકર દત્તા અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચ સમક્ષ દલીલ કરી હતી કે આવી ખોટી માહિતીને તાર્કિક વિસંગતતા તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે જેમાં સુધારાની જરૂર છે. તેમણે સમજાવ્યું કે આવા કિસ્સાઓમાં સંબંધિત મતદારોને નોટિસ જારી કરવામાં આવી છે, અને રેકોર્ડ સુધારવાની જવાબદારી મતદારોની પોતાની છે.

ચૂંટણી પંચના ડેટા અનુસાર, આ બે કિસ્સાઓ એકમાત્ર નથી. રાજ્યમાં સાત વ્યક્તિઓ ૧૦૦થી વધુ મતદારોના માતાપિતા તરીકે સૂચિબદ્ધ છે. દસ વ્યક્તિઓ ૫૦ કે તેથી વધુ મતદારોના માતાપિતા તરીકે સૂચિબદ્ધ છે, જ્યારે ૧૦ અન્ય વ્યક્તિઓ ૪૦ થી વધુ મતદારોના માતાપિતા તરીકે સૂચિબદ્ધ છે, ૩૦ થી વધુ મતદારોના ૧૪ અને ૨૦ થી વધુ મતદારોના ૫૦ છે. વધુમાં, ૮,૬૮૨ વ્યક્તિઓ ૧૦થી વધુ મતદારોના માતાપિતા તરીકે સૂચિબદ્ધ છે, ૨૦૬,૦૫૬ ૬ થી વધુ મતદારોના માતાપિતા તરીકે સૂચિબદ્ધ છે, અને ૪૫૯,૦૫૪ વ્યક્તિઓ ૫ થી વધુ મતદારોના માતાપિતા તરીકે સૂચિબદ્ધ છે.

ચૂંટણી પંચે રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વે (NFHS) ૨૦૧૯-૨૧ ને ટાંકીને જણાવ્યું હતું કે ભારતમાં સરેરાશ કુટુંબનું કદ ૪.૪ છે, જેનો અર્થ એ થાય કે એક પરિવારમાં સામાન્ય રીતે ૨-૩ બાળકો હોય છે. તેથી, ૫૦ કે તેથી વધુ મતદારોનું એક વ્યક્તિ સાથે જોડાણ અકુદરતી છે અને તપાસની જરૂર છે.

આયોગે સ્પષ્ટતા કરી હતી કે જ્યાં છ કે તેથી વધુ મતદારો માતાપિતા જેવા જ વ્યક્તિ સાથે જોડાયેલા હોવાનું જાણવા મળે છે તેની વધુ ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે. ચૂંટણી નોંધણી અધિકારીઓ આવા મતદારોને નોટિસ જારી કરી રહ્યા છે જેથી ખાતરી કરી શકાય કે કોઈ છેતરપિંડી કે ખોટા મેપિંગ નથી.

વધુમાં, તાર્કિક વિસંગતતા હેઠળ નોટિસ જારી કરવા માટેના ચાર વધારાના કારણો પણ બહાર આવ્યા છે. આમાં ૨૦૨૫ ની મતદાર યાદીમાં નામ ૨૦૦૨ ની લ્ત્ય યાદી સાથે મેળ ખાતું ન હોવું, મતદાર અને તેમના માતાપિતા વચ્ચે ૧૫ વર્ષથી ઓછો ઉંમરનો તફાવત, ૫૦ વર્ષથી વધુ ઉંમરનો તફાવત, અથવા મતદાર અને તેમના દાદા-દાદી વચ્ચે ૪૦ વર્ષથી ઓછો ઉંમરનો તફાવત શામેલ છે.

આ ખુલાસાઓથી બંગાળમાં મતદાર યાદીની વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. ચૂંટણી પંચ જણાવે છે કે સંપૂર્ણ ચોકસાઈ અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે આ વિસંગતતાઓને દૂર કરવી જરૂરી છે. સુપ્રીમ કોર્ટમાં રજૂ કરાયેલા આ આંકડા ખરેખર મનને ચોંકાવી દે તેવા છે.(૩૮.૨૭)

**વાચકોએ નોંધ લેવી**
કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- વ્યવસ્થાપક: અકિલા


**ઋણ સ્વીકાર**




**સ્વ. શ્રી અરવિંદ વિજયલાલ સંઘવી**
સ્વ. તા. ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ | ઉંમર: ૮૭ વર્ષ

અમારા પિતાશ્રીના સ્વર્ગવાસ બાદ આ દુ:ખદ અવસરે અમને સાંત્વના પાઠવનાર, અંતિમ યાત્રા તથા પ્રાર્થના સભા/બેસણા સમયે ઉપસ્થિત રહેનાર, રૂબરુ, ફોન, સંદેશા મારફતે શોક સંવેદનાઓ વ્યક્ત કરનાર તમામ સગા-સંબંધીઓ, મિત્રવર્તુળ, પડોશીઓ તથા સ્નેહીજનોનો અમે અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આ કપરા સમયમાં આપ સૌનો પ્રેમ, સહાનુભૂતિ અને સહકાર અમારે માટે અપરિમિત સંભાળરૂપ બન્યો છે. આપ સૌના આ સ્નેહ અને હુંફ માટે અમે સદૈવ આપના ઋણી રહીશું. સંઘવી પરિવારના જય જીનેન્દ્ર

ગં.સ્વ.શર્મિલા અરવિંદ સંઘવી
શ્રી નિશ્ચલ અરવિંદ સંઘવી (+91 98242 30664)

**૧૮મી પૂણ્યતિથિએ**
**શ્રદ્ધાસુમન**



આંસુની કોઈ ભાષા હોય તો, એ ભાષામાં કહીએ...
વિરહની કોઈ લિપિ હોય તો, એ લિપિમાં કહીએ...
જગતની દરેક સમૃધ્ધિ મળે, પણ, કલ્પવૃક્ષ સમી
તમારી છાયા કયાંય ન મળે, આશિષ મળ્યા તમારા,
હશે પૂણ્ય કોઈ અમારા, જન્મોજન્મ મળો તમે,
અંતઃકરણની એ અભિલાષા...

ગં.સ્વ. પ્રફુલ્લાબેન ધીરજલાલ સિધ્ધપુરા
અ.સૌ. કંચનબેન ચંદુભાઈ સિધ્ધપુરા
જયશ્રીબેન હરિકીશનભાઈ વિંછી
કવિતાબેન રિધ્ધીશકુમાર મકવાણા
તથા સિધ્ધપુરા પરિવાર

લુહાર સ્વ. ધીરૂભાઈ હિરજીભાઈ સિધ્ધપુરા
સ્વ. તા. ૨૦-૧-૨૦૦૮
શશી

**દુ:ખદ અવસાન શ્રદ્ધાંજલી**
**ઉઠમણું બેસણું ની જાહેરાતનો દર**
સાઇઝ ૫ સે.મી.×૨ કોલમ
અથવા ૧૦ સે.મી. ×૧ કોલમ
**રૂા.૪૦૦/-** (અંદરના પાને)
વધારાના પ્રત્યેક
એક કોલમ સે.મી.ના રૂા.૧૨૦
+ 5 % GST EXTRA
અકિલાના રાજકોટ અને પ્રત્યેક ગામ-શહેરના તમામ એજન્ટ ભાઈઓને શ્રદ્ધાંજલી-ઉઠમણું-બેસણું-અવસાનની જાહેરાત આપી શકો છો. તકલીફ પડે તો ૦૨૮૧-૨૪૪૫૧૧૧ ઉપર સંપર્ક સાધી શકો છો.


**જાહેર નોટીસ**

રાજકોટ શહેરમાં રાજકોટ મ્યુનિ. કોર્પો.ની હદમાં આવેલ રાજકોટના **રે.સ.નં.૪૪૦ પૈકી** ના બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ કે જે **''સાગર પાર્ક''** તરીકે ઓળખાય છે અને જેના **ટી.પી.સ્કીમ નં.૨(રાજકોટ) તથા એફ.પી.નં.૩૨૯ પૈકી** આવેલ છે જેના **પ્લોટ નં.૮** ની જમીન **ચો.મી.આ.૧૦૨-૬૦ જેના સી.સ.વોર્ડ નં.૧૫/૨ ના સી.સ.નં.૩૯૮૯/૪૩** આવેલ છે તે જમીન તથા તેના ઉપર આવેલ ઉભા ઈમલાવાળા મકાન અરવિંદભાઈ નરશીભાઈ નંદાણી વી. કુલ-૨ એ તેમના નામ જોગના વે.દ.અનું.નં.૧૫૯૬૨ તા. ૨૦/૧૧/૨૦૦૯ ના રોજ અમૃતલાલ લખમણભાઈ ધ્રાંગધરીયા પાસેથી ખરીદ કરેલ છે અને તે મીલ્કત તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ છે અને તે સ્થાવર મિલ્કત ઉપરોકત મિલ્કત માલીક પાસેથી મારા અસીલ ખરીદ કરવા ઈચ્છે છે.

સદર સ્થાવર મિલ્કત મારા અસીલના ખરીદ કરવા પરત્વે કે સદર મીલ્કતના ટાઈટલ સંબંધે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો, દર, દાવો, પ્રાઈવેટ પેઢી, ફાયનાન્સ કે કોઈ બેંકનું લેણું, કરજ, ગીરો, બોજો કે વારસાઈ હકક કે કોઈના કોઈપણ જાતનો કે કોઈપણ પ્રકારનો વાંધો—તકરાર હોય તો **દિન-૮** માં નીચેના સરનામે લેખિતમાં આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત દરમ્યાન કોઈના કોઈપણ પ્રકારના લેખીત વાંધા-તકરાર નહીં આવે તો તેઓએ તેમના વાંધા-તકરાર જતા (વેઈવ) કરેલ છે. તેમ માની મારા અસીલ શુધ્ધ બુધ્ધીના ખરીદનાર તરીકે સદરહું સ્થાવર મિલ્કત ધોરણસર રીતે ખરીદ કરશે. ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને બંધનકર્તા થશે નહી જેની તમામ લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.
રાજકોટ. તા. ૧૯-૧-૨૦૨૬

**હિરેન એમ. શેઠ- એડવોકેટ**
**અમી શેઠ-અમીત લોકવાણી-વિજયેન્દ્ર પટેલ-(એડવોકેટસ)**
C/O. 'શેઠ એડવોકેટસ', ઓફીસ નં.૫/૬, રાજન બીલ્ડીંગ, મકકમ ચોક, ગોંડલ રોડ, રાજકોટ.
**બ્રાન્ચ ઓફીસ:** આર.કે.આઈકોનીક, ઓફીસ નં.બી-૧૧૭, શીતલ પાર્ક ચોક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. મો.નં. ૯૮૨૪૨૧૪૦૬૯/૯૯૦૪૨૦૦૫૫૯

નવી રિજિમમાં પણ NPS પર વધારાની કપાતનો લાભ : નવી રિજિમમાં ટર્મ લાઇફ અને હેલ્થ ઇન્શ્યોરન્સ પર ડિડક્શન

# બજેટમાં પાંચ મોટાં એલાનોથી ટેક્સપેયર્સની ફરિયાદો દૂર થશે

નવી દિલ્હી તા.૨૦: નાણાપ્રધાને પાછલા બજેટમાં ટેક્સપેયર્સને મોટી રાહત આપી હતી. આ વખતે પણ ટેક્સપેયર્સને નાણાપ્રધાનથી ઘણી અપેક્ષાઓ છે. ખાસ કરીને ઈન્કમ ટેક્સની નવી રિજિમમાં ખાસ ડિડક્શનના અલાનની અપેક્ષા છે.




ઈન્કમ ટેક્સની નવી રિજિમમાં મોટા ભાગનાને ડિડક્શન્સ નથી મળતાં. જોકે સેક્શન 80CCD (૨) હેઠળ કર્મચારીના NPS ખાતામાં એમ્પ્લોયર દ્વારા કરાયેલા યોગદાન પર ડિડક્શન મળે છે. નિષ્ણાતોનું માનવું છે કે સેક્શન 80CCD(1B) હેઠળ NPSમાં કરાયેલા યોગદાન પર મળતી વધારાની રૂ.૫૦,૦૦૦ના ડિડક્શનનો લાભ નવી રિજિમના ટેક્સપેયર્સને પણ મળવો જોઈએ. સરકાર આ ડિડક્શન વધારીને રૂ. ૧ લાખ કરે તો NPSમાં લોકોનો રસ વધશે.

બજેટ ૨૦૨૪માં સરકારે નવી ટેક્સ રિજિમને ડિફોલ્ટ બનાવી હતી. એટલે કે જો વ્યક્તિગત ટેક્સપેયર અથવા HUF ઓલ્ડ રિજિમ પસંદ કરવા માંગે તો તેને સેક્શન 10-IE હેઠળ તેની જાહેરાત કરવી પડે છે. ઘણા ટેક્સપેયર્સ આ જાહેરાત કરવાનું ભૂલી જાય છે અથવા પ્રક્રિયામાં ભૂલ થાય છે. જો સરકાર સીધા ITR ફોર્મમાં જ ઓલ્ડ રિજિમ પસંદ કરવાનો વિકલ્પ આપી દે, તો આ સમસ્યા દૂર થઈ શકે.

PFRDA દ્વારા તાજેતરમાં ફ્લ્મ્લમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે, જેમાં સૌથી મહત્વનો ફેરફાર વિથડ્રોલ નિયમોને લઈને છે. હવે જો સબ્સક્રાઈબરના ખાતામાં રૂ. ૮ લાખ સુધીની રકમ હોય તો મેચ્યોરિટી પર આખી રકમ એક વારમાં કાઢી શકાય છે. જો રકમ રૂ. ૮ લાખથી વધુ હોય તો ૮૦ ટકા સુધી વિથડ્રોલ કરવાની મંજૂરી છે, જ્યારે અગાઉ આ મર્યાદા ૬૦ ટકા હતી. પરંતુ વધારાના ૨૦ ટકા વિથડ્રોલ પર ટેક્સ લાગશે કે નહીં, તે અંગે હજુ સ્પષ્ટતા નથી.

નિષ્ણાંતો કહે છે કે નવી ટેક્સ રિજિમ હેઠળ પણ ટર્મ લાઈફ ઈન્શ્યોરન્સ અને હેલ્થ ઈન્શ્યોરન્સ પર ડિડક્શન મળવાં જોઈએ. આ પગલાથી ટર્મ અને હેલ્થ ઈન્શ્યોરન્સમાં લોકોનો રસ વધશે. આજના સમયમાં ટર્મ અને હેલ્થ ઈન્શ્યોરન્સ દરેક પરિવાર માટે આવશ્યક બની ગયાં છે. હાલ આ ડિડક્શન ફક્ત ઓલ્ડ ટેક્સ રિજિમમાં જ ઉપલબ્ધ છે.

ICAI (ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા)એ સરકારને પતિ અને પત્ની માટે સંયુક્ત ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની સુવિધા આપવાની ભલામણ કરી છે. આથી પરિવાર પરનો ટેક્સ બોજ ઘટશે. હાલ પતિ અને પત્નીને અલગ-અલગ ITR ફાઈલ કરવું પડે છે. જોઈન્ટ રિટર્ન ફાઈલ કરનારાઓ માટે બેસિક એક્ઝેમ્પશન લિમિટ અને ટેક્સ સ્લેબ્સ વધારી શકાય. અમેરિકા સહિત ઘણા દેશોમાં પતિ-પત્નીને સંયુક્ત ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની મંજૂરી છે.(૩૮.૭)

એકલા jio પાસે ૨૫ કરોડ 5G વપરાશકર્તાઓ

# દેશમાં 5G સબ્સ્ક્રાઇબર્સની સંખ્યા ૪૦ કરોડને વટાવી ગઈ

નવી દિલ્હી, તા.૨૦: ભારતે ૫G ક્ષેત્રમાં એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. દેશમાં ૫G સબ્સ્ક્રાઈબર્સની સંખ્યા ૪૦૦ મિલિયનને વટાવી ગઈ છે. આમાંથી, એકલા Jio પાસે ૨૫૦ મિલિયન ૫G વપરાશકર્તાઓ છે.




ભારતમાં ૫G નેટવર્ક વપરાશકર્તાઓની સંખ્યા ૪૦૦ મિલિયનને વટાવી ગઈ છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીના ડેટા દર્શાવે છે કે ભારતમાં ૫G ઉપયોગ સતત વધી રહ્યો છે. એકલા રિલાયન્સ જિયોમાં ૨૫૦ મિલિયનથી વધુ ૫G વપરાશકર્તાઓ છે. વિશ્વભરમાં ૫G વપરાશકર્તાઓની સંખ્યા પર નજર કરીએ તો, ભારત હવે બીજા સ્થાને પહોંચી ગયું છે. ચીનમાં ૫G વપરાશકર્તાઓની સંખ્યા સૌથી વધુ છે, ત્યાં ૧ અબજથી વધુ લોકો ૫G મોબાઈલ નેટવર્કનો ઉપયોગ કરે છે. અહેવાલો અનુસાર, ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું ૫G નેટવર્ક અપનાવનાર દેશ છે.

ઉલ્લેખનીય છે કે, એરટેલ દેશમાં ૫G લોન્ચ કરનાર સૌપ્રથમ હતું. બાદમાં, જિયો પણ આ સ્પર્ધામાં ઉતર્યો અને આગળ ઉભરી આવ્યો. TRAIના એક અહેવાલમાં એ પણ સૂચવવામાં આવ્યું છે કે મોટા શહેરોમાં ૫G જમાવટની દ્રષ્ટિએ Jio શ્રેષ્ઠ ઓપરેટર છે.

મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ૨,૪૦૦ નવા ૫G ટાવર લગાવાયા: એરટેલે ગયા વર્ષે મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ૨,૪૦૦ થી વધુ નવા ૫G ટાવર લગાવ્યા છે. એક અહેવાલ મુજબ, કંપની માને છે કે આનાથી બંને રાજ્યોમાં ઈન્ટરનેટની ગતિ વધશે અને કવરેજમાં સુધારો થશે. નેટવર્કનો વિસ્તાર ૮૭ જિલ્લાઓમાં કરવામાં આવ્યો છે, જેનાથી ૩૬ મિલિયન ગ્રાહકોને ફાયદો થયો છે.(૨૩.૨)

તાપમાન -૨૧ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઘટી ગયું: ચોથા માળ સુધી ઇમારતો દટાઈ ગઈ, બાળકોને બરફમાં રમવા માટે મજબૂર કરવામાં આવ્યા

# રશિયાના કામચાટકામાં ૩૦ વર્ષમાં સૌથી ભારે હિમવર્ષાઃ શહેર ૧૩ ફૂટ બરફ નીચે દબાઈ ગયું: કટોકટી જાહેર

મોસ્કો તા.૨૦: આ શિયાળામાં રશિયાના કામચાટકામાં લગભગ ચાર મીટર બરફ જમા થયો છે, જેમાં તાપમાન -૨૧ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઘટી ગયું છે. પેટ્રોપાવલોવસ્ક-કામચાટસ્કીમાં બરફના તોફાનને કારણે બે લોકો માર્યા ગયા છે અને કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. છત પરથી સમયસર બરફ દૂર કરવામાં નિષ્ફળ રહેવા બદલ મેયરે પ્રોપર્ટી મેનેજમેન્ટ કંપનીઓની કડક ટીકા કરી છે.



રશિયાના પૂર્વીય પ્રદેશ કામચાટકામાં આ શિયાળો છેલ્લા ૩૦ વર્ષોમાં સૌથી વધુ ગંભીર સાબિત થઈ રહ્યો છે. એક વાયરલ પોસ્ટ પરિસ્થિતિની ગંભીરતા પર પ્રકાશ પાડે છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે આ વિસ્તારમાં ૧૩ ફૂટ (લગભગ ૪ મીટર) સુધી બરફ જમા થયો છે. જોરદાર, ઠંડા પવનોએ બરફને ઉંચા ઢગલાઓમાં ફેરવી દીધો છે, જાણે પવને બધો બરફ ભેગો કરી દીધો હોય અને ટાવર બનાવી દીધા હોય. તાપમાન પણ ખતરનાક રીતે નીચા સ્તરે પહોંચી ગયું છે,-૫.૮ઓજ(લગભગ -૨૧ઓદ) સુધી પહોંચી ગયું છે.

કામચાટકામાં આવેલા શક્તિશાળી બરફના તોફાને ઘણા શહેરોને સંપૂર્ણપણે બરફમાં દફનાવી દીધા છે. ધ મોસ્કો ટાઈમ્સ અનુસાર, રાજધાની પેટ્રોપાવલોવસ્ક-કામચાટસ્કીમાં બરફના ઢગલા અને છત પરથી બરફ સરકવાને કારણે ઓછામાં ઓછા બે લોકો મૃત્યુ પામ્યા છે. પ્રથમ મૃત્યુની પુષ્ટિ બાદ, શહેરના મેયરે બરફ દૂર કરવા અને રાહત કામગીરી માટે વધારાના સંસાધનો એકત્રિત કરવા માટે શહેરવ્યાપી કટોકટી જાહેર કરી.

મેયર બેલ્યાયેવે પ્રોપર્ટી મેનેજમેન્ટ કંપનીઓ પર ગુસ્સો વ્યક્ત કરતાં કહ્યું કે તેઓ સમયસર છત પરથી બરફ દૂર કરવામાં નિષ્ફળ ગયા અને તોફાન પસાર થવાની રાહ જોઈ. જોરદાર પવન અને સતત બરફવર્ષાને કારણે ઘણી ઈમારતોની છત પર ખતરનાક પ્રમાણમાં બરફ જમા થયો, જે અચાનક પડવા લાગ્યો, જેના કારણે અનેક અકસ્માતો થયા.

સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે. એક વીડિયોમાં, બાળકો બરફના મોટા ઢગલા પર સરકતા જોવા મળે છે. બીજામાં, ઈમારતો ચોથા માળ સુધી દટાઈ ગઈ છે, જાણે કે આખો વિસ્તાર સફેદ સમુદ્રમાં ફેરવાઈ ગયો હોય. ઘણા વીડિયોમાં, વાહનો સંપૂર્ણપણે ગાયબ હતા, ફક્ત બરફના ઢગલા દેખાતા હતા.

રશિયાના કટોકટી મંત્રાલયે વીડિયો બહાર પાડ્યા છે જેમાં બતાવવામાં આવ્યું છે કે બચાવ કાર્યકરો તેમના ઘરોમાં ફસાયેલા વૃદ્ધ લોકો સુધી પહોંચવા માટે બરફના ઊંચા ઢગલા કાપી રહ્યા છે. સતત બરફવર્ષાને કારણે શાળાઓ બંધ થઈ ગઈ છે, જાહેર પરિવહન બંધ થઈ ગયું છે અને ઘણા વિસ્તારોમાં વીજળી અને પુરવઠા શૃંખલા પર દબાણ આવ્યું છે.

કામચાટકામાં માત્ર હિમવર્ષાના આક્રમણ જ નહીં, પણ છત પરથી પડી રહેલો બરફ, લપસણા રસ્તાઓ, ફસાયેલી કાર અને સતત ઘટી રહેલા તાપમાનને કારણે જનજીવન ઠપ્પ થઈ ગયું છે. પરિસ્થિતિ હજુ પણ ગંભીર છે, અને અધિકારીઓ રાહત પ્રયાસો ચાલુ રાખી રહ્યા છે.(૩૮.૯)

હિમાચલમાં બરફવર્ષા, અમૃતસરમાં પારો ગગડી ૧.૭ ડિગ્રી

# ઉ.ભારતમાં કાતિલ કોલ્ડવેવ: સોનમર્ગ -૮.૯ ડિગ્રી ઠંડીમાં થીજ્યું

નવી દિલ્હી તા.૨૦: દિલ્હી, હરિયાણા, પંજાબ, યુપી, હિમાચલપ્રદેશ સહિતના ઉત્તર ભારતમાં રવિવારે કોલ્ડ વેવનો પ્રકોપ ચાલુ રહ્યો હતો. જમ્મુ કાસ્મીરનું સોનમર્ગ માઈનસ ૮.૯ ડિગ્રી ઠંડીમાં થીજી ગયું હતું, જ્યારે હિમાચલપ્રદેશમાં હળવી બરફવર્ષા થઈ હતી. પંજાબના અમૃતસરમાં લઘુત્તમ તાપમાન ગગડીને ૧.૭ ડિગ્રી થયું હતું. ઠંડીના પ્રકોપ સાથે ગાઢ ધુમ્મસને કારણે ઘણા માર્ગ અકસ્માતો પણ થયા હતાં.



હરિયાણાના નૂહમાં કુંડલી-માનેસર-પલવલ (KMP) એક્સપ્રેસ-વે પર ગાઢ ધુમ્મસને કારણે અનેક વાહનો વચ્ચે થયેલા અકસ્માતમાં ટ્રક ડ્રાઈવર સહિત બે લોકો જીવતા ભળથુ થયાં હતાં. આ અકસ્માતને કારણે લાંબો ટ્રાફિક જામ થયો હતો અને એક્સપ્રેસ વે પર ટ્રાફિક ખોરવાયો હતો. ઉત્તરપ્રદેશના બરેલી જિલ્લામાં પણ ગાઢ ધુમ્મસ વચ્ચે દિલ્હી-લખનૌ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ઓછામાં ઓછા ૨૦ વાહનો અથડાયા હતાં અને તેનાથી એક વ્યક્તિનું મોત થયું હતું અને ઓછામાં ઓછા ૨૪ લોકો ઘાયલ થયા હતાં.

જમ્મુ-કાશ્મીરમાં સોનમર્ગ ખીણપ્રદેશનું સૌથી ઠંડુ સ્થળ બન્યું હતું, જ્યાં લઘુત્તમ તાપમાન માઈનસ ૮.૯ ડિગ્રી નોંધાયું હતું. શ્રીનગરમાં માઈનસ ૪.૮, દક્ષિણ કાશ્મીરના શોપિયાનમાં માઈનસ ૬.૭, પહલગામમાં માઈનસ ૬ ડિગ્રી તાપમાન રહ્યું હતું.

હિમાચલપ્રદેશના લાહૌલ અને સ્પીતિ જિલ્લા સહિતના ઊંચા પહાડી વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ હળવી બરફવર્ષા જોવા મળી હતી. હમીરપુર, ઉના અને મંડીમાં ઠંડીનું મોજું જોવા મળ્યું હતાં, જ્યાં તાપમાન અનુક્રમે ૨.૧, ૨.૭ અને ૩.૯ ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગે ૨૦ જાન્યુઆરી સુધી પહાડી વિસ્તારોમાં હળવી બરફવર્ષા ચાલુ રહેવાની આગાહી કરી હતી. પંજાબના અમૃતસર સહિતના વિસ્તારોમાં કડકડતી ઠંડી ચાલુ રહી હતી. અમૃતસરમાં ૧.૭ ડિગ્રી સાથે સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. પડોશી રાજ્ય હરિયાણાના હોશિયારપુરમાં લઘુત્તમ તાપમાન ૩.૪ ડિગ્રી રહ્યું હતું. ચંદીગઢમાં રાત્રે ઠંડી ૫.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું, જે સામાન્ય કરતાં બે ડિગ્રી ઓછું છે.(૩૮.૬)

કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડમાં હિમવર્ષા માટે મોટું અપડેટ

# ૨૨-૨૩ દરમિયાન કાશ્મીર અને હિમાચલ પ્રદેશના મેદાની વિસ્તારોમાં ભારેથી અતિ ભારે હિમવર્ષાઃ વેધરમેન ઉતમ માળી

ટંકારા તા.૨૦: ૨૨ અને ૨૩ જાન્યુઆરી દરમિયાન કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાંના મેદાની વિસ્તારોમાં ભારે થી અતિ ભારે હિમવર્ષા થવાની દ્રઢ શક્યતા છે.

..હાલના વિશ્લેષણ મુજબ, ૨૨ જાન્યુઆરીની રાતથી કાશ્મીરના મોટા ભાગના મેદાની વિસ્તારોમાં સીઝનની પહેલી હિમવર્ષાની શરૂઆત થવાની સંભાવના છે.

૨૩ જાન્યુઆરીએ, ઉત્તર કાશ્મીર અને મધ્ય કાશ્મીરમાં મધ્યમથી ભારે હિમવર્ષા થવાની શક્યતાઁ હિમાચલ પ્રદેશમાં ઉત્તરકાશી કેદારનાથમાં પણ ભારે ૨૨ થી ૨૪ જાન્યુઆરીની સવાર સુધી, સાઉથહિમવર્ષા જોવા મળશે.

ખાસ નોંધનીય બાબત કાશ્મીરના મધ્ય અને મેદાની વિસ્તારોમાં ભારેથી અતિ ભારે હિમવર્ષા શક્ય છે. સાથે સાથે હિમાચલ ઉત્તરાખંડમાં પણ હિમવર્ષા જોવા મળવાની છે.

અંદાજિત હિમ સંગ્રહ (એક્યુમિલેશન) દક્ષિણ કાશ્મીર (મેદાન): આશરે ૮ ઈંચથી ૨ ફૂટ સુધી: મધ્ય અને ઉત્તર કાશ્મીર (મેદાન) આશરે ૬ ઈંચથી ૧ ફૂટ સુધીનો સારો હિમવર્ષાનો સ્પેલ.(જયેશ ભટાસણા: અકિલા -ટંકારા) (૩.૯)

**જાહેર નોટીસ**

આથી હું નીચે સહિ કરનાર વાટિયા દિલિપ રામજીભાઈ, ઉંમર વર્ષ : ૩૯, ધંધો : મજુરી, રહેવાસી : મુ. ખારચીયા, તા.જી. રાજકોટ આથી મારા ધર્મ પ્રમાણેના સોગંદ લઈ જાહેર કરૂ છું કે, મારા આધાર કાર્ડ તથા અન્ય બધા જ ડોક્યુમેન્ટમાં મારૂ નામ વાટિયા દિલિપ રામજીભાઈ છે જ્યારે મારા જન્મ પ્રમાણપત્રના દાખલામાં મારૂ નામ વાટીયા દિપક રામજીભાઈ છે. આમ વાટિયા દિલિપ રામજીભાઈ તથા વાટીયા દિપક રામજીભાઈ બન્ને વ્યક્તિ હું પોતે એક જ છુ.

વાટિયા દિલિપ રામજીભાઈ
મો. ૯૯૭૯૧ ૦૨૫૭૮

**નામ બદલાવેલ છે**

આથી હું ડાભી ભરતસિંહ ભુપતસિંહ જાહેર કરૂ છું કે મેં મારું નામ ડાભી ભરત ભુપતજીમાંથી બદલી ડાભી ભરતસિંહ ભુપતસિંહ કરેલ છે. હવેથી હું ડાભી ભરતસિંહ ભુપતસિંહ તરીકે ઓળખાઈશ, જેની સૌએ નોંધ લેવી. ગામ વાજડી વડ તા. લોધીકા જી. રાજકોટ

**સંકુલ KG થી ધો. ૧૨**
**ICSE - GSEB બોર્ડ**
**ઈંગ્લીશ મિડીયમ**
**કોમર્સ સાયંસ પ્રવેશ**
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ અમરેલી ગુજરાત - Ad 175

**બીલ્ડીંગ વેચવાનું છે**
મેડીકલ / મોબાઈલ,
હોલસેલ માટે અનુકુળ
પંચનાથ પ્લોટ,
૨૧૦ વાર જમીન (G+5)
૯૦૦૦ સ્કે. ફીટ બાંધકામ
૯૮૨૫૨ ૬૪૦૬૩

**પ્લોટ વેચવાનો છે**
વાજડી વીરડા સર્વે ૩૨
ગ્રેસીયષ રેસીડન્સી,
૧૮૩ વાર, કાટખુણો,
૩૦'૦'' + ૨૫'૦''ના રોડ
૮૯૮૦૩ ૭૭૩૨૩

**પ્લોટ વેચવાનો છે**
કણકોટ સર્વે ૯૦/પૈકી,
રોયલ પાર્ક ૧૪૦ વાર
૪૦'૦'' + ૨૫'ના રોડ
પૂર્વ-પશ્ચિમ રોડ
૮૯૮૦૩ ૭૭૩૨૩

**કસમાં મોકાનો 500 વારનો**
**પ્લોટ વેચવાનો છે**
સાધુ વાસવાણી રોડ ઉપર, ગાર્ડન સીટી પાસે, બોમ્બે હાઉસીંગ ચોકમાં, રાજકોટ.
હોસ્પિટલ • શો-રૂમ • કોર્મશીયલ લાયક
Mo. 98240 42928

**ફાયદાથી**
**પેન્ટ પીસ**
₹450 થી ₹2000
રેમન્ડ - દિગ્જામ - સિયારામ • શુટ, શફારી, કુર્તા માટે કાપડ
**મોહિત**
સ્વામી વિવેકાનંદના પૂતળા પાછળ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ.
બ્રાન્ચ :
**મોહિત - Nx**
રામકૃષ્ણ ડેરીની બાજુમાં, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ. M. 90999 19962
MANISH

મલ્ટી-સ્ટેટ કો-ઓપ. સોસાયટીઝ એક્ટ ૨૦૦૨ની કલમ ૮૪(૪) મુજબ સેન્ટ્રલ રજીસ્ટ્રાર દ્વારા તા.૮/૨/૨૦૧૨થી નિમાયેલ સ્ટેચ્યુટરી આર્બીટ્રેટર શ્રી એ.એસ.ખંધાર (નિવૃત અધિક રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગર).
૩૦૩-નક્ષત્ર-૨, ૧૫૦ ફૂટ રીંગ રોડ, કે.કે.વી. હોલ સામે, રાજકોટ.

**જાહેર સમન્સ**

હાજર રહેવાનું સ્થળઃ ૩૦૩-નક્ષત્ર-૨, ૧૫૦ ફૂટ રીંગ રોડ, કે.કે.વી. હોલ સામે, રાજકોટ

આથી નીચે જણાવેલ શખ્સોને ખબર આપવામાં આવે છે કે, શ્રી રાજકોટ નાગરીક સહકારી બેન્ક લિ.રાજકોટ તરફથી તેઓ સામે નીચે મુજબ આરબીટ્રેશન કેસ કરવામાં આવેલ છે.સદરહુ દાવાના સમન્સ બજવણી પોસ્ટ ખાતા મારફત કરતા સમન્સ પરત આવેલ છે તેથી આ જાહેર સમન્સથી તમોને જણાવવામાં આવે છે કે તા. ૦૨-૦૨-૨૦૨૬ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે ઉપર દર્શાવેલ સ્થળે આ કોર્ટ સમક્ષ રૂબરૂ હાજર રહેવું.આ તારીખે આખરી સુનાવણી હોઈ તમામ આધાર પુરાવા સહીત હાજર રહેવું. આ તારીખે તેમ કરવામાં કસુર થશે તો તેમની સામે ગેરહાજરીમાં કેસ ચલાવી લેવામાં આવશે.
આજરોજ કોર્ટનું સીલ મારી સહી કરી.

વાદી :- રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ.

| કેસ નં. | પ્રતિવાદી | સરનામું | લોની/ જામીન | દાવાની રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧૬૮/૨૫ | ૧. શ્રી વધોરા રક્ષાદેવી પ્રવિણભાઈ | ભારતવાસ શેરી નં.૫, સુભાષબ્રિજ વિસ્તાર, જામનગર-૧ | લોની | ૨,૦૨, ૬૫૧/૨૬ |
| | ૨. શ્રી વધોરા પ્રવિણભાઈ મોહનલાલ | -સદર- | જામીન | |
| | ૩. શ્રી ચૌહાણ ઉકેશભાઈ સોમાભાઈ | ભુખી રોડ, સિદ્ધાર્થનગર, પાણીના ટાંકા પાસે, ધોરાજી -૩૬૦ ૪૧૦. | જામીન | |
| ૧૭૦/૨૫ | શ્રી ટોળીયા પ્રફુલભાઈ શૈલેષભાઈમાં | | | ૪, ૮૧, ૫૧૫/૩૮ |
| | ૩.શ્રી વરણીયા રાજેશભાઈ જેઠુરભાઈ | આનંદ રેસીડન્સી, બ્લોક નં. ૩૬૧, પીપળીયા પાળ રોડ, રાજકોટ. મો.નં. ૭૩૧૧૧૧૧૩૦૭ | | |
| ૧૭૧/૨૫ | ૧. શ્રી ચાવડા પ્રશાંતભાઈ ઘનશ્યામભાઈ | મીશન પ્લોટ શેરી નં. ૧, દાળમીલ રોડ, પનામા ફેક્ટરી પાસે, સુરેન્દ્રનગર. મો.નં. ૯૪૨૬૪૯૩૫૫૫ | લોની | ૧,૯૩,૯૦૪/૦૦ |
| | ૨. શ્રી ચાવડા ઘનશ્યામભાઈ કાંતીલાલ | દીવ્યાંશ ગુણાતીતનગર ૧૫૦ ફૂટ રીંગ રોડ, રૈયા રોડ, રોજરી સ્કૂલ પાસે, રાજકોટ મો.નં. ૯૪૨૬૪૯૩૫૫૫ | જામીન | |
| | ૩. શ્રી ચાવડા કુસુમબેન પોપટલાલ | દીવ્યાંશ ગુણાતીતનગર ૧૫૦ ફૂટ રીંગ રોડ, રૈયા રોડ, રોજરી સ્કૂલ પાસે, રાજકોટ. | જામીન | |
| ૧૭૩/૨૫ | ૧. શ્રી પરમાર શાંતાબેન દીલીપભાઈ | જોડીયા હનુમાન મંદિર સામે, ખીરસરા રોડ, જેતપુર. મો.નં. ૯૫૮૬૫૩૯૧૪૦ | લોની | ૩,૩૧,૪૧૦/૦૦ |
| | ૨. શ્રી પરમાર કિશનભાઈ દીલીપભાઈ | જોડીયા હનુમાન મંદિર સામે, ખીરસરા રોડ, જેતપુર. મો.નં. ૯૯૭૮૨૨૮૦૧૭ | જામીન | |
| ૧૭૬/૨૫ | ૧. શ્રી સોલંકી કુણાલભાઈ જગદીશભાઈ | પ્રભાત સોસાયટી બ્લોક નં. ૨૪, વૃંદાવન શેરી નં. ૩, સુરેન્દ્રનગર. મો.નં. ૯૭૨૪૧૧૫૫૫૬ | લોની | ૩,૨૩, ૧૧૨/૬૮ |
| | ૨. શ્રી સોલંકી જગદીશભાઈ લીલાધરભાઈ | -સદર- | જામીન | |
| ૧૮૦/૨૫ | સૈયદ રૂખસાનાબેન પરવેઝભાઈમાં | | | ૬,૪૦,૯૫૨/૦૨ |
| | ૩. સુમેરા સાદિકભાઈ કુરેશી | ભારતીનગર શેરી નં.૧, રામ મંદિર પાસે, ગાંધીગ્રામ, રૈયા રોડ, રાજકોટ. | જામીન | |
| ૧૮૫/૨૫ | ૧. વાઘેલા સોનલબેન રાજુભાઈ | અવધ પાર્ક, એચ.પી.પેટ્રોલ પંપની સામે, રેલનગર, રાજકોટ. | લોની | ૧૨,૫૦,૮૪૫/૨૦ |
| | ૨. વાઘેલા નિલેશભાઈ રાજુભાઈ | બ્લોકનં. ૧૮, પરસાણાનગર મેઈન રોડ, રામનાથ પાર્ક પાછળ, જામનગર રોડ, રાજકોટ. | જામીન | |
| | ૩. વાઘેલા કિશન રાજુભાઈ | -સદર- | જામીન | |
| | ૪. પરમાર સુરેશભાઈ અમુભાઈ | અવધ પાર્ક, એચ.પી. પેટ્રોલ પંપની સામે, પ્લોટ નં. ૧૮/૧ રેલનગર, રાજકોટ. | જામીન | |

રાજકોટ
તા. ૧૬-૦૧-૨૦૨૬
(એ. એસ. ખંધાર)
આર્બીટ્રેટર, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ., રાજકોટ
COURT SEAL

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM VADIA MEGHJI MULJI TO VADIYA MEGHJIBHAI MULJIBHAI SO NOW I WILL BE KNOWN AS VADIYA MEGHJIBHAI MULJIBHAI
ADDRESS :- GAYTRI KRUPA, JETPUR ROAD, NEAR SHASTRI NAGAR, KRUSHNA NAGAR 2,GONDAL-360311
MY FATHER NAME :- VADIYA MULJIBHAI PREMJIBHAI
MY MOTHER NAME :- VADIYA DAYABEN MULJIBHAI
MY SPOUSE NAME :- VADIYA LAJVANTIBEN MEGHJIBHAI

પશ્ચિમ રેલ્વે
રાજકોટ મંડળ
**બીટીપીએન વેગન સ્ટીમ ક્લિનિંગ સુવિધાઓનો વિસ્તાર**
ટેન્ડર નોટિસ નંબર : DRM/RJT/E-Tender/2025-2026/46 (EL) તા. ૧૬.૦૧.૨૦૨૬ ટેન્ડર નંબર : DRM/RJT/EL/2025-2026/46. (૧) કામનું નામ : હાપા : બીટીપીએન વેગન સ્ટીમ ક્લિનિંગ સુવિધાઓનો વિસ્તાર. (૨) અંદાજિત ખર્ચ : રૂા. ૩૩,૧૩,૭૪૨.૬૦/-, (૩) ઇએમડી મૂલ્ય : રૂા. ૬૬,૩૦૦/-, (૪) ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય : ૦૯.૦૨.૨૦૨૬ના રોજ ૧૫.૦૦ કલાક સુધી. (૫) કાર્યાલયનું સરનામું : મંડળ રેલવે પ્રબંધક (ઇલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧, વેબસાઇટ વિવરણ : "www.ireps.gov.in" RJT 186
અમને લાઇક કરો: facebook.com/WesternRly

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
Central Bank of India
"CENTRAL" TO YOU SINCE 1911
**પ્રોપર્ટી એક્સપો**
તા. ૨૨.૦૧.૨૦૨૬
સમય : સવારે ૧૧ થી બપોરે ૨ સુધી
સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, રીજનલ ઓફિસ રાજકોટ, BSNL બિલ્ડીંગ, અરવિંદભાઈ મણિયાર હોલ/ જ્યુબેલિ ગાર્ડન સામે, જવાહર રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧.
સંપર્ક નંબર : ૯૫૧૬૧ ૭૦૧૦૦, ૯૪૨૮૨ ૯૮૬૯૫
આથી જાહેર જનતાને જણાવવાનું કે, સ્થાવર/ જંગમ મિલ્કતો કે જેમાં વિવિધ પ્લોટ, ઔદ્યોગિક શેડ, રહેણાંક મકાન / ફ્લેટ તથા મશીનરીઝનો સમાવેશ થાય છે અને જે સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયાના સાંકેતિક અથવા પ્રત્યક્ષ કબજા હેઠળ છે તે મિલકતનાં સંદર્ભમાં જે વિગતો જોઇતી હોય તે અંગેની તમામ વિગતો નીચે દર્શાવ્યા મુજબના સ્થળે તારીખ ૨૨.૦૧.૨૦૨૬ના રોજ રાખવામાં આવેલ પ્રોપર્ટી એક્સપો માં જોઇ શકાશે. આ મિલ્કતોનું બેંક દ્વારા ઈ-હરાજી થી વેચાણની પ્રક્રિયા ચાલુ છે. તેના માટે જાહેર જનતાને આમંત્રિત કરવામાં આવે છે.
રહેણાંક જમીન અને ફ્લેટ • કોમર્શીયલ દુકાન
ઔદ્યોગિક જમીન અને શેડ તથા વિવિધ પ્લાન્ટ અને મશીનરીઝ
દલાલ ભાઈઓ આવકાર્ય
સ્થળ : હોટલ પ્લેટિનમ, જવાહર રોડ, જયુબેલિ ગાર્ડન પાસે, રાજકોટ-૩૬૦૦૦૧

**Change of Name**

I, HIREN KISHORBHAI KALAVADIA HERE BY DECLARE THAT MY MAJOR DAUGHTER'S OLD NAME SWARA HIRENBHAI KALAVADIA HAS BEEN CHANGED AS SWARA HIREN KALAVADIA AND NOW ONWARDS SHE WILL BE KNOWN BY NEW NAME SWARA HIREN KALAVADIA, HER FATHER'S OLD NAME HIRENBHAI KALAVADIA HAS BEEN CHANGED AS HIREN KISHORBHAI KALAVADIA AND NOW ON WARDS HER FATHER WILL BE KNOWN BY NEW NAME HIREN BHAIKISHORBHAI KALAVADIA , HER MOTHER'S OLD NAME MONALIBEN KALAVADIA HAS BEEN CHANGED TO AS MONALI HIRENBHAI KALAVADIA AND NOW ON WARDS HER MOTHER WILL BE KNOWN BY NEW NAME MONALI HIRENBHAI KALAVADIA. RAJKOT.
SD/- HIREN KISHORBHAI KALAVADIA
ADD.: PARK AVENUE FLAT NO. A1-801 SANKET PARK, NR NANA MOVA CIRCLE , NANA MOVA MAIN ROAD, RAJKOT, GUJARAT- 360005



Packed, Marketed & Manufactured By : rashtriyashala
Manhar Plot, Rashtriyashala Marg, Rajkot-2.
90166 31551 , 96385 19304
customercare@rashtriyashala.org rashtriyashala.org
For Home Delivery 90166 31551

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : rcc.bank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૫ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૮.૨૦૨૫ થી અમલમાં)
7.00% જનરલ ડિપોઝીટર માટે
7.50% વરીષ્ઠ નાગરીકો માટે
૨૫ લાખ સુધીના સિક્યોર્ડ ધિરાણ
9.00 % વ્યાજના રાહતદરે
વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

**રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.**
દૂધ સાગર માર્ગ, નવા પાવર હાઉસ પાસે, રાજકોટ-૩૬૦૦૦૩.
ફોન નં. ૭૦૬૯૬ ૮૬૭૯૯ / ૯૭૭૩૧ ૧૬૬૮૪

**-:: ટેન્ડર નોટીસ ::-**

**જનરલ સ્ક્રેપ વેચાણ વાર્ષિક ધોરણે (વર્ષ ૨૦૨૬-૨૭)**

સંઘમાં એકત્રિત થયેલ સ્ક્રેપ જેવા કે વેસ્ટેજ પોલીથીન ફીલ્મ ની થેલીઓ, પેપર કોર ભૂંગળા, લોખંડનો/એલ્યુમિનિયમનો/કોપરનો/એસ.એસ. નો સ્ક્રેપ, પ્લાસ્ટીકના તૂટેલા ક્રેટ, સ્ક્રેપ ટાયર, પેપર પસ્તી, કાચનો સ્ક્રેપ, કાર્ડબોર્ડ બોક્સીસ, લાકડાનો સ્ક્રેપ, ઘીના ખાલી ટીન(૧કીલો, ૫કીલો, ૧૫ કીલોના), સ્ક્રેપ સીમેન્ટના પતરા, એમ. એસ. ડ્રમ, બળેલું ઓઇલ, રેજેક્ટેડ કેબલ, દહીં ની ખાલી ડબીઓ. વગેરે સ્ક્રેપ

**:: શરતો ::**

(૧) રસ ધરાવતા આસામીઓએ ટેન્ડર ફોર્મ રવિવાર તથા જાહેર રજા ના દિવસો સિવાય (વાર્ષિક જનરલ સ્ક્રેપના રૂા. ૨૦૦૦) કેશ વિભાગમાં ભર્યા બાદ મળી શકશે. જે ફોર્મ ની રકમ પરત મળવાને પાત્ર નથી.(રાજકોટ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ /આરટીજીએસ, એનઈએફટી/બેન્ક ટ્રાન્સફર/રોકડાથી ભરી શકાશે.)
(૨) ભરેલ ટેન્ડર ફીની રસીદ દર્શાવ્યાથી ટેન્ડર સ્ટોર વિભાગમાંથી મેળવવાના રહેશે.
(૩) ટેન્ડર લઈ જવાની તા. ૨૧-૦૧-૨૦૨૬ થી તા. ૨૯-૦૧-૨૦૨૬ સુધીની રહેશે આ વિગત ના ભરેલા ટેન્ડરો ઓફિસ ના કામ કાજ દરમ્યાન રજાના દિવસ સિવાય પરત કરવાની મુદત તા. ૩૧-૦૧-૨૦૨૬ ૧૬:૦૦ કલાક સુધીની રહેશે.
(૪) કવર ઉપર ''જનરલ સ્ક્રેપ વેચાણ વાર્ષિક લખવું જરૂરી છે.
(૫) ટેન્ડરો સંપૂર્ણ કે અંશતઃ રદ કરવાનો અબાધિત અધિકાર મેનેજમેન્ટ નો રહેશે.

ઇ. મેનેજીંગ ડીરેક્ટર



**સાળંગપુરના સંતોનું વાંકાનેરમાં સ્વાગત :** વાંકાનેર : પૂજ્ય શાસ્ત્રી સ્વામીશ્રી તથા સંતો અને પદયાત્રા તા, ૧૬ જાન્યુઆરીથી પ્રારભ થયેલ જે પદયાત્રા તા, ૨૫ ના ભુજ સપન્ન થશે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળગપુરધામ આયોજિત શાસ્ત્રી સ્વામીશ્રી હરીપ્રકાશદાસજી સ્વામીજી, કોઠારી સ્વામીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીજી આયોજિત (અથાણાવાળા સંત મંડળ - સાળંગપુરધામ દ્વારા પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે આ પદયાત્રા સાથે ૨૦૦ હરી ભક્તો સાથે છે ઠેર ઠેર આવકાર મળી રહયો છે આ પદયાત્રા રવિવારના રોજ વાંકાનેર મુકામે સાંજે આવેલ જ્યાં વાંકાનેર શ્રી ગાયત્રી શકિત પીઠ વાંકાનેરના મહંતશ્રી અશ્વિનબાપુ તથા શ્રી સ્વામિનારાયણ મંદિરના સંતો ભાવિકોએ પૂજ્ય શાસ્ત્રી સ્વામીશ્રી હરીપ્રકાશદાસજી સ્વામીજી તથા સર્વ સંતોનું ઉષ્માભર્યુ સ્વાગત કરેલ હતું પદયાત્રામાં આવેલ ભાવિકો શ્રી ગાયત્રી શકિત પીઠ વાંકાનેર ખાતે રોકાયેલ હતા.(૨૩.૯)

# ઠંડીમાં હાડકામાં કળતર થાય છે? શું કમર, પીઠ જકડાઈ જાય છે? તો તમને 'વિન્ટર બેક' છે... જાણો શું છે આ વિન્ટર બેક?

### હવે કચ્છની જિલ્લા સરકારી હોસ્પિટલમાં સ્પાઇન સર્જરી પણ થઈ રહી છે : ઠંડા હવામાનમાં હાડકાં વિભાગમાં એવા દર્દીઓની સંખ્યા વધે છે જેમને અચાનક કમર જકડાઈ જવી અથવા જૂનો દુ:ખાવો ઉથલો મારવાની ફરિયાદ હોય

(વિનોદ ગાલા દ્વારા) ભુજ, તા.૨૦: ઠંડા હવામાનમાં હાડકાં વિભાગમાં એવા દર્દીઓની સંખ્યા વધે છે જેમને અચાનક કમર જકડાઈ જવી અથવા જૂનો દુખાવો ઉથલો મારવાની ફરિયાદ હોય, સાયટિકા પગમાં ખાલી ચડવી પગની આંગળી ઊંચકવામાં પેશાબમાં તકલીફ અને ચાલતી વખતે પગ લથડે તો સાવચેત થઈ જવા સ્પાઈન સર્જનની સલાહ છે. જેમ જેમ તાપમાન ઘટે છે, તે સાથે હોસ્પિટલના હાડકાં વિભાગમાં એવા દર્દીઓની સંખ્યા વધે છે જેમને અચાનક કમર જકડાઈ જવી અથવા જૂનો દુ:ખાવો ઉથલો મારવાની ફરિયાદ હોય. જેને 'વિન્ટર બેક' કહે છે. ઠંડુ વાતાવરણ માનવ શરીર ઉપર અને ખાસ કરીને કરોડરજ્જુને અસર કરે છે. ઠંડી સીધી રીતે ગાદી (Disc) ખસવાનું કારણ નથી બનતી, પરંતુ તે સ્નાયુઓને શિથિલ કરીને ઈજા થવા માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. જોકે, અદાણી સંચાલિત જિલ્લા સરકારી હોસ્પિટલ જી.કે. જનરલમાં હવે સ્પાઈન સર્જરી ઉપલબ્ધ છે અને છેલ્લા ૩ મહિનામાં ૩૦થી વધુ કરોડરજ્જુની જુદી જુદી શસ્ત્રક્રિયા કરવામાં આવી છે. જ્યારે બીજી તરફ ઠંડીને કારણે નવા અને જૂના ૮૦ થી ૧૦૦ દર્દીઓ કરોડરજ્જુની સારવાર લેવા આવે છે. અદાણી સંચાલિત GAIMS જી.કે.જનરલ હોસ્પિટલના સ્પાઈન સર્જન ડો.ઋષિ સોલંકીએ કહ્યું કે શિયાળામાં જ્યારે ઠંડી લાગે છે, ત્યારે માનવ શરીર ગરમી બચાવવા માટે રક્તવાહિનીઓને સાંકડી કરે છે, જેથી કરોડરજ્જુની આસપાસના સ્નાયુઓ અને સ્નાયુબંધમાં લોહીનો પ્રવાહ ઘટે છે, જેનાથી તે ઓછા લવચીક બને છે અને જકડાઈ જાય છે. પરિણામે, સામાન્ય હલનચલન વખતે પણ સ્નાયુ ખેંચાઈ જવાનું જોખમ વધી જાય છે.


આ સ્થિતિ બચવા સ્નાયુને લચીલા બનાવવા ઠંડીમાં બહાર જતાં પહેલાં વોર્મ અપ કરવું જોઈએ.૫ મિનિટ હળવું સ્ટ્રેચિંગ કરવા ઊભા રહીને ધીમેથી કમર વાળવી અથવા ઘૂંટણને છાતી સુધી લાવવા જેવી હલનચલન કરવાથી લોહીનું પરિભ્રમણ વધશે.

કરોડરજ્જુનો નીચેનો ભાગ તાપમાનના ઘટાડા પ્રત્યે ખૂબ સંવેદનશીલ હોવાથી કપડાં હંમેશા લેયરમાં (થરમાં) પહેરો. અંદરનું કપડું (Base layer) પેન્ટ કે પાયજામામાં અંદર દબાવીને રાખો, જેથી કમરનો નીચેનો ભાગ ઠંડા પવનના સીધા સંપર્કમાં ન આવે. જો કમર ગરમ રહેશે તો સ્નાયુઓ જકડાઈ જશે નહીં.

શિયાળામાં ભારે વસ્તુઓ ઉંચકતી વખતે કે કામ કરતી વખતે ડેડલી ટ્રિયોઁ (વજન, વળવું અને પુનરાવર્તન) થી બચવું જોઈએ. વજન ઉંચકતી વખતે કમરથી વળવાને બદલે હંમેશા ઘૂંટણ અને થાપાથી વાળો. વસ્તુને તમારા શરીરની શક્ય એટલી નજીક રાખો. વસ્તુ તમારા શરીરથી જેટલી દૂર હશે, તમારા મણકા (L4-L5 ડિસ્ક) પર તેટલું જ વધુ દબાણ આવશે.

હાઈડ્રેશન અને વિટામિન-D શિયાળામાં તરસ ઓછી લાગે છે, પણ કરોડરજ્જુની ગાદીઓ (Discs) મોટાભાગે પાણીની બનેલી હોય છે. શરીરમાં પાણી ઘટવાથી આ ગાદીઓ તેની આંચકા સહન કરવાની ક્ષમતા ગુમાવે છે. આ ઉપરાંત, સૂર્યપ્રકાશ ઓછો મળવાથી વિટામિન-D ઘટે છે, જે સ્નાયુઓના દુખાવાનું કારણ બને છે. પૂરતું પાણી પીવું અને ડૉક્ટરની સલાહ મુજબ વિટામિન-D ના સપ્લીમેન્ટ્સ લેવી જરૂરી છે.

સ્પાઈન સ્પેશિયાલિસ્ટને ક્યારે મળવું?: દરેક દુ:ખાવો સામાન્ય હોતો નથી. જો સાયટિકા હોય અને કમરનો દુખાવો જે પગના નીચેના ભાગ સુધી જાય, પગ કે ગુપ્તાંગના ભાગમાં ખાલી ચડવી અથવા સંવેદના ઓછી થવી. પગની આંગળીઓ ઊંચકવામાં તકલીફ પડવી અથવા ચાલતી વખતે પગ લથડવો. જો આવા લક્ષણો અનુભવાય તો સ્પાઈન સર્જનની સલાહ અચૂક લેવી જરૂરી બને છે. શિયાળામાં સક્રિય બની સમજી-વિચારીને હલનચલન કરવું.(૨૩.૬)




# ગોંડલના મોવૈયામાં ૩૩ વર્ષિય મયુર ચાંડપાની ઝેરી દવા પી આત્મહત્યા

### સારવાર દરમિયાન રાજકોટમાં મૃત્યુ: પરિવારજનોમાં ગમગીની

રાજકોટ તા. ૨૦: ગોંડલ તાબેના મોવૈયા ગામે યુવાને ઝેર પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

જાણવા મળ્યા મુજબ મોવૈયા ગામે રહેતાં મયુરભાઈ અરજણભાઈ ચાંડપા (ઉ.વ.૩૩) નામના યુવાને ગઈકાલે બપોરે ત્રણેક વાગ્યે ઘરે ઝેરી દવા પી લેતાં સારવાર માટે ગોંડલની હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં ગોંડલ તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

આપઘાત કરનાર મયુરભાઈ બે ભાઈમાં મોટો અને અપરિણીત હતો. તે કડીયા કામની મજૂરી કરતો હતો. તેના પિતા અરજણભાઈ છુટક મજૂરી કરે છે. મયુરભાઈએ આ પગલુ શા માટે ભર્યુ તે અંગે પરિવારજનો કંઈ જાણતાં ન હોઈ પોલીસે તપાસ યથાવત રાખી છે.(૧૪.૬)

# હળવદના ટીકરમાં ૭૦ વર્ષના રૂક્ષમણીબેન પરમારનું દિવાથી દાઝી જવાને લીધી મોત

### મંદિરમાં દિવા કરતાં હતાં ત્યારે કપડાને ઝાળ લાગી: રાજકોટમાં મૃત્યુ થયું

રાજકોટ તા. ૨૦: મોરબી તાબેના હળવદના ટીકર-રણ ગામે રહેતાં વૃધ્ધાનું મંદિરમાં દિવા કરતી વખતે દાઝી જવાથી મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈ ગયો છે.

ટીકર રહેતાં રૂક્ષમણીબેન (રૂખીબેન) મનજીભાઈ પરમાર (ઉ.વ.૭૦) નામના વૃધ્ધા ગઈકાલે સવારે ઘરના મંદિરમાં દિવા કરતાં હતાં તે વખતે પહેરેલા કપડાને ઝાળ અડી જતાં કપડા સળગતાં દાઝી ગયા હતાં. તેમને હળવદ, મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ સવારે મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે હળવદ પોલીસને જાણ કરી હતી.

મૃત્યુ પામનાર રૂક્ષમણીબેનને સંતાનમાં બે પુત્ર છે. જે ખેત મજુરી કરે છે. પતિ મનજીભાઈ નિવૃત જીવન જીવે છે. બનાવ આકસ્મિક હોવાનું સગાએ કહ્યું હતું. ખરેખર કઈ રીતે ઘટના બની? તેની તપાસ હળવદ પોલીસ કરી રહી છે. (૧૪.૬)

# 'સ્પેસ ઓન વ્હીલ્સ'નું ૪ ફેબ્રુઆરીના હળવદની તક્ષશિલા સ્કુલ ખાતે આગમન થશે : ચિલ્ડ્રન યુનિવર્સિટીની બસ પણ આવશે

(દીપક જાની દ્વારા) હળવદ, તા.૨૦: ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO) અને વિજ્ઞાન ગુર્જરી (વિજ્ઞાન ભારતીનું ગુજરાત યુનિટ) ના સહયોગથી સ્પેસ ઓન વ્હીલ્સનામની નવીન પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલ હેઠળ એક વિશેષ રીતે સજ્જ બસને ફરતું વિજ્ઞાન મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે, જે ભારતની ગૌરવપૂર્ણ અંતરિક્ષ સિદ્ધિઓને જનતા સુધી પહોંચાડે છે.

આ ઉપરાંત ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગરની શૈક્ષણિક રમકડાં બસ (ટોય ઈનોવેશનની એક્ઝિબીશન બસ) અને ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી (GEDA) ની એક્ઝિબીશન બસોનું આજરોજ તા. ૪ ફેબ્રુઆરી (બુધવાર) ના રોજ હળવદની તક્ષશિલા સ્કુલ ખાતે આવનાર છે. આ ત્રણેય બસોનું નિદર્શન અને માર્ગદર્શન તક્ષશિલા સંકુલ ખાતે ૪/૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી રહેશે.

હળવદ તાલુકાની વિવિધ સરકારી અને પ્રાઈવેટ સ્કૂલના બાળકો અને શિક્ષકોને આ પ્રદર્શનની મુલાકાત લેવા માટે વહેલા તે પહેલાના ધોરણે માત્ર ૧૨ શાળાઓએ તક્ષશિલા સંકુલનો રુબરુ સંપર્ક કરી અગાઉ રજીસ્ટ્રેશન કરીને પોતાનો ટાઈમ સ્લોટ બુક કરાવવાનો રહેશે તેમ શાળાના એમડી ડૉ. મહેશે પટેલે જણાવેલ હતુ.(૨૩.૧૦)



# પ્રભાસપાટણના ગુલાબનગરમાં ગટર છલકાય: રોડ ઉપર દુર્ગંધયુક્ત પાણીની રેલમછેલ

પ્રભાસપાટણ, વેરાવળ, તા.૨૦: જવાબદાર લોકો ને રજૂઆત કરવામાં આવે પરંતુ પરીણામ શુન્ય આવે છે જેથી આ સોસાયટી ના લોકો ની માંગણી છે કે આ ગટર ની વ્યવસ્થિત સાફ સફાઈ કરવામાં આવે તો આ દુર્ગંધયુક્ત પાણી નો યોગ્ય નિકાલ થાય અને વારંવાર પાણી નિકળવાના પ્રશ્ન હલ થાય આ ગટર મા પ્રભાસપાટણ શહેર નુ પાણી આવે છે અને ગટર ચાર થી પાંચ ફુટ ઉંડી છે છતાં યોગ્ય સફાઈ ના અભાવે વારંવાર દુર્ગંધયુક્ત પાણી છલકાવા ના બનાવો બને છે



ગુલાબનગર ગટર છલકાવા ને કારણે રોડ ઉપર દુર્ગંધયુક્ત પાણી ફરી વળે અને સાઈન કોલોની રોડ ભરાયા બાદ આજુબાજુ ની કોલોનીમાં ગટર ના પાણી ફરી વળે આ દુર્ગંધયુક્ત પાણી ને કારણે આજુબાજુ ના રહિશો ત્રાહિમામ પોકારી જાય છે અને આ પાણી ને કારણે રોગચાળો ફેલાવાની શક્યતા રહે છે આ પાણી બાબતે નગરપાલિકા ના

આ દુર્ગંધયુક્ત પાણી ને કારણે આ વિસ્તારમાં મચ્છર નો ઉપદ્રવ પણ વધારે છે અને જેથી રોગચાળો પણ ફેલાય છે જેથી આ આ દુર્ગંધયુક્ત પાણી તાત્કાલિક બંધ થાય તેવી સોસાયટી ના લોકો ની માંગણી છે. (૩.૧૧)

# ગોંડલમાં પીએસઆઇ તથા એલઆરડીની પરીક્ષાના આહીર સમાજનાં પરીક્ષાર્થીઓ માટે રહેવા, જમવા ની સુવીધા

(જીતેન્દ્ર આચાર્ય દ્વારા) ગોંડલ તા.૨૦) ગુજરાત સરકાર દ્વારા લેવાતી PSI અને IRD ની ભરતીની શારીરિક પરીક્ષા તા.૨૧/૧/૨૬ થી શરૂ થનાર હોય અને બે મહિના સુધી ચાલનાર હોય ગોંડલ ખાતે પણ ઘણા બધા જિલ્લામાંથી આહીર સમાજના યુવાનો પરીક્ષા આપવા આવનાર છે. ત્યારે ગોંડલ આહીર સમાજ દ્વારા ગોંડલ ખાતે ગ્રાઉન્ડ પરીક્ષા આપવા આવનાર આહીર સમાજ ના યુવાનો માટે રહેવા અને જમવાની વ્યવસ્થા નિ:શુલ્ક ઉભી કરવામાં આવેલ છે.

ગોંડલમાં પરીક્ષા આપવા આવનાર વ્યક્તિએ નીચે આપેલ નંબર ઉપર કોન્ટેક્ટ કરીન રજીસ્ટ્રેશન કરાવાનું રહેશે. ગોવિંદભાઈ ડાંગર –૯૬૬૨૭૨૩૨૭૨ ભગવાનભાઈ ડાંગર –૯૮૨૪૩૮૮૭૭૪ રહેવાની અને જમવાની વ્યવસ્થા લાલજીભાઈ વાઘમશી ની હૉસ્ટેલ, ગીતા મંદિર સ્કૂલ વાળું બિલ્ડીંગ, કૈલાશબાગ - ૧૦/૩, બસ સ્ટેશનની બાજુમાં કરવામાં આવેલ છે, તેવું ગોંડલ આહીર સમાજના પ્રમુખ ગોરધનભાઈ પરડવા, ઉપપ્રમુખ ખીમાણંદભાઈ જરેર, મંત્રી લાભુભાઈ ડાંગર અને ખજાનચી કાનાભાઈ મૈતર અને કારોબારી મિત્રોની યાદીમાં જણાવાયુ છે. (૩.૧૦)

# ઉના એસ. ટી. બસ સ્ટેશનમાં થેલામાં છૂપાવેલી દારૂની ૧૪૪ બોટલો સાથે ૨ યુવાનો ઝડપાયા



(નવીન જોશી દ્વારા) ઉના તા. ૨૦ :.. એસ.ટી.બસ સ્ટેશનમાં થેલામાં છૂપાવેલી દારૂની ૧૪૪ બોટલો સાથે ૨ યુવાનોને પોલીસે પકડી લીધા હતાં.

એસ. ટી. બસસ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર એન. બી. ચૌહાણ ની સૂચના થી એ. એસ. આઈ. શાંતિભાઈ સોલંકી, ભાવસિંહ પરમાર પો. કો. સુનિલભાઈ બાંભણિયા અને પો. કો. ભૂપતસિંહ ભાઈ અને સ્ટાફે બાતમીના આધારે ઊના એસ. ટી. બસ સ્ટેશન માં બસ ની રાહ જોઈ ઊભેલ બે યુવાનો અશોક ઉર્ફે મંગુ ભાઈ બટુક ભાઈ મૈયા તથા નીતિન ભીખાભાઈ ડાભી રે. રોકી તપાસ કરતા તે ના થેલા ચેક કરતા તેમાં પર પ્રાંત ની ઈંગ્લીશ દારૂ ની બોટલો નંગ ૧૪૪ રૂપિયા ૨૫૨૦૦/ બે મોબાઈલ ફોન રૂપિયા ૨૫૭૦૦/ મળી કુલ રૂપિયા ૫૦૯૦૦/નો મુદામાલ કબજે મળી આવેલા.

આ બન્ને યુવાનોને પોલીસ સ્ટેશન લાવી ગુનો દાખલ કરતા વધુ પૂછપરછ માં બીજા બે આરોપી જીતુભાઈ રાઠોડ અને રાજેશનું નામ ખુલતા તેની સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# સરધાર સ્વામિનારાયણ મંદિરના સંતો દ્વારા ઘરસભા યોજાઇ

### ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભક્તિનો અખાડો: મેલબોર્નમાં નિર્માણ પામ્યું 'શ્રી સ્વામિનારાયણ મંદિર - જૂનાગઢધામ'





આટકોટ, તા.૧૯: વૈશ્વિક ફલક પર ભારતીય સંસ્કૃતિ અને સ્વામિનારાયણ સંપ્રદાયનો ધ્વજ વધુ ઊંચો લહેરાવવા જઈ રહ્યો છે. વડતાલદેશ પીઠાધિપતિ પ.પૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજની આશીર્વાદથી અને પ.પૂ. સદગુરૂ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર) ની પ્રેરણાથી ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન (રોકબેંક) ખાતે નવનિર્મિત 'શ્રી સ્વામિનારાયણ મંદિર જૂનાગઢધામ'નો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી ૨૧ થી ૨૭ ઉજવવામાં આવશે.

સાત દિવસીય આધ્યાત્મિક મહોત્સવ: આ મહોત્સવ અંતર્ગત સાત દિવસ સુધી શ્રીમદ્ સત્સંગીજીવન ગ્રંથની પારાયણ યોજાશે. આ પ્રસંગે વડતાલ અને જૂનાગઢધામના વડીલ સંતો સહિત ૬૦ થી વધુ સંતોની પાવન હાજરી રહેશે. મહોત્સવના મુખ્ય દિવસે આચાર્યશ્રીના વરદ હસ્તે વૈદિક મંત્રોચ્ચાર સાથે દેવોની મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવશે. વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો મહોત્સવને યાદગાર બનાવવા માટે વિવિધ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. પોથીયાત્રા તથા નગરયાત્રા મેલબોર્નના રાજમાર્ગો પર ભક્તિમય વાતાવરણ વચ્ચે શોભાયાત્રા નીકળશે. કલાકાર હિતેશભાઈ અંટાળા ભક્તોને હાસ્ય સાથે સંસ્કારની પીરસણી કરશે.

મહાયજ્ઞ અને રાસોત્સવ વિશ્વશાંતિ માટે ભવ્ય યજ્ઞ અને યુવાનો દ્વારા સાંસ્કૃતિક નૃત્યો-રાસોત્સવની રમઝટ જામશે.

પ્રસાદનો અલૌકિક લાભ સમગ્ર ઓસ્ટ્રેલિયામાં પ્રસરી ભક્તિની લહેર આ મહોત્સવના નિમંત્રણ પાઠવવા માટે પૂજ્ય નિત્યસ્વરૂપદાસજી સ્વામી દ્વારા ઓસ્ટ્રેલિયાના મુખ્ય શહેરો જેવા કે પર્થ, બ્રિસ્બેન, સિડની અને એડિલેડમાં 'કલ્યાણકારી ઘરસભાઓ' યોજવામાં આવી હતી. આ પ્રવાસ દરમિયાન હજારો પરિવારોમાં ઉત્સાહનો સંચાર થયો છે અને દેશ-વિદેશથી મોટી સંખ્યામાં ભક્તો મેલબોર્ન ખાતે ઉમટી પડશે. રાજકીય મહાનુભાવોની હાજરી આ પ્રસંગે ઓસ્ટ્રેલિયાના સ્થાનિક રાજકીય અને સામાજિક અગ્રણીઓ પણ ઉપસ્થિત રહી ભારતીય સંસ્કૃતિના આ વારસાને વધાવશે. મેલબોર્નના ૩૭ શીહાન રોડ, રોકબેંક ખાતે નિર્માણ પામેલું આ મંદિર આગામી પેઢી માટે આધ્યાત્મિકતા અને સંસ્કારનું મહત્વનું કેન્દ્ર બની રહેશે. આ સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ આસ્થા ભજન, લક્ષ્ય ટીવી અને સરધારધામની યુટ્યુબ ચેનલ પર પણ કરવામાં આવશે. (૩.૧૦)

# વાકાનેર રેવન્યુ ઓથોરીટીએ જમીન ખાતેદારની ઠરાવેલ હોવા છતાં સીવીલ કોર્ટ દ્વારા જમીનની માલિકી ટ્રસ્ટની ઠરાવવા થયેલ દાવો મંજુર

(મહમદ રાઠોડ દ્વારા) વાંકાનેર:તા.૨૦, મોરબી મુકામે શ્રી ગુર્જર ક્ષત્રીય કડીયા વિદ્યાર્થી ભવનના નામથી ટ્રસ્ટની

મીલકત આવેલી છે. જે મીલકત મોરબીના ત્રાજપર ગામની સીમમા સર્વે નં. ૧૭૩ એ.૨-૦૪ ગુઠા તથા સર્વે નં.૧૭૪ એ.૨-૧૨ ગુઠા મળી કુલ જમીન એ.૪-૧૬ ગુઠાની આવેલી છે. અને જે જમીન બીનખેતી થયેલ છે. અને જેના પર સદરહુ ટ્રસ્ટની મકાન મીલકત આવેલી છે.

જેમા વાદી ટ્રસ્ટ ધ્વારા કમમ્પાઉન્ડ વોલ અને અંદર બોડીંગનુ બાંધકામ કરેલુ. જમીન સબંધમા અગાઉના માલીક કોળી ચકુભાઈ ધનાભાઈની દીકરી ભનીબેન ચકુભાઈ મારફત કુલ મુખત્યાર દ્વારા આ સર્વે નંબરની જમીન સબંધમા રેવન્યુ - પ્રોસીડીંગ ફાઈલ કરવામાં આવેલા. અને જેમા પ્રાંત અધિકારી મોરબી દ્વારા સદરહુ જમીન પૈકી એ.૦-૧૬ ગુઠા જમીન વેચાણ કરવામાં આવેલ નથી તેવું ઠરાવીને રેવન્યુ રેકર્ડમાં તે મુજબના ફેરફાર કરવાનો હુકમ કરવામા આવેલો અને જેના આધારે આ ખાતેદારના મુખત્યાર દ્વારા સદરહુ ટ્રસ્ટની મીલકતમા સને ૨૦૦૮ની સાલમા તોડફોડ કરીને આશરે ૧૬ ગુઠા જમીન મેળવી લેવાના હેતુથી ગેરકાયદેસર રીતે પ્રવેશ કરેલો. જે સબંધમા સદરહુ ટ્રસ્ટ દ્વારા મોરબીના મહે. ત્રીજા અધીક સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમા દાવો દાખલ કરવામા આવેલો. મનાઈહુકમની અરજી કરવામાં આવેલી. જે કામમા જે તે વખતે નામ.સીવીલ કોર્ટ દ્વારા આદેશાત્મક મનાઈહુકમની અરજી મંજુર કરવામા આવેલી. ત્યારબાદ સદરહુ દાવો નામ.સીવીલ કોર્ટમા ચલાવવામાં આવેલો અને જેમા વાદી તરફે એડવોકેટ એમ.એફ.બ્લોચ દ્વારા એવી રજુઆત કરવામાં આવેલી કે, સદરહુ દાવાવાળી જમીનના પ્રથમ માલીક પાસેથી કોળી ચકુભાઈ ધનાભાઈએ તા.૨/૯/૧૯૫૯ના અરશામા દાવાવાળી જમીન રજીસ્ટર દસ્તાવેજથી વેચાણ રાખવામાં આવેલી. અને તે વખતે સદરહુ દસ્તાવેજમાં જમીનનો સર્વે નંબર લખવામાં આવેલ ન હતો પરંતુ સદરહુ જમીનની ચતુદીશા લખવામા આવેલી. અને તેમા દક્ષીણ બાજુ ધુટુની સડક બતાવવામાં આવેલી. ત્યારબાદ ચકુભાઈ ધનાભાઈએ જમીન મોરબીના રહીશ લાલજીભાઈ જેરામભાઈને રજીસ્ટર દસ્તાવેજથી વેચાણ આપવામાં આવેલી અને તે વખતે પણ અગાઉના રજીસ્ટર દસ્તાવેજમા જે હકીકતો લખવામા આવેલી અને જે ચતુદીશા દર્શાવામા આવેલી તે મુજબ લાલજીભાઈ જેરામભાઈની તરફેણમા થયેલા દસ્તાવેજમાં પણ લખવામાં આવેલી. અને તેમા સર્વે નં.૧૭૧ તથા સર્વે નં.૧૭૩ની કુલ જમીન એ.૪-૦૮ ગુઠા તેવું લખવામા આવેલું. અને ત્યારબાદ લાલજીભાઈ જેરામભાઈ દ્વારા સદરહુ મીલકતનુ બક્ષીસ ડીડ કરવામા આવેલુ. અને તેમા એ. ૪-૧૬ ગુઠા દર્શાવામાં આવેલી. આમ સદરહુ જમીન બીનખેતી એ.૪-૧૬ ગુઠાની થયેલી. આમ પક્ષકારો વચ્ચે કુલ જમીન એ.૪-૧૬ ગુઠા અને એ.૪-૦૮ ગુઠા તે વચ્ચેનો તફાવત અંગેની તકરાર થયેલી. અને જે તકરાર સબંધમા પ્રાંત અધીકારીએ એ.૦-૧૬ ગુઠાની જમીન જુના ખાતેદાર ચકુભાઈ ધનાભાઈના વારસદાર ભનીબેન ચકુભાઈને ઠરાવીને તે મુજબ રેવન્યુ રેકર્ડમાં નોંધ કરવાનો હુકમ થયેલો

જે હુકમ ગેરકાયદેસર છે. તેવી રજુઆત કરવામા આવેલી. અને જ્યારે વેચાણ દસ્તાવેજની અંદર ચતુદીશાઓ દર્શાવામા આવેલ હોય ત્યારે ક્ષેત્રફળના ફેરફારના કારણે કે સર્વે નંબરના ફેરફારના કારણે માલીકીહકક સબંધે નિર્ણય કરતી વખતે જમીનની ચતુદીશાઓ મહત્વની બને છે. અને તે સબંધમા નામ.ગુજરાત હાઈકોર્ટ અને નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ રજૂ કરવામા આવેલા. જે હકીકતો ધ્યાને લઈ નામ. કોર્ટે વાદી ટ્રસ્ટ સર્વે નં.૧૭૩ તથા સર્વે નં.૧૭૪ની જમીનના માલીક અને કબજેદાર છે. અને આ જમીનમાથી એ.૦-૧૬ ગુઠા જમીન પ્રતીવાદી ભનીબેન ચકુભાઈનો કોઈ કબજો ભોગવટો કે માલીકી નથી તેવુ પણ નામ.કોર્ટે ઠરાવેલ છે. અને ત્યારબાદ વાદીનો દાવો મંજુર કરી વાદી ટ્રસ્ટના લાભમા હુકમ કરેલ છે. સદરહુ કામમાં વાદી ટ્રસ્ટ વતી વાંકાનેરના એડવોકેટ એમ.એફ.બ્લોચ તથા સાહીલ એમ. બ્લોચ રોકાયેલ હતા. (૩૫-૩)

# દસાડાના સુરેલમાં ધારાસભ્ય પી. કે. પરમારનો ગ્રામજનોએ ઉઘડો લીધો: 'ચૂંટણી જીત્યા પછી હવે દેખાયા, ફોટો પડાવવા આવો છો'

### સુરેલ ગામમાં પ્રાથમિક સુવિધાઓ નહીં મળતા ગ્રામજનોમાં ધારાસભ્ય અને તંત્ર સામે તીવ્ર અસંતોષ

(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ, તા. ૨૦: પાટડી: દસાડા વિધાનસભા મત વિસ્તારમાં ભાજપના ધારાસભ્ય પી.કે. પરમાર સામે ફરી એકવાર જનતાનો ભારે રોષ જોવા મળ્યો છે. પાટડી તાલુકાના સુરેલ ગામમાં નવનિમત પંચાયત ઘરના લોકાર્પણ પ્રસંગે ગયેલા ધારાસભ્યનો એક જાગૃત નાગરિકે ભરી સભામાં ઉધડો લીધો હતો. ગ્રામજનોનો આક્ષેપ છે કે ચૂંટણી જીત્યા બાદ ધારાસભ્ય ક્યારેય ગામની



મુલાકાતે આવ્યા નથી અને હવે માત્ર ફોટા પડાવવા માટે લોકાર્પણના કાર્યક્રમોમાં હાજરી આપી રહ્યા છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં રાજકીય ગરમાવો આવી ગયો છે. સભા દરમિયાન જ્યારે નાગરિકે પ્રશ્નો પૂછ્યા, ત્યારે ધારાસભ્યના ખાસ ગણાતા સ્થાનિક આગેવાન જેઠાભાઈ સોમેશ્વરાએ પ્રશ્ન પૂછનાર વ્યક્તિને ધક્કા મારી બહાર કાઢવાનો પ્રયાસ કરતા મામલો વધુ બિચક્યો હતો.

સુરેલ ગામ સહિત દસાડા પંથકમાં ખેડૂતો અને સામાન્ય જનતામાં પ્રાથમિક સુવિધાઓને લઈને તીવ્ર અસંતોષ છે. ગ્રામજનોનું કહેવું છે કે જે કામો અગાઉના શાસનમાં મંજૂર થતા હતા, તે જ રૂટિન કામો અત્યારે થઈ રહ્યા છે, પરંતુ વાસ્તવિક જમીની પ્રશ્નો ઉકેલાતા નથી. દસાડા વિધાનસભામાં અવારનવાર ધારાસભ્યનો વિરોધ સત્તા પક્ષના કાર્યકરો અને જનતા દ્વારા થઈ રહ્યો છે, જે ભાજપ માટે ચિંતાનો વિષય બન્યો છે.(૬.૮)

# સાયલાના નાગડકા ગામે કૌટુંબિક દાદાએ ૧.૬૦ લાખમાં વેચેલ મકાન ૧.૭૫ લાખમાં પરત ખરીદી રાતી પાઈ પણ ન ચૂકવી

વઢવાણ તા. ૧૦ :.. નાગડકા ગામે આવેલ મકાન મુળ નાગડકાના અને હાલ અમદાવાદ રહેતા યુવાને ૧.૬૦ લાખમાં કૌટુંબીક દાદા પાસેથી ખરીદ્યુ હતુ. બાદમાં દાદાએ મકાનનો કબજો ન આપી પરત ખરીદી કરવાની વાત કરતા ૧.૭૫ લાખમાં વેચાણનું નક્કી થયુ હતુ. બન્ને સમયે નોટરી સમક્ષ થયેલ કરારનો ભંગ કરી નાણા ન ચુકવી છેતરપિંડી આચર્યાની કૌટુંબીક દાદા સામે ધજાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

મુળ સાયલા તાલુકાના નાગડકા ગામના ૩૭ વર્ષીય અલ્પેશભાઈ ભીખાભાઈ વાઘેલા હાલ અમદાવાદના જમાલપુરમાં રહે છે અને રિક્ષા ચલાવે છે. વતન નાગડકામાં તેમના કૌટુંબીક દાદા સોમાભાઈ રામજીભાઈ વાઘેલાનું મકાન આવેલુ છે. આ મકાન અલ્પેશભાઈએ રૂપીયા ૧.૬૦ લાખમાં લેવાનું નક્કી કર્યુ હતુ. અને તા. ૭-૭-૨૨ના રોજ તેનું નોટરી સમક્ષ લખાણ કરી અલ્પેશભાઈએ રૂપીયા ૧.૬૦ લાખ ચુકવ્યા હતા. જેમાં નવરાત્રી સમયે સોમાભાઈએ મકાન ખાલી કરી દેવાની શરત હતી. પરંતુ નવરાત્રી વીતતા અલ્પેશભાઈએ મકાન ખાલી કરવાનું કહેતા સોમાભાઈએ ના પાડી હતી અને પૈસા થશે ત્યારે પરત આપીશ તેમ જણાવ્યુ હતુ. બાદમાં અલ્પેશભાઈએ અવાનવાર પૈસાની ઉઘરાણી કરી હતી.

તા. ૮-૧૧-૨૩ના રોજ સોમાભાઈએ ફોન કરીને અલ્પેશભાઈને બોલાવતા તા. ૯-૧૧-૨૩ના રોજ તેઓ નાગડકા ગયા હતા. જેમાં સોમાભાઈએ મકાન પાછુ ખરીદવાની વાત કરતા અલ્પેશભાઈએ બજાર કિંમત રૂપીયા ૧.૭૫ લાખ કહી હતી. જેમાં સોમાભાઈ સહમત થતા નોટરી પાસે લખાણ કરી ૨ વર્ષમાં કટકે કટકે આ રકમ સોમાભાઈએ ચુકવશે તેવુ નક્કી થયુ હતુ. પરંતુ આ મુદત પણ પુરી થવા છતાં સોમાભાઈએ પૈસા ન ચુકવતા કરારમાં નક્કી થયેલ શરતોનો ભંગ કરી છેતરપિંડી આચર્યાની અલ્પેશભાઈએ કૌટુંબીક દાદા સોમાભાઈ વાઘેલા સામે ધજાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. (૫-૧૨)

### ગુજરાત ભાજપના સંગઠન માળખામાં ધરખમ ફેરફાર

# જગદીશ વિશ્વકર્માએ જાહેર કરી નવી પ્રદેશ કારોબારી: કુલ ૧૦૫ દિગ્ગજ નેતાઓની વરણી

## વજુભાઈ વાળા, નીતિનભાઈ પટેલ અને પરષોત્તમભાઈ રૂપાલા સહિતના સીનિયર નેતાઓને વિશેષ આમંત્રિત તરીકે સ્થાન: આગામી ચૂંટણીઓ પૂર્વે સંગઠનને મજબૂત બનાવવા અનુભવી અને નવા ચહેરાઓનો સમન્વય

ગાંધીનગર: ભારતીય જનતા પાર્ટી, ગુજરાતના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા રાજ્યમાં સંગઠનાત્મક નિમણૂંકોની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યમાં પાર્ટીના માળખાને વધુ સુદ્રઢ બનાવવાના આશયથી ૭૯ સભ્યોની પ્રદેશ કારોબારી અને ૨૬ સભ્યોની પ્રદેશ વિશેષ આમંત્રિત યાદી જાહેર કરવામાં આવી છે. આ




નિમણૂંકોમાં રાજ્યના ખૂણેખૂણેથી પાયાના કાર્યકરો અને સિનિયર નેતૃત્વને સ્થાન આપીને સંતુલન જાળવવાનો પ્રયાસ કરાયો છે.

૭૯ સભ્યોની નવી પ્રદેશ કારોબારી: પ્રદેશ કારોબારીમાં સુરત, અમદાવાદ (કર્ણાવતી), રાજકોટ અને વડોદરા જેવા મહાનગરો સહિત વિવિધ જિલ્લાઓના અગ્રણીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ યાદીમાં દર્શનાબેન જરદોશ (સુરત શહેર), ભાનુબેન બાબરીયા (રાજકોટ શહેર), નિમીષાબેન સુથાર (પંચમહાલ), વર્ષાબેન દોશી (સુરેન્દ્રનગર), શિતલબેન સોની (નવસારી), જાહનવીબેન વ્યાસ (ખેડા), ડો. ઋત્વિજભાઈ પટેલ (કર્ણાવતી), હિતેશભાઈ પટેલ (સાબરકાંઠા), હર્ષદભાઈ વસાવા (નર્મદા), અર્જુનભાઈ ચૌધરી (સુરત જી.), ડો. દીપિકાબેન સરડવા (મોરબી), યોગેશભાઈ ગઢવી (કર્ણાવતી), જયરાજસિંહ પરમાર (મહેસાણા), સીમાબેન મોહિલે (વડોદરા શહેર), અનિતાબેન પરમાર (ગાંધીનગર શહેર), રાજેન્દ્રસિંહ કુંવર (તાપી) અને પુષ્પાબેન ઠાકોર (પાટણ) નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત દુષ્યંતભાઈ પંડ્યા (ગાંધીનગર શહેર), રાજેશભાઈ શુક્લ (ગાંધીનગર શહેર), ભરતભાઈ આયર (પાટણ), ગજેન્દ્રભાઈ સક્સેના (સાબરકાંઠા), ડો. ભરતભાઈ ડાંગર (વડોદરા શહેર), સતીષભાઈ પટેલ-છાણી (વડોદરા શહેર), પરાક્રમસિંહ જાડેજા (વડોદરા શહેર), ધર્મેશભાઈ પંડ્યા (વડોદરા જિલ્લો), માધુભાઈ કથિરીયા (નવસારી), ધવલભાઈ દવે (ભાવનગર જી.), બ્રિજરાજાસિંહ ઝાલા (બોટાદ), હિમતભાઈ પડશાળા (ગીર સોમનાથ), ઘનસુખભાઈ ભંડેરી (રાજકોટ શહેર), કશ્યપભાઈ શુક્લ (રાજકોટ શહેર), હર્ષદગીરી ગોસાઈ (અમદાવાદ જી.), રાજેન્દ્રભાઈ પટેલ (અરવલ્લી), નીતિનભાઈ સી. પટેલ (મહેસાણા), દશરથજી ઠાકોર (પાટણ), રાજેશભાઈ પટેલ-ધર્મજ (આણંદ), મારુતિસિંહ અટોદરિયા (ભરૂચ) અને દશરથભાઈ પવાર (ડાંગ) ને પણ સ્થાન મળ્યું છે.



આ ઉપરાંત યાદીમાં નિરંજનભાઈ ઝાંઝમેરા (સુરત શહેર), અભયસિંહ ચૌહાણ (ભાવનગર શહેર), મહેન્દ્રભાઈ પીઠીયા (ગીર સોમનાથ), વિમલભાઈ કગથરા (જામનગર શહેર), પુનિતભાઈ શર્મા (જુનાગઢ શહેર), કિરીટભાઈ પટેલ (જુનાગઢ જી.), કમલેશભાઈ મિરાણી (રાજકોટ શહેર), દિલીપભાઈ એમ. પટેલ (સુરેન્દ્રનગર), શબ્દશરણભાઈ તડવી (નર્મદા), અરવિંદભાઈ રૈયાણી (રાજકોટ શહેર), શશીકાંતભાઈ પંડ્યા (બનાસકાંઠા), પ્રો. તેજશ્રીબેન પટેલ (અમદાવાદ જી.), જીજ્ઞેશભાઈ સેવક (મહીસાગર), રાજુભાઈ ધ્રુવ (રાજકોટ શહેર), મહેશભાઈ મોદી (ગાંધીનગર શહેર), કરશનભાઈ ગોંડલીયા (સુરત શહેર), વિશાલભાઈ પટેલ (કર્ણાવતી), ગૌતમભાઈ શાહ (કર્ણાવતી), બિજલબેન પટેલ (કર્ણાવતી), હેમાલીબેન બોઘાવાલા (સુરત શહેર) અને ડો. જગદીશભાઈ પી. પટેલ-બલ્લર (સુરત શહેર)ના નામ જાહેર કરાયા છે.

યાદીના અંતિમ ચરણમાં રમેશભાઈ દેસાઈ (કર્ણાવતી), સત્યેનભાઈ કુલાબકર (વડોદરા શહેર), દિલીપભાઈ બારડ (ગીર સોમનાથ), ચંદ્રેશભાઈ હેરમા (જુનાગઢ શહેર), નરેન્દ્રભાઈ પુરોહિત (કર્ણાવતી), પ્રતિમાબેન પી. પરમાર (પંચમહાલ), ભાવિશાબેન પી. પટેલ (મહેસાણા), કલ્પનાબેન પટેલ (વડોદરા જી.), અમિતાબેન એ. પટેલ (નવસારી), રાજુભાઈ પ્રિયદર્શી (સુરત શહેર), દ્રમજીભાઈ માવાણી (સુરત શહેર), વિનયભાઈ શુક્લ (સુરત શહેર), દિલીપસિંહ એ. ચુડાસમા (જામનગર જી.), ભાવનાબેન હિરપરા (જુનાગઢ જી.), જીજ્ઞાબેન પંડ્યા (સુરેન્દ્રનગર), તેજલબેન નાયી (ગાંધીનગર શહેર), ફલજીભાઈ ચૌધરી (બનાસકાંઠા), ડો. હેમરાજભાઈ રાણા (બનાસકાંઠા), પરમજીતકૌર છાબડા (ગાંધીનગર શહેર) અને રમેશભાઈ સોલંકી (મહેસાણા) નો સમાવેશ કરી સંગઠનને આખરી ઓપ અપાયો છે.

૨૬ દિગ્ગજોની વિશેષ આમંત્રિત તરીકે વરણી: સંગઠનમાં અનુભવી નેતાઓના માર્ગદર્શન માટે ૨૬ વિશેષ આમંત્રિત સભ્યોની પણ નિમણૂંક કરાઈ છે.જેમાં વજુભાઈ વાળા (રાજકોટ શહેર), રાજેન્દ્રસિંહ રાણા (ભાવનગર શહેર), પરશોત્તમભાઈ રૂપાલા (અમરેલી), આર. સી. ફળદુ (જામનગર જી.), નીતિનભાઈ પટેલ-પૂર્વ નાયબ મુખ્યમંત્રી (મહેસાણા), ભુપેન્દ્રસિંહ ચુડાસમા (અમદાવાદ જી.), સુરેન્દ્રભાઈ પટેલ (કર્ણાવતી), ગોરધનભાઈ ઝડફિયા (કર્ણાવતી), પ્રદિપસિંહ જાડેજા (કર્ણાવતી), આઈ. કે. જાડેજા (સુરેન્દ્રનગર), દિલીપભાઈ સંઘાણી (અમરેલી), નરહરિભાઈ અમીન (કર્ણાવતી), રમીલાબેન બારા (સાબરકાંઠા), ભરતસિંહ પરમાર (ભરૂચ), જયસિંહ ચૌહાણ (સાબરકાંઠા), ભગવાનદાસ પંચાલ (ગાંધીનગર શહેર), ચિમનભાઈ સાપરિયા (જામનગર જી.), જયશ્રીબેન પટેલ (મહેસાણા), ભાવનાબેન દવે (ગાંધીનગર શહેર), ઝવેરીભાઈ ઠકરાર (ગીર સોમનાથ), ગોવિંદભાઈ પટેલ (રાજકોટ શહેર), અરજણભાઈ રબારી (કચ્છ), વલ્લભભાઈ કાકડીયા (કર્ણાવતી), સાગરભાઈ રાયકા (મહેસાણા), કાંતિભાઈ ગામીત (તાપી) અને પ્રદિપભાઈ ખીમાણી (જુનાગઢ શહેર) નો સમાવેશ થાય છે.(૩૮.૩૧)

**રાજકોટના નેતાઓ વજુભાઇવાળા, ભાનુબેન બાબરીયા, ગોવિંદભાઇ પટેલ, અરવિંદભાઇ રૈયાણી, ઘનસુખભાઇ ભંડેરી, કમલેશભાઇ મિરાણી, કશ્યપભાઇ શૂકલ અને રાજુભાઇ ધ્રુવને પણ સ્થાન મળ્યું**

EDITORIAL

અકિલા

તંત્રી સ્થાનેથી....

તા.૨૦- ૦૧- ૨૦૨૬

## ચૂંટણીમાં હિન્દુત્વ, બાદમાં બંધુત્વ!

### ભાગવતજીએ ગુજરાતના ભાજપી નેતાઓને નવેસરથી હિન્દુત્વના પાઠ ભણાવવા પડે તેવી સ્થિતિ: ૩૦ વર્ષની સત્તા છતાં હિન્દુઓમાં ફફડાટ

રાજકોટમાં અશાંતધારાની મુદત લંબાવાઈ તેનું ગૌરવ નેતાગીરી લઈ રહી છે, પણ આ ધારો લાગુ કરવો પડે એ સ્થિતિ બન્યાના કારણોમાં જાવ તો સાચો ખ્યાલ આવે. રાજકોટની ધરતી પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતજીનું આગમન હંમેશા નવી વૈચારિક દિશા પ્રદાન કરનારૂ હોય છે. રાજકોટની મુલાકાત વખતે તેઓ અનેક વિશેષ લોકોને મળી રહયા છે. એક સળગતો પ્રશ્ન સૌના મનમાં છે, શું સત્તાના ત્રીસ વર્ષ પછી હિન્દુત્વ માત્ર ચૂંટણી જીતવાનું સાધન બનીને રહી ગયું છે?

ગુજરાતમાં ત્રણ દાયકાથી ભાજપની સરકાર છે. વિકાસના દાવાઓ વચ્ચે એક કડવું સત્ય એ છે કે આજે પણ અનેક હિન્દુ પરિવારોમાં આંતરિક રીતે 'ફફડાટ' જોવા મળે છે. જે હિન્દુત્વના જોરે ભાજપ સત્તાના શિખરે પહોંચ્યું, તે જ વિચારધારાના રક્ષણ બાબતે હવે નેતાઓ ઉદાસીન દેખાઈ રહ્યા છે. ચૂંટણી સમયે હિન્દુત્વના નારા ગુંજે છે, પરંતુ સત્તા મળ્યા પછી 'બંધુત્વ'ના ઓઠા હેઠળ તુષ્ટિકરણની નવી નીતિઓ આકાર લેતી જણાય છે.

સૌથી ગંભીર ચિંતાનો વિષય એ છે કે જે લઘુમતી શંકાસ્પદ તત્વો સામે સામાન્ય હિન્દુ સંઘર્ષ કરી રહ્યો છે, તે જ તત્વો સાથે પડદા પાછળ ભાજપી નેતાઓનું 'ઈલુ-ઈલ' ચાલી રહ્યું હોવાની ચર્ચાઓ જોર પકડી રહી છે. વોટબેંકના રાજકારણમાં કે અંગત આર્થિક હિતો ખાતર જ્યારે સત્તાધારી પક્ષના નેતાઓ વિરોધી વિચારધારા ધરાવતા શંકાસ્પદો સાથે હાથ મિલાવે છે, ત્યારે પાયાનો કાર્યકર અને હિન્દુ પરિવાર છેતરાયાની લાગણી અનુભવે છે.

લવ જેહાદ જેવી ગંભીર સમસ્યાઓથી માંડીને જમીન પચાવી પાડવાના ખેલ આજે પણ ધમધોકાર ચાલી રહ્યા છે. કાયદાઓ હોવા છતાં તેનું પાલન કરાવવામાં આવતી ઢીલાશ પાછળ ક્યાંક ને ક્યાંક રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ દેખાય છે. ભાગવતજીએ ગુજરાતના ભાજપીઓને 'હિન્દુત્વના નવેસરથી પાઠ' ભણાવવા અત્યંત અનિવાર્ય છે. સત્તાનો મોહ જ્યારે સિદ્ધાંતો પર હાવી થઈ જાય, ત્યારે સંઘ પ્રમુખે હસ્તક્ષેપ કરીને માર્ગદર્શન આપવું જ રહ્યું.

ભાગવતજી આ મુલાકાત દરમિયાન નેતાઓને સ્પષ્ટ આદેશ આપે કે 'હિન્દુત્વ' એ માત્ર ચૂંટણીલક્ષી એજન્ડા નથી, પણ એક સાંસ્કૃતિક જવાબદારી છે. જો સત્તામાં હોવા છતાં હિન્દુ સમાજ અસુરક્ષિત અનુભવતો હોય, તો એ આત્મમંથનનો વિષય છે. (૩.૨)

નાઇજીરીયામાં રવિવારે પ્રાર્થના સમયે ચર્ચમાં હુમલો કરવામાં આવ્યો

## નાઇજીરીયામાં 3 ચર્ચ પર મોટો હુમલો ૧૫૦થી વધુ શ્રદ્ધાળુઓનું સામૂહિક અપહરણ

કાજુરૂ તા.૨૦: પશ્ચિમ આફ્રિકાના દેશ નાઈજીરીયામાં ફરી એકવાર આતંકવાદીઓએ નિર્દોષ શ્રદ્ધાળુઓને નિશાન બનાવ્યા છે. નાઈજીરીયાના કડુના રાજ્યમાં રવિવારે પ્રાર્થના સભા દરમિયાન હથિયારધારી બંદૂકધારીઓએ ત્રણ ચર્ચ પર એકસાથે હુમલો કર્યો હતો. આ હુમલા બાદ ૧૫૦થી વધુ શ્રદ્ધાળુઓનું અપહરણ કરવામાં આવતા સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. સ્થાનિક ધારાસભ્ય ઉસ્માન દાનલામી સ્ટિંગોના જણાવ્યા અનુસાર, આ હુમલો કડુના રાજ્યના કાજુરુ વિસ્તારમાં આવેલા કુર્મિન વાલી સમુદાયમાં થયો હતો. જ્યારે લોકો કેથોલિક અને ચેરુબિમ-સેરાફિમ ચર્ચમાં રવિવારની પ્રાર્થનામાં વ્યસ્ત હતા, ત્યારે બંદૂકધારીઓએ અંધાધૂંધ ગોળીબાર કરીને લોકોને બંધક બનાવ્યા હતા. હુમલા બાદ વિસ્તારમાં ભારે તણાવ અને ડરનો માહોલ છે.

પ્રાથમિક અહેવાલો મુજબ, કુલ ૧૭૭ લોકો ગુમ થયા હતા, જેમાંથી ૧૧ લોકો ગમે તેમ કરીને જીવ બચાવી પાછા ફર્યા છે. જોકે, હજુપણ ૧૬૮ લોકો આતંકવાદીઓના કબજામાં હોવાનું મનાય છે. આશ્ચર્યની વાત એ છે કે અત્યાર સુધી કોઈ પણ આતંકી સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી અને પોલીસ તરફથી પણ હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. આફ્રિકાના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશ નાઈજીરીયામાં ચર્ચ અને શાળાઓ પર હુમલા સામાન્ય બની ગયા છે. ખાસ કરીને ઉત્તરીય પ્રદેશમાં સક્રિય ગેંગ્સ ખંડણી માટે સામૂહિક અપહરણના ગુનાઓને અંજામ આપે છે. જોકે, સરકાર આ પ્રકારની હિંસાને ખ્રિસ્તી નરસંહાર ગણાવવાનો ઇનકાર કરી રહી છે, પરંતુ જમીની હકીકત ખૂબ જ ગંભીર છે.

નાઈજીરીયામાં ખ્રિસ્તી સમુદાય પર થતા હુમલાઓને લઈને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત અનેક સાંસદો ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. નોંધનીય છે કે, ૨૫ડિસેમ્બરે સોકોટો પ્રાંતમાં અમેરિકી સેનાએ ત્લ્લ્ વિરુદ્ધ ઓપરેશન કરીને વળતો પ્રહાર કર્યો હતો, છતાં આતંકી ગતિવિધિઓ અટકવાનું નામ નથી લઈ રહી.(૩૮.૧૪)

## સાળંગપુર શ્રી કષ્ટભંનજન દેવ હનુમાનજીદાદાને એમ્બ્રોઇડરી વર્કવાળા વાઘા-રંગબેરંગી શેવંતી અને ઓર્કિડના મિક્સ ફૂલોનો શણગાર - ૨૫૧ કિલો બુંદીના લાડુનો અન્નકૂટ

### પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી આયોજન : શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાના આ દિવ્ય સ્વરૂપના દર્શન કરવા 'જય કષ્ટભંજન'ના નાદ સાથે મંદિર ગુંજી ઉઠયું



રાજકોટ, તા.૨૦: શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે આજે મંગળવારના પવિત્ર દિવસે શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાના મંદિરે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી દાદાને અત્યંત આકર્ષક અને કલાત્મક શણગાર કરવામાં આવ્યો હતો. હનુમાનજી દાદાને ખાસ એમ્બ્રોઈડરી વર્કવાળા કલાત્મક વાઘા પહેરાવવામાં આવ્યા હતા. શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના સિંહાસને રંગબેરંગી શેવંતી અને ઓર્કિડના મિક્સ ફૂલોનો ઉપયોગ કરી મનોહર શણગાર કરવામાં આવ્યો હતો,દાદાને ૨૫૧ કિલો બુંદીના લાડુનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

મંગળવારના વિશેષ દિવસે વહેલી સવારે ૫:૩૦ કલાકે ભક્તિભાવપૂર્વક મંગળા આરતી અને સવારે ૭:૦૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાની શણગાર આરતી ઉતારવામાં આવી હતી. આ અવસરે મંદિરના પ્રાંગણમાં પવિત્ર મારુતિ યજ્ઞનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અનેક યજમાનોએ આહુતિ આપી ધન્યતા અનુભવી હતી.

શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાના આ દિવ્ય સ્વરૂપના દર્શન કરવા 'જય કષ્ટભંજન' ના નાદ સાથે મંદિર ગુંજી ઉઠયું હતું. ભક્તોએ દાદાના શણગાર અને અન્નકૂટના દર્શન કરી પરમ શાંતિની અનુભૂતિ કરી હતી.(૨૩.૧૩)

## બગદાણામાં મારામારી પ્રકરણમાં રેન્જ આઇજીનું નવનીત બાલધિયાને તેડું



ભાવનગર, તા. ૨૦ : નવનીત બાલધિયા માર મારવાના કેસમાં નવીન બાલધિયાને રેન્જ આઈજી ગૌતમ પરમારની ઓફીસ બોલાવવામાં આવ્યો

### આ પ્રકરણમાં હવે ઉચ્ચ અધિકારીઓના સીધા હસ્તક્ષેપથી મોટા ખુલાસા થવાની શક્યતા

છે. SIT દ્વારા બે PI ની ૯ કલાકની પૂછપરછ પછી હવે IG ગૌતમ પરમારે નવનીત બાલધિયાને તેડાવ્યા છે. ઉચ્ચ અધિકારીઓના સીધા હસ્તક્ષેપથી મોટા ખુલાસા થવાની શક્યતા છે.

આ પહેલા આ કેસમાં SIT બંને PIની ૯ કલાક સુધી તપાસ કરવામાં આવી હતી. SITના સમન્સ અનુસાર પીઆઈ ડી.વી. ડાંગર અને પીઆઈ કે.એચ. પટેલ રેન્જ આઈજી કચેરી ખાતે હાજર રહ્યા હતા, જ્યાં તેમની સતત લગભગ ૯ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી.

૨૪ ડિસેમ્બરે મુંબઈના કાંદિવલી ખાતે યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન માયાભાઈ આહીરના નિવેદનનો વીડિયો વાયરલ થતા વિવાદ ભો થયો હતો. બગદાણાના સેવક દ્વારા સોશિયલ વીડિયો વાયરલ થયા બાદ બગદાણા આશ્રમના સેવક નવનીત બાલધિયાએ માયાભાઈ આહીરને ટેલિફોનિક સંપર્ક કરીને જણાવ્યું હતું કે, બગદાણાધામમાં તમામ ટ્રસ્ટીઓ છે, કોઈ મેનેજિંગ ટ્રસ્ટી નથી. આ બાબતને ધ્યાનમાં લઈ માયાભાઈ આહીરે ભૂલ સ્વીકારી હતી અને 'ટ્રસ્ટી' શબ્દ અંગે માફી માગતો એક વીડિયો જાહેર કર્યો હતો. આ માફીનો વીડિયો બગદાણાના સેવક દ્વારા સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નવનીત બાલધિયાને અજાણ્યા શખ્સોએ ફોન કરીને મળવા બોલાવ્યા હતા અને લાકડી તથા ધોકા વડે અલગ-અલગ બે વખત હુમલો કર્યો હતો. જો કે, હુમલામાં ઘાયલ થયેલા નવનીત બાલધિયાનું માનવું છે કે, આ હુમલો માયાભાઈ આહિરના છોકરાએ કરાવ્યો છે. (૯.૧૫)

## ઉપલેટાના વેપારી સાથે એરંડા આપવાના બહાને ૨૯ લાખની છેતરપીંડી: ભાવીન ડઢાણીયા સામે ફરીયાદ

રાજકોટ, તા.,૨૦: ઉપલેટાના યાર્ડના વેપારી સાથે એરંડા આપવાના બહાને ૨૯ લાખની છેતરપીંડી થતા પોલીસમાં ફરીયાદ થઈ છે. મળતી વિગતો મુજબ ઉપલેટા માર્કેટ યાર્ડ પુજા ટ્રેડર્સ નામની દુકાન ધરાવતા વેપારી વિનોદભાઈ નાથાભાઈ ઘેટીયા રહે. ઉપલેટા હીર બંગલો મહાવીર પાર્ક, ઢાંકની ગારીએ આરોપી ભાવીન ગોવિંદભાઈ ડઢાણીયા રહે. ઉપલેટા સામે ઉપલેટા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરીયાદીને ૨૮૦૦ મણ એરંડા આપવાની વાત કરીને ફરીયાદી પાસેથી એરંડાના રૂા.૧૫,૦૦,૦૦૦ તથા ૧૪,૦૦,૦૦૦ એમ કુલ રૂા. ૨૯,૦૦,૦૦૦ એડવાન્સમાં લઈ લીધેલ અને ફરીયાદીને ૧૦-૧૫ દિવસમાં એરંડા આપી દેશ તેમ વિશ્વાસ આપી આજ દીન સુધી ફરીયાદીને ૨૮૦૦ મણ એરંડા આપેલ ન હોય અને એડવાન્સમાં લીધેલ પૈસા પણ પરત ન આપીને ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી હતી.

આ ફરીયાદ અન્વયે ઉપલેટા પોલીસે ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે.(૪.૬)

## હિરાસર એરપોર્ટ પર ૨૨ જાન્યુઆરીથી ૩૫૦ મીટર કે તેથી વધુ વિઝિબિલિટી હશે તો પણ ડીપાર્ચર માટે મંજૂરી: મહત્વનો નિર્ણય

### લો વિઝિબિલિટી પ્રોસિજર ૨૨ મીથી અમલમાં: ૩૫૦ મીટર નીચે જશે તો ફ્લાઇટ ઓપરેશન બંધ રખાશે

રાજકોટ તા.૨૦:..શિયાળાની ઋતુમાં પડતા ભારે ધુમ્મસને કારણે ફ્લાઈટના શિડ્યુલ ખોરવાતા અટકાવવા માટે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી ૨૨ જાન્યુઆરી ૨૦૨૬થી એરપોર્ટ પર પ્રસ્થાન (Departures) માટે શ્રલો વિઝિબિલિટી પ્રોસિજર (LVP) અમલમાં મૂકવામાં આવશે. આ સંદર્ભે આજે એરપોર્ટના હિતધારકો (Stakeholders) સાથે એક બેઠક યોજાઈ હતી, જેમાં ન્સ્ભના અમલીકરણમાં સામેલ વિવિધ એજન્સીઓની ભૂમિકા અને જવાબદારીઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી.


સામાન્ય રીતે ધુમ્મસવાળા વાતાવરણમાં એરપોર્ટ અને તેની આસપાસના વિસ્તારમાં વિઝિબિલિટી (દ્રશ્યતા) ઘટવાને કારણે પાઈલટ્સ માટે વિઝ્યુઅલ રેફરન્સ મર્યાદિત બની જાય છે, જે ફ્લાઈટ ઓપરેશન પર માઠી અસર કરે છે. અત્યાર સુધીના નિયમો મુજબ જો રનવે વિઝ્યુઅલ રેન્જ (RVR) ૫૫૦ મીટરથી ઓછી હોય, તો વિમાન ઉડાન ભરી શકતું નથી.




હવે જ્યારે RVR ૫૫૦ મીટરથી ઓછું પણ ૩૫૦ મીટરથી વધુ હશે, ત્યારે પણ ફ્લાઈટ ટેક-ઓફ કરી શકશે.જો કોઈ ફ્લાઈટ લેન્ડિંગ સમયે RVR ૫૫૦ મીટર હોય અને ત્યારબાદ ઘટીને ૪૦૦ મીટર થઈ જાય, તો અગાઉ તે ફ્લાઈટ વિઝિબિલિટી સુધરે ત્યાં સુધી ઉડાન ભરી શકતી નહોતી.૨૨ જાન્યુઆરીથી ૩૫૦ મીટર કે તેથી વધુ વિઝિબિલિટી હશે તો પણ ડિપાર્ચર માટે મંજૂરી આપવામાં આવશે.જો વિઝિબિલિટી ૩૫૦ મીટરથી નીચે જશે, તો જ ફ્લાઈટ ઓપરેશન બંધ રાખવામાં આવશે.

RVR એ એક એવું અંતર છે કે જે રનવેની સેન્ટરલાઈન પર રહેલો પાઈલટ રનવેના માર્કિંગ અથવા તેની લાઈટ્સને સ્પષ્ટ જોઈ શકે.આ વિઝિબિલિટીના આધારે જ સુરક્ષિત ઉડાન અને ઉતરાણના નિર્ણયો લેવામાં આવે છે.આ નવી વ્યવસ્થાથી શિયાળામાં ધુમ્મસને કારણે ફ્લાઈટ કેન્સલ થવાની કે મોડી પડવાની સમસ્યામાં મોટી રાહત મળશે અને એરપોર્ટની કાર્યક્ષમતામાં વધારો થશે. (૫-૧૪)

## ભાવનગર માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલનાં પૂર્વ પ્રિન્સિપાલ રમાબેન દીક્ષિત-વિરાણીનું નિધન



ભાવનગર :.. ભાવનગર માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલના પૂર્વ લોકપ્રિય પ્રિન્સિપાલ રમાબેન દીક્ષિત-વિરાણીનું ૯૪ વર્ષે નિધન થયું છે. તેમની ઈચ્છાનુસાર તેમનું દેહદાન કરવામાં આવ્યું હતું તેઓ સ્વ જયશ્રીકાંત વિરાણીના પત્ની, ચિંતન-પુલકિત વિરાણીનાં માતુશ્રી તેમજ સિહોર તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ મનુભાઈ દીક્ષિતના બહેન થાય તેમજ કુશલ દીક્ષિતનાં ફૈબા થાય છે. (૫-

# વીરપુર જલારામધામમાં આસ્થાનો ત્રિવેણી સંગમઃ ભેટ-સોગાદ ન સ્વીકારવાના ઐતિહાસિક નિર્ણયને ૨૫ વર્ષ પૂર્ણ

## વિશ્વનું એકમાત્ર એવું મંદિર જ્યાં શ્રદ્ધાળુઓ પાસેથી એક રૂપિયો પણ લેવાતો નથીઃ ૯ ફેબ્રુઆરી ૨૦૦૦ના રોજ લેવાયો હતો ક્રાંતિકારી નિર્ણયઃ 'દેને કો ટુકડા, ભલા કો રામ' પૂજ્ય બાપાનું સદાવ્રત ૨૦૬ વર્ષથી અવિરત, આજે પણ હજારો ભાવિકો લે છે વિનામૂલ્યે મહાપ્રસાદઃ ઝોળી-ધોકાની સાક્ષીએ બિરાજમાન સ્વયંભૂ હનુમાનજીનો પણ આજે પ્રાગટ્ય દિવસ



રાજકોટ તા.૨૦ઃ સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં આજે ભક્તિ અને ત્યાગનો ત્રિવિધ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. પૂજ્ય જલારામ બાપાની જગ્યામાં ભેટ-સોગાદ કે રોકડ રકમ સ્વીકારવાનું બંધ કર્યાને આજે ૨૫ વર્ષ (રજત જયંતિ) પૂર્ણ થયા છે. આજના ભૌતિક યુગમાં જ્યાં ધર્મનું વ્યાપારીકરણ થઈ રહ્યું છે, ત્યાં વીરપુર એક મિસાલ બનીને ઊભું છે. સાથે જ બાપા દ્વારા શરૂ કરાયેલા સદાવ્રતને ૨૦૬ વર્ષ થયા છે અને આજના જ પાવન દિવસે જગ્યામાં હનુમાનજી સ્વયંભૂ પ્રગટ થયા હોવાની પણ માન્યતા છે.

રાજકોટથી આશરે ૫૫ કિલોમીટર દૂર આવેલું વીરપુર ગામ આજે આસ્થાના મહાસાગરમાં ડૂબેલું છે. પૂજ્ય જલારામ બાપાની પુણ્યભૂમિ પર આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખાયેલો છે કારણ કે આજે અહીં એક નહીં પણ ત્રણ-ત્રણ ઐતિહાસિક પ્રસંગોનું સાક્ષી બન્યું છે.

આજથી બરાબર ૨૫ વર્ષ પહેલાં, એટલે કે ૯ ફેબ્રુઆરી ૨૦૦૦ના રોજ પૂજ્ય જલારામ બાપાની જગ્યાના તત્કાલીન ગાદીપતિ પૂજ્ય જયસુખરામ બાપાએ એક યુગાંતકારી નિર્ણય લીધો હતો. તેમણે જાહેરાત કરી હતી કે હવેથી જલારામ મંદિરમાં ભક્તો પાસેથી રોકડ રકમ, સોનું, ચાંદી કે કોઈપણ પ્રકારની ભેટ-સોગાદ સ્વીકારવામાં આવશે નહીં. આજે આ નિર્ણયને ૨૫ વર્ષ થયા છે, છતાં જગ્યાનો વહીવટ અને પ્રસાદ સદાવ્રત અવિરત અને ભવ્ય રીતે ચાલી રહ્યા છે.

આ ઉપરાંત, પૂજ્ય જલારામ બાપાએ ''ભૂખ્યાને ભોજન''ના મંત્ર સાથે જે પ્રસાદ સદાવ્રત શરૂ કર્યું હતું, તેને આજે ૨૦૬ વર્ષ પૂર્ણ થયા છે. બે સદીઓ વીતી ગઈ છતાં, અહીં આવતા હજારો દર્શનાર્થીઓને બપોરે અને સાંજે પૂર્ણ ભોજનરૂપી પ્રસાદ પ્રેમપૂર્વક અને વિનામૂલ્યે જમાડવામાં આવે છે.

આજના દિવસનું ત્રીજું મહત્ત્વ એ છે કે, બે સદી પૂર્વે પૂજ્ય બાપાની જગ્યામાં હનુમાનજી મહારાજ સ્વયંભૂ પ્રગટ થયા હતા. આજે પણ ભક્તો જ્યારે જગ્યામાં બાપાના ઝોળી અને ધોકાના દર્શન કરે છે, ત્યારે તેની બરાબર બાજુમાં આ ચમત્કારિક હનુમાનજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે.(૨.૧૨)

### ૨૦૬ વર્ષ પૌરાણિક પ્રસાદ સદાવ્રત

પૂજ્ય જલારામ બાપાએ ઈ.સ. ૧૮૨૦ (વિક્રમ સંવત ૧૮૭૬) આસપાસ સદાવ્રતની શરૂઆત કરી હતી. શરૂઆતમાં સાધુ-સંતોને ભોજન કરાવતા, જે બાદમાં દરેક દર્શનાર્થી જીવ માટે ખુલ્લું મુકાયું. આજે ૨૦૬ વર્ષ પછી પણ, વીરપુરની જગ્યામાં કોઈપણ જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના ભાવિકોને પ્રસાદ જમાડવામાં આવે છે. નવાઈની વાત એ છે કે દાન લીધા વિના પણ આ રસોડું હર હંમેશ ધમધમતું રહે છે.(૨.૧૨)

### આસ્થાનો પ્રવાહ અવિરત

પૂનમના દિવસે તો અહીં માનવ મહેરામણ ઉમટી પડે છે. સેંકડો ભાઈ-બહેનો પૂનમ ભરવા આવે છે. દર્શનાર્થીઓ માટે ભોજન પ્રસાદ ઉપરાંત પીવાનું ઠંડુ પાણી, રહેવાની વ્યવસ્થા અને ચા-પાણી પણ વિનામૂલ્યે પૂરા પાડવામાં આવે છે. આજે ત્રિવિધ પ્રસંગ હોવાથી વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ''જય જલારામ''ના નાદ ગુંજી ઉઠ્યા હતા અને હજારો ભક્તોએ શીશ ઝુકાવીને બાપાના આશીર્વાદ પ્રાપ્ત કરી રહ્યા છે.(૨.૧૨)

### દાન સ્વીકારવાનું બંધ કરવાનો નિર્ણય કેમ લેવાયો હતો?

આજથી ૨૫ વર્ષ પહેલાં જગ્યાના ગાદીપતિ પૂજ્ય જયસુખરામ બાપાને વિચાર આવ્યો કે ભક્તો જે દાન આપે છે તેનો સદુપયોગ સદાવ્રત અને ગૌસેવામાં થાય છે, પરંતુ બાપાના આશીર્વાદ સદૈવ છે. બાપા હાજરાહજૂર છે. દાન નહીં સ્વીકારીએ તો પણ કોઈ જ વાંધો નહીં આવે તેનું આત્મસાત થઈ જતાં તેમણે પરિવારજનો અને ગાદીના વારસદાર વર્તમાન ગાદીપતિ પૂજ્ય રઘુરામ બાપા સાથે ચર્ચા કરી નિર્ણય લીધો કે ''જલારામ બાપાના આશીર્વાદથી હવે સમાજ પાસેથી કઈ લેવું નથી, બસ આપવું છે.''આ વિચાર સાથે ૯ ફેબ્રુઆરી ૨૦૦૦ના રોજથી દાન સ્વીકારવાનું સદંતર બંધ કરી દેવાયું, જે વિશ્વના ધાર્મિક ઈતિહાસમાં વિરલ ઘટના છે.(૨.૧૨)

## અમેરિકામાં અભ્યાસ અને કારકિર્દી બનાવવાનું સ્વપ્ન જોનારા ભારતીય યુવાનો માટે પરિસ્થિતિ ઝડપથી બદલાઈ ગઈઃ રાષ્ટ્રપતિ ટ્રમ્પના બીજા કાર્યકાળની શરૂઆત સાથે, કડક વિઝા નિયમો, વધેલી ચકાસણી અને અનિશ્ચિત નીતિઓએ ભારતીય વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે માર્ગ મુશ્કેલ બનાવ્યો

# અમેરિકન યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા રેકોર્ડ નીચી સપાટીએ

## ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ (ટ્રમ્પ ૨.૦) નું પ્રથમ વર્ષ અમેરિકામાં અભ્યાસ કરવાનું સ્વપ્ન જોનારા ભારતીય વિદ્યાર્થીઓ માટે આંચકો આપનારું રહ્યુંઃ નોંધણીમાં લગભગ ૭૫% નો ઘટાડો



નવી દિલ્હી તા.૨૦ઃ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ (ટ્રમ્પ ૨.૦) નું પ્રથમ વર્ષ અમેરિકામાં અભ્યાસ કરવાનું સ્વપ્ન જોનારા ભારતીય વિદ્યાર્થીઓ માટે આંચકો રહ્યું છે. માહિતી અનુસાર, પહેલા વર્ષમાં યુએસ યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓની નોંધણીમાં લગભગ ૭૫% નો ઘટાડો થયો. આ ઘટાડો દાયકાઓમાં આટલો તીવ્ર હોવાનું માનવામાં આવે છે. આના મુખ્ય કારણોમાં વિઝા અસ્વીકારમાં વધારો, ઈન્ટરવ્યુ સ્લોટની તીવ્ર અછત અને વિદ્યાર્થીઓનો ડર હતો.

વિદેશી શિક્ષણ સલાહકારોના ડેટા દર્શાવે છે કે ઓગસ્ટ અને ઓક્ટોબર દરમિયાન સૌથી વધુ વિદ્યાર્થીઓ યુએસ જાય છે, પરંતુ આમાં લગભગ ૭૦% ઘટાડો થયો છે. આનું મુખ્ય કારણ સમયસર વિઝા ઈન્ટરવ્યૂ સ્લોટ મેળવવામાં અસમર્થતા છે, જેના કારણે ઘણા વિદ્યાર્થીઓને છેલ્લી ઘડીએ તેમની યોજનાઓ મુલતવી રાખવાની ફરજ પડી હતી. ફક્ત તે વિદ્યાર્થીઓ જ જેમણે ફેબ્રુઆરી અથવા માર્ચ સુધીમાં તેમની સંપૂર્ણ અરજી પ્રક્રિયા પૂર્ણ કરી હતી તેઓ યુએસએ મુસાફરી કરી શક્યા હતા.

હૈદરાબાદ સ્થિત કન્સલ્ટન્સી i20 ફીવરના અરવિંદ મંડુવા કહે છે કે આ પહેલી વાર છે જ્યારે આટલો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. તેમનું કહેવું છે કે કડક વિઝા ચકાસણીને કારણે અસ્વીકાર દરમાં વધારો થયો છે, અને મર્યાદિત સ્લોટ્સ વિદ્યાર્થીઓને વધુ નિરાશ કરે છે. પરિણામે, વિદ્યાર્થીઓ ટોચની ૪૦ યુએસ સંસ્થાઓમાં પણ અરજી કરવામાં ખચકાટ અનુભવે છે.

ઘણા વિદ્યાર્થીઓએ વસંત સત્ર (જાન્યુઆરી-માર્ચ) સુધી તેમના પ્રવેશ મુલતવી રાખ્યા હતા, એવી આશામાં કે પરિસ્થિતિ સુધરશે, પરંતુ એવું થયું નથી. આ સમયગાળા દરમિયાન પણ, વિઝા સ્લોટ મર્યાદિત રહ્યા, અને ચકાસણીમાં વધારો થયો. વિઝા ચેકમાં સોશિયલ મીડિયા પ્રવૃત્તિનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો, જેના કારણે વિદ્યાર્થીઓની ચિંતામાં વધારો થયો હતો.

યુનાઈટેડ સ્ટેટ્સમાં પહેલાથી જ અભ્યાસ કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓ માટે પરિસ્થિતિ વધુ મુશ્કેલ બની ગઈ હતી. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના ડેટા અનુસાર, ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં આશરે ૮,૦૦૦ વિદ્યાર્થી વિઝા રદ કરવામાં આવ્યા હતા. ઘણા વિદ્યાર્થીઓને અચાનક ઈમેઈલ મળ્યા જેમાં તેમને જણાવવામાં આવ્યું હતું કે તેમનો F-1 વિઝા સ્ટેટસ રદ કરવામાં આવ્યો છે અને તેમને થોડા અઠવાડિયામાં દેશ છોડવો પડશે. સૌથી ચિંતાજનક બાબત એ હતી કે ઘણા કિસ્સાઓમાં, વિઝા રદ કરવા જૂના અને સ્થાયી થયેલા કેસોને કારણે હતા. બોસ્ટનના ૨૫ વર્ષીય વિદ્યાર્થી, જે પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં માસ્ટર ડિગ્રી ધરાવે છે, તેણે સમજાવ્યું કે ૨૦૨૪ માં તેને ઝડપી ચલણ જારી કરવામાં આવ્યું હતું, પરંતુ કોઈ આરોપો દાખલ કરવામાં આવ્યા ન હતા. આ હોવા છતાં, તેની SEVIS ક્લિયરન્સ રદ કરવામાં આવી હતી, જે પછીથી તે વકીલની મદદથી પુનઃસ્થાપિત કરવામાં સફળ રહ્યો.

દબાણ ફક્ત વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત નહોતું. H-1B વિઝા કાર્યક્રમ પણ રાજકીય ચર્ચાનું કેન્દ્ર બન્યો. ડોલર ૧૦૦,૦૦૦ સુધીની ફી લાદવા અને કાર્યક્રમ મર્યાદિત કરવા જેવા પ્રસ્તાવોએ કંપનીઓ અને વ્યાવસાયિકો બંનેને ચિંતામાં મૂકી દીધા. H-1B વિઝા ધારકોમાં ભારતીયો આશરે ૭૨% છે, જેમાંથી મોટાભાગે IT ક્ષેત્રમાં છે.

વિદેશ વિભાગના ડેટા અનુસાર, છેલ્લા ૧૨ મહિનામાં વિવિધ શ્રેણીઓમાં લગભગ ૧૦૦,૦૦૦ વિઝા રદ કરવામાં આવ્યા હતા, જેમાં નોંધપાત્ર સંખ્યામાં ભારતીયો હતા. ૨૦૨૫ માં, આશરે ૩,૮૦૦ લોકોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા, જે દાયકાઓમાં સૌથી વધુ માનવામાં આવે છે. આમાંથી, ભારતીય નાગરિકોની સંખ્યા સૌથી વધુ હતી.

દરમિયાન, યુએસ નોકરી બજાર પણ ઠપ્પ થઈ ગયું. ઘણી કંપનીઓએ ઓનબોર્ડિંગ મુલતવી રાખ્યું, વિઝા ટ્રાન્સફર અટકાવી દીધા, અને કેટલાક કિસ્સાઓમાં, નોકરીની ઓફર પણ રદ કરી દીધી. ટેક્સાસના ૨૭ વર્ષીય MBA ગ્રેજ્યુએટ સૈફ એચ. કહે છે કે ઈન્ટરવ્યૂ પાસ કરવા છતાં, તેમની ઓફર પાછળથી રદ કરવામાં આવી હતી.

તણાવનો બીજો સ્રોત સોશિયલ મીડિયા સર્વેલન્સ હતો. નવા નિયમો હેઠળ, H-1B કામદારો અને H-4 આશ્રિતોને વિઝા ચકાસણી માટે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ જાહેર રાખવાની ચેતવણી આપવામાં આવી હતી. અમેરિકા વિરોધી પોસ્ટ્સ અથવા ટીકાત્મક સામગ્રીને વિઝા રદ કરવાની અથવા દેશનિકાલ કરવાની ધમકી આપવામાં આવી હતી. વધુમાં, હોમલેન્ડ સિક્યુરિટીએ વર્ક પરમિટ માટે ઓટોમેટિક એક્સટેન્શન બંધ કરી દીધું, જેના કારણે જો તેઓ સમયસર રિન્યુ કરવામાં નિષ્ફળ જાય તો લોકોને કામ કરવાનું બંધ કરવાની ફરજ પડી.

આ પરિસ્થિતિઓ વચ્ચે, ભારતીય દૂતાવાસોમાં ડિસ્ટ્રેસ કોલની સંખ્યામાં તીવ્ર વધારો થયો છે. ઈમિગ્રેશન વકીલો માને છે કે આ અનિશ્ચિતતા હજુ સુધી સમાપ્ત થઈ નથી. જે લોકો લાંબા સમયથી યુએસમાં રહે છે તેઓ પણ હવે તેમના ભવિષ્ય પર પુનર્વિચાર કરી રહ્યા છે. છેલ્લા ૨૦ વર્ષથી અમેરિકામાં રહેતા અઝીઝ નુરુદ્દીન કહે છે, અમે કર ચૂકવીએ છીએ, સિસ્ટમમાં યોગદાન આપીએ છીએ, પરંતુ મને ક્યારેય આટલું અસુરક્ષિત લાગ્યું નથી.

ટ્રમ્પ ૨.૦ ના પહેલા વર્ષમાં, કડક વિઝા નીતિઓ, વધેલી ચકાસણી, ધીમું રોજગાર બજાર અને દેશનિકાલના ડરને કારણે અમેરિકા ભારતીય વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે પહેલા કરતા ઓછું સલામત અને આકર્ષક વિકલ્પ બન્યું છે. આ જ કારણ છે કે હજારો ભારતીય યુવાનો માટે અમેરિકા જવાનું સ્વપ્ન ધૂંધળું થઈ રહ્યું છે.(૩૮.૨૦)

■ પ્રથમ પાનાથી ચાલુ

### વિશ્વમાં પહેલી વાર અબજોપતિઓની સંખ્યા ૩,૦૦૦ ને વટાવી ગઈ

પ્રગતિના મજબૂત ઉદાહરણ તરીકે ટાંક્યું હતું. ભારતમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો માટે રાજકીય અનામત (ક્વોટા) આર્થિક રીતે વંચિત અને બાકાત સમુદાયો માટે પ્રગતિની તકો પૂરી પાડે છે.

ભારતમાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ, તેમજ કેટલીક અન્ય શ્રેણીઓને વિધાનસભાઓમાં તેમની વસ્તીના પ્રમાણમાં અનામત આપવામાં આવે છે, જ્યારે તાજેતરમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જાહેરાત કરવામાં આવી છે. આ શ્રેણીઓ ઉપરાંત, શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અન્ય નબળા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો માટે પણ અનામત છે.

ઓક્સફેમના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, અમિતાભ બિહારે જણાવ્યું હતું કે, ધનવાનો અને બાકીના લોકો વચ્ચે વધતો જતો તફાવત રાજકીય ખાધ બનાવી રહ્યો છે જે અત્યંત ખતરનાક અને અસ્થિર છે. આર્થિક ગરીબી ભૂખને જન્મ આપે છે, પરંતુ રાજકીય ગરીબી ગુસ્સો પેદા કરે છે.

વિશ્વના ટોચના ત્રણ અબજોપતિ (જાન્યુઆરી ૨૦૨૬ મુજબ)
૧. એલોન મસ્ક ૭૨૭ બિલિયન (ટેસ્લા, સ્પેસએક્સ, એક્સ)
૨. લેરી પેજ ૨૬૩ બિલિયન (ગુગલ (આલ્ફાબેટ))
૩. જેફ બેઝોસ ૨૫૧ બિલિયન (એમેઝોન)
(સ્રોતઃ ઓક્સફેમ)
ભારતના ટોચના ત્રણ સૌથી ધનિક લોકોઃ (જાન્યુઆરી ૨૦૨૬ મુજબ)
૧. મુકેશ અંબાણી ડોલર ૧૦૪.૬ બિલિયન (રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ)
૨. ગૌતમ અદાણી ડોલર ૮૯.૬ બિલિયન (અદાણી ગ્રુપ)
૩. સાવિત્રી જિંદાલ ડોલર ૪૦.૨ બિલિયન (ઓપી જિંદાલ ગ્રુપ)
(સ્રોતઃ ઓક્સફેમ અને હારૂન)(૩૮.૧૧)

■ પ્રથમ પાનાથી ચાલુ

### ગણતંત્ર પર્વ લોહીનાં રંગે રંગવા ખોફનાક ષડયંત્ર

ઈનપુટ છે. કેન્દ્રીય એજન્સીઓ, દિલ્હી પોલીસ અને અર્ધલશ્કરી દળોએ સુરક્ષામાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે. આ વર્ષે, પોલીસ કર્મચારીઓને AI-સક્ષમ ચશ્મા આપવામાં આવશે જે શંકાસ્પદ વ્યક્તિને જોતા જ તેમને ચેતવણી આપશે.

ચહેરા ઓળખવાના કેમેરા શંકાસ્પદ ચહેરાઓને ઓળખશે. શંકાસ્પદ લોકોના ચહેરા દેખાતા જ ચહેરા ઓળખવાના કેમેરા તેમને ચેતવણી આપશે. પરેડ રૂટ પર જ ૧,૦૦૦ હાઈ-ડેફિનેશન કેમેરાથી સજ્જ છ CCTV કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યા છે. વધુમાં, સમગ્ર નવી દિલ્હીમાં ૩૧ CCTV કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેનો અર્થ છે કે દરેક વિસ્તાર દેખરેખ હેઠળ છે. ફક્ત આતંકવાદીઓ અને શંકાસ્પદો જેમના નામ સિસ્ટમ પર અપલોડ કરવામાં આવ્યા છે તે જ નહીં, પરંતુ જેમના નામ સિસ્ટમમાં નથી તેમને પણ ચેતવણી આપવામાં આવશે. ત્રણ-સ્તરીય ભૌતિક તપાસ અને ત્રણ-સ્તરીય વાહન તપાસ થશે.

નવી દિલ્હીના એડિશનલ સીપી દેવેશ મહાલાએ જણાવ્યું હતું કે નવી દિલ્હી જિલ્લામાંથી ૧૦,૦૦૦ પોલીસ કર્મચારીઓ ઉપરાંત, અર્ધલશ્કરી દળો પણ તૈનાત છે. સુરક્ષા માટે કુલ ૨૦,૦૦૦ સૈનિકો અને અધિકારીઓ તૈનાત કરવામાં આવશે. પરેડ રૂટને ૨૬ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે, જ્યાં જિલ્લાના ડીસીપી, સ્પેશિયલ સેલ અને ક્રાઈમ બ્રાન્ચ તૈનાત કરવામાં આવશે.

દિલ્હી પોલીસ અને અર્ધલશ્કરી દળો દ્વારા પરેડ રૂટ પર બહુ-સ્તરીય સુરક્ષા ઘેરો તૈનાત કરવામાં આવશે.

પરેડ રૂટ માટે છ-સ્તરીય સુરક્ષા, પરેડ રૂટ પર સુરક્ષાના બાહ્ય સ્તરમાં ૧૫,૦૦૦ કર્મચારીઓ તૈનાત રહેશે.

દિલ્હી પોલીસ, રિઝર્વ પોલીસ કંપનીઓ, ક્વિક રિસ્પોન્સ ટીમો, સ્વાટ કમાન્ડો ટીમો, બોમ્બ ડિસ્પોઝલ ટીમો અને ટ્રાફિક પોલીસ.

રાષ્ટ્રપતિ ભવનથી લાલ કિલ્લા સુધીના વ્યૂહાત્મક સ્થળોએ અર્ધલશ્કરી દળો તૈનાત કરવામાં આવ્યા છે.

દિલ્હીની બધી સરહદો અને શહેરની અંદર બેરિકેડ્સ પર પણ અર્ધલશ્કરી દળો તૈનાત છે.

ત્રીજો સુરક્ષા ઘેરો, એક મહત્વપૂર્ણ સુરક્ષા ઘેરો, જેમાં ત્રણેય સશસ્ત્ર દળો, રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ્સ (NSG) અને કમાન્ડો, તેમજ કેન્દ્રીય એજન્સીઓ, ખાસ કરીને ગુપ્તચર એજન્સીઓના કર્મચારીઓનો સમાવેશ થશે. આ કર્મચારીઓ મહેમાનો, ખાસ કરીને VVIP ની સુરક્ષા સુનિશ્ચિત કરે છે અને તેમની આસપાસની પ્રવૃત્તિઓ પર નજર રાખે છે, કંટ્રોલ રૂમ સાથે સીધો સંપર્ક જાળવી રાખે છે.

એક કેન્દ્રીય કમાન્ડ રૂમ પણ સ્થાપિત કરવામાં આવ્યો છે. એક કેન્દ્રીય કમાન્ડ રૂમ સ્થાપિત કરવામાં આવ્યો છે જેના દ્વારા બધા અધિકારીઓ એકબીજાના સંપર્કમાં રહે છે. કમાન્ડ રૂમથી સમગ્ર દિલ્હી શહેર પર નજર રાખવામાં આવે છે. સુરક્ષા માટે NSG ની ડોગ સ્ક્વોડ પણ તૈનાત કરવામાં આવશે. સુરક્ષા કારણોસર, દિલ્હી પોલીસ ૨૫ જાન્યુઆરીથી નવી દિલ્હી વિસ્તારોમાં બહુમાળી ઈમારતો ખાલી કરશે. ૨૫ જાન્યુઆરીની રાતથી નવી દિલ્હી વિસ્તારોમાં અને પરેડ રૂટ પર સ્નાઈપર્સ તૈનાત કરવામાં આવશે. સ્નાઈપર્સની સંખ્યા ૧૦૦ થી વધુ છે. ડ્રોન અને અન્ય કોઈપણ ઉડતી વસ્તુઓ પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે.

સાવચેતીના પગલા તરીકે, એન્ટી-ડ્રોન ઉપરાંત એન્ટી-એરક્રાફ્ટ ગન પણ તૈનાત કરવામાં આવી છે. FRS (ફેસ રેકગ્નિશન સિસ્ટમ) થી સજ્જ CCTV કેમેરા ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે, જે ૫૦,૦૦૦ શંકાસ્પદો, આતંકવાદીઓ અને ગુનેગારોના ફોટા ધરાવતા સર્વર સાથે જોડાયેલા છે. આ કેમેરા કેમેરા સામેથી પસાર થતા કોઈપણ વ્યક્તિને સ્કેન કરે છે, અને જો તેમનો ચહેરો કોઈપણ સંદેશ સાથે મેળ ખાય છે, તો પોલીસ કર્મચારીઓને તાત્કાલિક ચેતવણી આપવામાં આવશે. આ કેમેરા એવા વ્યૂહાત્મક સ્થળોએ મૂકવામાં આવ્યા છે કે તેમની શોધ ટાળવી લગભગ અશક્ય છે. દિલ્હીમાં અનેક સ્થળોએ એન્ટી-એરક્રાફ્ટ ગન પણ તૈનાત કરવામાં આવી છે. પોલીસે આ વખતે ફરજ દરમિયાન ઘણી મોક ડ્રીલ પણ કરી છે. (૩૮.૨૪)

■ પ્રથમ પાનાથી ચાલુ

### બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) એ પાકિસ્તાની સેના પર મોટો હુમલો કર્યો

દરમિયાન, એક બેંક સુરક્ષા ગાર્ડ માર્યો ગયો અને સ્થાનિક ''ડેથ સ્ક્વોડ'' સાથે સંકળાયેલા બે લોકો ઘાયલ થયા.

BLF એ દાવો કર્યો હતો કે તેના સહાયક એકમ, કુર્બાન, ખારાનના મુખ્ય બજારમાં પ્રવેશ કર્યો, રેડ ઝોનમાં એક ચેકપોઈન્ટ સ્થાપી અને ત્રણ વાહનોના લશ્કરી કાફલાને નિશાન બનાવ્યો. આ હુમલામાં ૧૫ સૈનિકો માર્યા ગયા અને લશ્કરી વાહનોનો નાશ થયો. માર્યા ગયેલા લોકોના હથિયારો જપ્ત કરવામાં આવ્યા.

સુરક્ષા દળોએ ત્રણ બલૂચ નાગરિકોને બળજબરીથી ગાયબ કર્યા.

બલુચિસ્તાન પ્રાંતમાં હિંસા અને સુરક્ષા કાર્યવાહી વચ્ચે બળજબરીથી ગુમ કરવાના કિસ્સાઓ ચાલુ છે. એક અગ્રણી માનવાધિકાર સંગઠને દાવો કર્યો છે કે પાકિસ્તાની સુરક્ષા દળોએ વધુ ત્રણ બલૂચ નાગરિકોને બળજબરીથી ગુમ કર્યા છે.

બલૂચ નેશનલ મૂવમેન્ટના માનવ અધિકાર સેલ અનુસાર, બે ભાઈઓ, ઈમરાન બલોચ અને રિઝવાન બલોચનું ૧૭ જાન્યુઆરીના રોજ પંજગુર જિલ્લાના તુસ્પ વિસ્તારમાંથી તેમના ઘરેથી સુરક્ષા દળો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. એક અલગ ઘટનામાં, ખારન જિલ્લાના રહેવાસી ઓવૈસ અહેમદ કમ્બરાનીને પણ ૧૭ જાન્યુઆરીના રોજ સરવાન વિસ્તારમાં એક ડેરી ફાર્મ પર દરોડા દરમિયાન સુરક્ષા દળો દ્વારા બળજબરીથી ગાયબ કરવામાં આવ્યો હતો. (૩૫-૨)

■ પ્રથમ પાનાથી ચાલુ

### ૨૦૨૪-૨૫માં ચૂંટણી જીતવા ભાજપે વાપર્યા ૩૩૩૫.૩૬ કરોડ

ભાજપે ચૂંટણી પર રૂા.૩,૩૩૫.૩૬ કરોડ ખર્ચ્યા હતા, જેમાંથી રૂા.૮૯૭.૪૨ કરોડ જાહેરાતો પર ખર્ચ્યા હતા. નેતાઓ માટે હેલિકોપ્ટર અને અન્ય વાહનો પર રૂા.૫૮૩.૦૮ કરોડ ખર્ચ્યા હતા, જ્યારે ઉમેદવારોને નાણાકીય સહાય તરીકે રૂા.૩૧૨.૯૦ કરોડ આપવામાં આવ્યા હતા.

ભાજપે તેના કર્મચારીઓ પર રૂા.૭૪.૩૪ કરોડ ખર્ચ્યા હતા, જેમાં રૂા.૬૯.૦૭ કરોડ પગાર અને રૂા.૫.૨૭ કરોડ કર્મચારી કલ્યાણ યોજનાઓ માટેનો સમાવેશ થાય છે. ભાજપનું પગાર બિલ રૂા.૬૯.૧૧ કરોડથી ઘટીને રૂા.૭૪.૩૪ કરોડ થયું છે.

**બીજેપી ઓડિટ (૨૦૨૪-૨૫)**
કુલ આવકઃ રૂા.૬,૭૬૯.૧૪ કરોડ
દાનઃ રૂા.૬,૧૨૪.૮૫ કરોડ
કુલ ખર્ચઃ રૂા.૩,૭૭૪.૫૮ કરોડ
ચૂંટણી ખર્ચઃ રૂા.૩,૩૩૫.૩૬ કરોડ
સરપ્લસઃ રૂા.૨,૯૯૪.૫૬ કરોડ

જ્યારે તેણે ૨૦૨૪-૨૫ દરમિયાન રૂા.૨.૨૬ લાખના વપરાયેલા અખબારો વેચ્યા હતા, ત્યારે તેણે તે જ સમયગાળા દરમિયાન રૂા.૫૦.૨૯ લાખના અખબારો ખરીદ્યા હતા.

ડિસેમ્બરમાં તેના ઓડિટ રિપોર્ટમાં, ટીએમસી એ જણાવ્યું હતું કે તૃણમૂલ કોંગ્રેસનું દાન ૬૪૬.૩૯ કરોડ રૂપિયાથી ઘટીને ૧૮૪.૦૮ કરોડ રૂપિયા થયું છે, જ્યારે તેનો કુલ ખર્ચ ૨૨૭.૫૯ કરોડ રૂપિયા હતો, જેમાંથી ચૂંટણી ખર્ચ ૧૩૭.૫૮ કરોડ રૂપિયા હતો.

YSR કોંગ્રેસનું દાન ૧૮૪.૧૧ કરોડ રૂપિયાથી ઘટીને ૧૪૦.૦૫ કરોડ રૂપિયા થયું છે, જ્યારે તેનો ચૂંટણી ખર્ચ ૨૯૯.૯૨ કરોડ રૂપિયા થયો છે, જેમાં સ્ટાર પ્રચારકો પર ખર્ચવામાં આવેલા ૨.૧૪ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. TDPનું દાન ૨૭૪.૬૫ કરોડ રૂપિયાથી ઘટીને ૮૫.૨૦ કરોડ રૂપિયા થયું છે, જ્યારે BJDના રિપોર્ટમાં ૨૪૫.૫ કરોડ રૂપિયાથી ૬૦ કરોડ રૂપિયાનો ઘટાડો દર્શાવવામાં આવ્યો છે.

CPI(ML)L ને દાન ૯૪.૬૩ લાખ રૂપિયાથી વધીને ૨.૯૮ કરોડ રૂપિયા થયું છે, જેમાં પ્રખ્યાત લેખિકા અરુંધતી રોયનો પણ સમાવેશ થાય છે, જેમણે ૧ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. ૨૦૨૪-૨૫ની ચૂંટણીમાં તેણે ૧.૬૯ કરોડ રૂપિયા ખર્ચ્યા. બીજેડીએ ૨૦૨૪-૨૫ની ચૂંટણી માટે ૨૭૦.૬૬ કરોડ રૂપિયા ખર્ચ્યા, જેમાં ચૂંટણી પૂર્વેના સર્વેક્ષણો પર ૬.૦૨ કરોડ રૂપિયા અને ચૂંટણી પછીના સર્વેક્ષણો પર ૨.૨૫ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. આ દરમિયાન, જેડીયુને મળેલું દાન ૪.૩૫ કરોડ રૂપિયાથી વધીને ૧૮.૬૯ કરોડ રૂપિયા થયું, જ્યારે સમાજવાદી પાર્ટીને મળતું દાન ૪૮.૨૨ લાખ રૂપિયાથી વધીને ૯૩.૪૭ લાખ રૂપિયા થયું.(૩૮.૨૨)

# કચ્છના આદિપુરની પી.એમ. આંગડિયા પેઢીના સંચાલકનો ભેદી આપઘાતઃ મર્સિડીઝ કાર બહાર મૂકી શેલ્ટર હોમમાં ગળેફાંસો

## ચકચાર સર્જતા દિલીપભાઈ ઉર્ફે ઘનશ્યામ રતિલાલ ઠક્કરના આપઘાતનું પ્રાથમિક કારણ હેંગિંગ હોવાનું પોલીસનું પ્રાથમિક તારણ, આંગડિયા પેઢીના વ્યવહારો અને ફોનની તપાસ

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા.૨૦ઃ આંગડિયા વ્યવસાયમાં આગળ પડતું સ્થાન ધરાવતી પી.એમ. આંગડિયા પેઢીના આદિપુર ઓફિસના સંચાલક દિલીપભાઈ ઉર્ફે ઘનશ્યામ રતિલાલ ઠક્કર (ઉ.૫૨) એ ગળે ફાંસો ખાઈ જીવ દેતાં ચકચાર મચી જવા પામી છે.

શનિવારે બપોરે ઘેરથી જમીને નીકળ્યા બાદ દિલીપભાઈ ઉર્ફે ઘનશ્યામભાઈ ઠક્કર રાત્રે ઘેર પરત ન આવતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. દરમ્યાન સંઘડ જોગણીનાર રોડ તરફ આવેલ જૂના શેલ્ટર હોમ બહાર તેમની મર્સિડીઝ કાર પાર્ક થયેલી જોવા મળી હતી. જેને પગલે તપાસ કરી મોબાઈલની રિંગ વગાડતા તેના અવાજના આધારે શેલ્ટર હોમની અંદર તપાસ કરતાં બીમના સળિયામાં દોરી વડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં તેમનો મૃતદેહ લટકતો જોવા મળ્યો હતો. આ બાબતે મૃતકના નાનાભાઈ દિનેશભાઈ એ કંડલા મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.



પોલીસની પ્રાથમિક તપાસ મુજબ મૃતકના આપઘાતનું કારણ હેંગિંગ હોઈ શકે છે. પોલીસે તેમની પેઢીના આંગડિયા વ્યવહારો તેમ જ મોબાઈલ ફોન ના ડિટેઈલ્સ ની તપાસ હાથ ધરી છે. દરમ્યાન પ્રતિષ્ઠિત પરિવારના લોહાણા ધંધાર્થીના ભેદી સંજોગોમાં આપઘાત કરવાના બનાવે ચકચાર સર્જી છે.(૨.૫)

■ છેલ્લા પાનાથી ચાલુ

### ૨૪-૨૫-૨૬-૨૭ જાન્યુ. એમ સતત ૪ દિવસ બેંકો બંધ રહેશે

સતત બેન્કનું કામ રોકાવવાથી કેશ, ચેક ક્લીયરન્સ, ડ્રાફ્ટ, પાસબુક, લોન સંબંધિત સહિત અનેક કાર્યો પ્રભાવિત થઈ શકે છે.

બેન્ક યુનિયનોનું કહેવું છે કે, અઠવાડિયામાં પાંચ દિવસના કામકાજથી કર્મચારીઓ પરનું માનસિક દબાણ ઘટશે અને તેમની કાર્યક્ષમતામાં વધારો થશે. હાલમાં ભારત સરકારના મોટાભાગના વિભાગો, RBI, LIC, શેરબજાર અને ફોરેક્સ માર્કેટમાં પાંચ દિવસનું જ કામકાજ હોય છે. બેન્ક કર્મચારીઓ પણ આ જ ધોરણે તમામ શનિવારની રજાની માંગ કરી રહ્યા છે. નોંધનીય છે કે, આ હડતાળનું આહ્વાન યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ (UFBU) દ્વારા કરાયું છે. જો કે, આ માંગણીને અમલમાં મૂકવા માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) અને સરકારની મંજૂરી મેળવવી અત્યંત જરૂરી છે.

**૯ બેન્ક યુનિયનનું સામૂહિક સંગઠન છે UFBU**

જણાવી દઈએ કે યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ (UFBU)એ ભારતના ૯ પ્રમુખ બેન્ક યુનિયનનું સામૂહિક સંગઠન છે, જે સાર્વજનિક ક્ષેત્રે બેન્ક અને તેના અધિકારીઓ અને કર્મચારીઓના હિતોનું પ્રતિનિધિત્વ કરે છે. હાલ તો UFBUએ ૨૭ જાન્યુઆરીના ૨૦૨૬ના રોજ અખિલ ભારતીય હડતાળનું આહ્વાન કરવાનો નિર્ણય લીધો છે. જેથી સંભવિત બેન્ક હડતાળ બેન્કિંગ સેક્ટરમાં અઠવાડિયામાં પાંચ દિવસના કામકાજનો નિયમ લાગુ કરવા સહિતની અન્ય માગ સાથે થઈ શકે છે, સરકાર દ્વારા લાંબા સમયથી બેન્ક સંગઠનોના મુદ્દાઓને ટાળવામાં આવતા મજબૂરીમાં ત્રણ દિવસની સત્તાવાર રજા સિવાય વધુ એક દિવસ બેન્કનું કાર્ય બંધ રહી શકે.(૩૮.૧૫)

### અવસાન નોંધ

**શ્વેતાબા રહેવર**

ગોંડલઃ ગજેન્દ્રસિંહ (ગિજુબાપુ) વિશાજી રહેવરના પુત્રવધુ શ્વેતાબા રઘુવીરસિંહ રહેવર (ઉ.વ. ૩૫) તે રઘુવીરસિંહ ગજેન્દ્રસિંહ રહેવરના ધર્મપત્ની તથા આદિત્યસિંહ ના માતુશ્રી નું તા.૧૮ ને રવિવારે અવસાન થયેલ છે. બેસણું તા. ૨૨ ને ગુરુવારે સાંજે ૪ થી ૬, ગણપતિ મંદિર, પંચવટી સોસાયટી, શેરી નં-૨ ગોંડલમાં રાખેલ છે.

**જયાબેન કોટડીયા**

ગોંડલઃ જયાબેન ગોરધનભાઈ કોટડીયા (ઉ.વ. ૬૩) તે ગોરધનભાઈ લખમણભાઈ કોટડીયા ના ધર્મપત્ની તથા પ્રિતેશભાઈ તથા અમિતભાઈના માતુશ્રી નું તા. ૧૮ને રવિવારે અવસાન થયેલ છે. બેસણું તાઃ૨૨ ને ગુરુવારે બપોરે ૩ થી ૫ ભાટિયાવાડી, કૈલાશબાગ ગોંડલ માં રાખેલ છે.(૩૫-૩)

### ક્યાં કેટલી ઠંડી

| શહેર | લઘુત્તમ તાપમાન | |
|---|---|---|
| ગિરનાર | ૫.૫ | ડિગ્રી |
| અમદાવાદ | ૧૩.૩ | ડિગ્રી |
| અમરેલી | ૧૧.૬ | ,, |
| બરોડા | ૧૨.૨ | ,, |
| ભાવનગર | ૧૪.૬ | ,, |
| ભુજ | ૧૪.૮ | ,, |
| દમણ | ૧૫.૦ | ,, |
| ડીસા | ૧૧.૯ | ,, |
| દીવ | ૧૫.૭ | ,, |
| દ્વારકા | ૧૭.૮ | ,, |
| ગાંધીનગર | ૧૩.૭ | ,, |
| જામનગર | ૧૨.૦ | ,, |
| કંડલા | ૧૪.૭ | ,, |
| નલિયા | ૧૦.૮ | ,, |
| ઓખા | ૧૯.૬ | ,, |
| પોરબંદર | ૧૧.૦ | ,, |
| રાજકોટ | ૧૧.૫ | ,, |
| સુરત | ૧૫.૧ | ,, |
| વેરાવળ | ૧૫.૫ | ,, |

# કચ્છના રાપરમાં માનસિક અસ્વસ્થ સગીરા સાથે દુષ્કર્મ આચરનાર આરોપી સામે ૧૨ દિવસમાં જ ચાર્જશીટ

## રાપર પોલીસની ઝડપી કાર્યવાહી, આવું હીન કૃત્ય આચરનાર બુટલેગર વિરુદ્ધ લોકોમાં ફિટકાર બાળા ઉપર થયેલ બળાત્કાર(પોકસો)ના ગુનામા ૧૨ દિવસોમા ચાર્જસીટ કરતી રાપર પોલીસ

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા.૨૦ઃ ગત તા.૦૬/૦૧/૨૦૨૬ ના રોજ કચ્છના રાપરના નવાપરા વિસ્તાર પેટ્રોલ પંપની પાછળ આવેલ બાવળોની ઝાડીઓમા સગીરવયની માનસિક અસ્થિર મગજની દિકરીને લલચાવી ફોસલાવી તેની સાથે દુષ્કર્મ આચરવાના બનાવે સમગ્ર કચ્છમાં ચકચાર સર્જી હતી. દરમ્યાન પોલીસ ઈન્સપેકટર જે.બી.બુબડીયાએ બાતમીના આધારે દુષ્કર્મ આચરનાર આરોપી શિવા મોહનભાઈ કોલી (પારકરા) ઉવ. ૨૯ રહે. નવાપરા વિસ્તાર રાપર કચ્છ વાળાની તાત્કાલિક પગલાં ભરી ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે આરોપીને જેલ હવાલે કરેલ હતો. આ ગુનામા આરોપી શિવા કોળી વિરૂધ્ધ મેડીકલ પુરાવાઓ તથા સંયોગીક પુરાવાઓ એકઠા કરી કબ્જે લઈ પુથ્થકરણ અર્થે એફ.એસ.એલ. કચેરી રાજકોટ ખાતે મોકલાવી આરોપી વિરુધ્ધ ગણતરી ના ૧૨ દિવસોમા ચાર્જશીટ તૈયાર કરી ભચાઉ કોર્ટમાં રજૂ કરી છે. જોકે, ફિટકાર સર્જતું કૃત્ય આચરનાર આરોપી શિવા કોળી બુટલેગર છે અને તેની સામે દારૂ અંગેના ગુના નોંધાઈ ચૂક્યા છે. (તસ્વીરઃ મુકેશ રાજગોર, રાપર) (૩.૮)



# પ્રતાપ સ્નેક્સ લિમિટેડ દ્વારા અવધ સ્નેક્સ બ્રાન્ડને નવી ઊંચાઈએ પહોંચાડવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ




રાજકોટઃ ઈન્દોર, મધ્યપ્રદેશથી કાર્યરત પ્રતાપ સ્નેક્સ લિમિટેડ આજે ભારતની ઝડપથી વિકસતી સંગઠિત સ્નેક્સ કંપની તરીકે ઓળખાય છે. કંપનીની શરૂઆત ૨૦૦૩માં પ્રકાશ સ્નેક્સ તરીકે થઈ હતી અને વર્ષ ૨૦૦૯માં તેને પ્રતાપ સ્નેક્સ લિમિટેડ તરીકે પુનઃસ્થાપિત કરવામાં આવી. આજે પ્રતાપ સ્નેક્સ ''Yellow Diamond'' અને ''Avadh Snacks'' જેવા લોકપ્રિય બ્રાન્ડ્સ દ્વારા દેશભરમાં કરોડો ગ્રાહકોનો વિશ્વાસ જીતતી આવી હોવાનું કંપનીની યાદીમાં જણાવાયું છે.

પ્રતાપ સ્નેક્સ લિમિટેડ દ્વારા **Yellow Diamond** બ્રાન્ડ અંતર્ગત પોટેટો ચિપ્સ, એક્સ્ટ્રૂડેડ સ્નેક્સ, નમકીન અને ફ્રાયમ્સનું ઉત્પાદન થાય છે, જ્યારે **Avadh Snacks** બ્રાન્ડ હેઠળ ચિપ્સ, નમકીન, ફ્રાયમ્સ, કેક, એક્સ્ટ્રૂડેડ, કન્ફેક્શનરી સહિત વિવિધ સ્નેક્સ પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરવામાં આવે છે. કંપની દરરોજ અંદાજે ૧.૨ કરોડ પેકેટ્સનું વેચાણ કરે છે અને દેશભરમાં સ્થિત ૧૫ ઉત્પાદન પ્લાન્ટ દ્વારા ઉત્પાદન ક્ષમતા સતત વધારી રહી હોવાનું પણ જણાવાયું છે.

પ્રતાપ સ્નેક્સ લિમિટેડનું વિતરણ નેટવર્ક પણ ખૂબ મજબૂત છે, જેમાં ૫,૨૦૦થી વધુ ડિસ્ટ્રિબ્યુટર્સ જોડાયેલા છે અને અંદાજે ૨૫ લાખ રિટેલ દુકાનો પર કંપનીના પ્રોડક્ટ્સ ઉપલબ્ધ છે. વાર્ષિક અંદાજે રૂા.૧,૮૦૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતી આ કંપની ભારતના નમકીન સેગમેન્ટમાં ટોચની ૫ કંપનીઓમાં સ્થાન ધરાવે છે.

વર્ષ ૨૦૧૯માં પ્રતાપ સ્નેક્સ લિમિટેડ દ્વારા ગુજરાતની પ્રતિષ્ઠિત બ્રાન્ડ અવધ સ્નેક્સનું ટેકઓવર કરવામાં આવ્યું હતું. અવધ સ્નેક્સ અતિ આધુનિક મશીનરી દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે અને ગુજરાતમાં મજબૂત ઓળખ ધરાવે છે. અવધ બ્રાન્ડ સાથે હાલમાં ૩૫૦થી વધુ ડિસ્ટ્રિબ્યુટર્સ અને ૧,૨૫,૦૦૦થી વધુ રિટેલર્સ જોડાયેલા છે. કંપનીમાં ૨૫૦થી વધુ કર્મચારીઓ કાર્યરત છે, જેમાં ૧૨૫થી વધુ મહિલા કર્મચારીઓનો સમાવેશ થાય છે.અવધ બ્રાન્ડના નેટવર્કને વધુ મજબૂત બનાવવા અને વ્યવસાયિક વિસ્તરણ માટે તાજેતરમાં શ્રી કેતનભાઈ તન્નાને બિઝનેસ હેડ (અવધ બ્રાન્ડ) તરીકે નિમણૂંક કરવામાં આવી છે. તેમની સાથે શ્રી રવિન્દ્ર ભાદુરીયા (બિઝનેસ હેડ સેલ્સ), શ્રી સુનિલ વાઘેલા (રીજનલ સેલ્સ મેનેજર ગુજરાત), શ્રી બટુકભાઈ શિયાળ (સિનિયર સેલ્સ ડેવલોપમેન્ટ મેનેજર) અને શ્રી નવીન યાદવ (પ્રોડક્શન હેડ) પોતાની સેવાઓ આપી રહ્યા છે.

અવધ બ્રાન્ડના સેલ્સ અને બ્રાન્ડની પ્રસિદ્ધિને વધુ વેગ આપવા માટે નમકીન ઉદ્યોગમાં પ્રથમ વખત ૨૦૨૬ના નવા વર્ષની શરૂઆતમાં રિટેલર્સ માટે ભવ્ય ''સ્ક્રેચ એન્ડ વિન ઓફર'' લોન્ચ કરવામાં આવી છે. આ ઓફર હેઠળ રિટેલર્સ અવધ પ્રોડક્ટ્સની રૂા.૧,૨૦૦ની ખરીદી પર સ્ક્રેચ કૂપન મેળવી શકે છે, જેમાં તાત્કાલિક ગિફ્ટ્સ ઉપરાંત ત્રણ માસિક ડ્રો અને અંતે એક મેગા ડ્રોમાં ૨ કરોડ રૂપિયાથી વધુના ઈનામો જીતવાની તક મળશે. મેગા ડ્રોમાં પ્રથમ ઈનામ રૂા.૨૧ લાખ રોકડ, બીજું ઈનામ રૂા.૧૧ લાખ રોકડ અને ત્રીજું ઈનામ રૂા.૫ લાખ રોકડ રાખવામાં આવ્યા છે. આ સિવાય અનેક આકર્ષક ઈનામો પણ આપવામાં આવશે. તેવી કંપનીએ જાહેરાત કરી છે.

કંપનીનું માનવું છે કે રિટેલર્સ જેટલું વધુ અવધ પ્રોડક્ટ્સનું વેચાણ કરશે, તેટલો વધુ લાભ અને ઈનામો મેળવશે. આ પહેલ દ્વારા અવધ બ્રાન્ડ અને રિટેલર્સ વચ્ચેનો સંબંધ વધુ મજબૂત બનશે.

આ સ્કીમ અંગે વધુ માહિતી માટે ૯૯૦૯૭૭૯૭૭૭ પર સંપર્ક કરી શકાય છે, જ્યારે ટ્રેડ ઈન્ક્વાયરી માટે ૯૫૧૨૪૦૦૩૧૯ પર સંપર્ક કરવા વિનંતી છે. ''અવધ વેચો અને લખાણેલા ઈનામો જીતો''(૩૮.૩૩)

## સુરેન્દ્રનગરના રતનપરમાં અસામાજીક તત્વોનો યુવક ઉપર જીવલેણ હુમલો



(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ તા.૨૦:સુરેન્દ્રનગરના રતનપર વિસ્તારમાં કાજીયા સંજય કુમાર બીજલ ભાઈ નામનો યુવક ચાલીને પસાર થતો હતો તે દરમિયાન પાછળથી કાર લઈ અને આવેલા ઈસમો દ્વારા તેના ઉપર હુમલો કરવામાં આવ્યો છે તેના પગ ભાંગી નાખવામાં આવ્યા છે માથાના ભાગે પણ ધોકા મારવામાં આવ્યા છે જેને લઈને તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યો છે અને સુરેન્દ્રનગરની મેડિકલ કોલેજમાં તેને સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે જોકે આ મુદ્દે પોલીસે પણ ઘટના સ્થળે દોડી જઈને તપાસ શરૂ કરી છે અને હુમલો કરવામાં આવેલા ઉપયોગમાં આવેલી કાર જપ્ત લેવામાં આવી છે અને ત્યાંથી હથિયારો પણ મળી આવ્યા છે તે પણ જપ્ત લેવામાં આવ્યા છે.

આ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે પરંતુ યુવકની હાલત હાલ અત્યંત ગંભીર છે ત્યારે આ અંગે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે જોરાવ નગર પોલીસ મથકના પી.આઈ સહિતનો સ્ટાફ આ મુદ્દે કામે લાગ્યો છે હત્યા કરવાના ઈરાદે હુમલો કરવામાં આવ્યા હોવાનું પ્રાથમિક તબક્કામાં સામે આવ્યું છે ત્યારે પોલીસ વિભાગે પણ હવે આ મુદ્દે તપાસ હાથ ધરી છે પરંતુ જાહેરમાં યુવક ઉપર આ પ્રકારના હુમલાની ઘટનાને લઈ અને કાયદો વ્યવસ્થા સામે પણ સવાલ ઉઠયા છે.(૨.૧૧)

# પોરબંદરના પીઝા સેન્ટરમાં મહિલા દ્વારા તોડફોડ : સમાધાન માટે ૧૬ લાખ માંગ્યા

## પીઝા સેન્ટરના ડીલીવરી બોય વિજયના પત્ની મંજુબેને જણાવેલ કે મારા પતિને દારૂના ખોટા કેસમાં ફસાવી દીધો : તોડફોડથી કોમ્પ્યુટર અને સીસીટીવી કેમેરાને નુકશાન

(પરેશ પારેખ દ્વારા) પોરબંદર, તા., ૨૦ : ડોમીનોઝ પીઝા સેન્ટરના ડીલીવરી બોય વિજય હાજાભાઈ અને પીઝા સેન્ટરના ઈન્ચાર્જ કર્મચારી અનિલ બન્ને વચ્ચે માથાકુટ બાદ ડીલીવરી બોયના પત્ની મંજુબેને ઉશ્કેરાઈને પીઝા સેન્ટરમાં તોડફોડ કરીને કોમ્પ્યુટર અને સીસીટીવી કેમેરા તોડીને નુકશાન કર્યુ હતું. ડીલીવરી બોય વિજયના પત્નીએ તેના પતિ વિજયને દારૂના ખોટા કેસમાં ફસાવી દીધાનું જણાવીને સમધાન માટે ૧૬ લાખની માંગણી કરી હતી.

ડોમીનોઝ પિઝાના ડીલવરી બોય અને ઈન્ચાર્જ કર્મચારી અનિલ આમને સામને આવ્યો બાદ કમલાબાગ પોલીસે વિજય હાજાભાઈ મોકરીયા સામે કેસ દાખલ કર્યો બાદ મામલો વધુ ગરમાયો છે ડીલવરી બોય વિજયએ પિઝાના ઈન્ચાર્જ કર્મચારી અનિલ રાંદલપરા સામે ખોટા કેસમાં ફસાવવા પોલીસને ૪૦,૦૦૦ હજાર આપ્યા હોવાના આક્ષેપો કર્યા છે. કમલાબાગ પોલીસે તમામ આક્ષેપો નકાર્યા છે.

કમલાબાગ પોલીસે નોંધેલી ફરીયાદ મુજબ રેલ્વે સ્ટેશન રોડ રામકૃષ્ણ પરમહંસ લાઈબ્રેરીવાળી ગલીમાં વિજય હાજાભાઈ મોકરીયા ગેરકાયદેસર ભારતીય બનાવટના ઈગ્લીશ દારૂની બોટલ સાથે પકડાયા છે બાદ પોલીસ તેની ધરપકડ કરી કાર્યવાહી કરેલ છે બાદ વિજય હાજા મોકરીયા નામનો યુવાન રાતે દવા પી લેતા તેની સારવાર માટે સરકારી ભાવસિંહજી હોસ્પિટલમાં દાખલ કરેલ હતો.

સરકારી હોસ્પિટલમાં દાખલ દર્દી વિજય હાજાભાઈ મોકરીયાએ પોલીસ પર અને ડોમિનોઝ પિઝાના ઈન્ચાર્જ અનિલ રાંદલપરા આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે,






ત્રણ દિવસ પહેલા રાતે ૯ વાગ્યએ અનિલ રાંદલપરાએ તેના રૂમે રાતે બોલાવ્યો હતો અને હાર્દિક સાથે કુતિયાણા જવા મોકલ્યો હતો બાદ કુતિયાણા પહોંચતા હાર્દિક મારા ફોનમાંથી કોઈ વ્યકિત ફોન કર્યો હતો એમ કહેવાનું કહ્યુ હતુ કે, પસવારી પાસે ઉભા છે બાદ તે અજાણ્યો વ્યકિત આવ્યો અને સામેની સાઈડમાં ઉભો રહ્યો હતો બાદ હાર્દિક ત્યાં ગયો પછી હાર્દીકને તે વ્યકિત કંઈક વસ્તુ આપી બાદ તે વસ્તુ લઈને અમે પોરબંદર આવીને અનિલ રાંદલપરાને ઘરે પહોંચતા જ પાછળથી પોલીસ આવી ગઈ હતી બેગ ચેક કરતા તેમાંથી બે દારુની બોટલ નીકળી હતી.

ત્રણેયને કમલાબાગ પોલીસ મથક ખાતે લઈ ગઈ હતી જ્યા પોલીસને ૪૦,૦૦૦ રૂપિયા આપ્યા હતા બાદ પોલીસ મને રામકૃષ્ણ લાઈબ્રેરી પાસે લઈ ગઈ હતી ત્યાં ખંભે થેલો રાખીને મારો વિડીઓ બનાવ્યો હતો બાદ મને લોકઅપમા રાખી મને આ રીતે અનિલ રાંદલપરાએ ખોટી રીતે ફસાવવતા મે દવા પીધી હતી તેમ ડીલીવરી બોય વિજય હાજાભાઈએ જણાવેલ છે.

ડીલીવરી બોય વિજયના આક્ષેપ અંગે ઈન્ચાર્જ અનિલ રાંદલપરાએ જણાવ્યુ હતુ કે, હુ અને હાર્દીક ભાઈ ઘરે જમતા હતા આ દરમિયાન વિજય હાજા મોકરીયા ત્યાં આવ્યો હતો મને કહ્યુ હતુ કે, સર મારે પૈસાની જરૂર છે તમે મને પૈસા આપો...આટલી વાર જ પાછળથી પોલીસ આવી ગઈ હતી અને અમને ત્રણેયને કમલાબાગ પોલીસ મથક ખાતે લઈ ગયા હતા.

વિજયના બેગમાંથી બોટલ નિકળી હતી પોલીસે અમને પુછતા અમે પોલીસને સમગ્ર હકીકત જણાવી હતી બાદ અમને બંન્નેને પાછા જવા દીધા હતા.

પોલીસ કાર્યવાહી બાદ વિજયના પત્ની મંજુબેન અમારા ડોમીનોઝ પિઝા ખાતે આવ્યા અને કહ્યુ કે, તમે મારા પતિને ફસાવી દીધો છે તેમ કહીને ડોમીનોઝના કોમ્પ્યુટર અન્ય એક સીસીટીવી કેમેરો તોડી નાખ્યા હતા અને સમાધાનનું કહેતા ૧૬ લાખ રૂપિયા આપી દયો તેવી માંગણી કરી હતી. તેમજ પોલીસને ૪૦,૦૦૦ અમારા દ્વારા આપાયા નથી તને વાત ખોટી છે તેમ ઈન્ચાર્જ કર્મચારી અનિલ રાંદલપરાએ જણાવ્યું હતું. (૪.૫)

### જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **રતનબેન મેઘજીભાઈ નવાપરિયા તે વા/ઓ રાજેશભાઈ ડોડીયા**, ધર્મે :- હિન્દુ, ઉ.વ. :- ૪૨, રહે. :- મયુરનગર મેઈનરોડ, રાજમોતી ઓઈલ મીલ પાછળ, બેડીપરા, રાજકોટ-૩૬૦૦૦૩ આ નોટીસ આપીને જણાવવાનું કે મારો જન્મ તા.૦૯/૦૪/૧૯૮૩ નારોજ રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ નાકરાવાડીમાં થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે મારા જન્મ અંગેનો કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજ દિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ કેસ નં. ૬૫/૨૫ તા. ૨૯/૧૨/૨૦૨૫ ના રોજ જન્મ મરણની નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) મુજબ મૃત્યુ નોંધણી કરી આપવા અંગે એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી રાજકોટ તાલુકા, જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ દાદ મળવા અરજદાર/**એડવોકેટ એલ.કે.તોલાણી** મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ જન્મ નોંધ સંબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ-૩૦** માં લેખીત આધાર પુરાવા સાથે એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી રાજકોટ તાલુકા સમક્ષ રજુ કરવા, જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ:- રાજકોટ, તા. ૧૯/૦૧/૨૦૨૬ (કચેરીનો સિક્કો)

### મકાનની જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ મહાનગરપાલીકામાં સમાવિષ્ટ કરવામાં આવેલ ગામ **નાના મવા ના રેવન્યુ સર્વે નં. ૩૧ પૈકી** (ટી.પી. સ્કીમ નં. ૩, એફ. પી. નં. ૫૨ પૈકી ૨ ) ની બીનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીન કે જે **'તંતી પાર્ક'** તરીકે ઓળખાય છે. તે વિસ્તાર નાં પ્લોટસ પૈકી પ્લોટ નં. ૨ ની જમીન ચો.મી.આ. ૯૨-૧૫, જેના ચો.વા.આ. ૧૧૦-૨૧ ઉપર બાંધવામાં આવેલ મકાન **હરેશભાઈ ભીખુભાઈ પાનસુરીયા** એ તેઓ જોગના રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૩૪૨૩ તા. ૬/૭/૨૦૧૮ શ્રી મનસખુભાઈ લાલજીભાઈ વાડોદીરયા પાસેથી ખરીદ કરેલ છે. તે રીતે સદરહું મકાન હરેશભાઈ ભીખુભાઈ પાનસુરીયા ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાનું આવેલ છે. સદરહું મકાન તેઓ પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે. સદરહું મકાનના માલીકી, ટાઈટલ, કબજા પરત્વે, કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દરદાવો, વારસાઈ હક્ક કે ભરણ પોષણનો કે કોઈપણ પ્રકારનો હક્ક કે કોઈ પણ બેન્ક કે સંસ્થા કે પંચાયત કે વ્યકિતનું કાંઈપણ લેણું, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૧૦** માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી. મુદત વિત્યે કોઈપણ વ્યકતિએ, બેંક, સંસ્થા કે મંડળીનો કે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હીસ્સો, વાંધો કે તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે અને ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ, તારીખ : ૨૦-૧-૨૦૨૬ અમારા મારફતઃ

**ધર્મેશ જી. અજાણી** એડવોકેટ એન્ડ નોટરી મો. ૯૯૭૮૯ ૧૦૨૦૩

**રાજેશ જી. ગઢીયા - એડવોકેટ**

ઠે. ઓફીસ નં. ૩૦૪-૩૦૫, થર્ડ ફલોર, વન ગેલેકસી કોમ્પ્લેક્ષ, ઓસ્કાર સ્કાય વિલેની સામે, કુવાડવા રોડ, રાજકોટ

### જાહેર નોટીસ

**અમરેલી** જીલ્લાના **કુંકાવાવ વડિયા** તાલુકાનાં મોજે ગામ **ખજુરી-પીપલીયા** ના નીચે જણાવેલ ખાતા નંબર તથા સર્વે નંબરવાળી જીરાયત પ્રકારની જુની શરતની ખેડવાણ જમીન નીચે જણાવેલ જમીન માલીકની સ્વત્રંત માલીકીની અને કબજા ભોગવટાની આવેલ છે.

| ક્રમ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. | જમીન માલીકનું નામ |
|---|---|---|---|---|
| ૧<br>૨ | ૩૭૫ | ૧૦૧/૧<br>૧૦૫/૧<br>૧૦૫/૨ | ૦-૨૪-૨૮<br>૦-૬૭-૭૯<br>૦-૬૮-૭૯ | શ્રી અશોકભાઈ વિઠલભાઈ ભુવા |

સદરહું ખેડવાણ જમીન મારા અસીલે ઉપરોકત ખેડવાણ જમીનનાં માલીક પાસેથી ખરીદ કરવાનું નકકી કરેલ છે. તો ઉપરોકત ખેડવાણ જમીનનાં વેચાણ સંબંધે કે સદરહું જમીનની માલીકી, કબજા, ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો, લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો, દર-દાવો વારસાઈ હક્ક કે અન્ય કોઈપણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયે **દિવસ-૧૦ (દસ)** માં અમોને નીચેનાં સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહું મિલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત કે હીસ્સો નથી અને હોય તો તે જતો કરેલ છે અને સદરહું મિલ્કત ટાઈટલ કલીયર છે તેમ સમજી મારા અસીલ આગળના વ્યવહાર કરશે ત્યાર બાદ જો કોઈનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધબુધ્ધીનાં ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહિ, જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળઃ રાજકોટ/તા.૨૦-૦૧-૨૦૨૬ અમારા મારફત

**એસ.જી. પટેલ** -એડવોકેટ **જે.એન.પટેલ** -એડવોકેટ

ઓફીસ નં. ૯૦૭, આલ્ફા પ્લસ, રૈયા ટેલી.એક્ષચેન્જ સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ

## કૃષિ વિભાગના નાયબ સચિવ રાજેષ જોષીનો જન્મદિન



રાજકોટઃ રાજયના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના નાયબ સચિવ (સચિવાલય કેડર) તરીકે ફરજ બજાવતા શ્રી રાજેષકુમાર જે. જોષીનો જન્મ તા. ૨૦ જાન્યુઆરી ૧૯૭૧ ના દિવસે થયેલ. આજે ૫૬માં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

તેઓ પશુપાલન અને મત્સ્યોદ્યોગને લગતી કામગીરી સંભાળે છે. ફોન નં. ૦૭૯ ૨૩૨૫૧૪૮૪, મો. ૯૪૨૮૭ ૭૦૩૫૦ ગાંધીનગર.(૨.૧૦)

### જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના ગોડલ શહેરમાં ગોંડલ નગરપાલિકાની હદમાં ગોંડલના **સીટી સર્વે વોર્ડ નં.૨, શીટ નં.૧૬૬, સીટી સર્વે નં.૩૭૦૦** પૈકી ઉતર તરફના ભાગની જમીન **ચો.મી. ૫૩-૮૩**, ગોડલ સબ-રજી. કચેરીના રજી. વેચાણ **દસ્તાવેજ અનું.નં.૭૮૬૯, તા.૦૬/૦૭/૨૦૨૨ થી તેમજ સીટી સર્વે વોર્ડ નં.૨, શીટ નં.૧૬૬, સીટી સર્વે નં.૩૭૦૧ પૈકી દક્ષિણ તરફના ભાગની જમીન ચો.મી.૭૫-૧૨**, ગોડલ સબ-રજી. કચેરીના રજી. વેચાણ **દસ્તાવેજ અનું.નં.૭૮૭૧, તા.૦૬/૦૭/૨૦૨૨** થી ભાર્ગવી કેતનભાઈ સખિયાએ ખરીદ કરેલ.

સદરહું ઉપરોકત દસ્તાવેજ ફાઈલમાંથી સીટી સર્વે કચેરીના એકત્રીકરણના હુકમ નં. સી.ટી.એસ./સરવેયર વોર્ડ નં.૨/વશી.નં.૩૬૬/એકત્રીકરણ/૨૦૨૨, તા.૦૫/૧૨/૨૦૨૨ થી થયેલ અસલ હુકમ હાલના માલીક પાસેથી ખોવાઈ ગયેલ છે/ગુમ થઈ ગયેલ છે, જે આડા અવળા હાથે મુકાઈ ગયેલ હોય અને તે શોધવા છતા આજદીન સુધી મળી આવેલ નથી, તેવું ભાર્ગવી **કેતનભાઈ સખિયાએ સોગંદ**નામાથી જાહેર કરેલ છે.

ઉપરોકત અસલ એકત્રીકરણના હુકમને લગતો કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, કે વાંધો તકરાર, અગ્ર હક્ક, લીયન, બોજો વિગેરે હોય તો નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૮(આઠ)** માં નીચે દર્શાવેલ સરનામે લેખિત આધાર-પુરાવા સાથે જાણ કરવી જો નિયત સમયમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નહી આવે તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ સમજી સદરહું મિલ્કત અન્વયેના ખોવાયેલ અસલ એકત્રીકરણના હુકમની ખરીનકલ જે તે કચેરીમાંથી મેળવી, તેને અસલ સ્વરૂપમાં ઉપયોગ કરશે, ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધો તકરાર મારા અસીલને બંધન કર્તા રહેશે નહિ, જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

ગોંડલ તા. ૨૦-૦૧-૨૦૨૬

**રાહુલ વી. વેકરીયા** એડવોકેટ

એફ-૧૦૭, કૈલાશ કોમ્પલેક્ષ, બસ-સ્ટેશન રોડ, ગોંડલ મો. નં. ૮૫૧૧૧ ૩૧૪૨૧

તે મારા અસીલની સુચના તથા ફરમાઈશથી

### રાજકોટ તાલુકાના મોજે ગામ હડાળાની ખેડવાણ જમીન અંગે જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતા તમામને જાણ કરવાની કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ હડાળાના રેવન્યુ સર્વે નં. ૨૨ પૈકી ૪ ની જુની શરતની ''સોઢાવારૂ'' તરીકે ઓળખાતી જરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૧-૩૭-૫૯ કે જે (૧) શ્રી મનસુખ કેશવજીભાઈ સીતાપરા, (૨) શ્રી ભુપતભાઈ કેશવજીભાઈ સીતાપરાને હૈયાતીમાં હકક દાખલથી પ્રાપ્ત થયેલ છે, જે અંગેની નોંધ હડાળા ગામ પંચાયતના રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ના નોંધ નં. ૮૪૬૯ થી પ્રમાણીત થયેલ છે. જે ગામ નમુના નં. ૮-અ ના ખાતા નં. ૩૮ થી અમો (૧) શ્રી મનસુખ કેશવજીભાઈ સીતાપરા, (૨) શ્રી ભુપતભાઈ કેશવજીભાઈ સીતાપરાની સંયુકત માલીકી, કબ્જા અને ભોગવટાની આવેલ છે. સદરહું ઉપરોકત ખેડવાણ જમીન અમારા અસીલ ખાલી કબજે ખરીદ કરવા ઈચ્છા ધરાવે છે.

ઉપરોકત વિગત વાળી ખેડવાણ જમીન અંગેના માલીકી, ટાઈટલ, વારસાઈ, ભરણપોષણ, કબ્જા, હલણનો રસ્તો, ગાડા મારગ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગભાગ, હક્ક, દાવો, કરજ, ગીરો, બોજો, ભરણપોષણ હક્ક કે અન્ય કોઈ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** માં નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે અમોને જાણ કરશો. મુદત વિત્યે કોઈનો કોઈપણ જાતનો વાંધો, તકરાર આવશે નહી તો જે કોઈના હક્ક, હિત, હિસ્સો હશે તે જતો (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યાર બાદ કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, વાંધો, તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી. રાજકોટ તા. ૨૦-૧-૨૦૨૬

**સતિષ પી. મુંગરા** એડવોકેટ મો. ૯૮૭૯૧ ૯૯૦૩૨ — **રોહિત પી. મુંગરા** એડવોકેટ મો. ૭૦૧૬૧ ૮૪૭૦૪/૯૯૨૪૦ ૨૬૫૫૬

**એ.એલ.ડાંગર એડવોકેટસ**

૧૦૨-બી, નક્ષત્ર-૨ કોમ્પલેક્ષ, કે.કે.વી. હોલની સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

રાજકોટ, સુરત, અમદાવાદના એક સમયના કલેકટર

## નિવૃત પણ વિવિધ ક્ષેત્રે પ્રવૃત વસંતભાઇ ગઢવીનો જન્મદિન



રાજકોટઃ ગુજરાતના આઈ.એ.એસ. કેડરના નિવૃત અધિકારી વસંતભાઈ ગઢવીનો જન્મ તા. ૨૦ જાન્યુઆરીના ૧૯૫૩ના દિવસે થયેલ. આજે ૭૪માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓ એમ.કોમ.ની પદવી ધરાવે છે. તેઓ હાલ અદાણી ગ્રુપની સેવાકીય પ્રવૃતિ કરતી સંસ્થા અદાણી ફાઉન્ડેશનમાં વહીવટી નિયામક તરીકે સેવા આપે છે લેખન અને વ્યાખ્યાન ક્ષેત્રે પણ સક્રિય છે.

શ્રી વી. એમ. ગઢવી અગાઉ કચ્છમાં જિલ્લા વિકાસ અધિકારી રાજકોટ, સુરત અને અમદાવાદ જિલ્લા કલેકટર, રાજયના માહિતી નિયામક મનોરંજન કર કમિશનર સહકાર સચિવ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીમાં અધિક મુખ્ય વહીવટી અધિકારી, નાણા નિગમના મેનેજીંગ ડીરેકટર, ખનીજ વિકાસ નિગમ મેનેજીંગ ડીરેકટર, પાણી પુરવઠા વિભાગના સચિવ પાણી પુરવઠા બોર્ડના ચેરમેન મહેસુલ વિભાગમાં અગ્રસચિવ, મુખ્ય માહિતી અધિકાર કમિશનર વગેરે પદ પર ફરજ બજાવી ચુકયા છે. મો. ૯૦૯૯૯ ૯૧૦૬૩ અમદાવાદ.(૨.૧૦)

### જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટી વાવડી ગામની ખેતીની જમીન અંગે જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે, ગુજરાત રાજયના જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોજે મોટી વાવડી ગામના ખાતા નં. ૩૧૫ જેના રે.સ.નં. ૩૩૩ (જુના રે.સ.નં. ૩૫) જે ખેતર નામે રેચી તરીકે ઓળખાતી જુની શરતની જરાયત પ્રકારની હે.આરે.ચો.મી. ૨-૨૦-૯૪ ની ખેતીની જમીન હરેશભાઈ રણછોડભાઈ પાનસુરીયાની સ્વતંત્ર માલીકી અને કબજા, ભોગવટાની આવેલ છે.

સદરહું ખેતીની જમીન મારા અસીલે ઉપરોકત મિલકતના માલીક પાસેથી ખરીદ કરવાનું નક્કી કરેલ છે તો ઉપરોકત મિલકતના વેચાણ સંબંધે કે સદરહું મિલકતની માલીકી, કબજા, ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈ પણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો, દર-દાવો, વારસાઈ હકક કે અન્ય કોઈ પણ રીતે વાંધો, તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૦ (દસ) માં અમોને નીચેના સરનામે લેખીત આધાર-પુરાવા સહિતના નીચેના સરનામે અમોને લેખીતમાં જાણ કરવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈ પણ પ્રકારના હકક, હિસ્સો નથી તથા હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ આગળનો વ્યવહાર કરશે ત્યારબાદ કોઈના વાંધા-તકરાર ચાલશે નહીં તેની આથી દરેક લાગતા-વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી. મુ. : કાલાવડ, તા. ૨૦-૧-૨૦૨૬

**દામજીભાઇ આર. ઠેસીયા** (એડવોકેટ - નોટરી)

**અર્જુન દામજીભાઇ ઠેસીયા** (એડવોકેટ)

ઓફિસનું સરનામુ : સાગર કોમ્પ્લેક્ષ, ધોરાજી રોડ, કાલાવડ (શિતલા), જી. જામનગર મો. ૯૬૬૨૫ ૮૫૧૨૩

### સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૩ માં એડી. સિનિયર સિવિલ જજ (શ્રી એ. આર. સોની) સાહેબની કોર્ટના દીવાની પર. **અરજી નં. ૪૪/૨૦૨૬** ના આ કામના **અરજદાર જસવંત વિજયભાઈ પરમાર,** ઠે. આંબેડકરનગર, શેરી નં. ૧૧/ક, એસ.ટી. વર્કશોપ પાછળ, ગોંડલ રોડ, રાજકોટ વાળાએ તેમના પિતા **ગુજ. સ્વ. વિજયભાઈ વશરામભાઈ પરમાર**ની સ્થાવર મિલકત કે જે નીચે મુજબ આવેલ છે.

(૧) ગુજરાત રાજ્યના રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ કોઠારીયાના રેવન્યુ સર્વે નં. ૨૪૨/પૈકી ૨ ની રહેણાંક હેતુ માટે બિનખેતી થયેલ જમીન કે જે **'ગોકુલ મથુરા-A'** તરીકે ઓળખાય છે તે માંહેના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૩ ની જમીન ચો.મી.આ. ૪૮-૭૨ તથા પ્લોટ નં. ૧૪ ની જમીન ચો.મી.આ. ૪૮-૭૨ તથા પ્લોટ નં. ૧૫ ની જમીન ચો.મી.આ. ૪૮-૭૨ ની મળી કુલ જમીન ચો.મી.આ. ૧૪૬-૧૬ આવેલ છે. આ મિલકતમાં ગુજ. સ્વ. વિજયભાઈ વશરામભાઈ પરમારનો ૫૦% અનડિવાઈડેડ હિસ્સો આવેલ છે.

(૨) ગુજરાત રાજ્યના રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના ગામ પારડીના રેવન્યુ સર્વે નં. ૨૨૯/પૈકી ૧ (જુના રેવન્યુ સર્વે નં. ૫૪ પૈકી ૨) તથા રેવન્યુ સર્વે નં. ૨૨૯/પૈકી ૨ (જુના રેવન્યુ સર્વે નં.૫૪ પૈકી ૨) તથા રેવન્યુ સર્વે નં. ૨૩૦ (જુના રેવન્યુ સર્વે નં. ૫૪ પૈકી ૧) એમ મળી ત્રણેય રેવન્યુ સર્વે નંબરોની કુલ જમીન ચો.મી.આ. ૧૯૧૦૧-૬૦ ની બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજૂરીવાળી રહેણાંક હેતુ માટે મંજુર થયેલ લે-આઉટ પ્લાન વાળી **'ગોકુલ રેસીડેન્સી'** તરીકે ઓળખાતી જમીનના પ્લોટ્સ પૈકી પ્લોટ નં. ૫૮ ની જમીન ચો.મી.આ. ૫૨-૭૩ તથા પ્લોટ નં. ૫૯ ની જમીન ચો.મી.આ. ૫૨-૭૩ એમ મળી કુલ જમીન ચો.મી.આ. ૧૦૫-૪૬ આવેલ છે.

ઉપરોક્ત મિલકત સંબંધે અરજદારે તેમના નામનું હેરશીપ સર્ટિફિકેટ મળવા અંગે તેમના વકીલ **શ્રી વિપુલ ગીણોયા તથા મુકેશ જી. ગોંડલીયા** મારફતે ઉપરોક્ત દીવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. સદરહુ અરજી સંબંધે જેને વાંધો-તકરાર હોય તો તેમણે મુદત તારીખ ૨૫/૦૨/૨૦૨૬ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે લેખિત વાંધા સાથે હાજર રહેવું. ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. આજરોજ તા. ૧૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (પી. એન. જાડેજા) આસીસ્ટન્ટ — (કોર્ટનો સિક્કો) — હુકમથી (આર. આર. રાવલ) I/c રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ રાજકોટ

## ગુરૂવારે અધ્યયન મંડળ મોરબી દ્વારા ૫૦મી કાર્યશાળા

મોરબી,તા.૨૦:અધ્યયન મંડળ મોરબી દ્વારા આગામી ગુરૂવારના રોજ રાત્રે ૯ થી ૧૦:૧૫ વાગ્યા સુધી મોરબીના શનાળા રોડ પર નવા હાઉસિંગ બોર્ડ ખાતે આવેલ ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે ૫૦મી કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યશાળામાં શિક્ષણમાં ભારતીયતાઃવર્તમાન અને ભાવિ (ભાગ-૨) વિષય પર સૌરાષ્ટ્ર પ્રાંત અભિલેખાગાર પ્રમુખ દેવેન્દ્રભાઈ દેસાઈ વક્તા તરીકે ઉપસ્થિત રહીને વક્તવ્ય રજૂ કરશે. અધ્યયન મંડળ મોરબી દ્વારા આયોજિત આ કાર્યશાળામાં ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે. (૨૨.૭)

### દુઃખદ અવસાન/બેસણું



**સ્વ. લાભુબેન નરશીભાઇ મેનપરા**

સ્વ.તા. ૧૯-૦૧-૨૦૨૬, સોમવાર

(વિરવાવ, તા. કાલાવડ)

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી **લાભુબેન નરશીભાઈ મેનપરા**નું તારીખ ૧૯-૦૧-૨૦૨૬ ને સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

**બેસણું :** તારીખ ૨૧-૦૧-૨૦૨૬ ને બુધવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે.

**સ્થળ : એસ્ટ્રોન સોસાયટી કોમ્યુનીટી હોલ,** એસ્ટ્રોન સોસાયટી, એ.પી. કન્યાછાત્રાલય પાસે, રાજકોટ

**શ્રી નરશીભાઇ જાદવભાઇ મેનપરા**-મો. ૯૮૨૫૮ ૦૩૭૩૭

**શ્રી મહેશભાઇ નરશીભાઇ મેનપરા**-મો. ૯૮૨૫૨ ૩૭૩૭૮

**શ્રી અશોકભાઇ નરશીભાઇ મેનપરા**-મો. ૯૮૨૫૨ ૩૭૩૭૨

**સ્વ. ભાવેશભાઇ નરશીભાઇ મેનપરા**-મો. ૯૨૬૫૯ ૭૩૧૩૭

નિલકંઠ ઈલેકટ્રોનિકસ & નિલકંઠ સેલ્સ-રાજકોટ

SIMPLE

### સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. સીવીલ જજ (સી.ડી.), શ્રી. સી.વી. રાણા સાહેબની કોર્ટમાં, દિ.પરચુ.અરજી નં.૫૯/૨૦૨૬ અરજદારો (૧) અલ્પેશભાઈ હસમુખભાઈ જોબનપુત્રા (૨) પરેશભાઈ હસમુખભાઈ જોબનપુત્રાએ ગુજરનાર શ્રી હસમુખભાઈ ભગવાનજીભાઈ જોબનપુત્રાના વારસ દરજજે તેઓની નીચે મુજબની મીલ્કત કે જે રાજકોટ શહેરમાં કોઠારીયા રોડ ઉપર સર્વે નં.૨૪૯ પૈકીની જમીન ઉપર હુડકો સ્કીમ હેઠળ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા બાંધવામાં આવેલ મકાન કવાર્ટર જેના સીટી સર્વે વોર્ડ નં.૫ માં આવેલ છે તે પૈકી કવાર્ટર નં. જુના/૪૩ ની જમીન ચો.મી.૪૦-૭૬ જેમાં બાંધકામ ચો.મી.આ.૧૬-૫૮ વાળા કવાર્ટર આવેલ છે. જે મિલ્કતનું અરજદારોએ વારસા સર્ટીફીકેટ મેળવવા તેમના **વકિલશ્રી હરેશ પી. કોટક તથા મીતાબેન એચ. ચોટાઈ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી કરેલ છે તે સંબંધે જે કોઈ વ્યક્તિને વાંધો, તકરાર હોય તેમને મુદત તા. ૨૧/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તા. ૧૯- માંહે ૦૧ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યા.

તૈયાર કરનાર (એમ.બી.ગાબુ) આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, રાજકોટ — (કોર્ટનો સિક્કો) — હુકમથી સહી/-(અવાચ્ય) I/c રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ રાજકોટ

### સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૮ મા એડી. સીવીલ જજ શ્રી એમ.ડી.જાદવ સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં.૫૬/૨૦૨૬ ના કામના અરજદાર સોનલ ચેતનભાઈ ભટ્ટ એ ગુજરનાર ચેતન છોટાલાલ ભટ્ટ ની સ્થાવર મીલ્કત કે જે રાજકોટ શહેરના સીટી સરવે વોર્ડ નં. ૧૦/૧, સીટી સરવે નં.૧૨૪૯ પૈકી, રાજકોટના રેવન્યુ સરવે નં.૩૪૧ પૈકીની બીનખેડવાણ જમીનના પ્લોટસ પૈકી પુજારા પ્લોટ શેરી નં.૫ માં આવેલ પ્લોટ નં.૩-અ પૈકીની જમીન ચો.મી.આ.૧૫૦-૫૧ ઉપર આવેલ 'અક્ષર ભુવન એપાર્ટમેન્ટ' નામથી ઓળખાતા લો-રાઈઝ રહેણાંક બીલ્ડીંગ માંહેથી બીજા માળે આવેલ ફલેટ નં. ૨ કે જેનો બીલ્ટઅપ એરીયા ચો.મી.આ.૮૩-૭૩ છે તે ફલેટ (૧) ચેતન છોટાલાલ ભટ્ટ (૨) સોનલ ચેતનભાઈ ભટ્ટ ને છોટાલાલ મણીશંકર ભટ્ટ વિ. ૨ એ કરી આપેલ બક્ષિસ દસ્તાવેજ રજી.અનુ.નં.૫૧૨૭ તાઃ ૨૨/૯/૨૦૨૦ થી મળેલ છે. આમ સદરહું ફલેટનો ૫૦% અવિભાજય હિસ્સો ગુજરનાર ચેતન છોટાલાલ ભટ્ટ ના નામે આવેલ છે, જે સ્થાવર મીલ્કતનુ હેરશીપ સર્ટીફીકેટ / વારસા સર્ટીફીકેટ મેળવવા માટે અરજદારે તેમના **એડવોકેટ ભૌતિક જી.કથીરીયા તથા બીપીન એચ.ટાંક** મારફતે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે, જે બાબતે કોઈને હક્ક, હિત, હિસ્સો કે વાંધો તકરાર હોય તેમને મુદત તાઃ ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યે અત્રેની કોર્ટ સમક્ષ પોતે જાતે અથવા તેમના વકીલ મારફતે હાજર રહી વાંધા રજુ કરવા, જો કોઈ વાંધા આવશે નહી તો આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેની નોંધ લેશો.

આજ તાઃ ૧૯ માંહે જાન્યુઆરી સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (પી.એ. રાઠોડ) આસીસ્ટન્ટ — (કોર્ટનો સિક્કો) — હુકમથી સહી/-(અવાચ્ય) I/c રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ રાજકોટ

Owned, Printed and published by AJITKUMAR GUNVANTRAI GANATRA printed at JAY SAURASHTRA PRINTING PRESS, NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT and published at NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT editor AJITKUMAR GUNVANTRAI GANATRA. Ph. No.0281-2445111 Email-akiladailyad@gmail.com

# રાજકોટ જીલ્લાના તમામ ગામોમાં વિતરણ થતા પાણીના ટેસ્ટિંગ માટે કલેકટરના આદેશોઃ ૧૮ લાખના ખર્ચે કામોને મંજુરી

રાજકોટ, તા.૨૦: કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદની ઉપસ્થિતિમાં વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન(વાસ્મો) ની જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ હતી.

કલેક્ટરે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા રજુ કરાયેલા કામોની સમીક્ષા હાથ ધરી હતી. જેમાં જરૂરી ટેન્ડર પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરવા જણાવ્યું હતું. ગ્રાન્ટના અભાવે કોઈ કામગીરીમાં વિલંબ ન આવે તે માટે પણ ખાસ સૂચના આપી હતી. વધુમાં સંપ દ્વારા ગામમાં વિતરણ કરવામાં આવતા પાણીનું સમયાંતરે ટેસ્ટિંગ થાય તે માટે અધિકારીઓને તાકીદ કરી હતી.

કલેક્ટરે રાજકોટ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પાણી પુરવઠા યોજના અંતર્ગત કુલ રૂ. ૧૭,૯૯,૮૩૧ના ખર્ચે વિવિધ કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. જેમાં હયાત કુવા પર પંપીગ મશીનરીનું કામ, પાવર કનેક્શન, પાઈપલાઈનની કામગીરી, નવીન સંપ માટે પાવર કનેક્શન આપવાની કામગીરી સહિત વિવિધ કામગીરી કરવામાં આવશે.(૬.૯)

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, મોરબી જીલ્લાના મોરબી તાલુકાનાં મોજે ગામ મોટી વાવડીની નીચે જણાવેલ ખેડવાણ જમીન તેમનાં માલીક પાસેથી અમારા અસીલ ખરીદ કરવા નકકી કરેલ છે.

| ક્રમ | સર્વે નંબર | જમીન હે.આરે.ચો.મી. | કબ્જેદારનું નામ | ખાતા નંબર |
|---|---|---|---|---|
| ૧ | ૮૯ | હે.૦-૯૧-૦૫ | કાંતીલાલ સવજીભાઈ ડાભી વિગેરે | ૮૬૮ |

સદરહું ઉપરોકત ખેડવાણ જમીનની માલીકી બાબતે કે તેના ટાઇટલ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો હક્ક-હીત-હીસ્સો, લાગભાગ, દરદાવો, વારસાઇ હકક કે ભરણ પોષણનો કે કોઇપણ પ્રકારનો હકક કે કોઇનું લેણું, કરજ, ગીરો, બોજો કે જામીનગીરીમાં હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૦ (દસ) માં મારા અસીલ વતી મને લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી. મુદત વિત્યે કોઇપણ વ્યકિતનો કોઇપણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો, વાંધા કે તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી ઉપરોકત જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યારબાદ કોઇના હક્ક, દાવા અમારા અસીલને શુધ્ધબુધ્ધીના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

સ્થળ : મોરબી.
તા.૧૯-૦૧-૨૦૨૬

**ઋષિકુમાર વી. જીવાણી (એડવોકેટ)**

રૂદ્રા એસોસીએટસ, આશાપુરા ટાવર, ત્રીજો માળ, ઓફિસ નં.૨૬, શનાળા રોડ, મોરબી.

મહેતા એડસ-9825307652

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી સૌને જણાવવાનું કે, રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના **ગામ-હડમતીયાના નવા રેવન્યુ સરવે નં.૯૮૫** (જુના રેવન્યુ સરવે નં.૫૯૦ પૈકી ૫) ની જુની શરતની જીરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી.૧-૬૧-૮૮ સહીતની જમીન તેમના માલીકો **(૧) શ્રી બાબુભાઈ પોલાભાઈ ખાચર તથા (૨) શ્રી રામસિંહભાઈ જીણાભાઈ ડાભી** ના નામે રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૫૦૪૫, ખાતા નં.૭૫૦ થી તેમની સયુંકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. ઉપરોકત દર્શાવેલ ખેડવાણ જમીન મારા અસીલ તેમના ઉપરોકત દર્શાવેલ જમીન માલીકો પાસેથી ખરીદ કરવા માંગે છે. જેથી સદરહું મીલ્કતના વેચાણ, વ્યવહાર, વહીવટ સબંધે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, હકક, હિત, હિસ્સો, કે લાગભાગ, હોય તો સમય મર્યાદા **દિવસ-૧૦** મા લેખીત આધાર પુરાવા સાથે અમારી સમક્ષ રજુ કરવા આ સમય દરમ્યાન જો કોઈના વાંધા, તકરાર નહીં આવે તો કોઈને ઉપરોકત મીલ્કત પરત્વે કોઈ વાંધો, તકરાર નથી અને હશે તો તે જતો કરેલ છે તેમ ગણી મારા અસીલ ઉપરોકત મીલ્કતનો વેંચાણ દસ્તાવેજ તેમની પાસેથી કરાવી લેશે ત્યાર બાદ આવેલ કોઈ વાંધો, તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની સર્વે, લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તા. ૨૦-૧-૨૦૨૬ અમારા મારફતઃ

**મેહુલ એમ. રાણીપા એડવોકેટ**

નક્ષત્ર-૮, ઓફીસ નં. ૫૧૨, ફીફથ ફલોર, સન સીટી બિલ્ડીંગની સામે,
સાધુ વાસવાણી રોડ, રાજકોટ. મો. નં. ૯૯૦૪૮ ૧૪૧૮૫

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ થયેલ મોજે ગામ **વાવડી ના રેવન્યુ સર્વે નં. ૧૮/૧ પૈકી ૪ (જમીન એકર ૧-૦૧ ગુંઠા)** ના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૭ થી ૧૦ ની કુલ જમીન ચો.મી.આ. ૫૫૧-૪૩ જેના ચો.વા.આ. ૬૫૯-૫૧** ઉપર બાંધવામાં આવેલ ઉભા ઈમલા સહીતનો ઔદ્યોગીક શેડ કે જે **શ્રી કલ્પેશભાઈ શાંતીભાઈ હદવાણી તથા શ્રી ભાવેશભાઈ શાંતીભાઈ હદવાણી** ની સંયુકત માલીકી અને સંપુર્ણ કબ્જા ભોગવટાનો આવેલ છે. સદરહું મિલ્કત તેઓની પાસેથી અમારા અસીલ ખરીદ કરવાની ઈચ્છા ધરાવે છે.

સદરહું ઉપરોકત મિલ્કતની માલીકી બાબતે કે તેના વેચાણ સંબંધે કોઈપણ વ્યકતી, પેઢી, મંડળી તથા એસાઈનીઓ કે વારસદારો વિગેરેને કોઈપણ પ્રકારનો હક, હિત, હિસ્સો, લાગભાગ, લેણું, બોજો, ગીરો, લીયન કે કોઈપણ જાતની જવાબદારી કે હકક, અધિકાર, કોઈનો દરદાવો, કબ્જા હકક કે કોઈપણ અન્ય સાટાખત કે કુલમુખત્યારનામાના હકકોના આધારે કોઈપણ વહીવટ કરવામાં આવેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિવસ ૭ (સાત)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે જાણ કરવી. મુદત વિત્યે આ મિલ્કત પરત્વે કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો કે વાંધા તકરાર નથી, અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ, વ્યવહાર પુર્ણ કરી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો, વાંધો, કે તકરાર અમારા અસીલને બંધન કર્તા રહેશે નહી. જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તા. ૨૦-૦૧-૨૦૨૬ અમારા મારફતઃ-

**રીધમ કે.ઝાલાવાડીયા** (એડવોકેટ) મો. ૯૭૨૨૧ ૫૭૨૨૪ | **ગૌતમ બી.કોટડીયા** (એડવોકેટ) મો. ૯૬૦૧૫ ૧૩૯૫૦

ઓફીસ નં. ૩૦૨, એપલ ગોલ્ડ કોમ્પલેક્ષ, બાલાજી હોલ પાસે,
૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

## જામનગર જીલ્લાના કાલાવડ તાલુકાના મોજે બોડી ગામની ખેતીની જમીન અંગે

### (જાહેર નોટીસ)

જામનગર જીલ્લાના કાલાવડ તાલુકાના મોજે ગામ **બોડી** ગામના ખાતા **નં.૪૨૫** થી **(૧) રેવન્યુ સર્વે નંબર ૩૨૨ (જેના જુના રે.સ.નં.૧૭૦)** જેનું ક્ષેત્રફળ જરાયત **હે. ૦-૦૬-૧૬ ચો.મી.** ખેતર નામે **"ભોજરાવાળી કટકી" (૨) રેવન્યુ સર્વે નંબર ૩૨૩ (જેના જુના રે.સ.નં.૧૬૮)** જેનું ક્ષેત્રફળ જરાયત **હે. ૧-૮૨-૧૮ ચો.મી.** ખેતર નામે **"ભોજરાવાળુ"** આમ બંને મળીને કુલ ક્ષેત્રફળ **હે. ૧-૮૮-૩૪** ચો.મી. વાળી ખેતીની જમીનો **પ્રવિણભાઈ અમરાભાઈ કાટોલીયા,** રે.: રામોદ્પા બારી પાસે, કાલાવડ, જી. જામનગરવાળા ની **સ્વતંત્ર** માલીકી અને કબ્જા ભોગવટાની આવેલી છે. **સદરહું ખેતીની જમીન અમારા અસીલ ખેતીની જમીનના માલીક પાસેથી ખરીદવા માંગે છે.**

જેથી આ નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતા તથા લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત વિગત વર્ણનવાળી ખેતીની જમીન સબંધે ટાઈટલ સબંધે કે કબજા પરત્વે કે તેના વેચાણ સબંધે કોઇ વ્યક્તિ, પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે એસાઇનીઓ કે, વારસદારો સરકારી અર્ધ સરકારી કચેરી વિગેરેનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, વારસાઇ હકક, ભરણપોષણનો હકક, લેણું, બોજો, ગીરો, લીયન કે કોઇપણ પ્રકારની જવાબદારી કે હકક, અધિકાર કે રસ્તાના હાલવા-ચાલવાના હકક, અધિકારો સદરહું જમીન પરત્વે હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધિ થયાથી **દિવસ-૧૦** માં અમારી ઓફિસે લેખીતમાં વાંધા આપવા. મુદત વિત્યે કોઇપણ વ્યકિતનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધો, તકરાર નથી અથવા હોય તો જતો ચાને કે વેઇવ (WAIVE) કરેલ છે. તેમ માની અમારા અસીલ વેચાણનો પૂરો અવેજ ચૂકવી, વ્યવહારપૂર્ણ કરી વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રર કરાવી લેશે અને ખેતીની જમીનોનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઇના હકક દાવા અમારા અસીલ ને શુધ્ધ બુધ્ધી ના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહિ, જેની આથી લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : કાલાવડ, આજરોજ તા. ૨૦/૦૧/૨૦૨૬ તે અમારા અસીલની સુચના મુજબ

**જયેશ ટી. વાઘાણી** (એડવોકેટ & નોટરી) | **તેજસ એચ. ગઢિયા** (એડવોકેટ)

ગાયત્રી કોમ્પલેક્ષ, પહેલા માળે, સરકારી હોસ્પીટલની સામે, ધોરાજી રોડ.
મું. કાલાવડ. જી. જામનગર. મો. ૯૮૨૫૦ ૨૨૫૧૮, ૯૯૭૮૯ ૨૨૫૧૮

## અસલ વેચાણ દસ્તાવેજ ખોવાઈ ગયા અંગેની

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ જામનગરના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના **ગામ સરધાર** ના **રેવન્યુ સર્વે નં. ૧૩૯** ની જમીન **એકર ૧-૩૧** ગુંઠા તથા **રેવન્યુ સર્વે નં. ૬૩૬ પૈકી**ની જમીન **એકર ૦-૧૦** ગુંઠા મળી કુલ જમીન **એકર ૨-૦૧** ગુંઠાના બિનખેડવાણ અને ઇમારત બાંધવાની મંજુરીવાળી રીવાળઝડ પ્લાન મુજબ પ્લોટ નં. ૨ ની જમીન **ચો.મી.આ. ૧૬૧.૦૦** ઉપર બાંધવામાં આવેલ બિલ્ડીંગ કે જે **"બાલાજી કોમ્પલેક્ષ"** ના નામથી ઓળખાતા બિલ્ડીંગ માંહેથી ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ દુકાન નં. ૪ જેનો કારપેટ એરીયા **ચો.ફુ.આ. ૧૨૯.૮૬** બરાબર **ચો.મી.આ. ૧૨.૦૬** વાળી દુકાન શ્રી શૈલેષભાઇ શામજીભાઇ માવાણી ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની આવેલ છે.

સદરહું ઉપરોકત મિલ્કતનો વેચાણ દસ્તાવેજના અનું. નં. ૪૩૨૪, તા. ૦૭/૦૯/૨૦૧૯ ના રોજથી શ્રી પ્રવિણભાઇ રવજીભાઇ કાકડીયાના કુલમુખત્યાર દરજ્જે શ્રી મહેશભાઇ બાબુભાઇ વોરાએ શ્રી શૈલેષભાઇ શામજીભાઇ માવાણી જોગ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. તે અસલ વેચાણ દસ્તાવેજ ગુમ થયેલ છે. અથવા ખોવાઇ ગયેલ છે. અથવા અવળા હાથે મુકાઇ ગયેલ હોય સદરહું અસલ વેચાણ દસ્તાવેજ શોધવા છતાં મળી આવેલ નથી. તો સદરહું વેચાણ દસ્તાવેજ બાબતે ઉપરોકત મિલ્કતમાં કોઇને કાઇ વાંધો તકરાર હોય તો દિવસ-૮ (આઠ) માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. મુદત વિત્યે આ મિલ્કત પરત્વે કોઇના કોઇપણ જાતના હકક, હિત, હિસ્સો કે વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. અને ત્યારબાદ કોઇના કોઇપણ જાતના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની જાહેર જનતા તથા લાગતા- વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ, તા.૨૦/૦૧/૨૦૨૬

અમારા મારફત એડવોકેટસ

**કાંતીલાલ પી. ગીણોયા**
**સુધીર એમ. છત્રારા**
**એડવોકેટ એન્ડ નોટરી**
૨૦૪, ફોરપ્લસ કોમ્પ્લેક્ષ, સરદારનગર મેઈન રોડ,
એસ્ટ્રોન ચોક, રાજકોટ. મો. ૯૭૨૬૯ ૩૮૩૦૫

**ભાવેશ એચ. સીદપરા**
**ઘનશ્યામ જે. સખરેલીયા**
**મોહિત જે. ભાલાળા**
(ગુજરાત હાઈકોર્ટ)

## નાનામવા રેવન્યુ સર્વે નં. ૧૧૨ માં આવેલ બ્લોક નં. ૨૫ ના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટીકટ રાજકોટમાં રાજકોટ મ્યુની. કોર્પોરેશનની હદમાં આવેલ ગામ નાનામવાના રેવન્યુ સર્વે નં.૧૧૨ (ટી.પી.સ્કીમ નં.૫- નાનામવા, એફ.પી.નં.૩૬૬) ની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ કે જે વૃંદાવન આવાસ યોજનાના નામથી ઓળખાય છે તે બ્લોકસ પૈકી બ્લોક નં.૨૫ ની જમીન ચો.મી.આ.૮૧-૦૦ (તે સીટી સર્વે રેકર્ડ મુજબ ચો.મી.૮૩-૬૨) ઉપર આવેલ મકાન ના માલીક શ્રીમતી કલ્પનાબેન જયોતિન્દ્રકુમાર ઓઝા, શ્રીમતી હંસાબેન સુરેશકુમાર નળીયાપરા તથા શ્રીમતી દર્શના મિલનભાઈ નળીયાપરા ના સંયુકત નામે આવેલ છે તે રીતે આ મિલ્કત તેઓની માલીકી તથા કબજા, ભોગવટા ની આવેલ છે.

સદરહું આ મકાન/મીલ્કત અમારા અસીલ ખરીદ કરવા માંગે છે. સદરહું આ મીલ્કત ઉપર કોઈનું કાંઈપણ પ્રકારનું લેણુ, કરજ, ગીરો, બોજો, કે કોઈપણ પ્રકારના હકક, હીત, હીસ્સો, સાટુ, લાગ ભાગ, ભરણપોષણના હકક, દર દાવો કે કોઈ તકરાર વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયે થી દીવસ-૧૦ (દસ) માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી જો મુદત હરોળમાં કોઈપણ વ્યકિતનાં વાંધા, તકરાર નહી આવે તો સદરહું મિલકત પરત્વે કોઈને વાંધો તકરાર નથી અને જો હોય તો તેમણે જતાં (waive) કરેલ છે તેમ સમજીને અમારા અસીલ સદરહું આ મિલ્કતનો વેચાણ વ્યવહાર પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈપણ વ્યકિતનો કે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર અમારા અસીલને બંધન કર્તા રહેશે નહી જેની નોંધ લેવી.

રાજકોટ. તા. ૨૦-૧-૨૦૨૬ મારા અસીલની સુચનાથી

**રેખાબેન ડી. ઓડેદરા** એડવોકેટ મો.૯૬૮૭૨ ૪૫૩૩૭

૨૦૭-ઉમેશ કોમ. કોમ્પલેક્ષ, ચૌધરી હાઈસ્કુલ પાસે, રાજકોટ.

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ **ગોંડલના ગામ રાવણાના રેવન્યુ સર્વે નં.૬ પૈકી ૧/પૈકી ૧ ની 'ધુંગારીયુ'** તરીકે ઓળખાતી ખેતીની ખેડવાણ જમીન હેકટર-૦, આરે.-૮૨, ચો.મી.-૯૬ રેવન્યુ રેકર્ડ ઉતારા ગામ નમુના નં.૮-અ માં ખાતા નં.૩૮૮ થી સદરહું જમીન **શ્રી હિંમતલાલ મોહનભાઈ વઘાસીયા** ની સ્વતંત્ર, માલીકી તથા કબજા, ભોગવટાની આવેલ છે. સદરહું ઉપરોકત ખેતીની ખેડવાણ જમીન **શ્રી હિંમતલાલ મોહનભાઈ વઘાસીયા** પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ ઉપરોકત વર્ણનવાળી મિલ્કતના ટાઈટલ સબંધે કે તેના વેચાણ સંબંધે કોઈ પણ વ્યકિતી પેઢી, મંડળી કે એસાઈનીઓ કે વારસદારો વિગેરેને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, વારસાઈ હકક, ભરણપોષણનો હકક, લેણુ, બોજો, ગીરો, લીયન, કે કોઈપણ જાતની જવાબદારી કે હકક, અધિકાર, કોઈનો દરદાવો, કબજા હકક કે કોઈ પણ અન્ય સાટાખતના કે મુખત્યારનામાના હકકો જો હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિવસ-૭(સાત)**માં લેખીત આધાર પૂરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી મુદત વિત્યે આ મિલ્કત પરત્વે કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મિલ્કત ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે. અને ત્યારબાદ કોઈપણ જાતના લેખીત કે મૌખીક આધાર, પુરાવા સાથેના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ. તા. ૨૦-૧-૨૦૨૬ અમારા મારફત એડવોકેટસ

**ધવલ આર.વિરડીયા | હિરેન ડી.ડાવરા**
(ગુજરાત હાઈકોર્ટ)

૨૦૫-રવિરાજ કોમ્પ.૧, ફર્સ્ટ ફલોર, બાલાજી હોલ પાસે,
૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ.

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ ગોંડલના ગામ **રીબના રેવન્યુ સર્વે નં.૨૬૪/૧ પૈકી ૧** ની ખેતીની ખેડવાણ જમીન **હેક્ટર-૧, આરે-૭૨, ચો.મી.-૯૯** રેવન્યુ રેકર્ડ ઉતારા ગામ નમુના નં.૮-અ નાં **ખાતા નં.૨૭૭** થી **શ્રીમાન મનસુખભાઈ પરસોતમભાઈ લીલા** ની સ્વતંત્ર માલીકી તથા કબજા, ભોગવટાની આવેલ છે. સદરહું ઉપરોકત ખેતીની ખેડવાણ જમીન **શ્રીમાન મનસુખભાઈ પરસોતમભાઈ લીલા** પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ ઉપરોકત વર્ણનવાળી મિલ્કતના ટાઈટલ સબંધે કે તેના વેચાણ સંબંધે કોઈ પણ વ્યકિતી પેઢી, મંડળી કે એસાઈનીઓ કે વારસદારો વિગેરેને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, વારસાઈ હકક, ભરણપોષણનો હકક, લેણુ, બોજો, ગીરો, લીયન, કે કોઈપણ જાતની જવાબદારી કે હકક, અધિકાર, કોઈનો દરદાવો, કબજા હકક કે કોઈ પણ અન્ય સાટાખતના કે મુખત્યારનામાના હકકો જો હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિવસ-૭(સાત)**માં લેખીત આધાર પૂરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી મુદત વિત્યે આ મિલ્કત પરત્વે કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતો(WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મિલ્કત ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે. અને ત્યારબાદ કોઈપણ જાતના લેખીત કે મૌખીક આધાર, પુરાવા સાથેના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળઃ રાજકોટ. તા. ૨૦-૦૧-૨૦૨૬ અમારા મારફત એડવોકેટસ

**ધવલ આર.વિરડીયા હિરેન ડી.ડાવરા**
(ગુજરાત હાઈકોર્ટ)

૨૦૫-રવિરાજ કોમ્પ.૧, ફર્સ્ટ ફલોર, બાલાજી હોલ પાસે,
૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ.

## મોરબી જીલ્લાના મોરબી તાલુકાના ખાનપર ગામના ખેડવાણ સર્વે નં. ૬૫૭ પૈકી ૨૩ ની હે. આરે. ચો. મી. ૧.૦૫.૨૨ ની ખેતીની જમીન રાબંધે જાહેર ચેતવણી

અમો નીચે સહી કરનાર શ્રી બિજલભાઈ ભલાભાઈ પરમાર. રહે. મું. ખાનપર. તા. જી. મોરબીવાળા આથી તમામ જાહેર જનતા જોગ આ ચેતવણી આપી જાહેર કરીએ છીએ કે :-

મોરબી તાલુકાના ખાનપુર ગામના સર્વે નં. ૬૫૭ પૈકી ૨૩ ની જમીન હે. આરે. ચો. મી. ૧.૦૫.૨૨ ની જમીન અમો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવનારના પિતાશ્રી ભલાભાઈ મેઘાભાઈ પરમારને નામદાર સરકારશ્રીએ આપેલી અને તેઓના અવશાન બાદ આ મિલ્કત અમારા ભાઈ-બહેનોના સંયુકત કબ્જે, ભોગવટે અને માલીકીએ આવેલી છે અને અમારો સદરહુ મિલ્કતમા એક કાયદેસરના સીધી લીટીના વારસ દરજ્જે હકક, હિત અને હિસ્સો સમાયેલો છે અને તે અર્થે અમોએ મોરબીના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમા રેગ્યુલર દિવાની કેસ નં. ૧૭૮/૨૪ થી દાખલ કરેલ છે અને સદરહુ કામ આજની તારીખે શ્રી જે. જે. ગઢવીસાહેબની કોર્ટમા પેન્ડીંગ છે અને ન્યાયીક નિરાકરણ અર્થે પેન્ડીંગ છે આમછતા અમારા ભાઈઓ નારણભાઈ ભલાભાઈ પરમાર (૨) પોપટભાઈ ભલાભાઈ પરમાર તથા (૩) લાલજીભાઈ ભલાભાઈ પરમાર સદરહુ મિલ્કત અન્ય ત્રાહીત વ્યકિતઓને તબદિલ કરવા પ્રયત્ન કરી રહ્યા હોય તેથી આ જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરાવી જાહેર જનતાને ચેતવીએ છીએ કે આ મિલ્કત કે તે માંહેનો સદરહુ વ્યકિતઓનો અવિભાજય હિસ્સો અમારી પુર્વ લેખીત સંમતી વગર ખરીદ કરવો નહીં કે તે સબંધે કોઈ વ્યવહાર કરવો નહીં કારણકે સદરહુ મિલ્કતમાં અમારો સીધી લીટીના વારસ દરજજેનો અવિભાજય હિસ્સો સમાયેલો છે અને તે રીતે અમારા અન્ય ભાઈઓની મિલ્કતના હિસ્સા સબંધે પણ અમારો અગ્રહકક હોય અને તે મિલ્કત કોઈએ સદરહુ અમારા ભાઈઓ પાસેથી ખરીદ કરવી નહી અને તેથી સદરહુ વ્યકિતઓની સાથે અમારી ઉકત જમીન સબંધે કોઈએ કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહીં અન્યથા આવો કોઈપણ વ્યવહાર અમો કે અમારી ઉકત મિલ્કતને બંધનકર્તા રહેશે નહીં બલ્કે સદરહુ અમારા ભાઈઓની સાથે મિલાપીપણુ અને ગુનાહીત કાવતરામા મદદગારી સબબ કાયદેસર કામ ચલાવવાને પાત્ર ઠરશે જેની આથી સર્વે સબંધીતોએ નોંધ લેવી.

**(બિજલભાઇ ભલાભાઇ પરમાર)**

**દેવકરણ એ. પરમાર-નરેશ પી. ડાભી**
એડવોકેટ એડવોકેટ

ટ્રેડ સેન્ટર, ઓફીસ નં. ૧૧૭, પહેલો માળ,કલેકટર બંગલા પાછળ, મોરબી

## અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના ગામ-દેવળીયા મોટા ના રે.સ.નં.૩૦૭/૧-૪ પૈકી ૧ ની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી.૧-૦૪-૨૧ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપીને સૌને જણાવવાનું કે, અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના ગામ-દેવળીયા મોટા ના રે.સ.નં.૩૦૭/૧-૪ પૈકી ૧ ની જુની શરતની જરાયત પ્રકારની 'પીપળાવાડી' તરીકે ઓળખાતી ખેડવાણ જમીન હે. આરે.ચો.મી. ૧-૦૪-૨૧ જેના ખાતા નં. ૧૩૭૬, છે. તેમના માલીક શ્રી લીલાબેન કાનજીભાઈ આંબલીયા ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટા ની આવેલ છે.જે ખેડવાણ જમીન મારા અસીલ તેમના ઉપરોકત દર્શાવેલ માલીક પાસેથી ખરીદ કરવા માંગે છે.આ વેંચાણ, વ્યવહાર સંબંધે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો–તકરાર, હકક, હીત, હિસ્સો, લાગ ભાગ કે અન્ય કોઈ વાંધો, તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખ થી દિવસ-૭ માં લેખીત આધાર પુરાવા સાથે અમારી સમક્ષ રજુ કરવા આ સમય દરમ્યાન જો કોઈના વાંધા, તકરાર નહીં આવે તો કોઈને આ મીલ્કત પરત્વે વાંધો, તકરાર નથી અને હશે તો તે જતો કરેલ છે.તેમ ગણી મારા અસીલ આ મીલ્કતનો વેંચાણ દસ્તાવેજ તેમની પાસેથી કરાવી લેશે ત્યાર બાદ આવેલ કોઈ વાંધો, તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની સર્વેએ, લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ તા. ૨૦-૧-૨૦૨૬

**રાજેશ જી. ગઢીયા** (એડવોકેટ) **ધર્મેશ જી. અજાણી** (એડવોકેટ & નોટરી)

૩૦૪ & ૩૦૫ વન ગેલેક્ષી કોમ્પ્લેક્ષ, કુવાડવા રોડ, રાજકોટ.
ઓસ્કાર કિંગ્સ વિલા સામે, કુવાડવા રોડ, રાજકોટ. મો. ૯૬૦૧૮ ૨૦૮૯૮

## જાહેર નોટીસ

**ગુજરાત** રાજયના **રાજકોટ** જિલ્લાના **પડધરી** તાલુકાના મોજે ગામ **પડધરીના રેવન્યુ સર્વે નં.૨૦૬ ની (જમીન એકર ૪-૩૩ ગુંઠા)** જે બીન ખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી નીચે જણાવેલ પ્લોટની જમીન નીચે જણાવેલ માલિકની કબજા ભોગવટાની આવેલ છે.

| ક્રમ | માલીકનુંનામ | પ્લોટ નંબર | ચો.મી.આ. |
આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાને જાણ કરવાની કે, બાબરા તાલુકાના મોજે ધરાઇ ગામે આવેલ તથા ખેડ ખાતા નંબર ૩૪૭ થી નોંધાયેલ રેવન્યુ સર્વે નંબર ૪૯/૧ પૈકી ૧ ની ખેતીની જમીન હે.આરે.ચોમી. ૨-૦૨-૩૫ માથી ઉગમણા ભાગની (માપણી શીટ પ્રમાણે ) હે.આરે.ચોમી. ૧-૨૯-૫૦ (વિઘા-૮ ) ચંદુભાઇ ભાણાભાઇ કથીરીયાના સ્વતંત્ર કબજા ભોગવટે અને માલીકી હકે આવેલ છે સદરહુ જમીન તેઓ પાસેથી અમારા અસીલ હંસાબેન લાખાભાઇ ઢોલરીયા તે રસીકભાઇ રોકડના પત્નિ, રહે. રાજકોટ વાળા ચુકતે અવેજની રકમ ચુકવી ખાલી કબજે ટાઇટલ કલીયર ખરીદ કરવા ઇચ્છે છે સદરહુ જમીનના માલીકી હકક, કબજા, ટાઇટલ કે વેચાણ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો કે, દર દાવો અથવા તો અન્ય કોઇપણ વાંધો, તકરાર હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયા તારીખથી દિવસ-૮ (આઠ ) મા અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી, જો સમય મર્યાદામા જાણ કરવામા નહી આવે તો કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો કે દર દાવો અથવા અન્ય કોઇપણ વાંધો, તકરાર નથી અને જો હોય તો તે જતો (WAIVE ) કરેલ છે તેમ સમજી અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદ કરવામા આવશે ત્યારબાદ જો કોઇનો વાંધો તકરાર આવશે તો તે અમારા અસીલોને શુધ્ધ / બુધ્ધીના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતા તમામ આસામીઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : બાબરા, તા. ૧૯-૦૧-૨૦૨૬ — અમારા અસીલની સુચનાથી

ઠે. મામલતદાર ઓફીસ સામે,
મું. બાબરા , તા. બાબરા,
જી. અમરેલી

**અજય વિ. ગોહિલ**
**એડવોકેટ**


## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, મારા અસીલે રાજકોટ જીલ્લાનાં **રાજકોટ** તાલુકાના મોજે **ગામ ધમલપર** ની ખેડવાણ ખેતી નીચે આપેલ વિગત મુજબ ખરીદ કરવાનું નકકી કરેલ છે.

| વેચનારનું નામ | રે.સ.નંબર | હે.આરે.ચોમી. | ખાતા નં. |
|---|---|---|---|
| જયાબેન લાલજીભાઇ સગપરીયા<br>પ્રવીણભાઇ લાલજીભાઇ સગપરીયા<br>પ્રકાશભાઇ લાલજીભાઇ સગપરીયા<br>પરસોતમભાઇ લાલજીભાઇ સગપરીયા | 33 (પૈકી ૨) | ૧-૬૬-૯૩ માંહેથી ૦-૮૦-૯૪ | ૧૦૪ સીમાડે સેલીવાળુ |

ઉપરોકત ખેડવાણ ખેતીની જમીન અમો (૧)જયાબેન લાલજીભાઇ સગપરીયા (૨) પ્રવીલભાઇ લાલજીભાઇ સગપરીયા (૩) પ્રકાશભાઇ લાલજીભાઇ સગપરીયા (૪)પરસોતમભાઇ લાલજીભાઇ સગપરીયા ની સંયુક્ત માલીકી ની આવેલ છે જે જમીન અમોએ વારસાઇ થી અમારી સંયુક્ત માલીકીની છે.જે ખેડવાલ જમીન મારા અસીલ ખરીદ કરવા માંગે છે. સદરહું ખેતીની જમીન બાબતે કે માલિકી હકક બાબતે કે ટાઇટલ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો હક્ક,હિત, હિસ્સો લાગભાગ, દરદાવો, લેણ, કરજ, બોજો કે અધિકાર કે કોઇપણ જાતનો વાંધા તકરાર હોય તો આ નોટીશ પ્રસીધ્ધ થયેથી **દિવસ-૭ (સાત)** માં અમોને નીચેના સરનામે લેખિત અધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહુ મુદત દરમ્યાન કોઇપણનાં વાંધા, તકરાર નહીં આવે તો કોઇપણને કોઇપણ પ્રકારનાં વાંધા, તકરાર નથી અને હોય તો સ્વેચ્છાએ જતા **(WAIVE)** કરેલ છે તેમ માની મારા અસીલ સદરહુ ખેતીની જમીનનો ચુકતે અવેજ ચુકવીને ધારાસર વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે ત્યારબાદ કોઇપણ વ્યક્તિના વાંધા, તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની સ્પષ્ટ નોંધ લેવી.

**સ્થળઃ-રાજકોટ તા.:-૨૦/૦૧/૨૦૨૬**

**મનિષ આર. સોરઠીયા | એડવોકેટ**
**સાગર આર. સોરઠીયા | (ગુજરાત હાઇકોર્ટ)**

**સોરઠીયા એસોસીએટ**
પટેલ ચોક, હરીધવા મેઇન રોડ, રાજકોટ. મો. નં. ૯૭૨૩૫ ૫૬૫૪૪

## -:: સીવીલ કોર્ટ નોટીસ ::-

રાજકોટનાં છઠા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી. શ્રી એલ.આઇ. ભટ્ટી સાહેબની કોર્ટમાં દિ.પ.અ. નં. ૩૧/૨૦૨૬ ના કામમાં **અરજદાર અરવિંદભાઇ ચનાભાઇ ચભાડીયા** એ **ગુજ. સ્વ. શાંતાબેન ચનાભાઇ ચભાડીયા**ની સ્થાવર મિલકત કે જે **રાજકોટ શહેરનાં રેવન્યુ સર્વે નં. ૫૩ પૈકી ૩ અને ૪**, ટી.પી. સ્કીમ નં. ૧૭, ફાયનલ પ્લોટ નં. ૧૭/૫ પૈકીની **"શ્રી રામપાર્ક"** તરીકે ઓળખાતી રહેણાંક હેતુ માટેની બીનખેડવાણ જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૧૬ નાં **સબ-પ્લોટ નં. ૧૧૬/૨ ની જમીન ચો.મી.આ. ૫૯-૬૯૫** સહીત તેની ઉપર આવેલ ઉભા ઇમલા ઇમારત સહીતના મકાન (જેનાં સીટી સર્વે વોર્ડ નં. ૧૩/૨, સીટી સરવે નં. ૩૫૭૫/બ/૧૧૬/૨ છે.) તે મિલકત **ગુજ. સ્વ. શાંતાબેન ચનાભાઇ ચભાડીયા તથા આ કામના અરજદાર અરવિંદભાઇ ચનાભાઇ ચભાડીયા**ની સંયુક્ત માલીકીની અને કબજા ભોગવટાની આવેલ છે. જેમાં **ગુજ. સ્વ. શાંતાબેન ચનાભાઇ ચભાડીયાનો ૫૦% (ટકા) અવિભાજય હિસ્સો આવેલ છે.** સદરનું મિલકત **ગુજ. સ્વ. શાંતાબેન ચનાભાઇ ચભાડીયા** તથા આ કામના **અરજદાર અરવિંદભાઇ ચનાભાઇ ચભાડીયા**એ રજી, વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૫૨૭૦, તા. ૧૭/૦૬/૨૦૧૭ નાં રજી, વેચાણ દસ્તાવેજથી શ્રી અતુલભાઇ જાદવભાઇ પડાળીયા પાસેથી ખરીદ કરેલ છે. સદરનું મકાન(સ્થાવર મિલકત) ની ૫૦% (ટકા) અવિભાજય હિસ્સા મુજબ અંદાજિત બજાર કિંમત રૂા. ૯,૧૩,૦૦૦/- અંકે રૂપીયા નવ લાખ તેર હજાર પુરા થાય છે. તે મિલક્ત અંગે ઉપરોક્ત **અરજદારનાં એડવોકેટો રાજેશ પી. ખાખરીયા, જીતેન્દ્ર એ. પાટડીયા, કાવેરીબેન ડી. અમૃતિયા તથા દિવ્યેશકુમાર બી. અમૃતિયા** મારફતે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત દિ.પ.અ. દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઇ વ્યક્તિને વાંધો તકરાર હોય તેમને મુદત તા. ૦૯/૦૩/૨૦૨૬ નાં **રોજ સવારે ૧૧:૦૦** કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા. ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી

આજે **તારીખ ૧૬ માંહે જાન્યુઆરી સને ૨૦૨૬** ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર **(એમ.કે. પરમાર)** સીનીયર કલાર્ક. — (કોર્ટનો સિક્કો) — હુકમથી રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, રાજકોટ.

## જાહેર નોટીસ

રાજકોટ શહેરમાં **રૈયાના રેવન્યુ સર્વે નંબર ૮૬** પૈકીની બિનખેડવાણ થયેલ જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નંબર ૧૮ ના પડેલ સબ પ્લોટ પૈકી **સબ પ્લોટ નંબર ૧૮–૨** ની જમીન **ચો. વા. આ. ૧૨૪–૬–૦ ચો. મી. આ. ૧૦૪–૨૩** સહીતના ઉભા ઈમલાવાળુ મકાન **શ્રી વિનોદકુમાર ઉર્ફે વિનયચંદ્ર દેવરાજભાઈ કાલરીયા** ની સુવાંગ માલીકીનુ અને સ્વતંત્ર કબજા ભોગવટાનુ આવેલ છે. જે મકાન ઉપરોકત માલીક પાસેથી અમારા અસીલ ખરીદ કરવા ઈરાદો ધરાવે છે. સબબ, આથી સર્વેને જણાવવાનું કે ઉપરોકત મકાનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો હોય, વારસાઈ હકક હોય, ભાડુઆતી હકક હોય કે **બેન્ક ઓફ બરોડા, મેટોડા GIDC** શાખા સીવાય અન્ય કોઈનું કોઈપણ જાતનું લેણું, કરજ, ગીરો કે બોજો હોય કે કોઈનો કોઈપણ જાતનો કરાર કે મુખત્યારનામુ હોય કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હોય કે થતાં વેચાણના વ્યવહાર અંગે કોઈનો કોઈપણ પ્રકારે વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ ૭ (સાત) ની અંદર આ નીચે લખ્યા સરનામે અમોને લેખીત આધાર પુરાવા સહીત જણાવવું. મુદત વિત્યે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર કે દાવો, વાંધો તકરાર નથી અથવા હોય તો અમારા અસીલની તરફેણમાં જતા કરેલ છે. તેમ માની અમારા અસીલ ઉપરોકત મકાન ઉપરોકત માલીક પાસેથી બોનાફાઈડ પરચેઝર દરજજે ખરીદ કરવાની કાર્યવાહીઓ કરશે. તે બાદ કોઈના વાંધા, તકરાર, લાગ, ભાગ, હકક, હીત, હીસ્સો કે લેણુ હશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની આથી સર્વેએ નોંધ લેવી.

**રાજકોટ. તારીખ :- ૨૦-૦૧-૨૦૨૬**
**ચંદ્રેશ એન. પોપટ, એડવોકેટ,**
**ઓફીસ નંબર ૧૦૪, માધવ કોમ્પલેક્ષ,**
**હોટલ ઈમ્પીરીયલ પેલેસની સામે,**
**ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ.**

**ચંદ્રેશ એન. પોપટ**
**એડવોકેટ**

તે પક્ષકારોની સુચના અનુસાર

## જાહેર નોટીસ

અમારા અસીલે મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના ગામ વીઠલગઢના રેવન્યુ સર્વે નં. ૧૦૨/૩/પૈકી ૧ ની જુની શરતની જરાયત પ્રકારની "જરખડી" તરીકે ઓળખાતી ખેતીની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૦-૮૦-૯૪ વાળી જમીન તાજુદ્દીનભાઇ ઉર્ફે તાહજુદીનભાઇ અમીભાઇ બાદી રહે. મું. કણકોટ, તા. વાંકાનેર, જી. મોરબીવાળા પાસેથી ખરીદ કરવા નકકી કરેલ છે. જેની ગામ વીઠલગઢના રેવન્યુ રેકર્ડ ગામનમુનો નં. ૮-અ, ખાતા નં. ૨૩૪ તથા હકકપત્રક નં. ૬, નોંધ નં. ૯૩૫ થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે.

ઉપરોકત વિગતેની ખેતીની જમીનના માલીકી ટાઈટલ, રાઈટસ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કબજા, પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, ભાગલાગ, દરદાવો, વારસાઈ હકક કે ભરણપોષણનાં હકક કે કોઈનું લેણુ, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, અધિકાર હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૦ માં લેખિત આધાર પુરાવા સાથે નીચેનાં સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધો તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ વેચાણ, વ્યવહાર પુર્ણ કરી જમીનનો સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના હકક, દાવા મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહીં. જેની આથી લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

અમારા મારફત — રાજકોટ, તા. ૨૦ - ૦૧ - ૨૦૨૬

**વીણા કે. કોરાટ - એડવોકેટ & નોટરી**
**વિજય આર. દેસાઇ - એડવોકેટ**

૩૦૬, ધ મીલેનીયમ, થર્ડ ફ્લોર, નાના મવા સર્કલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. મો. ૯૬૦૧૦ ૫૪૯૮૮

SS MEDIA

## 'જાહેર નોટીસ'

આ જાહેર નોટીસથી જાહેર જનતા તથા લાગતા– વળગતા તમામને જાણ કરીએ છીએ કે, રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના ગામ **–મેસપર** ની **''બાવળવાળુ''** તરીકે ઓળખાતી **રે.સ.નં. ૬/૨ પૈકી ૧** ની (જુ.શ.) સિંચાઈનો કુવો સહિતની પિયત ખેડ. જમીન **હે.આરે.ચો.મી. ૩-૫૯-૧૬** ગામનમુના નં. ૮–અના ખાતા નં. ૨૪૭માં (૧) રમેશભાઈ જાગાભાઈ (૨) કાન્તાબેન વિનોદભાઈ ધડુક (૩) કપિલભાઈ વિનોદભાઈ ધડુક (૪) સોનલબેન વિનોદભાઈ ધડુક (૫) હેતલબેન વિનોદભાઈ ધડુકના સંયુકત નામ–ખાતે તથા સંયુકત માલિકી, કબજા અને ભોગવટામાં આવેલ છે. સદરહું ખેડવાણ જમીન તેમની પાસેથી મારા અસીલએ ખરીદ કરવા નું નકકી કરેલ છે.

સદરહું ખેડ જમીન માંહે માલીકી, કબજા, ભોગવટા, સહ–હિસ્સેદાર, ભાગીદાર, વારસાઈ, બાબતે કે લોન–ધિરાણ, ગીરો–બોજો–લીયન અંગેના કે દબાણ અંગેના તેમજ રસ્તા બાબતે કે ટાઈટલ અંગેના તેમજ અન્ય બાબતે કોઈપણ ના કાંઈપણ પ્રકારનાં લાગ–ભાગ, હકક– હિસ્સા કે વાંધા – તકરાર આવેલ હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૧૦(દસ)** માં નીચેનાં સરનામે રજી. પોષ્ટ થી લેખીતમાં આધાર–પુરાવા સાથે જાણ કરવી. મુદતે કોઈપણનાં કાંઈ પણ પ્રકારનાં વાંધા–તકરાર નહી આવે તો તેમણે જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ આખેડ. જમીનનો પેમેન્ટ ચુકવી, કબજો સંભાળી લઈ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદનાં કોઈ પણના કાંઈ પણ પ્રકારનાં વાંધા–તકરાર મારા અસીલ શુધ્ધ– બુધ્ધિ ના ખરીદનાર હોય તેને બંધનકર્તા રહેશે નહીં. જેની લાગતા– વળગતા તમામએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ, તા:૨૦/૦૧/૨૦૨૬ — **:અમારા મારફત :**

**હર્ષ ડી. ફળદુ (એડવોકેટ)**

૮-નવલનગર કોર્નર, મવડી રોડ, રાજકોટ મો. ૯૪૦૯૪ ૩૫૮૯૪

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટ ના મહે., પડધરીના એડી...સીવીલ જજ **એસ. એન. ફાળકી,** સાહેબની કોર્ટમાં, દિવાની પરચુરણ અરજી નં. 1/2026 અરજદાર **સ્વ. ઠાકરશીભાઈ તલકશીભાઈ ચંદીભમર** ના સીધી લીટીના વારસદાર દરજજે તેમના પુત્ર **શ્રી હસમુખભાઈ ઠાકરશીભાઈ ચંદીભમર** ની નીચે મુજબની મિલ્કત ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ ના પડધરી તાલુકાના ગામ નારણકાના રેવન્યુ સર્વે નં. ૧૭૪ ની જમીન એકર ૧૧-૨૦ ગુંઠા રહેણાંક ના હેતુ માટે બીનખેડવાણ થયેલ પ્લોટસ પૈકી સબ પ્લોટ નં. ૨૩-બી ની જમીન ચો.વા.આ. ૨૪૪-૪-૦ બરાબર ચો.મી.આ. ૨૦૪-૩૮ ની ખુલ્લી જમીન આવેલ છે. સદરહું મીલ્કત દસ્તાવેજ અનુક્રમ નં. ૬૯૭૮, તા. ૧૮-૦૯-૧૯૮૬ ના રોજ ઠાકરશીભાઈ તલકશીભાઈ ચંદીભમર જોગ મે. વૈભવ પાર્ક એન્ડ કું.ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર હેમંતકુમાર વશરામભાઈ પરમાર વિગેરે પાસેથી ખરીદ કરેલ છે. તે મિલ્કતનું વારસા સર્ટી. મેળવવા માટે તેમના વકીલ **અમીત.એમ.કોઠારી** તથા **દેવાંગી કિરીટભાઈ વેગડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સબંધે જે કોઇ વ્યક્તિને વાંધો તકરાર હોય તેમને મુદત તા.૨૦/૨/૨૦૨૬ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તારીખ.૧૫ માંહે જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (આર.આર. વોરા) આસી. કલાર્ક, પડધરી. — (કોર્ટનો સિક્કો) — રજીસ્ટ્રાર, પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ (સિધ્ધરાજસિંહ વાઢેર) રજીસ્ટ્રાર, પડધરી.

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે., 16th એડી. સીવીલ જજ એમ.એમ. શેખ સાહેબની કોર્ટમાં, દિવાની પરચુરણ અરજી નં.૪૭/૨૦૨૬ અરજદાર **સ્વ. જીતેન્દ્ર જીવણસિંહ નકુમ** ના કાયદેસરના વારસદાર દરજજે તેમના પત્નિ **શ્રી શીલાબેન જીતેન્દ્રભાઇ નકુમ** રહે. રાજકોટ એ **સ્વ. જીતેન્દ્ર જીવણસિંહ નકુમ** ની નીચે મુજબની મિલ્કત ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ તાલુકાના મોજે ગામ કોઠારીયાના રેવન્યુ સર્વે નં. ૧૭૦ પૈકીની ઔધોગીક હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી જે **"ચંદ્ર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ"** તરીકે ઓળખાતા વિસ્તારમાં પ્લોટ નં. - ૮ ની કુલ જમીન ચો.મી.આ. ૧૪૮૩-૧૩ ઉપર આવેલ મિલ્કત પૈકી ગ્રાઉન્ડ ફલોરમાં અંદરના ભાગે આવેલ ઈન્ડસ્ટ્રીયલ હેતુ માટેના શેડો પૈકી શેડ નં. ૩૦ જેનો બાંધકામ વિસ્તાર ચો.મી. ૨૨-૪૦ થાય છે. તે મિલ્કતનું વારસા સર્ટી. મેળવવા માટે તેમના વકીલ **અમિત.એમ.કોઠારી** તથા **શ્રી દેવાંગી.કે.વેગડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સબંધે જે કોઇ વ્યક્તિને વાંધો તકરાર હોય તેમને મુદત તા. ૨૩ - ૨-૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તારીખ. ૧૭ માંહે જાન્યુઆરી સને . ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (એન.એસ. ચાવડા) આસી. કલાર્ક, રાજકોટ. — (કોર્ટનો સિક્કો) — રજીસ્ટ્રાર, પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ (આર. આર. રાવલ) રજીસ્ટ્રાર, રાજકોટ.

## બીનખેતીની જમીનનાં મિલકતનાં ટાઈટલ કલીયર અને વેચાણ પુર્વેની જાહેર નોટીસ

જીલ્લા ભાવનગર, તાલુકા પાલીતાણાનાં મોજે. ગામ : જીવાપરનાં રે.સ.નં. ૧૩ પૈકી ૧ તથા સર્વે નં.૧૩ પૈકી ૧ પૈકી ૨ તથા સર્વે નં. ૧૩ પૈકી ૧ ની જુની શરતની જમીન જે તે ખાતેદાર ખેડુતો અનુક્રમે ૧. સાટીયા ભીખાભાઇ ભીમાભાઇ તથા ૨. બીજલભાઇ નારણભાઇ મેર તથા ૩. વેલજીભાઇ ઠાકરશીભાઇ સોલંકી પાસેથી અમમભાઇ એસ. શાહે અનુક્રમે રજી.વેચાણ દસ્તાવેજો ૧૩૦૩ તા.૨૯/૭/૨૦૧૧ તથા નં.૧૧૭૭ તા.૨૫/૧૦/૨૦૧૬ તથા ૧૧૭૮ તા. ૨૫/૧૦/૨૦૧૬ થી ખરીદ કરેલ. સદરહુ જમીનોનું રી-સર્વે તથા પ્રમોલગેશન થતા પાલીતાણાનાં પ્રાંત અધિકારી દ્વારા ચકાસણી કરી હુકમ નં.જમીન/ રી—સર્વે/ પ્રમોલગેશન/ જીવાપર/ પાલીતાણા/ ૨૪૫/૨૦૧૭ તા.૨૮/૨/૨૦૧૭ થી નવું તૈયાર કરેલ રી-સર્વ રેકર્ડનું પ્રમોલગેશન કરી આખરી કરવામાં આવેલ અને તે અંગે હકક નોંધ નં. ૩૦૪ તા. ૨૮/૨/૨૦૧૭ થી દાખલ કરવામાં આવેલ. રી–સર્વે મુજબ ઉપરોકત સર્વે નંબરોમાં અને ક્ષેત્રફળમાં ફેરફાર થયેલ. તે મુજબ નવા અપાયેલા સર્વે નં. ૨૨ ની હે. ૧–૮૩–૨૦ ચો.મી. તથા સર્વે નં.૨૩ ની હે. ૦–૮૧–૦૭ ચો.મી. તથા સર્વે નં. ૨૪ ની હે.૧-૩૧-૬૦ ચો.મી. થવા પામેલ. સદરહુ ત્રણે સર્વે નંબરો એક શેઢે આવેલ હોયને અને માલીક પણ એક જ હોયને તેને એકત્રીકરણ કરતો હુકમ મામલતદારશ્રીએ તા.૨૪/૮/૨૦૧૭ થી કરતા તમામ જમીનોને એક સર્વે નં.૨૨ આપવામાં આવેલ અને જેનું કુલ ક્ષેત્રફળ હે. ૩–૯૫–૮૭ ચો.મી થાય છે. શ્રી અમમભાઇ એસ. શાહે ઉપરોકત દસ્તાવેજોથી ખરીદ કરેલ જમીનોનાં રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં. ૬ માં શ્રી અમમભાઇ એસ. શાહનાં નામે નોંધ થયેલ છે. શ્રી અમમભાઇ એસ. શાહે જમીનો ખરીદ કર્યા બાદ તેની કાયદેસર માપણી કરાવેલ છે અને સદરહુ સર્વે નં.૨૨ ની જમીન રહેણાંકનાં હેતુ માટે બીનખેતી કરવા નાયબ નગર નિયોજક પાસે લે-આઉટ પ્લાન મંજુર કરાવેલ છે અને સદર જમીનનાં બે હિસ્સા પ્લોટ નં. એ તથા પ્લોટ નં બી કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર સમગ્ર જમીનને જીલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગર દ્વારા રહેણાકનાં હેતુ માટે બીનખેતી કરતો હુકમ નં.ડીપી/રેવ/૦૧/લે-રે.ક-૬૬/કેસ નં.૧૯૮/ ૨૦૧૭-૧૮ તા.૧૯/૭/૨૦૧૮ કરી જમીન બીનખેતી ઉપયોગમાં ફેરવી આપેલ છે.સદરહુ બીનખેતી જમીન પૈકી વિભાગ/પ્લોટ નં. એ ની જમીન તેમાં રહેલ આંતરીક રસ્તા કોમન પ્લોટ સહીત કુલ ૧૬૮૯ ચો.મી. અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોયને સદર જમીનનું ટાઇટલ કલીયર સર્ટીફીકેટ માંગેલ છે. જેથી સદરહુ બીનખેતીની જમીન સંબંધે કોઇપણ શખ્સ, સંસ્થા, મંડળી, પેઢી કે બેંક કે કોઇનો પણ કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો, બોજો, ચાર્જ, લીયન કે ભરણપોષણ કે વારસાઇ હકક અગર કોઇપણ પ્રકારનાં કાયદેસરનાં હકકો કે બોજાઓ હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭ માં લેખીતમાં તમામ આધાર-પુરાવા સાથે અમારી ઓફીસનાં સરનામે રજુ કરવા, મુદત વિત્યે કોઇનાં હકક કે વાંધા તકરાર નથી અને હોય તો વેવ કરેલા ગણી અમો ટાઇટલ કલીયર સર્ટીફીકેટ ઇસ્યુ કરીશું તથા અમારા અસીલ વેચાણની કાર્યવાહી હાથ ધરી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઇનાં વાંધા-તકરાર ચાલશે નહી જેની સર્વેએ નોંધ લેવી. **તા. ૨૦-૦૧-૨૦૨૬**

**ઉમેશ જે. ત્રિવેદી** (એડવોકેટ) **સૌરભ પી. પટેલ** (એડવોકેટ) રાજકોટ

**ઓફીસ :- ૧૧૬ કાવેરી કોમ્પલેક્ષ, નવાપરા, ભાવનગર.**

ઝાંસીમાં નિવૃત રેલ કર્મીએ લિવ-લન પાર્ટનરની હત્યા કરી

# ૨૫ વર્ષ નાની પ્રેમિકા સાથે હેવાનિયતઃ હત્યા કરી ચુલામાં લાશ સળગાવીઃ બોક્સમાં અસ્થિ લઇ નીકળ્યો



## લાશને ૧૦ દિવસ રૂમમાં રાખીઃ ટુકડા કરી તેને ચૂલામાં સળગાવી આખરે ભાંડો ફૂટયો

ઝાંસી તા.૨૦: ઉત્તર પ્રદેશના ઝાંસી જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સિટી કોતવાલી અને સિપરી બજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક નિવૃત્ત રેલવે કર્મચારીએ તેના લિવ-ઈન પાર્ટનરની ક્રૂરતાથી હત્યા કરી અને પુરાવાનો નાશ કરવા માટે ઘણા દિવસો સુધી મૃતદેહ સાથે રહીને તેને સળગાવી દીધો. આ સમગ્ર મામલો બ્લૂ બોક્સમાં ખુલ્યો જેમાં મહિલાની રાખ અને હાડકાના અવશેષો મળી આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીની ઓળખ રામ સિંહ ઉર્ફે બ્રિજ ભાન તરીકે થઈ છે, જે નિવૃત્ત રેલવે કર્મચારી હતો. મૃતક, જેની ઓળખ ૪૦ વર્ષીય પ્રીતિ તરીકે થઈ છે, તે તેની સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી. આરોપીએ સિપરી બજાર વિસ્તારમાં એક રૂમ ભાડે લીધી હતી. ઘટનાના દિવસે તેણે ત્યાં પ્રીતિ સાથે દારૂ પીધો હતો. દારૂ પીધેલી હાલતમાં બન્ને વચ્ચે ઝઘડો થયો હતો, જેના કારણે રામ સિંહે પ્રીતિની હત્યા કરી હતી.

હત્યા પછી, આરોપીએ મૃતદેહને ધાબળા અને તાડપત્રીમાં લપેટીને એક બ્લૂ બોક્સમાં મૂકી દીધો. ઠંડીનો લાભ લઈને, તેણે ધીમે ધીમે લાકડા ભેગા કર્યા અને રૂમની અંદર મૃતદેહના ટુકડા શાર્વનું શરૂ કર્યું અને તેને બાળવાનું શરૂ કર્યું. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આરોપી લગભગ સાત દિવસ સુધી દરરોજ શરીરના જુદા જુદા ભાગોને બાળતો રહ્યો. જ્યારે ફક્ત રાખ અને હાડકાં જ બચ્યા, ત્યારે તેણે તેમને કોથળાઓમાં બંધ કરીને બ્લૂ બોક્સમાં મૂક્યા. આરોપી આ બોક્સ તેના પુત્ર નીતિન દ્વારા બીજા ઘરે મોકલી દીધા. દરમિયાન, ઝાંસીના બ્રહ્મા નગર વિસ્તારમાં રહેતી ગીતા રાયકવાર નામની એક મહિલાના ઘરે બોક્સ પહોંચ્યું. ૧૭ અને ૧૮ જાન્યુઆરીની રાત્રે, પોલીસને ફુટા ચોપડા વિસ્તારમાં આ શંકાસ્પદ બ્લૂ બોક્સ વિશે માહિતી મળી. જ્યારે તેઓએ બોક્સ ખોલ્યું, ત્યારે તેમને માનવ હાડકાં અને રાખ મળી.

આ પહેલા, શનિવારે મોડી રાત્રે, એક ઓટો ડ્રાઈવર, જયસિંહ પાલ, ને પણ બોક્સ પર શંકા ગઈ. આરોપીએ બ્રહ્મા નગરથી મિનર્વા સ્ક્વેર સુધી એક ઓટો બુક કરાવી હતી. મુસાફરી દરમિયાન, બોક્સમાંથી દુર્ગંધ આવવા લાગી અને ગંદુ પાણી ટપકવા લાગ્યું. ઓટો ડ્રાઈવરે તાત્કાલિક પોલીસને જાણ કરી. પોલીસ આવે તે પહેલાં આરોપી ઘટનાસ્થળેથી ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ તેને પકડી લેવામાં આવ્યો. પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે રામ સિંહનું અંગત જીવન વિવાદોથી ભરેલું હતું. તેણે અગાઉ બે લગ્ન કર્યા હતા અને બન્ને પત્નીઓને છોડી દીધી હતી. ત્યારબાદ તે પ્રીતિ સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેવા લાગ્યો. પૂછપરછ દરમિયાન, આરોપીએ જણાવ્યું કે તે પ્રીતિ બીજા કોઈ સાથે પણ સંપર્કમાં હતી અને તે તેની સતત પૈસાની માગણીથી પરેશાન હતો. આના કારણે તેણે હત્યાનું પૂર્વયોજિત આયોજન કર્યું.

એસપી સિટી પ્રીતિ સિંહ અને સીઓ સિટી લક્ષ્મીકાંત ગૌતમે જણાવ્યું હતું કે પોલીસે પુરાવા એકઠા કર્યા છે અને મુખ્ય આરોપીએ ગુનો કબૂલી લીધો છે. આરોપીના પુત્ર સહિત બે લોકોની અટકાયત કરવામાં આવી છે. આ જઘન્ય ગુનામાં બીજું કોણ સંડોવાયું હતું તેની પણ પોલીસ તપાસ કરી રહી છે. આ ઘટના બાદ, વિસ્તારમાં ગભરાટનો માહોલ છવાઈ ગયો છે. પોલીસનું કહેવું છે કે તપાસ ચાલુ છે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.(૩૮.૧૮)

# પાકિસ્તાન ૨૬ જાન્યુઆરી પહેલાં ભારતમાં કંઈક કરવાની વેતરણમાં

બંગલાદેશથી આતંકવાદીઓ જળમાર્ગે ઘૂસણખોરી કરે એવી શક્યતા



નવી દિલ્હી તા.૨૦: પ્રજાસત્તાક દિવસ નજીક આવી રહ્યો છે ત્યારે પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા ઈન્ટર સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) ભારતમાં મોટો હુમલો કરાવવાની તજવીજ કરી રહી છે એવી માહિતી ભારતીય ગુપ્તચર સંસ્થાઓને મળી છે. આપણી એજન્સીઓએ પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (PoK) ઉપરાંત બંગલાદેશના રસ્તે સંભવિત આતંકવાદી ઘૂસણખોરી થઈ શકે છે એવી શક્યતા વ્યક્ત કરી છે.

ભારતીય ગુપ્તચર સંસ્થાઓને માહિતી મળી છે કે ISI ૨૬ જાન્યુઆરી પહેલાં ભારતમાં કંઈક નાપાક કરવાની વેતરણમાં છે. સૂત્રોના કહેવા મુજબ PoKનાં લોન્ચપેડ સક્રિય છે પણ ત્યાંથી ઘૂસણખોરી સંભવ નથી થઈ રહી એટલે ISI બંગલાદેશના રસ્તે ભારતમાં ઘૂસવાની યોજના બનાવી રહી છે. એવી માહિતી મળી છે કે આતંકવાદીઓ જળમાર્ગે બંગલાદેશમાં પ્રવેશ કરશે.(૩૮.૧૬)

# આખા ભારતમાં તબાહી મચાવવાની તય્યબાના આતંકવાદીની ધમકી

મે ૨૦૨૫માં ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનના પંજાબ અને PoKમાં આતંકવાદી ઠેકાણાંઓને નિશાન બનાવ્યાં હતા

નવી દિલ્હી તા.૨૦: પાકિસ્તાની આતંકવાદી હાફિઝ સઈદના સંગઠન લશ્કર-એ-તય્યબાના કમાન્ડર આમિર ઝિયાએ ખુલ્લેઆમ કાશ્મીરમાં આતંક ફેલાવવાની અને ભારતમાં વિનાશ મચાવવાની ધમકી આપી છે. આમિર ઝિયા પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરમાં લશ્કર-એ-તય્યબાનો કમાન્ડર છે.

લશ્કરની PoK વિંગ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં આમિર ઝિયાએ ભારત તરફ ઈશારો કરતાં કહ્યું હતું કે 'ગાયની પૂજા કરતો આપણો પાડોશી આજે આપણને ધમકી આપી રહ્યો છે. તેઓ એટલા હિમતવાન થઈ ગયા છે કે તેઓ PoK પર વિજય મેળવવાની વાત કરી રહ્યા છે, પરંતુ અમે અમારી લડાઈથી પાછળ હટીશું નહીં. અમે કાશ્મીરને આઝાદ કરીશું અને સમગ્ર ભારતમાં વિનાશ મચાવીશું. ગજવા-એ-હિન્દ માટે હવે બધાં જૂથોએ ભારત સામે એક થવાની જરૂર છે.' મે ૨૦૨૫માં ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનના પંજાબ અને PoKમાં આતંકવાદી ઠેકાણાંઓને નિશાન બનાવ્યાં હતાં. જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તય્યબાની ઘણી ઈમારતોનો નાશ કરવામાં આવ્યો હતો. હવે આ બન્ને આતંકવાદી જૂથો ફરીથી સક્રિય થઈ ગયાં છે. ગુપ્તચર એજન્સીઓએ આતંકવાદી સંગઠનો લશ્કર-એ-તય્યબા અને જૈશ-એ-મોહમ્મદની સંગઠનાત્મક અને કાર્યકારી પ્રવૃત્તિઓ વિશે ચેતવણી આપી છે. એમાં કહેવામાં આવ્યું છે કે ઓપરેશન સિંદૂરના ૭ મહિના પછી બન્ને આતંકવાદી સંગઠનોએ ભરતી ફરી શરૂ કરી છે.

સૌથી નાની પુત્રી ૩ વર્ષની તો સૌથી મોટી ૨૧ વર્ષની છેઃ બેના નામ રાખ્યા છે કાફી-માફી

# ૩૮ વર્ષની મહિલાએ નવ પુત્રીઓ બાદ પુત્રને જન્મ આપ્યોઃ નામ રાખ્યું દિલખુશ

જીંદ તા.૨૦: થોડા દિવસો પહેલા હરિયાણાના જીંદમાં દસ પુત્રીઓ પછી પુત્રના જન્મના સમાચાર સામે આવ્યા હતા. હવે, તે જ જિલ્લાના ઉચાના કલાનથી આવી જ એક ઘટના સામે આવી છે. આ સમાચાર માત્ર એક પરિવારના આનંદને પ્રતિબિંબિત કરતા નથી, પરંતુ તે માનસિકતાને પણ ઉજાગર કરે છે જ્યાં આજે પણ પુત્રના જન્મને તહેવાર માનવામાં આવે છે અને પુત્રીઓ પુત્રની રાહ જુએ છે.



ઉચાના કલાનના રહેવાસી સુરેન્દ્રએ ૨૪ વર્ષના લગ્નજીવન પછી પુત્ર અને નવ પુત્રીઓનું સ્વાગત કર્યું. સિવિલ હોસ્પિટલમાં દીકરાના જન્મના સમાચાર મળતા જ પરિવાર અને સગાસંબંધીઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો. હોસ્પિટલ પરિસરમાં મીઠાઈઓ વહેંચવામાં આવી અને ઉજવણી કરવામાં આવી.

સુરેન્દ્રની પત્ની રીતુએ નવ દીકરીઓ પછી દસમા બાળકને જન્મ આપ્યો. પરિવારના સભ્યો કહે છે કે આ વખતે બધાએ દીકરા માટે પ્રાર્થના કરી હતી, જેથી દીકરીઓને ભાઈ મળે. વધુમાં, પરિવારના બીજા ભાઈને પણ ત્રણ દીકરીઓ છે, જેના કારણે કુલ ૧૨ બહેનોને એક ભાઈનો આશીર્વાદ મળ્યો છે. બે દીકરીઓના લગ્ન ગયા વર્ષે નવેમ્બરમાં થયા હતા. સૌથી નાની દીકરી ત્રણ વર્ષની છે. મોટી દીકરી ૨૧ વર્ષની છે. દીકરીઓનું નામ કલ્પના, આરતી, ભારતી, ખુશી, મનસુ, રજની, રાજીવ, કાફી અને માફી છે.

પરિવારની મહિલાઓ અને સગાસંબંધીઓ તેને ભગવાનનો આશીર્વાદ કહી રહ્યા છે. દીકરાનું નામ જાહેર કરતાં કાકીએ કહ્યું, ભગવાન બધાને ખુશ કર્યા છે. સિવિલ હોસ્પિટલના ડોક્ટરોના જણાવ્યા મુજબ, ૩૮ વર્ષીય રીતુની ડિલિવરી સામાન્ય હતી, અને માતા અને પુત્ર બંને સ્વસ્થ છે. ડોક્ટરોએ સમજાવ્યું કે મહિલાને ખાસ દેખરેખ હેઠળ રાખવામાં આવી હતી કારણ કે તેના પહેલા નવ ડિલિવરી થઈ હતી.

જોકે, આ આનંદી વાતાવરણ એક પ્રશ્ન ઉભો કરે છે શું સમાજમાં હજુ પણ પુત્રીનો જન્મ અસ્વીકાર્ય છે? જ્યારે સરકાર દીકરી બચાવો, દીકરીને ભણાવો જેવા અભિયાનો ચલાવી રહી છે, તો બીજી તરફ, એક મહિલાને પુત્રની ઈચ્છામાં ૧૦ વખત માતા બનવાની ફરજ પાડવામાં આવે છે. તેના ૧૦ માંથી બધી ૧૦ ડિલિવરી સામાન્ય હતી. આ સમાચાર સ્પષ્ટપણે દર્શાવે છે કે આધુનિક સમયમાં પણ, પુત્ર અને પુત્રી વચ્ચે ભેદભાવ રાખવાની માનસિકતા સંપૂર્ણપણે અદૃશ્ય થઈ નથી.(૩૮.૧૭)

ભલે કાયદા મુજબ માતા કુદરતી વાલી હોય, પરંતુ બાળકના હિત અને તેના ઉછેરને પ્રાથમિકતા આપવી અનિવાર્ય છે

# બાળકના ઉછેરમાં પિતાનો પ્રેમ અને શિસ્ત સર્વોપરી છે, હાઈકોર્ટે ચાર વર્ષના બાળકની કસ્ટડી પિતા પાસે યથાવત્ રાખી

અમદાવાદમાં ફેમિલી કોર્ટે બાળકની કસ્ટડી પિતાને સોંપતા આદેશને માતાએ ગુજરાત હાઇકોર્ટમાં પડકાર્યો હતો

અમદાવાદ તા.૨૦: અમદાવાદમાં ફેમિલી કોર્ટના ચુકાદાને પડકારતી એક મહત્ત્વની સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે કે બાળકના સર્વાંગી કલ્યાણ માટે પિતા પાસે રહેલી તેની કસ્ટડી યોગ્ય છે. હાઈકોર્ટે માતાની તે અરજી ફગાવી દીધી છે જેમાં તેણે પાંચ વર્ષથી ઓછી ઉંમરના પુત્રની કાયમી કસ્ટડીની માગ કરી હતી. કોર્ટે અવલોકન કર્યું કે બાળકના ઉછેરમાં પિતાનો પ્રેમ અને શિસ્ત સર્વોપરી છે, ભલે કાયદા મુજબ માતા કુદરતી વાલી હોય, પરંતુ બાળકના હિત અને તેના ઉછેરને પ્રાથમિકતા આપવી અનિવાર્ય છે.

મોના અને મોહિત (ઓળખ છુપાવવા નામ બદલ્યા છે) લગ્ન વર્ષ ૨૦૧૫માં થયા હતા અને વર્ષ ૨૦૨૧માં તેમના પુત્રનો જન્મ થયો હતો. જોકે, દામ્પત્ય જીવનમાં અણબનાવ બનતા ઓક્ટોબર ૨૦૨૨માં બંનેએ પરંપરાગત રીતે છૂટાછેડા (કસ્ટમરી ડિવોર્સ) લીધા હતા. તે સમયે થયેલા કરાર મુજબ, માતાએ સ્વેચ્છાએ બાળકની કસ્ટડી પિતાને સોંપી હતી અને પોતે માત્ર મુલાકાતના અધિકારો રાખ્યા હતા. લગભગ એક વર્ષ બાદ માતાએ ફેમિલી કોર્ટમાં અરજી કરીને બાળકની ઉંમર પાંચ વર્ષથી ઓછી હોવાનું જણાવી કસ્ટડીની માગણી કરી હતી, જે ફેમિલી કોર્ટે ફગાવી દીધી હતી.



ફેમિલી કોર્ટના ચુકાદાને માતાએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો અને દલીલ કરી હતી કે, હિન્દુ માઈનોરિટી એન્ડ ગાર્ડિયનશિપ એક્ટની કલમ ૬ મુજબ, ૫ વર્ષથી ઓછી વયના બાળકની કસ્ટડી સામાન્ય રીતે માતા પાસે હોવી જોઈએ. તેમની આવક વધુ છે અને પિતા બે શિફ્ટમાં કામ કરતા હોવાથી બાળકનું ધ્યાન રાખી શકતા નથી. બીજી તરફ પિતાના વકીલે દલીલ કરી હતી કે જ્યારે બાળક માત્ર ૧૬ મહિનાનું હતું ત્યારે માતા તેને છોડીને જતી રહી હતી. પિતા બાળકની તમામ જરૂરિયાતો પૂરી કરી રહ્યા છે, તેને પ્રતિષ્ઠિત સીબીએસઈ (CBSE) સ્કૂલમાં ભણાવી રહ્યા છે અને બાળક પિતા સાથે સંપૂર્ણ રીતે સુરક્ષિત અને ખુશ છે.

બંન્ને પક્ષની રજૂઆત બાદ હાઈકોર્ટની ખંડપીઠે આ મામલે બાળકની સાથે રૂબરૂ મુલાકાત કરી હતી. કોર્ટે નોંધ્યું કે બાળકમાં સારા સંસ્કાર, શિસ્ત અને વિવેક જોવા મળ્યા છે અને તેનો અભ્યાસમાં દેખાવ પણ 'વેરી ગૂડ' રહ્યો છે. પિતા મહિને ૫૫,૦૦૦ રૂપિયા કમાય છે અને બાળકની સ્કૂલ ફી તેમજ અન્ય ખર્ચ નિયમિત રીતે ભરે છે. વળી, પિતાની ગેરહાજરીમાં પરિવારના અન્ય સભ્યો બાળકની સંભાળ રાખે છે. કોર્ટે ચુકાદામાં સ્પષ્ટ કર્યું કે કાયદામાં 'ઓર્ડિનરી' (સામાન્ય રીતે) શબ્દનો પ્રયોગ થયો છે, જેનો અર્થ એ નથી કે દરેક કિસ્સામાં માતાને જ કસ્ટડી મળવી જોઈએ. બાળકના સર્વાંગી વિકાસ અને તેની પિતા સાથેની આત્મીયતાને જોતા ફેમિલી કોર્ટનો આદેશ યોગ્ય છે.

હાઈકોર્ટની ખંડપીઠે આ કેસમાં બાળકની રૂબરૂ મુલાકાત લીધા બાદ કેટલાક પાયાના અવલોકનો કર્યા હતા. કોર્ટે નોંધ્યું કે, બાળક ખૂબ જ શિસ્તબદ્ધ, વિવેકી અને સારા સંસ્કારો ધરાવે છે. તેના ઉછેરમાં કોઈ ખામી જોવા મળી નથી. બાળકના રિપોર્ટ કાર્ડ મુજબ તે અભ્યાસમાં 'વેરી ગૂડ' ગ્રેડ મેળવી રહ્યો છે અને પિતા તેની તમામ જરૂરિયાતો પૂરી કરી રહ્યા છે. રેકોર્ડ પર રહેલા ફોટોગ્રાફ્સ અને પુરાવાઓ સાબિત કરે છે કે પિતા અને પુત્ર વચ્ચે ગાઢ ભાવનાત્મક સંબંધ છે. કાયદામાં 'સામાન્ય રીતે' (Ordinarily) કસ્ટડી માતા પાસે રહેવી જોઈએ તેવું લખ્યું છે, પરંતુ બાળકના કલ્યાણને ધ્યાને રાખીને તે પિતાને પણ સોંપી શકાય છે.

કોર્ટે બાળકની કસ્ટડી પિતા પાસે રાખી હોવા છતાં, માતાના માતૃત્વના હકને માન્ય રાખતા આદેશો કર્યા છે કે માતા દર મહિનાના પહેલા અને ત્રીજા રવિવારે સવારે ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધી બાળકને મળી શકશે. અઠવાડિયામાં એકવાર ૩૦ મિનિટ માટે વીડિયો કે વોઈસ કોલ પર વાત કરી શકશે. બાળકના જન્મદિવસે માતા તેની સાથે ૩ કલાક વિતાવી શકશે.(૩૮.૫)

## તમારી પ્રેસનોટ-ફોટા મેઈલ કરજો

રાજકોટ શહેરની વિવિધ સંસ્થાઓને જણાવવાનું કે તમારા કાર્યક્રમ અંગેની પ્રેસનોટ અને ફોટા મેઈલ **akiladailyphoto@gmail.com** મોકલવા વિનંતી. મેઈલ કર્યા બાદ ફોન.૦૨૮૧-૨૪૪૫૩૫૪/ ૨૪૪૫૧૧૧ ઉપર જાણ કરવી જરૂરી છે.(૪૦.૨)

પોલીસે મૃતક મહિલાના પતિ પર હત્યાનો કેસ ચલાવ્યો, પણ કાતિલ પાડોશી નીકળ્યો

# પાડોશી યુવક સાથે મહિલાએ એવો વાયદો કર્યો નિભાવી ન શકતા ખેતરમાં લઈ જઈ સળગાવી નાખી



લખનઉ તા.૨૦: ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પોલીસે જે મહિલાની હત્યાના કેસમાં તેના પતિને આરોપી માનીને ચાલી રહી હતી, તે નિર્દોષ નીકળ્યો અને અસલી કાતિલ કોઈ બીજો જ નીકળ્યો. પોલીસે મહિલાના હત્યાકાંડની તપાસ જેમ જેમ આગળ વધારી, તેમ તેમ શંકા પાડોશી પર વધતી ગઈ અને આખરે પાડોશી જ હત્યારો નીકળ્યો.

પોલીસે મૃતક મહિલાના પતિ પર હત્યાનો કેસ ચલાવ્યો, પણ કાતિલ પાડોશી નીકળ્યો. લખનઉના નગરામથી ગુમ મહિલાની હત્યાના આરોપમાં પોલીસે તેના પાડોશીની ધરપકડ કરી લીધી છે. ગત ૧૨ ડિસેમ્બરના રોજ નગરામના કુંબહરા ગામની ૩૦ વર્ષીય પૂનમ ગુમ થઈ ગઈ હતી.

પતિ પીતામ્બરે નગરામ પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી. પછી ૭ જાન્યુઆરીના રોજ ગામની નજીક સરસવના ખેતરમાં એક કંકાલ મળ્યું હતું. કંકાલ પાસે એક સાડી પણ મળી હતી. કંકાલનું હાલમાં ડીએનએ તપાસ થઈ રહી છે. પૂનમના પરિવારે તેના પતિ પિતામ્બર પર હત્યાનો આરોપ લગાવ્યો હતો. આ મામલામાં ફરિયાદ નોંધી પોલીસે તપાસ કરી રહી હતી. તપાસમાં સામે આવ્યું કે પૂનમને ૨૦ વર્ષીય પાડોશી આશીષ સાથે હંમેશા વાતચીત થતી હતી.

પૂનમે પોતાની મોટી બહેનની દીકરીના લગ્ન આશીષ સાથે કરાવવાનો વાયદો કર્યો હતો. પણ તેના લગ્ન બીજી જગ્યાએ થઈ ગયા. આ વાતથી આશીષ પૂનમથી નારાજ હતો. આશીષે ૧૨ ડિસેમ્બરના રોજ પૂનમને ખેતરમાં બોલાવી. જ્યાં ગળું દબાવીને આશીષે પૂનમની હત્યા કરી નાખી. ગુમ થવાની ફરિયાદ નોંધાયા બાદ પૂનમની લાશને આશીષે સરસવના ખેતરમાં જઈને છુપાવી દીધી. આશીષના ઘરેથી પૂનમની પાયલ, માળા અને કપડાં પણ મળી આવ્યા હતા.(૩૮.૨)

વીડિયોમાં તેઓ મહિલાને ગળે લગાવતા અને ચુંબન કરતા જેવી અશ્લીલ હરકતો કરતા નજરે પડી રહ્યા છે

# કર્ણાટકના DGPનો ઓફિસમાં અશ્લીલ વીડિયો વાઈરલઃ સસ્પેન્ડ

બેંગ્લોર તા.૨૦: કર્ણાટકના પોલીસ મહાનિર્દેશક (DGP - નાગરિક અધિકાર પ્રવર્તન) કે. રામચંદ્ર રાવને સોમવારે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર મહિલાઓ સાથે વાંધાજનક સ્થિતિમાં તેમના ઘણા વીડિયો વાઈરલ થયા બાદ રાજ્ય સરકાર દ્વારા આ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા આ વીડિયોમાં, DGP રેન્કના અધિકારી ડો. રામચંદ્ર રાવ પોતાની વર્દીમાં ઓફિસમાં બેઠેલા જોવા મળે છે. તેમની સાથે એક મહિલા પણ છે. વીડિયોમાં તેઓ મહિલાને ગળે લગાવતા અને ચુંબન કરતા જેવી અશ્લીલ હરકતો કરતા નજરે પડી રહ્યા છે. આ વીડિયો સામે આવતા જ વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.



જોકે, ૧૯૯૩ બેચના આ IPS અધિકારી રામચંદ્ર રાવે આ તમામ આરોપોને ફગાવી દીધા છે અને તેને મનઘડંત અને ખોટા ગણાવ્યા છે. તેમણે કહ્યું, હું સ્તબ્ધ છું. આ બધું મનઘડંત અને ખોટું છે. વીડિયો સંપૂર્ણપણે નકલી છે. તેમણે વધુમાં કહ્યું કે આ વીડિયો કદાચ આઠ વર્ષ જૂનો હોઈ શકે છે, જ્યારે તેઓ બેલગાવીમાં તૈનાત હતા. તેમણે આને પોતાની વિરુદ્ધનું ષડયંત્ર ગણાવ્યું છે આ મામલો સામે આવતા જ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ વિભાગ પાસેથી વિસ્તૃત માહિતી લીધી છે. વીડિયો જોયા બાદ મુખ્યમંત્રીએ ગૃહ મંત્રાલય પાસેથી તાત્કાલિક રિપોર્ટ માંગ્યો છે. વીડિયો વાઈરલ થતાં જ રાવે ગૃહ મંત્રી જી. પરમેશ્વરને મળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમની મુલાકાત થઈ શકી ન હતી.(૩૮.૧૨)

# કેન્સરના કારણે છાત્રાના વાળ ખરી ગયા તો આખી સ્કૂલમાં બધાએ મુંડન કરાવી નાખ્યું



જોધપુર તા.૨૦: સોશિયલ મીડિયા પર હાલમાં એક ભાવુક કરનારો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. જેણે પણ આ વીડિયો જોયો તેમની આંખો ભીની થઈ ગઈ અને માણસાઈ પરનો વિશ્વાસ વધારે મજબૂત થયો. આ વીડિયોમાં એક સ્કૂલના તમામ બાળકો અને શિક્ષક એક જ સાથે માથા પર મુંડન કરાવેલા દેખાઈ રહ્યા છે. પહેલી નજરમાં આ દ્રશ્ય ચોંકાવનારું લાગશે, પણ તેની પાછળનું કારણ સામે આવ્યા બાદ લોકો તેના ખૂબ વખાણ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર કરવામાં આવેલા દાવા અનુસાર, આ વીડિયો જોધપુરનો હોવાનું કહેવાય છે, જ્યાં એક કેન્સર પીડિત વિદ્યાર્થિનીના જુસ્સાને વધારવા અને હિમત આપવા માટે સ્કૂલે એકસાથે મળીને દાખલો બેસાડ્યો.

વીડિયો અનુસાર, સ્કૂલની આ છાત્રા કેન્સર જેવી ગંભીર બીમારીથી ઝઝૂમી રહી છે. સારવાર દરમિયાન કીમોથેરેપી બાદ તેના વાળ ખરી ગયા. જેના કારણે તે માનસિક રીતે ખૂબ જ ટેન્શનમાં રહેવા લાગી. આ સ્થિતિમાં તેની સાથે ભણતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ એવું પગલું ઉઠાવ્યું, જેનાથી ન ફક્ત એ છાત્રાનું મનોબળ વધ્યું પણ સમાજને પણ સંવેદનશીલ અને સહાનુભૂતિનો મેસેજ આપ્યો.

કહેવાય છે કે જ્યારે છાત્રાના વાળ સારવાર દરમિયાન ખરી ગયા, તો તે ખુદને બાકી બાળકોથી અલગ અને નબળી અનુભવ કરવા લાગી. તેની માનસિક પીડાને સમજતા સ્કૂલના બાળકો અને શિક્ષકોએ સામૂહિક રીતે નિર્ણય લીધો કે તેઓ પણ પોતાનું માથું મુંડાવશે. તેનો ઉદ્દેશ્ય ખાલી એટલો હતો કે છાત્રાને એવો અહેસાસ ન થાય કે તે એકલી છે. જ્યારે છાત્રાએ પોતાના સહપાઠીઓ અને શિક્ષકોને પોતાની જેમ માથું મુંડાવતા જોયા તો તેનો આત્મવિશ્વાસ વધી ગયો અને ચહેરા પર સ્માઈલ આવી ગઈ.

વાહ આને કહેવાય માણસાઈ! વાયરલ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ક્લાસના બાળકો, શિક્ષકો અને અન્ય સ્ટાફ એક સાથે મુંડાયેલા માથા સાથે ઊભા છે

વાયરલ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ક્લાસના બાળકો, શિક્ષકો અને અન્ય સ્ટાફ એક સાથે મુંડાયેલા માથા સાથે ઊભા છે. કોઈના ચહેરા પર સહાનુભૂતિ તો કોઈના ચહેરા પર ગર્વ જોવા મળતો હતો. આ દ્રશ્ય એ બતાવે છે કે સ્કૂલ ખાલી ભણવાની જગ્યા નથી, પણ ભાવનાત્મક ટેકો આપનારો પરિવાર પણ બની શકે છે. વીડિયો સામે આવ્યા બાદ લોકો તેને માણસાઈ, દોસ્તી અને સાચા શિક્ષણનું ઉદાહરણ ગણાવી રહ્યા છે.

જો કે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલો આ વીડિયો જોધપુરનો હોવાનું કહેવાય છે. પણ સત્તાવાર રીતે હજુ સુધી સ્કૂલ અથવા પ્રશાસન તરફથી તેની પુષ્ટિ થઈ નથી. તેમ છતાં વીડિયોમાં દેખાઈ રહેલી ભાવના અને ઉદ્દેશ્યને લઈને કોઈને પણ શંકા નથી. આ પહેલ એક રીતે સકારાત્મક મેસેજ આપે છે. જે સૌ કોઈને વિચારવા મજબૂર કરે છે.(૩૮.૩)

## ઉત્તર પ્રદેશમાં ધુમ્મસને કારણે બાવીસ સ્થળોએ કુલ ૭૦ વાહનો ટકરાયાં, ૧૨ લોકોનાં મોત

દિલ્હીમાં ધુમ્મસને કારણે ફ્લાઇટો અને ટ્રેનો મોડી પડી- કાશ્મીરમાં હવે હાડ થિજાવતી ઠંડી પડી રહી છે

નવી દિલ્હી તા.૨૦: ઉત્તર પ્રદેશમાં ઠંડીની સાથે ફોગને કારણે વહેલી સવારે વિઝિબિલિટી ઝીરો થઈ જતાં અલગ-અલગ શહેરોમાં વાહનો એકબીજા સાથે ટકરાવાની બાવીસ ઘટનાઓ બની હતી. આ અકસ્માતોમાં ૧૨ લોકો માર્યા ગયા હતા અને કુલ ૭૫ લોકો ઘાયલ થયા હતા. એકલા અમરોહામાં જ ૧૫ વાહનો ટકરાયાં હતાં. નવી દિલ્હીમાં ઈન્દિરા નેશનલ એરપોર્ટ પર પણ ધુમ્મસને કારણે અનેક ફ્લાઈટ્સ ડિલે થઈ હતી. રાજ્યમાં ૧૦૦થી વધુ ટ્રેનો ધુમ્મસને કારણે લેટ પડી હતી.

હિમાચલ પ્રદેશમાં લાહૌલ સ્પીતિ અને ચંબામાં ભારે બરફવર્ષા થતાં સ્પીતિમાં ૨૫ ટૂરિસ્ટોનું વ્હીકલ બરફમાં ફસાઈ ગયું હતું. જોકે તાત્કાલિક પોલીસની હેલ્પ મળતાં ટૂરિસ્ટોનું રેસ્ક્યુ શક્ય બન્યું હતું.

કાશ્મીરમાં હવે હાડ થિજાવતી ઠંડી પડી રહી છે. ગઈ કાલે પહલગામમાં તાપમાન માઈનસ ૨.૬ ડિગ્રી હતું, જ્યારે સૌથી વધુ ઠંડા શહેર શોપિયાંનું ન્યુનતમ તાપમાન માઈનસ ૫.૬ ડિગ્રી નોંધાયું હતું.(૩૮.૮)

**૨૭મીએ ફાઇવ-ડે બેંકિંગ મુદ્દે હડતાલનું એલાનઃ આગલા 3 દિવસ રજા છે : શુક્રવાર સુધીમાં બેન્કીંગ કામકાજ પતાવી લેવું હિતાવહ**

# ૨૪-૨૫-૨૬-૨૭ જાન્યુ. એમ સતત ૪ દિવસ બેંકો બંધ રહેશેઃ સેવાઓ ઠપ્પ થશે

નવી દિલ્હી તા.૨૦: જો તમારે જાન્યુઆરીના છેલ્લા સપ્તાહમાં બેન્કને લગતું કોઈ કામકાજ છે તો ઝડપથી પૂર્ણ કરી લેજો કારણ કે બેન્ક સંગઠનોએ એક દિવસીય સંભવિત હડતાળનું એલાન કર્યું છે, ઉલ્લેખનીય છે કે બેન્ક હડતાળ એક દિવસની હોઈ શકે પણ બેન્કનું કામકાજ ચાર દિવસ સુધી ઠપ રહી શકે, કારણ કે યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ (UFBU) ૨૭ જાન્યુઆરી ૨૦૨૬એ હડતાળ રાખવાનો નિર્ણય લીધો છે, જેથી બેન્ક કર્મચારીઓ હડતાળ પર જઈ શકે છે. જેના આગળના ત્રણ દિવસ(૨૪-૨૫-૨૬ જાન્યુઆરી) સત્તાવાર રીતે રજાઓ છે. એટલે બેન્કનું કામકાજ ૨૩ જાન્યુઆરી શુક્રવાર સુધીમાં આટોપી લેવું હિતાવહ છે.

યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) દ્વારા જાહેર ૨૭ જાન્યુઆરી ૨૦૨૬એ સંભવિત બેન્ક હડતાળના નિર્ણયનું મુખ્ય કારણ સપ્તાહમાં ૫ દિવસ જ કામકાજ બે દિવસ રજા(ફાઈવ ડે વર્કિંગ)નો નિયમ લાગુ કરવાનું છે. UFBUએ એક નિવેદનમાં




જણાવ્યું હતું કે હાલ બેન્ક કર્મચારીઓને દરેક મહિનામાં બીજા અને ચોથા શનિવારે રજા મળે છે, બાકીના બે શનિવારે રજા જાહેર કરવા માર્ચ ૨૦૨૪માં વેતન સંશોધન કરાર મુજબ ઈન્ડિયન બેન્ક એસોસિએશન(IBA) અને યુનાઈટેડ ફોરમ ઑફ બેંક યુનિયન્સ (UFBU) વચ્ચે સહમતિ સધાઈ હતી. જેમાં સોમવાર થી શુક્રવાર સુધી પ્રત્યેક દિવસ ૪૦ મિનિટ વધારાના કામ કરવા પણ સહમતી બની હતી જેથી કામકાજના સમયમાં કોઈ કાપ મૂકવામાં આવ્યો નથી, પણ દુર્ભાગ્યપૂર્ણ છે કે સરકારે વાસ્તવિક માંગ પર હજુ સુધી કોઈ ધ્યાન આપ્યું નથી.

૨૪ જાન્યુઆરીએ ચોથો શનિવાર, ૨૫ જાન્યુઆરીએ રવિવાર અને ૨૬ જાન્યુઆરી સોમવારના રોજ પ્રજાસત્તાક દિવસ હોવાથી રજા છે તે ઉપરાંત ૨૭ જાન્યુઆરીના રોજ બેન્કની રાષ્ટ્રવ્યાપી હડતાળ થાય તો વધુ એક દિવસ બેન્કનું કામ અવરોધાઈ શકે છે. જેવામાં બેન્ક શાખાઓ સંપૂર્ણ રૂપે ૨૮ જાન્યુઆરીથી ખૂલશે તેવી શક્યતાઓ છે. ચાર દિવસ

(જુઓ પાનુ ૬)

# પડધરીના ખોખરી ગામે ગૂમ થયેલા બાપ-દિકરાની વોંકળામાંથી ફુલાયેલી લાશ મળી

૬ વર્ષનો અરૂણ ન્હાવા જતાં ડૂબી જવાથી ૨૭ વર્ષિય પિતા રાજેશ ડાવર પણ ડૂબી ગયાની શક્યતા: ૧૬મીએ રાજેશને પત્નિ સાથે ચડભડ થયા બાદ તે ૬ વર્ષના દિકરાને લઇ ઘરેથી નીકળી ગયો હતો: પતિ જાતે આવી જશે એવું ન માનતી પત્નિએ પોલીસને જાણ કરી નહોતી: ઘટના આકસ્મિક કે આપઘાતની કે અન્ય કંઈ? તેની તપાસ: બંનેના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયા



મુળ એમપીનો રાજેશ અગાઉ પરિવાર સાથે મોરબી રહેતો હતો: બે મહિનાથી ખોખરીમાં વાડીમાં રહી મજૂરી કરતો હતો

રાજકોટ તા. ૨૦: પડધરીના ખોખરી ગામે ખેતરમાં રહી મજૂરી કરતાં મુળ મધ્યપ્રદેશના ૨૭ વર્ષના યુવાન અને તેના ૬ વર્ષના દિકરાની લાશ ખોખરીના ઉંડ ડેમ પાસેના વોંકળામાંથી મળી આવતાં ચકચાર મચી ગઇ છે. ગત ૧૬મીએ આ યુવાન દિકરાને લઈને વાડીએથી નીકળી ગયો હતો. પત્નિ સાથે ચડભડ થઇ હોઈ પત્નિને એમ હતું કે સાંજ સુધીમાં તે પરત આવી જશે. પણ ત્રણ દિવસ વીતી ગયા છતાં પતિ કે પુત્ર પરત ન આવતાં તે ચિંતામાં મુકાઈ ગઈ હતી. આમ છતાં કોઈને જાણ કરી નહોતી. આ દરમિયાન ખોખરીના ઉંડ ડેમ પાછળના વોંકળામાંથી આ પિતા-પુત્રના કોહવાયેલા, ફુલાયેલા મૃતદેહ મળતાં ચકચાર મચી ગઈ છે. બનાવ આકસ્મિક છે, આપઘાતનો છે કે પછી અન્ય કંઈ બન્યું? તેની તપાસ પડધરી પોલીસ કરી રહી છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયા છે. જાણવા મળ્યા મુજબ પડધરીના ખોખરી ગામે આવેલા ઉંડ ડેમ પાછળના વોંકળામાં એક છોકરા અને યુવાનના મૃતદેહ પડ્યા હોવાની જાણ થતાં પડધરી પોલીસ મથકના એએસઆઈ પુનીતભાઈ અગ્રાવત, રાઈટર મહિપાલસિંહ જાડેજા સહિતે પહોંચીને કાર્યવાહી કરી હતી. મૃતદેહ બહાર કઢાવીને ઓળખ મેળવવા તપાસ શરૂ કરતાં આ મૃતદેહો ખોખરી ગામે અનિરૂધ્ધસિંહ જાડેજાની વાડીમાં રહી મજૂરી કરતાં મુળ મધ્યપ્રદેશના રાજેશ જુવાનસિંગ ડાવર (ઉ.વ.૨૭) અને તેના દિકરા અરૂણ રાજેશ ડાવર (ઉ.વ.૬)ના હોવાનું રાજેશની પત્નિ રેનુબેન ડાવરે ઓળખી બતાવ્યું હતું.

મૃત્યુ પામનાર રાજેશને સંતાનમાં બે દિકરા છે. જેમાં તેની સાથે મૃત્યુ પામનાર અરૂણ મોટો હતો. તેનાથી નાનો દિકરો ૪ વર્ષનો છે. પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ રાજેશ અગાઉ મોરબી પંથકમાં પત્નિ, બે બાળકો સાથે રહી મજૂરી કરતો હતો. હાલ છેલ્લા બે મહિનાથી તે પડધરીના ખોખરી ગામે અનિરૂધ્ધસિંહ જાડેજાની વાડીમાં રહી મજૂરી કરતો હતો. તેની પત્નિ અનુબેને પોલીસ પુછતાછમાં કહ્યું હતું કે-પતિ રાજેશને નશાની આદત હતી. તે આ કારણે ઘરમાં બોલાચાલી કરતો હતો. ૧૬/૧ના બપોરે બે વાગ્યા આસપાસ બોલાચાલી બાદ પતિ રાજેશ ઘરેથી ૬ વર્ષના દિકરા અરૂણને લઈને નીકળી ગયો હતો.

સાંજ સુધી પતિ કે દિકરો ઘરે ન આવતાં તેણીને એમ હતું કે ક્યાંક રિસાઈને રોકાઈ ગયો હતો અને બાદમાં તેની મેળે આવી જશે. જો કે આ રીતે ત્રણ દિવસ વીતી જવા છતાં પતિ-પુત્રની ભાળ ન મળતાં તે ચિંતામાં મુકાઈ ગઈ હતી. પોલીસને જાણ કરવા જાય એ પહેલા જ ગઈકાલે ઉંડ ડેમની પાછળ આવેલા વોંકળામાંથી પતિ-પુત્રના ફુલાઈ ગયેલા, કોહવાઈ ગયેલા મૃતદેહ મળી આવ્યા હતાં.

પોલીસનું પ્રાથમિક તારણ છે કે ૬ વર્ષનો પુત્ર અરૂણ ન્હાવા જતાં ડૂબી ગયા બાદ તેને બચાવવા જતાં પિતા રાજેશ પણ ડૂબી ગયો હોઈ શકે છે. મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહોને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયા છે. ઘટના આકસ્મિક છે કે પછી આપઘાતની? કે પછી અન્ય કંઈ બન્યું? તે અંગે તપાસ થઈ રહી છે. (૧૪.૫)

# ગિરનારમાં ઠંડી યથાવત ૫.૫ ડિગ્રીઃ સૌરાષ્ટ્ર-કચ્છમાં સામાન્ય ઘટાડો

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં લઘુતમ તાપમાનનો પારો નીચે ઉતર્યો: મિશ્ર વાતાવરણ યથાવત

રાજકોટ તા.૨૦: રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. જયારે ગિરનાર ઉપર ઠંડી યથાવત છે. આજે ગિરનાર ૫.૫ ડિગ્રી ઠંડી નોંધાઈ છે. જયારે કચ્છના નલીયામાં ૧૦.૮, અમરેલી ૧૧.૬, રાજકોટ ૧૧.૫, જામનગરમાં ૧૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ છે.

**જુનાગઢ**

(વિનુ જોશી દ્વારા) જુનાગઢઃ આજે સવારે તાપમાનમાં ફરી ઘટાડો થતા ગિરનાર પર ૫.૫ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી.

ગઈકાલથી જુનાગઢ સહિત સોરઠમાં ઠંડીનું નવેસરથી મોજુ શરૂ થયું છે. નવા સપ્તાહના પ્રથમ દિવસ સોમવારે ગીરનાર પર ૭.૭ ડિગ્રી લઘુતમ તાપમાન રહ્યા બાદ આજે સવારે ૨.૨ ડિગ્રીના ઘટાડા સાથે ૫.૫ ડિગ્રી નોંધાતા સમગ્ર ગિરનાર પર્વત અને તેના જંગલ વિસ્તારમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું.

ગિરનારની સાથે સાથે જુનાગઢમાં પણ સવારે લઘુતમ તાપમાન ૨.૨ ડિગ્રી ઘટીને ૧૦.૫ ડિગ્રી નોંધાયું હતુ. જુનાગઢ વિસ્તારમાં ઠંડી વધવાની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૮૩ ટકાએ પહોંચી જતા વ્હેલી સવારે ઝાકળવર્ષા પણ થઈ હતી જેના પરિણામે ઠંડી વધુ તીવ્ર બની હતી. સવારથી પવનની પ્રતિ કલાકની ઝડપ ૩.૪ કિલોમીટરની રહી હતી.

**જામનગર**

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગરઃ બાજરા સંશોધન કેન્દ્ર જામનગર તરફથી મળેલ તાપમાનની વિગત જોઈએ તો લઘુતમ તાપમાન ૧૨, મહતમ તાપમાન ૨૭, ભેજનું પ્રમાણ ૮૦%, પવનની ગતિ ૩.૪ કિ.મી. રહી છે.

**ભાવનગર**

(મેઘના વિપુલ હિરાણી દ્વારા) ભાવનગરઃ ગોહિલવાડ પંથકમાં ઠંડી ઘટી છે. આજે મંગળવારે ભાવનગર શહેરનું લઘુતમ તાપમાન ઘટીને ૧૪ લઘુતમ તાપમાન ઘટીને ૧૪.૬ ડિગ્રી નોંધાયુ હતું. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૦ ટકા રહયુ હતું. જયારે પવનની ઝડપ ૮ કિ.મી. રહી છે.(૨.૭)

## હોટલોમાં ક્વોલિટી અને કિંમતનું ગણિત બદલાયું

# ડુંગળીના ભાવમાં ભડકો: છૂટક બજારમાં ભાવ રૂા.૩૦થી ૫૦ પ્રતિ કિલો

અમદાવાદ તા.૨૦: અમદાવાદીઓના ભોજનનો અભિન્ન હિસ્સો ગણાતી ડુંગળી હવે ગૃહિણીઓ સાથે હોટલ સંચાલકોને પણ રડાવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ડુંગળીના ભાવમાં સતત ઉછાળો નોંધાઈ રહ્યો છે. હોલસેલ બજારમાં પ્રતિ કિલો રૂા.૮ થી ૧૮ માં વેચાતી ડુંગળીના ભાવ વધીને રૂા.૧૮ થી ૨૪ સુધી પહોંચી ગયા છે, જેની સીધી અસર છૂટક બજાર પર પડી રહી છે.



જથ્થાબંધ બજારમાં ભાવ વધતા જ શહેરના જુદા જુદા વિસ્તારોમાં છૂટક ડુંગળી રૂા.૩૦ થી માંડીને રૂા.૫૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. હાલમાં અમદાવાદના માર્કેટ યાર્ડમાં મહારાષ્ટ્રના નાસિક તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર, મહુવા રાજકોટ પંથકમાંથી ડુંગળીની આવક થઈ રહી છે. જોકે, વેપારીઓના મતે આગામી દિવસોમાં પુરવઠો અને માંગના સમીકરણોને જોતા ભાવમાં હજુ પણ વધારો થવાની શક્યતા છે.

ડુંગળીના વધતા ભાવ વચ્ચે હોટલ અને રેસ્ટોરન્ટ ઉદ્યોગમાં એક નવી ચર્ચાએ જોર પકડ્યું છે. બજારના સૂત્રો અને જથ્થાબંધ વેપારીઓના જણાવ્યા અનુસાર, ડુંગળીના વધતા ભાવને કારણે ખર્ચ પર નિયંત્રણ રાખવા માટે વિવિધ સ્તરે પ્રયાસો થઈ રહ્યા છે.

નાની હોટલોની મજબૂરીઃ બજારના જાણકારોનું કહેવું છે કે, નાની અને મધ્યમ વર્ગની હોટલોમાં ઘણીવાર રસોડા અને શાકભાજીનો સ્ટોક ગ્રાહકોની નજર સામે હોવાથી ત્યાં સંચાલકો સારી ગુણવત્તાની ડુંગળી રાખવાનો આગ્રહ રાખતા હોય છે.

મોટી હોટલો અને ખર્ચનું ગણિતઃ બીજી તરફ, મોટાપાયે વપરાશ ધરાવતી અને જ્યાં રસોડામાં ગ્રાહકોની સીધી અવરજવર નથી હોતી, તેવી જગ્યાઓએ ખર્ચ ઘટાડવા માટે ઘણીવાર સસ્તા વિકલ્પો કે મધ્યમ ગુણવત્તાની ડુંગળીનો ઉપયોગ થતો હોવાનું બજારમાં ચર્ચાઈ રહ્યું છે. જોકે, આ બાબત સંપૂર્ણપણે હોટલ સંચાલકોની નીતિ પર નિર્ભર રહે છે.

અમદાવાદમાં ખાણીપીણીનું બજાર એટલું વિશાળ છે કે અહીં ડુંગળી અને બટાકાનો વપરાશ ચોંકાવનારો છે. આંકડાકીય માહિતી મુજબ, અમદાવાદીઓ વર્ષ દરમિયાન અંદાજે ૨૩ કરોડ કિલો ડુંગળી અને ૨૦ કરોડ કિલોથી વધુ બટાકા આરોગી જાય છે. હવે જ્યારે આ પાયાની વસ્તુઓના ભાવ વધી રહ્યા છે, ત્યારે તે સામાન્ય માણસના ખિસ્સા પર બોજ વધારી રહ્યા છે.(૩૮.૪)

જોઇએ છે
સીવીલ એન્જીનિયર DEGREE / DIPLOMA
બેક ઓફીસ સ્ટાફ
ઓફીસનાં રૂટીન કામકાજ માટે તથા કોમ્પ્યુટરનાં જાણકાર
થાઝિક રોડ, રાજકોટ
M.94090 18457

જનરેટર
ના દરેક પ્રકારના રીપેરીંગ તથા સ્પેરપાર્ટ માટે મળો :
9824226414

હેલ્પર જોઈએ છે
પાણીનાં ટાંકા સફાઈ કરી શકે તેવા
M.93277 28484

જોઇએ છે
બહેન
ઓફિસના દરેક કામ માટે | ઉંમર: 18-30
૬૦૪, ઓર્નેટ વન, સિલ્વર સ્ટોન મેઈન રોડ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ
99048 11111

કંકોત્રી તથા રિટર્ન ગિફ્ટ
॥ મધુરમ્ ॥
એસ્ટ્રોન ચોક, રાજકોટ
૨૪૮૩૦૦૯
૧૦ થી ૧ અને 3.30 થી ૮.30

સ્ટાફ જોઇએ છે
માધાપર (રાવકી) ચુનિટ માટે
- લેથ મશીન ફિટર - 3
- પ્રોડકશન સુપરવાઇઝર - 2
- Quality Control Inspector - 2
- ડ્રાઇવર - 1
- ટર્નર - 1
- મીલીંગ મશીન ઓપરેટર - 2
- પ્લાનીંગ મશીન ઓપરેટર - 2
- હેલ્પર - 5
- Marketing Executive - 3
ટ્રાન્સપોર્ટેશન સુવિધા સાથે
Shreyash Machine Tools
accumaxlathe@gmail.com
82004 07735

જુની ખુરશી આપો નવી ખુરશી લઇ જાઓ
માત્ર રીનોવેશન સોફા સેટ
» રીવોલ્વીંગ ચેર
» વીઝીટર ચેર
» ડાયનીંગ ચેર
» કોમ્પ્યુટર ચેર
» ઓફીસ ચેર
મોમાઇ લાઈનીંગ વર્કસ
શનીભાઈ
રીપેરીંગ તેમજ નવી બનાવી આપીશું
9924345419

ભાડે જોઇએ છે
રાજકોટમાં ગર્લ્સ હોસ્ટેલ માટે સ્વતંત્ર બિલ્ડીંગ / કોમ્પલેક્ષ
લોંગ લીઝથી, મીનીમમ 5 માળ
8866 55 1808

OKAYA ELECTRIC VEHICLE
ખરીદી તમારી, વિશ્વાસ અમારો...
ટેસ્ટ ડ્રાઇવ માટે એક વાર અવશ્ય પધારો.
ઇલેક્ટ્રીક સ્કૂટર
FAAST-F4
લોન ઉપર Rs.9000/*
CASH BACK
તમારા કોઇપણ જુના EV/Petrol ટુ-વ્હીકલનાં
Rs.4000/* સુધીનું એક્સચેંજ વળતર
Rs.5000/-
ડાઉનપેમેન્ટ ભરી સરળતાથી લોન ઉપલબ્ધ
વધુ વિગત માટે 90335 66677
Rs. 28 100 Km. Per Charge
1 વર્ષની કુલ વોરંટી | 70 Km. સ્પીડ ડબલ સવારીમાં | ઓકાયા લીથીયમ આયર્ન (LFP) બેટરીની 97% લાઇફ વધુ
કોરોનેશન મોટર્સ
પ્રમુખ સ્વામી આર્કેડની બાજુમાં, માલવીયા ચોક, રાજકોટ. મો.90335 66677
MANISH ADS

Raymond શુટ રૂા. 3000
કાપડ + સિલાઇ સાથે
સફારી શુટ રૂા.૧૫૫૦
રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂા. ૧૨૦૦
વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે
ફક્ત રૂા. 3000 શુટ કોટ પેન્ટ
વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે
બ્રાન્ડેડ જોડી રૂા. ૧૧૦૦
ભાડે મળશે શુટ-સેરવાની
ઇન્ડો-વેસ્ટર્ન જોધપુરી-બ્લેઝર સાફા-મોજડી
ન્યુ ફ્રેશ કલેકશન
ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેકશન
વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ. મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫

SHETH BROTHERS SINCE 1972
પ્રતિકાર Detox ગ્રીનટી
Taste Bhi Health Bhi
આદુ, હળદર, અશ્વગંધા, ગળો, સરગવાના પાન, કાળામરી, એલચી, તુલસી વિગેરેના ઔષધીય ગુણ યુકત
Pratikar Refreshing Detox Green Tea
ASHWAGANDHA • TULSI • HALDI
NET WT. (25 GMS) 10 TEA BAGS
પ્રતિકાર ડીટોક્ષ ગ્રીન-ટી ચહેરાની ત્વચામા ચમક લાવવામાં, વજન નિયંત્રીત કરવામાં, કોલેસ્ટ્રોલ તથા હ્રદય માટે ગુણકારી છે. શરદીમા રાહત આપે છે.
ટેસ્ટમા તો એવી બેસ્ટ છે કે તેનો સ્વાદ દાઢે રહી જાય.

Kaneriya Oil Industries
www.ranioil.com
Since 47 Years
મૂલ્યવાન ભરોસો, મૂલ્યવાન તેલ
RANI®
GOLD સિંગતેલ
કાઠિયાવાડની કસદાર જમીનમાં ઉગતી, ચૂંટેલી શ્રેષ્ઠતમ મગફળીમાંથી તૈયાર થતું કોઇપણ કેમિકલ વગરનું સંપૂર્ણ કુદરતી અણમોલ સિંગતેલ.
આપણાં વિસ્તારમાં ઉગતા કૃષિ પેદાશમાંથી તૈયાર થતું તેલ
આપણાં સ્વાસ્થય અને ચયાપચય સાથે અદ્ભૂત તાલ મિલાવે છે.
RANI GOLD FILTERED GROUNDNUT OIL
કંપની રીટેલ આઉટલેટ • રાજકોટ સીટી :- યુનિટી પ્લસ ; સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં : 97266 53000, 97266 54000 ગોકુલ ધામ : 0281-2333499, 2360201 ; જવાહર રોડ : 0281-2222700/800, 97126 43000 ; રૈયા રોડ : 97125 72000/73000 • શાપર : 97273 83000/84000/85000 • અમદાવાદ સીટી :- સાઉથ બોપલ : 97266 74000/75000 ; ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ

# મોરબીમાં હાઈવોલ્ટેજ વીજ લાઈન સામે ખેડૂતોનો હોબાળોઃ અંડરગ્રાઉન્ડ કેબલ નાખો અથવા ૪૦૦% વળતર આપો

## ખેડૂત આગેવાન મહેશ રાજકોટિયા મેદાનમાં: રાસંગપર ગામે પોલીસ બંદોબસ્ત વચ્ચે ચાલતું કામ અટકાવ્યું, સરકાર અને ખાનગી કંપની સામે બાંયો ચડાવી

(જૈયેશ ભટ્ટાસણા દ્વારા) ટંકારા તા.૨૦: મોરબી જિલ્લાના ખેડૂતો અને વીજ કંપનીઓ વચ્ચે હાઈ વોલ્ટેજ વીજ લાઈનો નાખવા મુદ્દે સર્જાયેલો વિવાદ હવે વધુ વકર્યો છે. જિલ્લાના તમામ તાલુકાઓમાંથી પસાર થનારી મહાકાય વીજ લાઈનો સામે કિશાન હિત રક્ષક સંગઠન અને ખેડૂત આગેવાનોએ મોરચો માંડ્યો છે. માળિયા તાલુકાના રાસંગપર ગામે ખેડૂતોના ખેતરમાં વીજ પોલ ઉભા કરવાની કામગીરીનો તીવ્ર વિરોધ થતા જિલ્લાભરમાં આંદોલનના એંધાણ વર્તાઈ રહ્યા છે.

ખેડૂતોના સમર્થનમાં આવેલા કોંગ્રેસ અગ્રણી અને ખેડૂત નેતા મહેશ રાજકોટિયાએ ખેડૂતોના બાપનું ખેતર છે, પૂછ્યા વગર પગ ન મૂકતાની કંપનીના સત્તાધીશોને આકરા શબ્દોમાં ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતોની સંમતિ વગર અને યોગ્ય વળતર ચૂકવ્યા વગર જો કંપની ખેતરમાં થાંભલા ખોડવા આવશે તો જડબાતોડ જવાબ આપવામાં આવશે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ખાનગી વીજ કંપનીઓ પોલીસ પ્રોટેક્શનના જોરે ખેડૂતોને દબાવવાનો પ્રયાસ કરી રહી છે, જે લોકશાહીમાં અસહ્ય છે.

આ વિરોધ પ્રદર્શનમાં ખેડૂતોએ તંત્ર સામે કેટલાક પાયાના સવાલો ઉઠાવ્યા છે ખેડૂતોની માંગ છે કે જમીનનું વળતર સરકારની જૂની જંત્રી મુજબ નહીં, પરંતુ રાજસ્થાન અને દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાની જેમ બજાર કિંમતના ૪૦૦%(૪ ગણું) મળવું જોઈએ. જો કેરળ જેવા રાજ્યોમાં ખેતી બચાવવા અંડરગ્રાઉન્ડ હાઈ વોલ્ટેજ કેબલ નાખી શકાતા હોય, તો ગુજરાતમાં કેમ નહીં ખેતીની જમીન ઉપરથી પસાર થતા વાયરોને કારણે જમીન બિન-ખેતી (NA) થઈ શકતી નથી, જે લાંબાગાળે મોટું આર્થિક નુકસાન છે. એક જ પ્રોજેક્ટની વીજ લાઈન માટે અલગ-અલગ જિલ્લા કે તાલુકામાં વળતરના દર અલગ કેમ? સમગ્ર રાજ્યમાં એકસમાન નીતિ હોવી જોઈએ. મહેશ રાજકોટિયાએ પોલીસ સામે પણ સવાલ કર્યો કે, પોલીસ માત્ર ખાનગી કંપનીઓના રક્ષણ માટે છે કે ખેડૂતોના મિલકત અધિકારોનું રક્ષણ કરવાની પણ તેમની કોઈ જવાબદારી છે.

હાલમાં અનેક ગામોમાં ખેડૂતોએ કંપનીના માણસોને કામ અધૂરું મૂકીને પાછા ફરવા મજબૂર કર્યા છે. ખેડૂતોનું કહેવું છે કે વીજ લાઈનો નીકળ્યા બાદ કરોડોની કિંમતની જમીન કોડીની કિંમતની થઈ જાય છે અને તેના પર કોઈ પણ બાંધકામ કે અન્ય ઉપયોગ થઈ શકતો નથી. જ્યાં સુધી સરકાર યોગ્ય એગ્રીમેન્ટ અને વળતરની ખાતરી નહીં આપે ત્યાં સુધી લડત ચાલુ રાખવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો છે. હવે જોવાનું એ રહે છે કે ઉગ્ર સ્વરૂપ ધારણ કરે વહીવટી તંત્ર ખેડૂતો સાથે વાટાઘાટો કરીને મધ્યસ્થી લાવે છે કે પછી આ વિવાદ વધુ છે.(૨.૬)

# મોરબીના ગોર ખીજડીયા ગામે પેપર મીલના ઝેરી પ્રદૂષણ સામે ભૂખ હડતાળની ઉગ્ર ચેતવણી

## એક વર્ષ પહેલા પ્રદુષણ બોર્ડને લેખિત ફરિયાદ કરી હોવા છતાં કોઈ કાર્યવાહી નહીં

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૦: મોરબી તાલુકાના ગોર ખીજડીયા ગામના સરપંચ ગૌતમ મોરડીયાએ ગામ નજીક આવેલી પેપર મિલોના ગંભીર પ્રદૂષણ સામે કડક વલણ અપનાવ્યું છે. કારખાનાઓમાંથી નીકળતો ઘુમાડો અને ખુલ્લેઆમ બહાર નાંખવામાં આવતાં કેમિકલથી ગામ લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. શ્વાસની તકલીફ, પાણી અને ખેતી પર અસર સહિત આરોગ્ય જોખમો વધતા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.આ મુદ્દે અગાઉ સરપંચ દ્વારા GPCBથી લઈ NGT સુધી રજૂઆત કરવામાં આવી હતી. ગ્રામજનો દ્વારા રસ્તા રોકો આંદોલન પણ થયું, છતાં હજી સુધી કોઈ અસરકારક પગલાં લેવાયા નથી એવો આક્ષેપ કરવામાં આવ્યો છે. ૩ મહિના પહેલા કેમિકલયુક્ત પાણીના કારણે અનેક માછલાઓના મોત પણ થયા હતા.આ અંગે ગત વર્ષે જાન્યુઆરી-૨૦૨૫માં ગોર ખીજડીયા ગ્રામ પંચાયત દ્વારા જીપીસીબીના ચેરમેનને લેખિત રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ એક વર્ષ વીતી જવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. પરિસ્થિતિમાં તાત્કાલિક સુધારો ન થાય તો આગામી ૨-૩ દિવસમાં સરપંચ સહિત ગ્રામજનો ભૂખ હડતાળ પર બેસશે તેવી કડક ચીમકી આપવામાં ઉચ્ચારવામાં આવી છે. ગ્રામજનોએ દૂષિત કારખાનાઓ સામે તાત્કાલિક કાર્યવાહી, પ્રદૂષણ નિયંત્રણ અને આરોગ્ય સુરક્ષાની માગ સાથે સ્પષ્ટ કર્યું છે કે હવે સહનશક્તિની હદ પૂરી થઈ છે. (૨૨.૪)

# ધોરાજીમાં યુવાનનું હાર્ટએટેકથી મોત



ધોરાજી, તા.૨૦: વી સી પ્લોટ વિસ્તાર માં રહેતા અને પ્લાસ્ટિક નાં કારખાનાંમાં નોકરી કરતા ગોરા હર્ષદ ભાઈ રમેશભાઈ ઉ.૨૫ યુવાન પોતાના ઘરે હોય અને અચાનક છાતીમાં દુ:ખાવો ઉપડ્યો હોય તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. પણ ફરજ પરના તબીબે યુવાન ને મૃત જાહેર કરવામાં આવેલ યુવાન નું અકાળે અવસાન થતાં પરીવારજનોમાં દુ:ખની લાગણી છવાઈ ગયેલ અને હોસ્પિટલમાં તેમના પરિવારનો આક્રંદ જોવા મળ્યો હતો.

મૃતક પરિણીત હતો અને પરીવારમાં એક બાળકી છે. આજ વી સી પ્લોટ વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસમાં આ ત્રીજુ મોત થયું હતું.(૨૩.૭)

# પોરબંદર ગોઢાણિયા સ્કુલના બાયો ફ્યુ અલ પ્રોજેક્ટની રાજ્ય ગણિત-વિજ્ઞાન પ્રદર્શન માટે પસંદગી



પોરબંદર,તા.૨૦ :ગોઢાણીયા ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ ની બાયો ફ્યુ અલ શ્રેષ્ઠ પ્રોજેક્ટ કૃતિ ગણિત વિજ્ઞાન ઝોન કક્ષાના પ્રદર્શન માં પસંદગી થતાં સંકુલ નું ગૌરવ વધ્યુ છે. હવે આગામી દિવસોમાં આણદ મુકામે યોજાનાર રાજ્ય ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં આ પ્રોજેક્ટ કૃતિ પ્રસ્તુત થશે

ગાંધીનગર જી. સી. ઈ. આર ટી પ્રેરિત અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન તથા જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા વિજ્ઞાન ભવન ખાતે વિજ્ઞાન ગણિત ઝોન કક્ષાના પ્રદર્શન નુંભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. આ ઝોન કક્ષા ના ગણિત વિજ્ઞાન પ્રદર્શન માં જૂનાગઢ, ગિર સોમનાથ, જામનગર દેવ ભુમિ દ્વારિકા અને પોરબંદર એમ પાંચ જિલ્લાની શાળાઓ એ આ ગણિત વિજ્ઞાન ઝોન કક્ષાના પ્રદર્શનમાં ભાગ લીધો હતો જેમાં ગોઢાણીયા ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ એ કૃતિતૈયાર કરવાનો હેતુ, વૈજ્ઞાનિક સિધ્ધાંત, જરૂરી સાધન સામગ્રી કાર્ય પધ્ધતિ મુદ્દાઓ ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટકૃતિ તૈયાર કરી હતી બાયો ફ્યુ અલ પ્રોજેક્ટ શ્રેષ્ઠ કૃતિ તરીકે પસંદગી થતાં ગોઢાણીયા શૈક્ષણિક સંકુલ નું ગૌરવ વધ્યું છે.

આ સ્કૂલના પ્રિન્સીપાલ શ્રી ભાવના બેન અટારાની પ્રેરણા થકી સ્કૂલના ગણિત વિજ્ઞાન ટેકનોલોજી ઈનોવેશન વિભાગના શિક્ષક ભાવનાબેન અર્જુન ભાઈ ગોઢાણીયાના માર્ગ દર્શન હેઠળ માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ શ્રી નીરવ ભાઈ મુકેશ ભાઈ રાય ચુરા અને સિદ્ધાર્થ જિતેન્દ્ર ભાઈ રામાવત એ બાયો ફ્યુ અલ પ્રોજેક્ટ કૃતિ તૈયાર કરી હતી જે પોરબંદર ખાતે યોજાયેલ ઝોન કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શન મા પ્રદર્શિત કરવામાં આવતા શ્રેષ્ઠ પ્રોજેક્ટ કૃતિ પસંદગી થતાં હવે આગામી દિવસોમાં આણંદ ખા તે યોજાનાર રાજ્ય ગણિત વિજ્ઞાન પ્રદર્શન માં શ્રેષ્ઠ કૃતિ તરીકે પ્રદર્શિત થશે. (૯.૧૬)

# મોરબીના વોર્ડ નં.૪ માંથી વોર્ડ નં.૫ બનેલા વોર્ડમાં અધૂરા કામ ચાલુ કરવા પૂર્વ કાઉન્સિલરની રજૂઆત

મોરબી, તા.૨૦: મોરબી મહાનગરપાલિકાના વોર્ડ નં.૪ (નવો વોર્ડ નં.૫) માં અધૂરા કામો ચાલુ કરવા બાબતે ભાજપના પૂર્વ કાઉન્સિલર સુરેશભાઈ શિરોહીયા, જશવંતીબેન સુરેશભાઈ શિરોહીયા અને પૂર્વ કાઉન્સિલર ગિરિરાજસિંહ ઝાલા દ્વારા મોરબી મહાનગરપાલિકાના કમિશનરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

આ રજૂઆતમાં જણાવ્યું છે કે, મોરબી મહાનગરપાલિકાના સામા કાંઠે આવેલા વોર્ડ નં.૪ (નવો વોર્ડ નં.૫)માં બાકી રહેલા કામો તાત્કાલિક ચાલુ કરવા માટે અનેક વખત રજૂઆતો કરવા છતાં કામો અટકેલા છે. રોડ રસ્તાના કામો ચાલુ કરવા રજૂઆત કરાઈ છે. આ ઉપરાંત આંગણવાડી બનાવવા માટે, કોમ્યુનિટી હોલ, સો-ઓરડી બાલા હનુમાન મંદિર રોડના શેરીના ટુકડા બનાવી અથવા પોટરી શાળાથી અંબિકા ગરબી ચોક સુધી પેવર બ્લોક ફીટ કરવા ઉપરાંત



નવા વિસ્તારમાં સમાવિષ્ટ ભડીયાદ જવાહર સોસાયટી, જીવરાજ પાર્ક, બૌદ્ધનગર, રામદેવપીરનો ઢોરો આ તમામ નવા વિસ્તારોમાં તમામ સુવિધાઓ આપવા નાગરિકોની વિનંતી હોય આ તમામ કામો પૂર્ણ કરવા જણાવ્યું છે. (૨૨.૨)

# પોરબંદરના ભાવપરામાં ૧,૦૪ કરોડના કેનાલ કામનું અર્જુનભાઇ મોઢવાડીયાના હસ્તે ખાત મુહુર્ત

પોરબંદર તા.૨૦ :..વન અને પર્યાવરણ વિભાગના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં ભાવપરા નજીક



પાંચડેરા ખાતે રૂ. ૧.૦૪ કરોડના ખર્ચે 'વડાલા નિંગોડ કેનાલ ટુ પાંચડેરા'ના મહત્વપૂર્ણ રેડિયલ કેનાલ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું આ પ્રોજેક્ટ પૂરો થવાથી વિસ્તારમાં ખેડૂતોની સિંચાઈ વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને કૃષિ ઉત્પાદનમાં સીધો વધારો થશે.

કાર્યક્રમમાં મંત્રીશ્રી અર્જુનભાઈએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર સતત ખેડૂતોના હિતમાં નિર્ણયો લઈ રહી છે. તાજેતરમાં કમોસમી વરસાદની પરિસ્થિતિમાં પણ સરકારે ખેડૂતોને એક હેક્ટર દીઠ ૨૨ હજારની સહાય, મહત્તમ બે હેક્ટર મર્યાદા સાથે, તરત જ જાહેર કરીને મુશ્કેલીની ઘડીએ ખેડૂતોને આધાર આપ્યો છે.

મંત્રીશ્રી અર્જુનભાઈએ આગળ જણાવ્યું કે જિલ્લાના યુવાનોને રોજગારી માટે બહાર ન જવું પડે અને સ્થાનિક સ્તરે રોજગારીની તકો ઊભી થાય તે માટે ગાંધી કોરિડોર, સાંસ્કૃતિક વન, બીચ ડેવલપમેન્ટ, સાગરપક્ષી અભ્યારણ સહિતના ક્રુવાસન ક્ષેત્રેના વિકાસના સરકારના આયોજનની વિગતો આપીને જિલ્લો પ્રવાસન ક્ષેત્રે આગળ વધે તે માટેના પ્રયાસોની વાત કરી હતી. અને

પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી બાબુભાઈ બોખરીયાએ પણ સરકારની ખેડૂત હિતલક્ષી નીતીઓની વાત કરી હતી.

ભાવપરાના પાંચડેરા ખાતે હાથ ધરાયેલ કેનાલ કામ પૂર્ણ થવાથી ભાવપરા-મિયાણી ગામના ખેડૂતોની આશરે ૫૦૦ હેક્ટર ફળદ્રુપ જમીનને સિંચાઈનો લાભ મળશે. જેના કારણે ખેતીક્ષેત્રે ઉત્પાદનક્ષમતા વધારો થશે.

સુદામા ડેરીના ચેરમેન આકાશ રાજશાખા, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન આવડા ઓડેદરા, ક્ષાર અંકુશ વિભાગના ઈજનેર પ્રતીક ઓડેદરા,ભાવપરા ગામના સરપંચ, તેમજ હાથીયાભાઈ ખુટી, ભુરાભાઈ કેશવાલા, પ્રતાપભાઈ કેશવાલા, વિરમભાઈ સહિતના સ્થાનિક અગ્રણીઓ કેનાલ કામના ખાત મુહુર્ત સમયે હાજર રહ્યા હતા. (૫-૧૭)

# મોરબીના રવાપર વિસ્તારોમાં ૨૪ અડચણરૂપ વાહનો સામે કાર્યવાહી



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી: તા ૨૦,મોરબીમાં ટ્રાફિક પોલીસ દ્વારા આજે મુખ્ય વિસ્તારોમાં ડ્રાઈવ યોજવામાં આવી હતી. ટ્રાફિક પોલીસ દ્વારા બાપા સીતારામ ચોકથી રવાપર ચોકડી, રવાપર ઝાપો, કેપિટલ માર્કેટ,કોહીનુર કોમ્પલેક્ષ, વર્ધમાન ચોકડી વિસ્તારમાં રોડ પર અડચણરૂપ ઉભેલા વાહનચાલકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી આવી હતી. સાથે વાહનચાલકો અને વેપારીઓને પોત પોતાના વાહનો સુનિશ્ચિત જગ્યાએ પાર્ક કરવા-કરાવવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું અને અડચણરૂપ ઉભેલા ૨૪ વાહનચાલકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી રૂ.૧૨ હજારનો નો દંડ કરવામાં આવ્યો હતો.

સાથો સાથ ટ્રાફિક પોલીસની યાદીમાં જણાવાયું છે કે, લોકોએ પોતાનું વાહન રોડ ઉપર ગમે ત્યાં પાર્ક ન કરવા અને રોંગ સાઈડમાં ન ચલાવવુ. (૩૫-૬)



**મુસ્કાન વેલ્ફેર સોસાયટી, મોરબી દ્વારા મંગલમૂર્તિના દિવ્યાંગ બાળકો માટે આનંદમય પિકનિકઃ** મોરબી, મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા ખોખરા હનુમાન ખાતે મંગલમૂર્તિ દિવ્યાંગ બાળકો માટે એક આનંદમય પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પિકનિકમાં દરેક દિવ્યાંગ બાળક સાથે તેમના માતા અથવા પિતા, મંગલમૂર્તિના શિક્ષકો તેમજ મુસ્કાન વેલ્ફેર સોસાયટીના સભ્યો (સદસ્યો) પણ ઉપસ્થિત રહ્યા હતા. પિકનિક દરમિયાન બાળકો, વાલીઓ, શિક્ષકો અને મુસ્કાનના સભ્યો માટે નાસ્તા તથા ભોજનની સુવ્યવસ્થા કરવામાં આવી હતી. સાથે જ બાળકો એ રમતો રમી હતી, જેથી સૌએ આનંદભરી અને યાદગાર ક્ષણો માણી. મુસ્કાન વેલ્ફેર સોસાયટીનો મુખ્ય હેતુ દિવ્યાંગ બાળકોના જીવનમાં ખુશી, આત્મવિશ્વાસ અને સામાજિક જોડાણ વધારવાનો છે, અને આ પિકનિક તે દિશામાં એક સરાહનીય પ્રયાસ રહ્યો. (૨૨.૫)

## પોરબંદરઃ મિત્રના સોના-ચાંદીના દાગીના ઉપર લીધેલી લોન વાપરી નાખીને ૧.૩૫ કરોડની છેતરપીંડી

(પરેશ પારેખ દ્વારા) પોરબંદર, તા. ૨૦: મિતના દાવે વિશ્વાસ કેળવીને સોના ચાંદીના દાગીના લઈને આ દાગીના ૧.૩૫ કરોડ મેળવીને અંગત હિતમાં વાપરીને સોના ચાંદીના દાગીના પરત નહીં આવતા વિશ્વાસઘાત અને છેતરપીંડીની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. નરસંગ ટેકરી વિસ્તારમા રહેતા મેહુલભાઈ શ્યામભાઈ સોની કામવાળાએ કીર્તિ મંદિર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ કે બોખીરામા રહેતા વિશાલ વિનોદભાઈને મિત્રના દાવે સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી રૂા. ૧,૩૫,૪૦,૧૭૯ નો મુદામાલ આપેલ. આ મુદામાલ ની જામીનગીરી મુકીને વિશાલે ધિરાણ મેળવને અંગત ઉપયોગ કરી વિશ્વાસઘાત છેતરપીંડી કરી વધુ તપાસ પીએસઆઈ યુ.જે. રાણા ચલાવે છે.(૬.૧૨)

## પોરબંદરના રોકડિયા હનુમાન મંદિરે સાંજે શ્રીનાથજીની ઝાંખી

પોરબંદર, તા. ૨૦: શ્રી સ્વસ્તિક ગ્રુપ બાળ ધર્મ સંસ્કાર સિંચન શિબિર સાથે રાધે ઈવેન્ટના સંયુકત ઉપક્રમે રોકડિયા હનુમાન મંદિર ખાતે આજ સાંજે ૫:૩૦ થી ૬:૩૦ એક કલાક શ્રીનાથજી ઝાંખી અને સત્સંગ રાખેલ છે.

ધાર્મિક પ્રસંગે આપ સર્વ સમસ્ત ભાવિક ભકતજનોને પરિવાર સાથે પધારવા એક યાદીમાં નિમંત્રણ અપાયુ છે.(૬.૧૨)

# પોરબંદરઃ ચેકની ફરિયાદમાં આરોપી કોર્ટમાં હાજર નહી થતાં જેલહવાલે

પોરબંદર, તા.૨૦: અત્રે ચેકની ફરીયાદમાં હાજર ન રહેનારને નવા કાયદા મુજબ જેલમા મોકલવાનો પોરબંદરની કોર્ટ હૂકમ કર્યો હતો.

પોરબંદર એડીશનલ ચીફ જયુ મેજી શ્રી ધ્વીવેદી સાહેબની કોર્ટમાં યોગેશ નાથાલાલ ખોડા (વાસુ) દ્વારા તેને આપેલા ચેકો અન્વયે આરોપી પી.એમ. સ્વીટમાર્ટના પ્રોપરાઈટર પવન સતીસભાઈ મોઢા, રહેવાસી વનાણા જીઆઈડીસી વાળા સામે ફરીયાદ દાખલ કરેલ હોય અને આ ગુનાહ માં તેઓને સમન્ય મળી ગયા બાદ એડવોકેટ રોકીને કોર્ટમાં હાજર રહેવાના જામીન આપેલા હોય, પરંતુ ત્યારબાદ લાંબા સમય સુધી કોર્ટમાં હાજર રહેતા ન હોય અને કોર્ટ ધ્વારા વોરંટ પણ કાઢેલ હોય પરંતુ વોરંટ ની બજવણી થતી ન હોય તેથી સામાન્ય રીતે ચૈકની ફરીયાદ માં આરોપી હાજર રહેતા ન હોવાના કારણે અને આરોપીઓ બીજા ગામમાં રહેતા હોવાના કારણે વોરંટ બજતા ન હોય અને તેના કારણે ફરીયાદ કરનારાઓ કોર્ટમાં હેરાન થતા હોય પરંતુ પોરબંદરના એડીશનલ ચીફ જયુ મેજી શ્રી ધ્વીવેદી દ્વારા નવા સુધારેલા કાયદા એટલેકે આઈ પી સી ના બદલે બી એન એસ એટલેકે ભારતીય ન્યાય સહિત ના નવો કાયદો ૨૦૨૩ થી અમલમાં આવેલ હોય અને આ નવા સુધારેલા કાયદામાં કલમ ૨૬૯ ની જોગવાઈ મુજબ જયારે કોઈ વ્યકિત એ કોર્ટમાં હાજર રહેવા માટે જામીન અથવા તો જાત મુચરકા આપેલ હોય અને પછી તે વ્યક્તિ કોર્ટમાં હાજર રહેવામાં નીષ્ફળ જાય તો તેને ગુનોહ ગણેલ હોય અને કાયદામાં ૧ વર્ષની સજાની જોગવાઈ હોય અને તે રીતે નવા સુધારેલા કાયદાને ધ્યાને લઈ ધ્વીવેદી સાહેબ ધ્વારા પોતાના કલાર્ક બાપોદરાને ફરીયાદી બનાવી તેની સામે ગુનોહ નોધાવેલ હોય અને તેરીતે નવા સુધારેલા કાયદામાં જે નવી જોગવાઈ ઓ કરેલી હોય અને નેગોયેબલની ફરીયાદમાં પણ બીજો ગુનોહ બનતો હોવાની જોગવાઈ હોય અને તે રીતે નામદાર કોર્ટ ધ્વારા કાયાદાની જોગવાઈઓ ધ્યાને લઈ નવો ગુનોહ દાખલ કરવાતા અને તે ગુનાહના કામે પોલીસ ધ્વારા આરોપી પવન મોઢાની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટ ધ્વારા હોમતદારને જેલમાં મોકલવાનો હુકમ કરેલ છે.

આ કામમા મુળ ફરીયાદી વતી પોરબંદરના એડવોકેટ શ્રી દિપકકભાઈ બી. લાખાણી, ભરતભાઈ બી. લાખાણી, હેમાંગ ડી. લાખાણી, અનિલ ડી. સુરાણી, જયેશ બારોટ, જીતેન સોનીગ્રા, નવધણ જાડેજા, ભુમી વરવાડીયા, ચાંદની મદલાણી, ભાવના પારથી, રમેશ ગોઢાણીયા રોકાયેલા હતા. (૨૨.૧૦)




# કાગવડ ખોડલધામના દર્શને પ્રશાંત કોરાટ, રમેશભાઈ ધડુક, હિરેન હિરપરા, અંજુબેન, નીરવભાઈ અમીન : નરેશ પટેલે ગુજરાત પ્રદેશ ભાજપના સંગઠનના હોદ્દેદારો ખેસ પહેરાવીને શુભેચ્છાઓ પાઠવી

વિરપુર(જલારામ) : ગુજરાત પ્રદેશ ભાજપના સંગઠનના હોદેદારો લેઉવા પટેલ સમાજના આસ્થાના કેન્દ્ર ખોડલધામ ખાતે શિશ ઝુકાવી મા ખોડલના આશીર્વાદ લીધા હતા, પ્રદેશ મહામંત્રી તરીકે જવાબદારી સંભાળ્યા બાદ પ્રથમ વખત પ્રશાંત કોરાટ ખોડલધામ ખાતે દર્શન કરવા આવ્યા હતા, તેમની સાથે પ્રદેશ ઉપપ્રમુખ રમેશભાઈ ધડુક,કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ હિરેન હિરપરા, મહિલા મોરચાના અંજુબેન તેમજ નીરવભાઈ અમીન પણ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા તમામ પ્રદેશ હોદેદારોનું માતાજીનો ખેસ પહેરાવી ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું, તેમજ પ્રદેશ સંગઠનના આગેવાનોના આગમનને લઈ રાજકોટ જિલ્લા ભાજપના આગેવાનો તથા કાર્યકરો મોટી સંખ્યામાં ખોડલધામ મંદિર ખાતે ઉમટી પડ્યા હતા,અને દર્શન દરમિયાન ભક્તિભાવ અને ઉત્સાહભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટે મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું હતું કે પ્રદેશ મહામંત્રી તરીકે જવાબદારી મળ્યા બાદ આજે મા ખોડલના આશીર્વાદ મેળવવા ખોડલધામ આવ્યા છીએ,ભારતીય જનતા પાર્ટીએ મારી ઉપર જે વિશ્વાસ મૂક્યો છે, તે વિશ્વાસ પર ખરો ઉતરવા સંપૂર્ણ નિષ્ઠાથી કામ કરીશ,સરકારની યોજનાઓ લોકો સુધી પહોંચે અને પાર્ટી વધુ મજબૂત બને તેવા પ્રયાસો કરશું,સાથે ખોડલધામના ચેરમેન નરેશ પટેલે તમામ પ્રદેશ હોદેદારોને શુભેચ્છા પાઠવી હતી.(તસ્વીર-અહેવાલઃ કિશન મોરબીયા-વિરપુર(જલારામ)(૨૩.૪)

# બગથળાથી કાંતિપુર રોડને રીપેર કરવા આપ અગ્રણીની માંગ

મોરબી, તા.૨૦: ગુજરાત સ્ટેટ આમ આદમી પાર્ટીના જોઈન્ટ સેક્રેટરી કાંતિલાલ ડી બાવરવા એ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને રજૂઆત કરી છે કે, તાલુકાના બગથળા ગામેથી કાંતિપુર ગામને જોડતો રસ્તો છેલ્લા કેટલાક સમયથી અત્યંત બિસ્માર હાલતમાં છે. જો કોઈ બીમાર વ્યક્તિને દવાખાને લઈ જવો હોય તો રસ્તામાં વધારે બીમાર થાય તેવી પરિસ્થિતિ છે.

વધુમાં ગામ લોકોને પોતાની રોજીરોટી માટે કે ખરીદી માટેના કારણોસર મોરબી જવું હોય તો ખુબજ તકલીક પડી રહી છે.તેથી આ રસ્તાને તાત્કાલિક રીપેર કરવો જરૂરી છે. જો આ કામને ધ્યાને લઈને તાત્કાલીક સુધારણા નહીં કરવામાં આવે તો ના છુટકે ગામ લોકોને સાથે રાખીને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલાત્મક કાયક્રમો આપવાની ફરજ પડશે, તેથી આ બાબતે વહેલાસર યોગ્ય કરવા રજૂઆત કરવામાં આવેલ છે. (૨૨.૭)

# બેકાબુ તેજી : ચાંદીમાં ૧૩૦૦૦- સોનામાં ૨૫૦૦ રૂા. વધ્યા

## ચાંદી ૧ કિલોના ભાવ વધીને ૩,૧૬,૦૦૦ અને સોનાના ભાવ ૧,૫૧,૦૦૦ની નવી ઐતિહાસિક સપાટીએ



રાજકોટ,તા.,૨૦: બુલીયન માર્કેટમાં સતત બીજા દિવસે તેજીનો તરખાટ યથાવત રહયો છે. ચાંદીમાં વધુ ૧૩૦૦૦ અને સોનામાં વધુ ૨૫૦૦ રૂા.નો ઉછાળો થતા બંને કિંમતી ધાતુઓના ભાવોએ નવી ઐતિહાસિક સપાટી સર કરી હતી.

બુલીયન માર્કેટમાં સેન્ટમાં તેજીને પગલે સ્થાનીક બજારમાં ચાંદીમાં વધુ ૧૩૦૦૦ રૂા.નો ભાવવધારો થયો હતો. ગઈકાલે ચાંદી ૧ કિલોના ભાવ ૩,૦૩,૦૦૦ રૂા. હતા તે વધીને ૩,૧૬,૦૦૦ રૂા.ની નવી ટોચની સપાટી બનાવી છે. ગત સમાહમાં ૪૦,૦૦૦ રૂા. વધ્યા બાદ છે છેલ્લા બે દિવસમાં ચાંદીમાં ૨૮,૦૦૦ રૂા.નો ઉછાળો થયો છે.

ચાંદીની સાથે સોનામાં પણ તેજી યથાવત રહી છે. બુલીયન માર્કેટમાં ડોલરમાં તેજીને પગલે સ્થાનીક બજારમાં સોનામાં વધુ ૨૫૦૦ રૂા.નો ભાવવધારો થયો હતો. ગઈકાલે સોનુ સ્ટાન્ડર્ડ (૧૦ ગ્રામ)નો ભાવ ૧,૪૮,૫૦૦ રૂા. હતા તે વધીને આજે ૧,૫૧,૦૦૦ રૂા.ની નવી ઐતિહાસિક સપાટી બનાવી છે. સોનાના બિસ્કીટમાં ૨૫,૦૦૦ રૂા. વધ્યા છે. સોનાના બિસ્કીટ (૧૦૦ ગ્રામ)નો ભાવ ૧૪,૮૫,૦૦૦ રૂા. હતા તે વધીને ૧૫,૧૦,૦૦૦ રૂા.ની સપાટીએ ભાવ પહોંચ્યા છે.

અમેરીકા અને ઈરાક વચ્ચે યુધ્ધના ભણકારા તથા ટેરીફ વોરના પગલે સોના- ચાંદીના ભાવો સળગી રહયાનું અને ભાવ સપાટી જોવા મળે તો નવાઈ નહી હતું. આગામી દિવસોમાં હજુ પણ નવી તેમ ઝવેરીબજારના સુત્રોએ જણાવ્યું હતું. (૪.૯)

## માળીયામિંયાણા પાસે હાર્ટએટેકથી અમદાવાદના કારચાલકનું મોત

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૦: માળીયામિંયાણા નજીક અમદાવાદના કારચાલકનું હાર્ટએટેકથી મૃત્યુ થયુ હતુ.

અમદાવાદથી મોરબી કાર લઈને આવી રહેલા સંતોષભાઈ શંકરભાઈ ચૌહાણ ઉ.૩૬ રહે.કુંભારવાસ, વસંતવિહાર, વસ્ત્રાપુર, અમદાવાદ નામના કાર ચાલકને અણિયારી ટોલનાકા નજીક અચાનક છાતીમાં દુખાવો ઉપડતા કારની પાછળની સીટમાં સુઈ ગયા બાદ માળીયા નજીક ઓનેસ્ટ હોટલ ખાતે તેઓને જગાડતા જગ્યા ન હતા અને હાર્ટએટેકથી મૃત્યુ નીપજ્યું હતું.બનાવ અંગે માળીયા મિયાણા પોલીસે અકસ્માતે મૃત્યુ અંગે નોંધ કરી તપાસ શરૂ કરી છે.(૨૩.૧૬)

## પોરબંદરમાં એમ.બી.એના પરીક્ષા ફોર્મ પ્રશ્ને વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય



અર્જુનભાઇ મોઢવાડિયાની રાજયના શિક્ષણમંત્રી સાથે ચર્ચા બાદ પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થાની ખાતરી

(પરેશ પારેખ દ્વારા) પોરબંદર તા.૨૦: એમ.બી.એ.ના પરીક્ષા ફોર્મ બાબતે કેબીનેટ મંત્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ રાજયના શિક્ષણમંત્રી સાથે ચર્ચા કર્યા બાદ શિક્ષણમંત્રીએ અન્યાય થયેલ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થાની ખાતરી આપી હતી.

સ્વામિનારાયણ કોલેજમાં એમબીએ સેમેસ્ટરની પરિક્ષા લેવાઇ રહી હતી, વિધાર્થી સવારે સ્વામિનારાયણ કોલેજ ખાતે પરિક્ષા આપવા પહોંચ્યા હતા. પરંતુ પરિક્ષાર્થી ૩૦ મિનિટ પહેલા તમામ વિધાર્થીઓને જાણ કરાઇ હતી કે તમારા પરિક્ષા ફોર્મ ભરાયા નથી તો પરિક્ષા આપી નહિ શકો આ બાબતની વિધાર્થીઓના માતા-પિતા જાણ થતા માતા-પિતાએ તેમજ વિધાર્થીઓ વિધાર્થી નેતા કિશનભાઇ રાઠોડનો સંપર્ક કરી તેમને કોલેજ ખાતે બોલાવ્યા હતા.

સંચાલકો સામે હોબાળો કરાયો હતો અંતે જાણમાં આવ્યુ હતુ કે કોલેજ ૨૦૨૫-૨૦૨૬ માટે પરીક્ષા ફોર્મ જીટીયુમાં માન્ય ગણી શકાય નહિ અને તેથી તેમના એનરોલ થાય નહિ અને પરિક્ષા આપી શકે નહિ

આ બાબતની જાણ કેબીનેટ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાને કરતા તેમણે રાજયના શિક્ષણમંત્રી સાથે વાર્તાલાપ કરી વિધાર્થીઓના હિતાર્થે નિર્ણય કરવા ભોગ લેવાવો ના જોઇએ તેમનો રસ્તો કરી વિધાર્થીઓ પરિક્ષા આપી શકે તેવી વ્યવસ્થા કરવા જણાવાયું છે. (૨.૧૪)

## મોરબી મહાપાલિકાની સંકલન સમિતિની બેઠક ૨૩ મીએ

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૦: મોરબી મહાનગરપાલિકા સંકલન સમિતિની બેઠક તા.૨૩ ના રોજ બપોરે ૩ કલાકે સભાખંડ, ત્રીજો માળ, ઈસ્ટ ઝોન, મહાનગરપાલિકા કચેરી, મહારાણી નંદકુંવરબા આશ્રયગૃહ , રેલ્વે સ્ટેશન રોડ મોરબી ખાતે યોજાશે જે બેઠકમાં સંકલન સમિતિના સભ્યો, પદાધિકારીઓ અને અધિકારીઓએ સમયસર ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

સંકલન સમિતિની બેઠકમાં તમામ શાખા અધ્યક્ષોએ સમગ્ર વિગત સાથે ઉપસ્થિત રહેવું અનિવાર્ય કારણોસર ગેરહાજર રહેવાનું થાય તો મ્યુનીસીપલ કમિશનરની અગાઉ અનુમતિ મેળવ્યા બાદ જ પ્રતિનિધિને હાજર રાખવા અન્યથા જાતે હાજર રહેવું. સંકલન સમિતિની બેઠકમાં ગ્રામ પંચાયતની જે તે વખતની સ્વ ભંડોળ બચતની રકમની મર્યાદામાં કામો નક્કી કરેલ કામોનો પ્રગતિ અહેવાલ તેમજ જન ભાગીદારીના કામો માટે સાધનિક કાગળોની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય તેવા જનભાગીદારી કમાઓ માટે આવેલ નવી રજૂઆત/અરજી પરત્વે પ્રગતિ અહેવાલ સહિતના એજન્ડા રજુ કરવામાં આવશે.

જે એજન્ડા સંબંધિત શાખા કક્ષાએ થયેલ કાર્યવાહીની પ્રશ્ન/ ફરિયાદ રજુ કરનાર પદાધિકારી અને અધિકારીને બેઠક અગાઉ અહેવાલ મોકલવો તથા બેઠકમાં પ્રશ્ન ફરિયાદ સંબંધિત જરૂરી સાધનિક કાગળો સાથે હાજર રહેવા જણાવ્યું છે. (૨૨.૮)

# ધોરાજીમાંથી વિમલ હરિયાણીનું અપહરણ કરનાર આરોપીઓ અમરેલીથી ઝડપાયો

## યુવતિને ભગાડી જવાના પ્રશ્ને ૧૮મીએ અપહરણ કર્યું'તુ : ધોરાજી પોલીસને સોંપવા તજવીજ



(કિશોર રાઠોડ દ્વારા) ધોરાજી, તા. ૨૦ : ધોરાજી અપહરણના ગુનામાં સંડોવાયેલા આરોપીઓ અમરેલીથી ઝડપાયા છે. ધોરાજી સીટીના અપહરણના ગુનામાં સંડોવાયેલ આરોપીઓને ગણતરીની કલાકોમાં અમરેલી સીટી પોલીસ સ્ટેશન તથા અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ બનાવમાં અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જિલ્લા તેમજ જિલ્લા બહાર ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે થઈને અમરેલી જિલ્લા વિસ્તારમાં રહેતા ઈસમોને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલુ હોય જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનની ટીમ તથા અમરેલી એલ.સી.બી. ટીમને બાતમી મળેલી કે, ધોરાજી ખાતેથી વિમલભાઈ મોહનભાઈ હરીયાણી નામની વ્યક્તિનું યુવતિને ભગાડી જવાના પ્રશ્ને ગત તા.૧૮નાં રોજ અપહરણ થયું હોઈ જે અંગે જેતપુર ગામે રહેતા કૃપાલીબેન ઉર્ફે કૃપા ભાવીનભાઈ ચિતારાએ ધોરાજી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવમાં અમરેલીના ગંગાનગર, શેરી નં.૨માં રહેતા ગોપાલ વિઠ્ઠલભાઈ ડાંગર તથા અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલા ઉત્સવ ફ્લેટમાં રહેતા પ્રદ્યુમનસિંહ ભરતસિંહ વાળા તથા ભાવનગર જિલ્લાનાં ખડસલીયા તેમજ કચ્છ જિલ્લાના માધાપર, ગોકુળધામ સોસાયટીમાં રહેતા ઋષિરાજસિંહ ચંદ્રસિંહ વાળા નામના સંડોવાયેલા આરોપીઓ અમરેલી ખાતે આવેલા હોવાની બાતમી મળતા તેના આધારે તપાસ શરૂ કરતા તે દરમિયાન ભોગ બનનાર વિમલભાઈ મોહનભાઈ હરીયાણીને શોધી કાઢી, સંડોવાયેલા ચારેય આરોપીઓને પકડી પાડી ધોરાજી સીટી પોલીસ સ્ટેશન હવાલે કરવા તજવીજ કરવામાં આવેલ છે. (૯.૨૦)

## મોરબીના પીપળી પાસે સોસાયટીના રહીશોના આંદોલન બાદ ત્રણ બિલ્ડરો સામે ગુન્હો નોંધાયો

### ચક્કાજામ કર્યા બાદ માનસધામ, ત્રિલોકધામ અને ગોકુલધામ સોસાયટીના બિલ્ડરો સામે પોલીસે છેતરપીંડી ગુન્હો દાખલ કર્યો

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૦: મોરબી તાલુકાના પીપળી ગામ નજીક આવેલ માનસધામ ૧ અને ૨, ગોકુલધામ તેમજ ત્રિલોકધામ સોસાયટીમાં બિલ્ડરો દ્વારા મકાનની મંજૂરીથી લઈ રોડ, રસ્તા, પાણી અને કોમન પ્લોટ સહિતની સુવિધા ન આપતા ગઈકાલે સોસાયટીના રહેવાસીઓ રસ્તા પર ઉતરી આવી ચક્કાજામ કરતા અંતે છેતરપિંડી કરનાર ત્રણ બિલ્ડરો વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબી તાલુકાના પીપળી ગામના સર્વે નંબરમાં વર્ષ ૨૦૧૯થી લઈ વર્ષ ૨૦૨૨ સુધીમાં માનસધામ-૧, માનસધામ-૨, ગોકુલધામ અને ત્રિલોકધામ નામની અલગ અલગ ચાર સોસાયટી બનાવી બિલ્ડરોએ મકાન ખરીદનાર ગરીબ - મધ્યમવર્ગના લોકોને રોડ, રસ્તા, પાણી, લાઈટ અને કોમનપ્લોટ સહિતની સુવિધા આપવા સરકારમાં તેમજ મકાન ખરીદનાર લોકોને વાયદો કર્યો હતો, પરંતુ આજદિન સુધી સુવિધા ન આપતા સ્થાનિક નાગરિકોએ જિલ્લા કલેકટર કચેરીએ ધરણા કરવા છતાં પ્રશ્નનો ઉકેલ ન આવતા ગઈકાલે સ્થાનિક ૪૦૦ જેટલા મકાન ધારકો જેતપર - પીપળી રોડ પર ઉતરી આવી કલાકો સુધી ચક્કાજામ કર્યો હતો. આ તકે ડીવાયએસપીએ છેતરપિંડી આચરનાર બિલ્ડરો વિરુદ્ધ ગુન્હો નોંધવા ખાતરી આપતા આંદોલન સમેટાયું હતું.

બીજી તરફ પોલીસે આપેલ ખાતરી મુજબ જ ગોકુલધામના રહીશ ૧. ભરતભાઈ વિઠ્ઠલભાઈ પરમારની ફરિયાદના આધારે આરોપી બિલ્ડર હસમુખ વલમજી પટેલ રહે. ઈશ્વર નગર, હળવદ, ૨. માનસધામ સોસાયટીના રહેવાસી જગદીશભાઈ ઘેલાભાઈ બોરીચાની ફરિયાદના આધારે આરોપી બિલ્ડર મનીષ કેશવજી કાલરીયા રહે.અવધ-૪, પાટીદાર ગઢ, નાની કેનાલ રોડ મોરબી અને ૩. ત્રિલોકધામ સોસાયટીમાં રહેવાસી વિનોદભાઈ ભલાભાઈ ચાવડાની ફરિયાદના આધારે આરોપી પ્રવીણ ગણેશ ગામી રહે. શિવપુર તા.હળવદ વાળા વિરુદ્ધ સોસાયટીમાં રહેવાસીઓને રોડ, રસ્તા, પાણી સહિતની સુવિધા નહિ આપી છેતરપીંડી આચરવા મામલે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે. (૨૨.૧૨)

## મોરબી પાસે ઈકો અને બાઈક વચ્ચે અકસ્માત થતા લેબ ટેકનીશ્યન મન સરડવાનું મોત

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૦: મોરબીના જેતપરથી દેવળીયા ગામ તરફ જવાના રસ્તા ઉપર થી યુવાન બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે ઈકો ગાડી સાથે બાઈક અથડાતા લેબ ટેકનીશ્યનનું મોત થયું હતું.

માળીયા (મી)ના મોટાભેલા ગામે રહેતો મન ભરતભાઈ સરડવા (૧૮) નામનો યુવાન બાઈક લઈને જેતપરથી દેવળિયા ગામ તરફ જવાના રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે ત્યાં અકસ્માતનો બનાવ બન્યો હતો અને આ બનાવમાં મન સરડવાને ગંભીર ઈજાઓ થઈ હોવાના કારણે તેનું મોત નીપજયું હતું ત્યારબાદ તેના મૃતદેહને મોરબીની સરકારી હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા.

આ અંગેની વધુ તપાસ વી.એન.મિયાત્રા કરી રહ્યા હોય તેઓની પાસેથી જાણવા મળતી માહિતી મુજબ ઈકો ગાડી અને બાઈક વચ્ચે અકસ્માતનો બનાવ બન્યો હતો, જે બનાવમાં યુવાનને શરીરે ગંભીર ઈજા થઈ હોય, જેથી તેનું મોત નિપજયું હતું. વધુમાં મળતી વિગત પ્રમાણે મૃતક યુવાન તેના મામાને ત્યાં હળવદ તાલુકાનો દેવળીયા ગામે રહેતો હતો અને સિરામિકના કારખાનામાં લેબ ટેકનીશીયન તરીકે કામકાજ કરતો હોય તે અપડાઉન કરતો હતો દરમ્યાન તે બાઈક લઈને નોકરીએ જતો હતો ત્યારે અકસ્માતનો બનાવ બન્યો હતો જેમાં તે યુવાનનું મોત નીપજયું છે. (૨૨.૧૧)

## મોરબી નવલખી ફાટક પાસે વૃધ્ધની લાશ મળી : વાલી-વારસની શોધખોળ



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા. ૨૦: મોરબીના નવલખી ફાટક પાસેથી અજાણ્યા વૃદ્ધની લાશ મળી આવેલ હોય મૃતકની ઓળખ મેળવવા પોલીસે તજવીજ શરૂ કરેલ છે.

અહિંના સીટી એ ડિવિજન પોલીસ સ્ટેશનના ધ્રુવરાજસિંહ ઝાલાના જણાવ્યા પ્રમાણે મોરબી કંડલા બાયપાસ નવલખી ફાટક પાસેની સિલ્વર સોસાયટીના પાછળના ભાગે આવેલા ખુલ્લા મેદાનમાંથી ગત તા.૧૨-૧ ના રોજ સાંજે છએક વાગ્યાના અરસામાં એક અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે ૫૦ થી ૫૫ વર્ષની લાશ મળી આવી હતી.મૃતક વ્યક્તિનું વર્ણન જોતા ઉ.વ.આશરે ૫૦ વર્ષનો છે જે રંગે સ્વામવર્ણો છે.જેની ડાબી આંખની નીચે તલનું નિશાન છે.તેમજ શરીરે રાખોડી કલરનો આખી બાથનો લાઈનીંગ વાળો સર્ટ પહેરેલ છે તથા નીચે કાળા કલરનું પેન્ટ પહેરેલ છે તથા માથે સફેદ-ભુરા કલરના વાળ છે.મરણ જનાર અજાણ્યા પુરૂષના કોઈ વાલી-વારસ મળી આવેલ ન હોય વાલી વારસની શોધખોળ માટે પોલીસે તપાસ શરૂ કરેલ છે.આ અંગે કોઈ વ્યકિતીને કોઈપણ પ્રકારની માહીતી હોય તો મોરબી સીટી એ ડિવિજન પોલીસ ટેલીફોન નંબર(૦૨૮૨૨)૨૩૦૧૮૮અથવા મોબાઈલ નંબર ૬૩૫૯૬ ૨૬૦૫૩ કે પછી તપાસ અધિકારી ધ્રુવરાજસિંહ મો.૯૦૯૯૦ ૨૫૦૩૪ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયેલ છે.(૯.૨૧)

## પોરબંદરમાં એક વર્ષ પહેલાની ૨ બાઇક ચોરીનો ભેદ ઉકેલાયો : 3 યુવાનો ઝડપાયા

(પરેશ પારેખ દ્વારા) પોરબંદર, તા. ૨૦: એક વર્ષ પહેલા ૨ બાઈક ચોરીનો ભેદ પોલીસે ઉકેલીને બાઈક ચોરી કરનાર સાલખડાના ૩ યુવાનોને પકડીને કાર્યવાહી કરી છે.

કમલાબાગ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી આર.સી.કાનમીયા ના માર્ગદર્શન અને રાહદારી હેઠળ ચોરીમાં ગયેલ મુદામાલ તેમજ ચોર ઈસમો બાબતે બાતમીના આધારે સર્વેલન્સ પો.સબ.ઈન્સ. એ.એ.ડોડીયા તથા સર્વેલન્સ સ્ટાફના પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.હેડ કોન્સ બી.પી.માળીયા તથા પો.કોન્સ. દેવેન્દ્રસિંહ રણજીતસિંહ જાડેજા તથા સાજન રામશીભાઈ વરૂ તથા સુરેશ કીશાભાઈ મોરીને સંયુક્ત બાતમીરાહે હકીકત મળેલ કે, પોરબંદર છાંયા એસ.એસ.સી. ભીમનાથ મહાદેવના મંદીરના પાછળના ભાગે બે મોટર સાયકલો સાથે ત્રણ શંકાસ્પદ ઈસમો ઉભા છે. જેથી હકિકતવાળી જગ્યાએ જઈ તપાસ કરતા બે મોટર સાયકલ સાથે ત્રણ યુવાનો મળી આવતા પુછપરછ કરતા પોતાની પાસે રહેલ કાળા કલરનું હીરો કંપનીનુ સ્પેન્ડર પ્લસ મોટર સાયકલના ચોરી કરેલની કબુલાત કરેલ હોય જે મોટર સાયકલ ચોરી થયેલની કમલાબાગ પો.સ્ટે. ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૩૦૩(૨) મુજબ ગુન્હો દાખલ થયેલ હોય બાદ મોટર સાયકલ બાબતે પુછપરછ કરતા આ મોટર સાયકલ બાબતે કોઈ સંતોષકારક જવાબ આપતા ન હોય અને મજકૂર ત્રણેયએ આ મોટર સાયકલ છળ કપટ થી અથવા ચોરી કરી મેળવેલાની શંકા જતા કાળા કલરનુ સફેદ પટ્ટાવાળુ હીરો કંપનીનુ સ્પેન્ડર પ્લસ મોટર સાયકલ રજી. નં.GJ-03-HC-૫૨૪૩ વાળુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૦૬ મુજબ શંક પડતી મીલ્કત તરીકે કબ્જે કરી ઉપરોક્ત ત્રણેયને અટકાયત કરી છે.

કિશન ગોરધનભાઈ સાડમીયા ઉ.વ.૨૨ રહે,ગામ સાલખડા તા.ચોટીલા, નવઘણ રામજીભાઈ સાડમીયા ઉ.વ.૨૫ મુળ રહે, સાલખડા , બહાદુર ગોરધનભાઈ સાડમીયા ઉ.વ.૨૧ મુળ રહે, સાલખડા વાળા પાસેથી કાળા કલરનુ હીરો કંપનીનુ સ્પેન્ડર પ્લસ મોટર સાયકલ કિ. ૨૦ હજાર તથા કાળા કલરનુ સફેદ પટ્ટાવાળુ હીરો કંપનીનુ સ્પેન્ડર પ્લસ મોટર સાયકલ કિ. ૨૦ હજાર ના પોલીસે કબજે કરેલ છે. આ પડકાયેલા આરોપીઓ ભૂતકાળમાં રાજકોટ ગોંડલ કાલાવડમાં ગુન્હા નોંધાયેલ છે.(૯.૧૯)

## વિરપુરમાં ૯ લાખનો વિદેશી દારૂનો જથ્થો પકડાયો

### અતુલ સખીયાએ ૧૪ બેરલમાં દારૂનો જથ્થો ઉતાર્યો'તો : રૂરલ ક્રાઇમબ્રાંચનો દરોડો

રાજકોટ તા.૧૮: વિરપુરમાં રૂરલ કાઈમબ્રાંચે દરોડો પાડી બેરલમાં છુપાવેલ ૯.૦૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે સપ્લાયરની શોધખોળ હાથધરી છે.

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જરએ વિદેશી દારૂના કેશો શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના અન્વયે એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના પોલીસ ઈન્સ્પેકટર વી.વી.ઓડેદરા તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.સી. ગોહીલ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એ.એસ.આઈ. ઈન્દ્રસીંહ જાડેજા, જયવિરસીંહ રાણા, તથા પો.હેડ.કોન્સ. મનોજભાઈ બાયલ, પો.કોન્સ. મહીપાલસીંહ ચુડાસમા, નાઓને સંયુક્ત બાતમી હકિકત આધારે વિરપુર પોલીસ સ્ટેશનના ટાઉન વિસ્તારમાંથી અતુલ મનજીભાઈ સખીયા રહે. વિરપુર વાળાએ પોતાના ભાઈના કબ્જા ભોગવટાના રહેણાંક મકાન પાસે રાખેલ બેરલમાં છુપાવેલ વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલો નંગ- ૩૮૦૪ કિ.રૂ. ૯,૦૦,૮૧૬/-, લોખંડના બેરલ નંગ ૧૪ કી.રૂ. ૪૨૦૦/-, કટર મશીન તથા ઈલેક્ટ્રીક બોર્ડ કી.રૂ. ૧૦૦૦/- મળી કુલ રૂ.૯,૦૬,૦૧૬નો મુદામાલ કબ્જે કર્યો હતો. પોલીસે દારૂનો જથ્થો મંગાવનાર અતુલની શોધખોળ હાથધરી છે.

આ કાર્યવાહી રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. ના એ.એસ.આઈ. બાલકૃષ્ણભાઈ ત્રીવેદી, ઈન્દ્રસીંહ જાડેજા, જયવિરસીંહ રાણા, અનીલભાઈ બળકોટીયા, પો.હેડ.કોન્સ. મનોજભાઈ બાયલ, ભગીરથસીંગ જાડેજા, નિલેશભાઈ ડાંગર, પો.કોન્સ. અબ્દુલભાઈ શેખ દ્વારા કરવામાં આવી હતી.(૨.૯)

## પોલીસે ફરિયાદ લેવાની ખાત્રી આપતાં અંતે પીપળી- જેતપર રોડ પર ચક્કાજામ હટ્યો

### છેતરપીંડી આચરનાર બિલ્ડર વિરુદ્ધ ફરિયાદ લેવાશે



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી: તા ૨૦,મોરબીમાં જેતપર-પીપળી રોડ ઉપર ચક્કાજામને કારણે બન્ને બાજુ ૫-૫ કિમિ જેટલો ટ્રાફિકજામ થઈ ગયો છે. તેવામાં તાલુકા પોલીસ દ્વારા છેતરપીંડી આચરનાર બિલ્ડર વિરુદ્ધ ફરિયાદ લેવાની ખાતરી આપવામાં આવતા મામલે થાળે પડ્યો છે અને સ્થાનિકોએ ચક્કાજામ હટાવી દીધો છે.

મોરબીના પીપળી રોડ ઉપર માનસધામ-૧, માનસધામ-૨, ત્રિલોકધામ, ગોકુલધામ સોસાયટી આવેલ છે. જેમાં માનસધામ ૧ અને ૨ સોસાયટીમાં ૧૫૦ મકાન, ત્રિલોલધામ સોસાયટીમાં ૧૦૦ જેટલા મકાન અને ગોકુલધામમાં ૪૩ સહિત ૪૦૦ જેટલા મકાન છે. આ સોસાયટીઓમાં લાઈટ, પાણી, રોડ, ગટર જેવી કોઈ વ્યવસ્થા ન હોવાથી સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બિલ્ડર દ્વારા પ્લોટના દસ્તાવેજ કરી મકાન આપી છેતરપીંડી આચરવામાં આવી હોય, જેથી પાયાની સુવિધા પણ ન મળી રહી હોવાના સ્થાનિકોએ આક્ષેપ કર્યા છે.

સ્થાનિકોએ આજે પીપળી-જેતપર રોડ ઉપર ચક્કાજામ શરૂ કર્યો હતો. જેને બે કલાકનો સમય થઈ જતા રોડની બન્ને બાજુ ૫-૫ કિમિ જેટલી વાહનોની કતારો જામી છે. ડીવાયએસપીએ યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. જોકે સ્થાનિકોએ એવી માંગ કરી છે કે બિલ્ડરને અમારી સમક્ષ હાજર કરો તો જ ચક્કાજામ હટાવીશું. આ ઉપરાંત જિલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધીએ પણ સ્થાનિકોને સમજાવવાના પ્યાસો હાથ ધર્યા હતા. અંતે તાલુકા પોલીસે બિલ્ડર સામે ફરિયાદ લેવાની ખાતરી આપતા સ્થાનિકોએ ચક્કાજામ હટાવ્યો છે. (૩૫-૭)

## પોરબંદર : પૂ. સાધણી માતાના વરસી ઉત્સવની તડામાર તૈયારી

પોરબંદર, તા. ૧૯ : ૫૨મ પૂજય માતા સાધણી સાહેબજીનો વાર્ષિક ઉત્સવ તા.૨૫ ના રવિવારના રોજ પીકનીક પાર્ટીપ્લોટ, આઈ.ટી.આઈ. રોડ ખાતે ધામધૂમથી ઉજવાશે. પૂજય માતા સાધણી સાહેબ સેવા સમિતિ દ્વારા પણ અમદાવાદ ખાતે પૂજય માતા સાધણી સાહેબની વરસી ઉત્સવ પીકનીક પાર્ટી પ્લોટ ખાતે સાંજે ૬-૦૦ થી રાતના ૯-૦૦ કલાક સુધી રીતે ઉજવણી કરવામાં આવશે.

સાંજે ૬-૦૦ વાગે પોરબંદર થી સંત શિરોમણી શ્રી ખાનુરામ સાહેબ, પૂ. માતા સાધણી સાહેબ મંદિર થલ્હી સાહેબના ગાદિનશીન સંત શ્રી સાંઈ દાંદુરામ સાહેબજીના સુપુત્ર ગાદિપતી સંતશ્રી મુલણશાહ ભારતીમાતાનું આગમન પ્રોગ્રામ માં આગમન સ્વાગત કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

અમદાવાદના પ્રખ્યાત સિંધી કલાકારો, સિંધી ભજન પ્રસ્તુત કરશે. સાંજે સાત વાગ્યે પોરબંદર થલ્હી સાહેબના ગાદિપતી સંતશ્રી મુલણશાહ ભારતીમાતા સત્સંગ પ્રવચન કરશે. સાંજે સાડા સાત વાગે પૂ. માતા સાધણી સાહેબજીની ધૂનીનો પ્રોગ્રામ થશે. ત્યારબાદ શ્રી મહાઆરતી પલ્લવ સાહેબ થશે. પૂ. માતા સાધણી સાહેબની વરસી ઉત્સવમાં પધારેલ.

સર્વ સંગત માટે મહાપ્રસાદ લંગર પ્રસાદ ભંડારાનું આયોજન કરવામાં આવેલ છે. પૂ. માતા સાધણી સાહેબ સેવા સમિતિ અમદાવાદના સર્વ ભાઈ-બહેનો દ્વારા પૂ. માતા સાધણી સાહેબ વરસી ઉત્સવમાં પધારવા ભાવભર્યું નિમંત્રણ એક યાદીમાં અપાયું છે. (૯.૧૭)



## ધોરાજીમાં ભામના ઇજારાનો ખાર રાખી મેઘવાળ સમાજના પ્રમુખ ઉપર ૩ મહિલા સહિત ૮નો હુમલો

રાજકોટ તા.૨૦ :..ધોરાજીમાં ભામના ઈજારાનો ખાર રાખી મેઘવાળ સમાજના પ્રમુખ ઉપર ૩ મહિલા સહિત ૮ શખ્સોએ હુમલો કર્યો હતો.

મળતી વિગતો મુજબ અશોકભાઇ નાનજીભાઈ સોંદરવા ઉ.વ.૫૯ રહે. ધોરાજી બહારપુરા આંબેડકરનગર એ આરોપી (૧) આરતીબેન રમેશભાઈ ચોરવાડા (૨) જાગૃતિબેન રમેશભાઈ ચોરવાડા (૩) રમેશભાઈ દુદાભાઈ ચોરવાડા (૪) મહેશભાઈ દુદાભાઈ ચોરવાડા (૫) ગોપાલભાઈ દુદાભાઈ ચોરવાડા (૬) રાહુલભાઈ રમેશભાઈ ચોરવાડા (૭) મહેશભાઈનો દિકરો તથા (૮) રમેશભાઈની દિકરી રહે. બધા ધોરાજી બહારપુરા સામે ધોરાજી સીટી પોલીસ મથકમાં ફરીયાદ કરી છે.

ગત વર્ષ ફરીયાદમાં જણાવ્યા મુજબ ભામનો ઈજારો (મરણ ગયેલ પશુ ને ખસેડવા)નો ઈજારો આપેલ હોય અને ચાલુ વર્ષ માં ફરિયાદી મેઘવાળા સમાજના પ્રમુખ તરીકે જાહેર હરાજી કરી ચાલુ વર્ષમાં ભામનો ઈજારો સંજયભાઈ લક્ષ્મણભાઈ વિંઝૂડા ને આપેલ હોય અને નગરપાલિકાએ ફાળવેલ જગ્યા આરોપીઓ ખાલી કરતા ન હોય અને નગરપાલીકા કચેરી ખાતે આ કામના ફરીયાદી તથા આરોપીઓને બોલાવેલ હોય ત્યાં આ કામના આરોપીઓએ ભામ ના ઈજારાનો ખાર રાખી આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદીને ગાળો આપી ઢીકાપાટુનો માર મારી ઈજા કરી હતી.

આ ફરીયાદ અન્વયે ધોરાજી સીટી પોલીસે ઉકત આઠેય સામે ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે. (૫-૧૯)

# ખંભાળીયાની ઘી નદીમાંથી ગાંડીવેલ કાઢવા આયોજન

ખંભાળીયા, તા., ૨૦: ઘી નદી જે ઐતિહાસિક છે તથા અહીના દતાણી લોહાણા કુટુંબના રૂડી લાખી માતાજીના ઈતિહાસ સાથે જોડાયેલ છે. ત્યારે કેટલાક સમયથી ઘી નદીમાં ગાંડી વેલ થઈ ગઈ હોય તથા તાજેતરમાં નદી પાસે કેટલાક પંખીઓ પણ મૃત્યુ પામ્યા હોય પાલીકા ચીફ ઓફીસર શ્રી રાહુલ કરમુર દ્વારા ઘી નદીમાંથી ગાંડીવેલ સંપુર્ણ નાબુદ થાય તે માટે આયોજન હાથ ધરાયું છે તથા ટુંક સમયમાં આ બાબતે પ્રકિયા પણ હાથ ધરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ઘી નદીમાં અગાઉ ગાંડીવેલ ના થતી કેમ કે નજીક ગટર કે ગંદા પાણી બહુ ભળતા ન હતા પણ હવે નજીક સોસાયટીઓ તથા મકાનોના ગટરોના ગંદા પાણી આવતા ગંદુ પાણી ભળવાથી ગાંડીવેલનું સામ્રાજય ઉભુ થાય છે.

અગાઉ પાલીકા દ્વારા લાખો રૂપીયાના ખર્ચે સફાઈ કાર્ય કરાવીને નદી ચોખ્ખી કરાઈ હતી. પરંતુ થોડા સમયમાં પાછુ ગાંડીવેલનું સામ્રાજય થઈ ગયું હતું. ત્યારે જુનાગઢ નરસી મહેતા દામોદર કુંડની જેમ કાયમી વેલ નાબુદ થાય તેવું ગેરંટીપુર્ણ કામ કરવાની માંગ કરાઈ છે.

ઘી નદી પર રીવરફ્રન્ટની કરોડોની યોજના તથા નદીમાં ગટર ના ભળે તે માટે કરોડોની બંને તરફ પાણી નિકાલની યોજના થનાર છે. તથા ભુગર્ભ ગટર પણ કાર્યાન્વીત થવાની છે ત્યારે ઘી નદી ચોખ્ખી થાય તો શહેરની શાનમાં વધારો થાય તેમ છે. (૪.૮)

# ખંભાળીયા પાલીકામાં હવે હાજરી તથા આવ-જા માટે થમ્સ ઇમ્પ્રેસન મશીન

ખંભાળીયા, તા., ૨૦ : પાલીકા ચીફ ઓફીસર રાહુલ કરમુર દ્વારા તાજેતરમાં સફાઈ અંગે ચેકીંગ તથા પગલા શરૂ કર્યા પછી ગઈકાલે પાલીકાની સ્ટાફ મીટીંગ યોજી હતી. જેમાં કર્મચારીઓને અરજદારો નાગરીકો તથા શહેરની પાલીકાની વિવિધ સેવાઓ અંગે ફરીયાદો કે રજુઆતો માટે આવતા લોકો સાથે યોગ્ય વ્યવહાર કરીને તેમના પ્રશ્નો સાંભળી ઉકેલ માટે તુરત જ ઘટતું કરવા સાથે અગાઉ રીનોસમાં ભોજન માટે લાંબો સમય જતા કર્મીઓને પણ અડધા કલાકમાં આ કાર્યવાહી પુર્ણ કરવા સાથે રોજ સવારે આવતા તથા પરત જવાના સમયની નોંધ માટે હાજરી પત્રકને બદલે થમ્સ ઈમ્પ્રેસ ઓટોમેટીક મશીન પણ મુકવા આયોજન કર્યુ છે. જેથી ગુટલીબાજોમાં ફફડાટ વ્યાપ્યો છે. અગાઉ કેટલાક કર્મચારી ભેગી પાંચ સાત દિવસે સહીઓ કરતા હોવાનું બહાર આવ્યું હતું.

**દા.સુ. ગર્લ્સ શાળાની મુલાકાત**

પાલીકા પ્રમુખ શ્રીમતી રચનાબેન મોટાણી તથા ચીફ ઓફીસર રાહુલ કરમુર દ્વારા પાલીકા સંચાલીત દા.સુ. ગર્લ્સ હાઈસ્કુલની પણ મુલાકાત લેવામાં આવી હતી. તથા શાળાના આચાર્યા સાથે સવલતો તથા શિક્ષણ અંગે ચર્ચાઓ કરી હતી તથા શાળાની છત માથે શેડ નાખવા રજુઆત કરવામાં આવતા તે બાબતે આયોજન ધર્યુ હતું. (૪.૮)

# જામનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

(મુકુંદ બદિયાણી દ્વારા)જામનગર તા.૨૦, જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્યો રાઘવજીભાઈ પટેલ, મેઘજીભાઈ ચાવડા અને હેમંતભાઈ ખવા દ્વારા રજૂ કરાયેલા લોકપ્રશ્નનો અને રજૂઆતોને ગંભીરતાથી ધ્યાને લઈ કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીઓને આયોજનબદ્ધ કામગીરી કરવા સૂચના આપી હતી. બેઠકમાં ધારાસભ્યોના અગાઉના પડતર પ્રશ્નનો ઉપરાંત વિવિધ વિભાગોને લગતા નવા પ્રશ્નનો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે આરોગ્ય કેન્દ્ર તથા આંગણવાડીના કામો, સનદના કુૂ, કોઝવે અને નવા પુલ બનાવવા, ઘરથાળના પ્લોટ ફાળવવા, અન્ડર ગ્રાઉન્ડ બ્રિજ નીચે રસ્તો ખુલ્લો કરવા, પી.એચ.સી. સેન્ટરમાં એમ્બ્યુલન્સ ફાળવણી સહિતના કુૂ અંગે ચર્ચા થઈ હતી.

વિશેષમાં, ખેડૂતો અને ગ્રામ્ય પ્રજાને સ્પર્શતા વીજપ્રશ્નનો જેવા કે ગામતળથી દૂર વિજ લાઈન નાખવી, ટી.સી. બદલવા, નવા સબ સ્ટેશન બનાવવા, પવનચક્કી તથા વીજ લાઈનના પ્રશ્નનો, વીજ પાવર નિયમિત કરવો અને ઔદ્યોગિક ઝોન તથા જે.જી.વાય. ફીડર અલગ કરવા બાબતે વિસ્તૃત સમીક્ષા કરાઈ હતી. જમીન સંપાદનનું વળતર, ગૌચર અને સરકારી ખરાબામાંથી દબાણો દૂર કરવા, ફોરેસ્ટ જમીન માપણી, ક્રોપટી કાર્ડ અને કુમોલગેશન બાદની ક્ષતિઓ સુધારવા જેવી મહેસૂલી બાબતો પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત બેઠકમાં પીવાના પાણીની નવી પાઈપલાઈન નાખવી, ચેકડેમ અને કેનાલના ગેઈટનું રિપેરિંગ અને જાડા (JADA) હેઠળના નવા ગામોમાં વિકાસ કામો તથા ટી.પી. સ્કીમના પ્લોટની હરાજી જેવા મુદ્દાઓ અંગે ચર્ચા કરાઈ હતી.

કલેકટરશ્રીએ સંકલન સમિતિના સભ્યોને સૂચના આપતા જણાવ્યું હતું કે જનપ્રતિનિધિઓ તરફથી આવેલી રજૂઆતોને અગ્રતા આપી તેનો હકારાત્મક ઉકેલ લાવવો અત્યંત જરૂરી છે. તેમણે તમામ કામો ઝડપથી અને સમયમર્યાદામાં પૂર્ણ કરવા ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક ડો.રવિકુમાર સૈની સહિત વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.(૩૫-

# વાહન ચેકીંગ ડ્રાઇવ કરતી જામનગર જીલ્લા પોલીસ: ૯૮૪૦૦નો હાજર દંડ

(મુકુંદ બદિયાણી દ્વારા)જામનગર, તા.,૨૦ : પોલીસ મહાનિરીક્ષક રાજકોટ વિભાગ રાજકોટ, અશોકકુમાર પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીએ જીલ્લામા ગેરકાયદેસર પ્રવૃતિ ઉપર અંકુશ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી ના રોજ વાહન ચેકીંગ અંગેની ''સ્પેશ્યલ ડ્રાઈવ''નુ આયોજન કરવામા આવેલ, જે ડ્રાઇવ દરમ્યાન જામનગર જીલ્લા પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી અલગ અલગ જગ્યાએ વાહન ચેકીંગ નુ આયોજન કરવામા આવેલ જેમા નીચે મુજબ કામગીરી કરવામા આવેલ,

''વાહન ચેકીંગ ડ્રાઇવ'' કામગીરી:-

૧) એમ.વી.એકટ-૧૮૫ હેઠળના કેસ-૧૧

૨)એમ.વી.એકટ કલમ-૨૦૭ વાહન ડીટેઇન-૧૬

૩) પ્રોહીબીશન હેઠળ કેસો-૧૩

૪) જી.પી.એકટ- ૧૩૫(૧) (જાહેરનામા ભંગ) કેસ-૧૦



૫) વાહન બ્લેક ફિલ્મ વાળા વાહન કેસ-૯૮

૬) વાહનમા ફેન્સી નંબર પ્લેટ હેઠળ કેસ- ૧૨૨

૭)વાહન હાજર દંડ રૂપીયા ૯૮૪૦૦/

આ કામગીરી મદદનીસ પોલીસ અધિક્ષક લાલપુર વિભાગ,નાયબ પોલીસ અધિક્ષક, શહેર વિભાગ/ગ્રામ્ય વિભાગ ના સુપરવિઝન હેઠળ, તમામ થાણા અધિકારીશ્રીઓ તથા પોલીસ ઈન્સપેકટર એલ.સી.બી.એસ.ઓ.જી,તથા ટ્રાફિક શાખા તથા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી કરવામા આવેલ છે. (૪.૭)

# જામનગર પાસે ઓક્સિજન ભરેલ ટેન્કર અને બસ વચ્ચે અકસ્માત



જામનગર: જામનગરના ખીજડીયા બાયપાસ પાસે અડાલજ થી એક ટુરિસ્ટ બસ જામનગર બાજુ આવતા ઓક્સિજન ભરેલા ટેન્કર સાથે સામ સામે અથડાતા અકસ્માત થયો હતો. વહેલી સવારે આ અકસ્માતમાં બસ રોડની નીચે ઉતરી ગઈ હતી. આ બસમાં ૩૬ પેસેન્જર સવાર હતા તેને જામનગર ફાયરબ્રિગેડની ટીમે સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા . જોકે, સદ્ભાગ્યે જાનહાની ટળી હતી. (અહેવાલ: મુકુંદ બદિયાણી, તસ્વીર: કિંજલ કારસરીયા-જામનગ) (૭.૨૨)

# કલ્યાણપુર નજીક બોલેરો પીકઅપ વાન પલટી: મુસાફરો ઘવાયા

(કૌશલ સવજાણી દ્વારા) ખંભાળીયા, તા. ૨૦ : કલ્યાણપુરથી આશરે ૮ કિલોમીટર દૂર પાનેલી ગામના પાટીયાથી ટંકારીયા ગામે જતા રસ્તા પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક જઈ રહેલા જી.જે. ૧૯ એક્સ ૧૫૯૯ નંબરના બોલેરો પીકઅપ વાનના ચાલક સંજય લાખાભાઈ સોલંકી (રહે. રાવલ) એ બોલેરોના સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા આ વાહન રોડની નીચે એક બાજુ ઉતરીને પલટી ખાઈ ગયું હતું.

આ અકસ્માતમાં બોલેરોમાં જઈ રહેલા અજયભાઈ આવળભાઈ પરમાર, ભીમાભાઈ અરશીભાઈ, નાથાભાઈ પરમાર, દિલીપભાઈ હીરાભાઈ બારીયા તથા બોલેરો ચાલક સંજય લાખાભાઈ સોલંકીને નાની-મોટી ઈજાઓ સાથે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી.

આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસે અજયભાઈ આવળભાઈ પરમાર (રહે. રાવલ)ની ફરિયાદ પરથી બોલેરો ના ચાલક સંજય સોલંકી સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરી હતી.(૯.૨૫)

# જામનગર રામાનંદી સાધુ સમાજનું ગૌરવ




(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર, તા.૨૦ : કમીશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ-ગાંધીનગર આયોજીત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી જામનગર સંચાલીત સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષા બાળ પ્રતિભા શોધ ૨૦૨૫-૨૬ ની ખુલ્લા વિભાગની દોહા છંદ ચોપાઈ સ્પર્ધામાં જામનગરના શ્લોક મયુર રામાવત દ્વિતીય નંબર મેળવેલ છે પ્રથમ અને દ્વિતીય નંબર મેળવનાર બે સ્પર્ધકો હવે પછી યોજાનાર રાજય કક્ષાની સ્પર્ધામા ભાગ લેવા જશે.(૨૩.૧૪)

# જામનગરમાં બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો




(મુકુંદ બદિયાણી દ્વારા), જામનગર, તા.૨૦ : જિલ્લાની મિહલા અને બાળ અધિકારી કચેરી દ્વારા બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમોના ભાગરૂપે PC & PNDT એક્ટ-૧૯૯૪ અંગે જાગૃતિ સેમિનારનું આયોજન જિલ્લા પંચાયત જામનગર ખાતે શ્રી એ.એમ. શુક્લ (સચિવ - એડિશનલ સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ), જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

તેઓએ ઉપસ્થિત તમામ મેડિકલ ઓફિસરોને દીકરીના અસ્તિત્વને બચાવવાનો સંકલ્પ મજબૂત કરવા તથા લિંગ સમાનતાનો સંદેશ ફેલાવવાની અપીલ કરી હતી. સાથે જ PC & PNDT એક્ટ-૧૯૯૪ હેઠળ કરવામાં આવેલા કાયદાકીય સુધારા અને તેની અમલવારી અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.કાર્યક્રમમાં મેડિકલ ઓફિસરોને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.ઉલ્લેખનીય છે કે PC & PNDT એક્ટ-૧૯૯૪નો મુખ્ય ઉદ્દેશ લિંગ પસંદગી આધારિત ગર્ભપાતને રોકવો તથા ગર્ભમાં જ દીકરીની હત્યા થતી અટકાવવાનો છે. ટેકનોલોજીનો ઉપયોગ માનવ કલ્યાણ માટે થવો જોઈએ અને જ્યારે તેનો દુરુપયોગ સમાજ માટે ઘાતક બને, ત્યારે આવા કડક કાયદાઓ જરૂરી બની જાય છે. આ એક્ટ એ દિશામાં એક મજબૂત પગલું છે. (૩૬.૬)



**જામનગરમાં કોંગ્રેસ દ્વારા રસ્તા રોકી સૂત્રોચ્ચાર:** જામનગર: પ્રયાગરાજ ખાતે સંગમમાં સ્નાન કરવા જતા શંકરાચાર્યજી અવિમુક્તેષ્વરનંદજી અને સંતો સાથે થયેલ દૂર વ્યવહારને લઈને યુપી સરકાર સામે કોંગ્રેસ દ્વારા આક્રોશ સાથે વિરોધ કરવામાં આવી રહ્યો છે. જામનગરના લાલ બંગલા સર્કલ ખાતે કોંગ્રેસના કાર્યકરોએ હિંદુ ધર્મના સર્વોચ્ચ એવા શંકરાચાર્યજીને માઘ સ્નાન કરવા જતાં રાવટીએથી રવાના થયા ત્યારે જ પોલીસ દ્વારા કરાયેલ દમણને લઈને વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. હાથમાં પોસ્ટર સાથે યુપી સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતા કોંગ્રેસી કાર્યકરો રસ્તા રોકી રહ્યા હતા તે સમયે પોલીસ દ્વારા કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરાઈ હતી. (તસવીરો: કિંજલ કારસરીયા-જામનગર)(૬.૧૦)

# ધ્રોલમાં શુક્રવારે વસંતપંચમીના આહિર સમાજના ૧૨માં સમૂહ લગ્નોત્સવમાં ૧૬ નવયુગલો પ્રભુતામાં પગલાં માંડશે

## ૧૦ હજારની મેદની, સાંસ્કૃતિક કાર્યક્રમોની જમાવટ અને દરેક દીકરીને ૧.૫૦ લાખનો કરિયાવર: જામનગર-રાજકોટ મોરબી સહિત પંથકના આહિર સમાજના આગેવાનો આપશે હાજરી

(સંજય ડાંગર દ્વારા) ધ્રોલ તા.૨૦ :.. સૌરાષ્ટ્રની પવિત્ર ધરતી હંમેશા શૌર્ય, સામાજિક એકતા અને પરોપકારની સાક્ષી રહી છે. આ પરંપરાને વધુ ઉજ્જવળ બનાવવાના ઉમદા હેતુ સાથે જામનગર જિલ્લાના ધ્રોલ મુકામે શ્રી મુરલીધર સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી આહિર સમાજ સેવા સમિતિ દ્વારા ૧૨માં ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૨૩ જાન્યુઆરી ૨૦૨૬, શુક્રવારના રોજ વસંતપંચમીના પવિત્ર દિવસે ૧૬ નવયુગલો મંગલ ફેરા ફરીને સંસાર જીવનના પવિત્ર પથના પથીક બનશે.

વર્તમાન સમયમાં જ્યારે લગ્ન પાછળ થતા ખોટા ખર્ચાઓ વધતા જાય છે, ત્યારે ધ્રોલ આહિર સમાજે આ ભવ્ય આયોજન દ્વારા સમાજને સાદગી અને એકતાનો પ્રેરણાદાયી રાહ ચીંધ્યો છે. સંવત ૨૦૮૨, મહા સુદ-૫ એટલે કે વસંતપંચમીના શુભ મુહૂર્ત હમાપર રોડ (ખારવા ગામ) સ્થિત આહિર સમાજ વાડી ખાતે યોજાનાર આ મંગલ પ્રસંગે નવદંપતીઓને આશીર્વાદ આપવા માટે જામનગર અને રાજકોટ સહિત સમગ્ર પંથકના આહિર સમાજના રાજકીય આગેવાનો, ભામાશાઓ અને શ્રેષ્ઠીઓ સહિત આશરે ૧૦ હજાર જેટલી જનમેદની ઉમટી પડશે.

આ લગ્નોત્સવની વિશેષતા એ છે કે સમાજના દાતાઓના સહયોગથી પ્રત્યેક દીકરીને અંદાજે ૧.૫૦ લાખ રૂપિયા જેટલું કરિયાવર ભેટ સ્વરૂપે આપવામાં આવશે. આ પ્રસંગે સમાજ માટે ઉદાર હાથે ફાળો આપનાર દાતાઓનું ટ્રસ્ટ દ્વારા વિશેષ સન્માન પણ કરવામાં આવશે. ઉત્સવને યાદગાર બનાવવા માટે વેરવા ગામની પ્રખ્યાત રાસ મંડળી દ્વારા શૌર્યસભર રાસની રમઝટ બોલાવવામાં આવશે, તેમજ માતુશ્રી રામબાઈમાં કન્યા છાત્રાલય-ધ્રોલની બાળાઓ દ્વારા સંસ્કાર અને શિક્ષણનો સંદેશ આપતા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. સમગ્ર લગ્ન વિધિ આચાર્ય શ્રી ભટ્ટ નયનકુમાર મુકુંદરાય દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે સંપન્ન કરાવવામાં આવશે.

કાર્યક્રમની રૂપરેખા મુજબ, તા. ૨૩-૦૧-૨૦૨૬ના રોજ વહેલી સવારે ૬:૦૦ કલાકે મંડપ રોપણથી ઉત્સવની શરૂઆત થશે. ત્યારબાદ ગણેશ સ્થાપના, જાનનું આગમન અને ગ્રહ શાંતિની વિધિ યોજાશે. મહોત્સવની સૌથી મહત્વની ક્ષણ હસ્ત મેળાપ સવારે ૧૦:૩૦ કલાકે યોજાશે. ત્યારબાદ સન્માન સમારંભ અને સત્કાર સમારંભ બાદ બપોરે ૧૨:૩૦ કલાકે ભવ્ય મહાપ્રસાદ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થશે. ભોજન સમારંભના મુખ્ય દાતા તરીકે ધ્રોલ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી રાવતભાઈ કાથળભાઈ શિયાર અને અ.સૌ. ભાવનાબેન રાવતભાઈ શિયાર પરિવારે સેવા આપી છે.

આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે શ્રી મુરલીધર સેવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ પ્રકાશભાઈ વશરામભાઈ આહિર, ઉપપ્રમુખ કનુભાઈ મકવાણા, ખજાનચી નરસંગભાઈ ઝાટીયા અને મંત્રી કેશુભાઈ ખીમાણીયા સહિતના ટ્રસ્ટીગણ રાત-દિવસ જહેમત ઉઠાવી રહ્યા છે. ટ્રસ્ટી મંડળમાં હરસુખભાઈ શિયાર, મહેશભાઈ બરારીયા, અશોકભાઈ કાનગડ, લખમણભાઈ ડાંગર, નારણભાઈ મકવાણા, જશુભાઈ શિયાર, કાળુભાઈ ડાંગર, હરિભાઈ ખીમાણીયા, રમેશભાઈ ડાંગર, કરશનભાઈ બરારીયા અને ભરતભાઈ નારણભાઈ ડાંગર, સેવાભાવી આગેવાનો ખભેખભા મિલાવીને નારણભાઈ રવાભાઈ શિયાર, જેવા સેવા આપી રહ્યા છે. (૫-૧૩)

# દ્વારકા નજીક મધદરિયે માછીમાર પ્રૌઢને હાર્ટ એટેક

(કૌશલ સવજાણી દ્વારા) ખંભાળીયા, તા. ૨૦ : મહારાષ્ટ્ર રાજ્યના રત્નાગીરી જિલ્લાના ગુહાગર તાલુકામાં રહેતા કૃષ્ણા માંક્યા વરવટકર નામના ૫૫ વર્ષના પ્રૌઢ ગઈકાલે સોમવારે દ્વારકા નજીકના દરિયામાં ૫૦ નોટીકલ માઈલ દૂર ફિશિંગ બોટમાં માછીમારી કરી રહ્યા હતા, તે દરમિયાન તેમને હૃદયરોગનો જીવલેણ હુમલો આવી જતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. જે અંગેની જાણ હરિ?દ્ર વિકુ ખારવીએ દ્વારકા પોલીસને કરી છે. (૯.૨૫)

## ટેકસપેઇડ સીંગતેલ

| | |
|---|---|
| નવા ટીન (૧૫ કીલો) | ૨૬૭૫-૨૭૨૫ |
| કપાસીયા ટીન | ૨૨૧૦-૨૨૬૦ |
| વનસ્પતી ઘી | ૧૯૬૦-૧૯૮૦ |

## સીંગતેલ

| | |
|---|---|
| સીંગતેલ (૧૦ કિલો) | ૧૬૦૦ |
| પામોલીન (૧૦ કિલો) | ૧૨૪૫ |
| કપાસીયા વોશ (૧૦ કિલો) | ૧૨૬૫ |
| સોયાબીન | ૧૨૯૬ |

## સોના-ચાંદી

| | |
|---|---|
| ૨૨ કેરેટ દાગીનાના ભાવ | ૧૪૧૦૦૦ |
| ૨૨ કેરેટ દાગીના પરત ભાવ | ૧૩૫૦૦૦ |
| સોનું સ્ટાન્ડર્ડ (૧૦ ગ્રામ) | ૧૫૧૦૦૦ |
| ચાંદી ચોરસા (૧ કિલો) | ૩૧૬૦૦૦ |

| જુનાગઢ | |
|---|---|
| મગફળી | ૨૪૬૫૦ |
| સીંગખોળ | ૩૪૫૦૦ |
| લાઈન તેલીયા | ૨૫૦૦ |
| **ધોરાજી** | |
| મગફળી | ૨૪૬૦૦ |
| સીંગખોળ | ૩૫૦૦૦ |
| લાઈન તેલીયા | ૨૫૦૦ |
| **જામનગર** | |
| મગફળી | ૯૫૦-૧૪૮૫ |
| કામકાજ: | ૨૦,૦૦૦ ગુણી |
| સીંગખોળ | ૩૪૭૦૦ |
| તેલીયા ટીન | ૨૫૪૦ |
| સીંગતેલ લુઝ | ૧૬૦૦ |
| છૂટક ૧ કિ.ગ્રા. | - |

| કોપરેલ-દિવેલ | |
|---|---|
| કોપરેલ | ૪૬૦૦-૪૮૦૦ |
| દિવેલ | ૨૨૦૦-૨૩૫૦ |
| **રાજકોટ મગફળી** | |
| મગફળી | ૯૫૦-૧૪૦૦ |
| આવક: | - |
| ,, ઝીણી: | ૧૦૦૦-૧૪૦૦ |
| ,, મોટી: | ૯૫૦-૧૪૨૦ |
| ,, નવી: | |
| **કપાસીયા ખોળ** | |
| કપા. વરાડી છાલા | |
| ૫૦ કિલો | ૧૬૦૦-૧૮૫૦ |
| **કેશોદ-વેરાવળ** | |
| મગફળી | ૨૪૫૦૦ |
| સીંગખોળ | ૩૪૬૦૦ |
| લાઈન તેલીયા | ૨૫૦૦ |

| મુંબઇ ખાંડ | |
|---|---|
| ખાંડ સી | ૪૦૯૫-૪૧૬૦ |
| ખાંડ ડી | ૩૯૨૦-૪૦૨૦ |
| **અમદાવાદ ખાંડ** | |
| ખાંડ સી | ૪૧૨૦-૪૨૦૦ |
| ખાંડ ડી | ૪૦૨૦-૪૧૦૦ |
| **રાજકોટ ખાંડ** | |
| ચલાવ સી | ૪૧૨૦-૪૨૦૦ |
| ચલાવ ડી | ૪૦૨૦-૪૧૦૦ |
| આવક | ૫૦૦૦ ગુણી |
| **મહારાષ્ટ્ર** | |
| મીલ ડીલી. સી | ૩૫૫૦-૩૬૫૦ |
| મીલ ડીલી.ડી. | ૩૪૯૫-૩૫૨૦ |

# જામનગરની શિક્ષિકાના આપઘાતના ચકચારી કેસમાં ત્રણ આરોપીઓને સાત વર્ષની સજા

## સ્યુસાઇડ નોટમાં રજાક, અખ્તર અને અફરોઝના ત્રાસના કારણે જીવાદોરી ટૂંકવાની ફરજ પડી રહી હોવાનો ઉલ્લેખ કરાયો હતો



(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર, તા.૨૦: જામનગરના પંચવટી વિસ્તારની એક શિક્ષિકાએ આત્મહત્યા કરી લીધી હતી. જેની પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી હતી. જેમાં ત્રણ શખ્સોના ત્રાસના કારણે આત્મહત્યા કરતી હોવાનો ઉલ્લેખ કરાયો હતો. જામનગર શહેરનો આ અતિ ચકચારી કેસ ચાલી જતાં અદાલતે ત્રણ આરોપીઓને સાત વર્ષની સજાનો હુકમ કર્યો છે.

જામનગરના પંચવટી સોસાયટીમાં રહેતી અને ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી નૂરજહાબહેન હુંદડા નામની યુવતીએ તા.૧૭/૫/૨૦૨૩ ના રોજ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી હતી. તેણીએ એક સ્યુસાઈટ નોટ પણ લખી હતી. જેને પોલીસે કબજે કરી હતી. તેમાં એક ઉલ્લેખ કરાયો હતો કે રજાક, અખ્તર અને અફરોઝના ત્રાસના કારણે જીવાદોરી ટૂંકવાની ફરજ પડી રહી છે. તેના અનુસંધાને તેણીના ભાઈ ઈશાકભાઈ રહીમભાઈ હૂંદડાની ફરિયાદના આધારે જે તે સમયના તત્કાલીન પોલીસ ઈન્સ્પેકટર એચ.પી. ઝાલા, પી.એસ.આઈ. બી.બી.કોડિયાતર અને તેઓની ટીમે ઊંડાણપૂર્વક ની તપાસ કર્યા બાદ ત્રણેય આરોપીઓ સામે આત્મહત્યા ની દુષ્પ્રેરણા આપવા અંગે ગુનો નોંધી ધરપકડ કરી હતી.અને કોર્ટ માં ચાર્જશીટ રજૂ કર્યું હતું.

આ અંગેનો કેસ સેશન્સ કોર્ટ માં ચાલી જતા ન્યાયાધીશ વેમુલાએ સરકારી પક્ષના વકીલની દલીલો તેમજ પોલિસ વિભાગ દ્વારા રજૂ કરાયેલા તમામ પુરાવાઓ વગેરેને ધ્યાનમાં રાખીને ત્રણ આરોપી રજાક તૈયબભાઈ ચમડીયાને સાત વર્ષ ની જેલ નુરમહંમદભાઈ સાયચા.,અખ્તર સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર અનવરભાઈ ચમડિયા અને અફરોઝ તરફે વકીલ ડી આર ત્રિવેદી રોકાયા હતા.

# બેકાબુ તેજી : ચાંદીમાં ૧૩૦૦૦- સોનામાં ૨૫૦૦ રૂા. વધ્યા

રાજકોટ,તા.,૨૦: બુલીયન માર્કેટમાં સતત બીજા દિવસે તેજીનો તરખાટ યથાવત રહયો છે. ચાંદીમાં વધુ ૧૩૦૦૦ અને સોનામાં વધુ ૨૫૦૦ રૂા.નો ઉછાળો થતા બંને કિંમતી ધાતુઓના ભાવોએ નવી ઐતિહાસિક સપાટી સર કરી હતી.

બુલીયન માર્કેટમાં સેન્ટમાં તેજીને પગલે સ્થાનીક બજારમાં ચાંદીમાં વધુ ૧૩૦૦૦ રૂા.નો ભાવવધારો થયો હતો. ગઈકાલે ચાંદી ૧ કિલોના ભાવ ૩,૦૩,૦૦૦ રૂા. હતા તે વધીને ૩,૧૬,૦૦૦ રૂા.ની નવી ટોચની સપાટી બનાવી છે. ગત સમાહમાં ૪૦,૦૦૦ રૂા. વધ્યા બાદ છે છેલ્લા બે દિવસમાં ચાંદીમાં ૨૮,૦૦૦ રૂા.નો ઉછાળો થયો છે.

ચાંદીની સાથે સોનામાં પણ તેજી યથાવત રહી છે. બુલીયન માર્કેટમાં ડોલરમાં તેજીને પગલે સ્થાનીક બજારમાં સોનામાં વધુ ૨૫૦૦ રૂા.નો ભાવવધારો થયો હતો.

**ચાંદી ૧ કિલોના ભાવ વધીને ૩,૧૬,૦૦૦ અને સોનાના ભાવ ૧,૫૧,૦૦૦ની નવી ઐતિહાસિક સપાટીએ**



ગઈકાલે સોનુ સ્ટાન્ડર્ડ (૧૦ ગ્રામ)નો ભાવ ૧,૪૮,૫૦૦ રૂા. હતા તે વધીને આજે ૧,૫૧,૦૦૦ રૂા.ની નવી ઐતિહાસિક સપાટી બનાવી છે. સોનાના બિસ્કીટમાં ૨૫,૦૦૦ રૂા. વધ્યા છે. સોનાના બિસ્કીટ (૧૦૦ ગ્રામ)નો ભાવ ૧૪,૮૫,૦૦૦ રૂા. હતા તે વધીને ૧૫,૧૦,૦૦૦ રૂા.ની સપાટીએ ભાવ પહોંચ્યા છે. અમેરીકા અને ઈરાક વચ્ચે યુધ્ધના ભણકારા તથા ટેરીફ વોરના પગલે સોના-ચાંદીના ભાવો સળગી રહયાનું અને આગામી દિવસોમાં હજુ પણ નવી ભાવ સપાટી જોવા મળે તો નવાઈ નહી તેમ ઝવેરીબજારના સુત્રોએ જણાવ્યું હતું. (૪.૯)

## સાવરકુંડલાના સીમરણ ગામે પરીણીતાને મારમારી ત્રાસ

(અરવિંદ નિર્મળ દ્વારા) અમરેલી તા. ૨૦ :.. સાવરકુંડલા તાલુકાના સીમરણ ગામે રહેતી હાલ પિયર મોટા આંકડીયા ગ્રેહાબેન કાંતિભાઈ દાફડા ઉ.વ.૨૬ ને તેના લગ્ન જીવન દરમ્યાન પતિ કાર્તિક દેવજીભાઈ દાફડા, સાસુ મંજુબેન દેવજીભાઈ દાફડા, સસરા દેવજી મંગાભાઈ દાફડાએ કોઈ વાંક વગર ઘરકામ પ્રશ્ને અવાર નવાર મેણા ટોણા મારી શારીરીક અને માનસિક દુ:ખ ત્રાસ આપી સાસુએ ગાળો બોલી પતિએ ઢીકાપાટું વડે મુઢમાર મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની અમરેલી મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

બગસરા નદીપરા વિસ્તારમાં રહેતી શબનમબેન આસીફભાઈ અગવાન ઉ.વ. ૩૫ ના ઘરની રેલી પાસે રેહાન હાસમભાઈ શાહમદાર ધુળ ભરેલ ખોખાનો ઘા કરતા તેને ના પાડતા સારૂ નહી લાગતા તેની બહેનો નુરીબેન હાસમભાઈ તથા આશીયાનાબેન હાસમભાઈ શાહમદારને બોલાવી રેહાને લાકડી લઈ શરીરે કમર તથા વાસાના ભાગે મારમારી નુરીબેન તથા આસીયાનાબેને સુનેરાબેનને મારમારી ગાળો બોલી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

**ધારી હીમખીમડીપરામાં યુવતિએ એસીડ પીધું**

ધારી હીમખીમડીપરામાં રહેતા રમેશભાઈ જીવરાજભાઈ દેત્રુજા ઉ.વ.૪૬ ની દિકરી સાથે ચલાલાના સંજય પાટડીયાએ દિકરીને ધમકી મારતો હોય.તથા રમેશભાઈના દિકરા અજયભાઈને પણ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી મારતા રમેશભાઈની દિકરીએ પોતાની મેળે એસીડ પી જતા ગુનો કર્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.(પ-૨૧)

## અમરેલી કુંડલા રોડ ઉપર યુવાન ઉપર હુમલો: બે શખ્સોએ મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

(અરવિંદ નિર્મળ દ્વારા) અમરેલી તા. ૨૦ :.. અમરેલી સાવરકુંડલા રોડ ઉપર આવેલ આંગણ હોટલમાં ગામના વિજયભાઈ બાબુભાઈ સિધ્ધપરા ઉ.વ.૨૧ ચા પીવા માટે ઉભેલ. ગામના ઘનશ્યામ જીણાભાઈ તથા મુન્ના જીણાભાઈ સાંથળા આવેલ હતા.અને વિજયભાઈને તેના પિતાની તથા તેના કાકાને અગાઉ થયેલ ફરિયાદ અંગે ગાળો બોલી મારી નાખવાની ધમકી આપી મુન્નાએ પડખામાંથી છરી કાઢી વિજયભાઈને મારવા જતા બચાવ કરવા આડો હાથ કરતા આંગળી ઉપર છરી વાગી ગયેલ. તેમજ ઘનશ્યામે બાઈકમાં બાંધેલ લાકડાનો ધોકો કાઢી વાસાના ભાગે મારી શરીરે નાનીમોટીઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

**લાઠીની સીમમાં સગીરાનું અપહરણ**

લાઠી સીમમાં શ્રમિક પરીવારની સગીરાને શિહોર તાલુકાના મોટા સુરકા ગામના ખીમજી ઘનશ્યામભાઈ દેવીપુજક વાડીએથી લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે વાલીપણામાંથી અપહરણ કરી ગુનો કર્યાની સગીરાના પિતાએ લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. (પ-૨૧)

# અમરેલી જીલ્લામાં વધુ બે અપમૃત્યુ

(અરવિંદ નિર્મળ દ્વારા) અમરેલી,તા. ૨૦: ચલાલા ચાવડા શેરીમાં રહેતા રોનકભાઈ મુકેશભાઈ ધંધુકીયા ઉ.વ.૨૭ પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા મોત નિપજયાનું પિતા મુકેશભાઈ છગનભાઈ ધંધુકીયાએ ચલાલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.જયારે બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે રહેતા કનુભાઈ શંભુભાઈ માલાણી ઉ.વ.૬૦ ના પત્નિને ૧૭વર્ષથી શરીરે વાની બિમારી હોય.આર્થિક તંગીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ગળાફાંસો ખાી જતા મોત નિપજયાનું અલ્પેશભાઈ કનુભાઈ માલાણીએ સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં જાહેર કરેલ છ.

**ખાંભાના જામકા ગામે વૃધ્ધ ઉપર હુમલો**

ખાંભા તાલુકાના જામકા ગામે રહેતા બાબુભાઈ અરજણભાઈ આંબલીયા ઉ.વ.૭૨ ના પિતાના ભાગનું સાડા સાત વિઘા ડુંગરો (જમીન)વેચેલ હતી.તેમાં બાબુભાઈના ભાગના રૂપિયા ૧,૮૨,૦૦૦ આવતા હોય.જે અરજણભાઈ આંબલીયા પાસે હોય.અને બાબુભાઈને આપેલ નહોય.જેથી પૈસા માંગવા જતા સારૂ નહી લાગતા કહેલ કે તારા પૈસા નથી દેવાના.અને જયાં જવુ હોય ત્યાં જા.અને તારે થાય એ કરી લેજે.તેમ કહી ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઈ મનિષ સવજીભાઈ આંબલીયાએ કહેલ કે આના ટાંટીયા ભાંગી નાખ તેમ કહી અરજણભાઈ પાસે રહેલ કુહાડી તથા મનિષ પાસે રહેલ પાઈપ લઈ મારવા દોડી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

**ખાંભાના જીવાપર ગામે પ્રૌઢને ધમકી આપી**

ખાંભા તાલુકાના જીવાપર ગામે રહેતા પ્રતાપભાઈ મોહનભાઈ હીરપરા ઉ.વ.૫૦ ઉપસરપંચ પતિ મહેશભાઈ શામજીભાઈ હીરપરાએ ગત તા.૨-૧-૨૬ ના સંજય માધાભાઈ સરવૈયા તથા તેના ભાઈ વિજય સરવૈયા ઉપર ફરિયાદ કરેલ હોય.જેમાં પ્રતાપભાઈ સાહેદ તરીકે હોય. જેથી તેમણે ડરાવવા સંજય તથા તેના પત્નિ તેમના ઘરે જઈ ગુનાહિત અપપ્રવેશ કરી ગાળો બોલી તું ઘર બહાર નીકળ.મારે મરી જવું છે.અને ટીકડા પીને તારું નામ લખાવવું છે. અને મારી પત્નિને તારા ઘરે મુકી દેવી છે.તેમ કહી તને જાનથી મારી નાખવા છે. તેવી ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.(૯.૨૩)



**વિર શહીદ મનીષ મહેતાના તૃતીય વર્ષ બલીદાન દીવસે મહારક્તદાન કેમ્પ:** અમરેલી: વિર શહીદ મનીષ મહેતા મેમોરીયલ ટ્રસ્ટ અમરેલી તથા શાંતાબા સીવીલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે ભારતીય સેનામા ફરજ દરમિયાન ૧૯ જાન્યુઆરી ૨૦૨૩ના બંગાલ ખાતે શહીદ થયેલ અમર જવાન મનીષ ગુણવંતરાય મહેતા ની તૃતીય વર્ષ બલીદાન દીવસના રોજ મહા રક્તદાન કેમ્પમા અમરેલીના રાષ્ટ્રપ્રેમી રક્તદાતાઓ દ્વારા રક્તરુપી વીરાજંલી અપર્ણ કરવા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ મા અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા તથા નગરપાલીકા પુમખ તથા નગરસેવકો તથા વિવિધ સામાજીક તથા રાજકીય સંસ્થાઓના આગેવાનો વિવિધ સમાજના આગેવાનો ઉપસ્થિત રહી શહિદ જવાનને વિરાજંલી અપર્ણ કરી હતી.(૩૮.૩૨)

# અનમોલ ફ્રેન્ડ્સ ફોર એવર ગ્રૂપ દ્વારા સ્નેહ મિલન સમારોહ, ગુરુ વંદના અને ષષ્ઠી પૂર્તિ કાર્યક્રમ યોજાયો



જામનગર: અનમોલ ફ્રેન્ડ્સ ફોર એવર ગ્રૂપ દ્વારા નેશનલ હાઈસ્કૂલમાં ધો. ૫ (વર્ષ ૧૯૭૨-૭૩) થી ધો. ૧૨ (વર્ષ ૧૯૭૯-૮૦) માં તથા એમ. પી. શાહ કોમર્સ કોલેજમાં એફ.વાય. (વર્ષ ૧૯૮૦-૮૧)થી ટી.વાય.(વર્ષ ૧૯૮૨-૮૩) માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું એલમનાઈ (રીયુનિયન) સાથે સ્નેહ મિલન સમારોહ તથા શિક્ષકોનાં સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં બધા મિત્રો સિકસ્ટી પ્લસ એટલે સિનિયર સિટીઝન છે, તેમાંનાં મોટાભાગનાં મિત્રો સજોડે આવેલા હતાં. આ કાર્યક્રમનું સંચાલન વિજય નાખવા અને મહેશ માલદેએ કરેલું.

કરાઓકે રાજેશ મંગીએ સંભાળેલ. ત્યારબાદ દિપક કુબાવત દ્વારા શાળાની પ્રાર્થના તથા સ્વાગત ગીતની રજૂઆત કરવામાં આવી હતી.

પછી હિતેશ પોટા (વોઈસ ઓફ મુકેશ), ધનંજય દવે, નલિન પટેલ, મેહુલ આચાર્ય વગેરે દ્વારા મિત્રતાનાં મનોરમ્ય ગીતો વડે કાર્યક્રમ ભવ્ય બન્યો હતો.

ત્યારબાદ સૌ મિત્રોએ કપલમાં સ્ટેજ ઉપર આવીને જાણે ષષ્ઠી પૂર્તિની ઉજવણી કરતાં હોય તે રીતે સૌએ સેલ્ફ ઈન્ટ્રોડક્શન આપેલું. નેશનલ હાઈસ્કૂલનાં પાંચ પ્રિય શિક્ષકો, એ.પી. અમૂતિયા (પ્રિન્સિપાલ) એમ.પી.જેઠવા, એમ. એમ. ચોવટીયા, કિરણભાઈ જડિયા, કે. કે. ધામાણીનું સન્માન અનમોલ ગ્રૂપ તરફથી શાલ ઓઢાડીને, પૂષ્પગુચ્છ આપીને તથા ટોપણ માધવજી કાગદી પરિવાર તરફથી મોમેન્ટો આપીને કરવામાં આવ્યું હતું.

પછી ગ્રૂપનાં સ્થાપક અને જામનગરનાં સાહિત્યકાર અનિલ બી. સરૈયા "અનમોલ" પાસંગિક પ્રવચન કરેલું. કાર્યક્રમની આભારવિધિ જયેશ નાખવાએ કરેલી.

આ સમારંભમાં ફોટોગ્રાફી તથા વિડિયોગ્રાફીની સેવા શરદ સુરાણી તથા જયેશ નાખવાએ આપેલી. અમદાવાદથી મુકેશ જોષી, માધુરી જોશી, મેહુલ આચાર્ય અને હિતેશ પોટા તથા રાજકોટથી નલીન પટેલ તથા શ્રીરામભક્ત કલ્પેશ વર્મા અને પારૂલ વમા ઉપસ્થિત રહ્યાં હતા.

આ કાર્યક્રમમાં સૌએ રૂા. ૩૦-૩૦ આપીને પાંજરાપોળમાં ગૌમાતાને સંયુક્ત ભેટ લખાવીને પ્રેરણાદાયક ઉદાહરણ પૂરૂં પાડેલ .

મહેન્દ્રસિંહ જાડેજા, હિતેન પરમાર, કમલેશ જાની, મહેશ પાંભર, પરેશ એચ. કનખરા, પરેશ જે. કનખરા, નિલેશ કનખરા, વિજય કોઠારી, બીપીન આશર, કિશોર શાહ, વિનેશ શાહ, ભરત જાદવાણી, કૌશિક મહેતા, રતિલાલ ભદ્રા, રાજીવ ત્રીવેદી, દિલીપ ચંદરીયા, અશ્વિન દોશી, કમલેશ બકરાણીયા વગેરે તથા એમ. પી. શાહ કોમર્સ કોલેજનાં મિત્ર પ્રો.વિજય દત્તાણી, મંદા જાની ત્રીવેદી, દર્શક મારુ, પરેશ મજીઠીયા વગેરેએ તેમની પત્નીઓ સાથે પધારીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.(૩૫-૧૦)

# છ મહિના પહેલા ચોરાયેલ મોબાઇલ ફોન એકટીવ થતા જ પોલીસે આરોપીને તુર્તજ ઝડપી લીધો



જામનગર, તા.૨૦: કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશન કલમ ૩૦૩(૨) મુજબના કામેનો ગુનો વણશોધાયેલ હોય જેમા ચોરી થયેલ સેમસંગ કંપનીનો **A 51** મોબાઈલ ફોન એકટીવ થયેલ હોય જે અન્વયે અત્રે પો.સ્ટે.ના એ.એસ.આઈ. વનરાજભાઈ ઝાંપડીયા તથા પો.હેડ કોન્સ. વાસુદેવસિંહ જાડેજા એ **C.E.I.R.** પોર્ટલની મદદથી જરૂરી માહીતી એકત્રીત કરી ખાનગી બાતમીદારો દ્વારા આરોપી જગોભાઈ રામભાઈ સોમાણી (મરાઠા) ઉ.વ.૨૭ ધંધો-મજુરી રહે હાલ-જામનગર રોડ, રાજસ્થાન મારબલ પાસે ઝુપડામાં, કાલાવડ મુળ-સોડવદર ગામ તા. જામકંડોરણા વાળાને પકડી પાડી મોબાઈલ રીકવર કરેલ છે.

આ કાર્યવાહી પોલીસ ઈન્સપેકટર એન.વી.આંબલીયા તથા પો.સ.ઈ. જે.એસ.ગોવાણી તથા એ.એસ.આઈ. વનરાજભાઈ ઝાંપડીયા તથા પો.હેડ કોન્સ. વાસુદેવસિંહ જાડેજા તથા કાલાવડ ટાઉન પોલીસ દ્વારા કરવામાં આવેલ છે. (૩.૧૨

# જામનગર: કેસ પાછો ખેંચી લેવા ધમકી આપતા મહિલાએ ઝેરી દવા પીધી

(મુકુંદ બદિયાણી દ્વારા)જામનગર, તા.૨૦: જામજોધપુર પોલીસ સ્ટેશનમાં અંજનાબેન ઉર્ફે અંજુબેન નટુભાઈ ખાટ, ઉ.વ.૪૯, રે. સગર પા ચકલા ચોક, જામજોધપુરવાળા એ ફરીયાદ નોંધાવી છે કે, તા.૧૬-૧-૨૦૨૬ ના આરોપી ચીમનભાઈ મોહનભાઈ ખાંટ વાળા વિરૂધ્ધ ફરીયાદી અંજનાબેન ઉર્ફે અંજુબેને અગાઉ ફરીયાદ દાખલ કરેલ હોય જે અંગે કેશ કોર્ટમાં ચાલતો હોય જેથી આરોપીઓ ચીમનભાઈ મોહનભાઈ ખાંટ તથા આશીષભાઈ ચીમનભાઈ ખાંટ એ ફરીયાદી અંજનાબેન ઉર્ફે અંજુબેનની વાડીએ જઈને ફરીયાદી અંજનાબેન ઉર્ફે અંજુબેનને અગાઉ કરેલ કેસ પાછો ખેચી લેવા તથા ફરીયાદી અંજનાબેન ઉર્ફે અંજુબેનને ભુંડી ગાળો આપી તથા તેમના પરીવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપેલ જેથી ચિંતામાં ફરીયાદી અંજનાબેન ઉર્ફે અંજુબેનએ પોતાની વાડીએ પોતાની જાતે ઝેરી દવા પી લીધેલ હોય તથા ફરીયાદી અંજનાબેન ઉર્ફે અંજુબેન તથા તેના દિકરી રાધીકાબેનને આરોપીઓએ ભેગા થતા ત્યારે ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ છે.

**જુગાર રમતી પાંચ મહીલા સહિત આઠ ઝડપાયા**

જામનગર : શેઠવડાળા પોલીસ સ્ટેશનમાં કોન્સ. દિનેશભાઈ ખોડાભાઈ ચૌહાણ એ ફરીયાદ નોંધાવી છે કે, તા.૧૯-૧-૨૦૨૬ ના સડોદર ગામે શંકરદાસ અમરદાસ શ્રીમાળીના ઘરની સામે શેરીમાં ખુલ્લા પટમાં આરોપીઓ પ્રફુલભાઈ દેવાભાઈ ભદ્રા, નરેન્દ્રભાઈ માધાભાઈ ચાંડપા, જેન્તીભાઈ વશરામભાઈ ધવલ, રંજનબેન વિરાભાઈ વસ્તાભાઈ ભદ્રા, નિમુબેન પમાભાઈ અમરાભાઈ વારગીયા, ખીમીબેન કમાભાઈ પાગાભાઈ ભદ્રા, શારદાબેન શંકરદાસ અમરદાસ શ્રીમાળી, કંકુબેન શામળાદાસ ગંગારામ ગાંજણ એ ગંજીપતાના પાના વડે તીનપતી રોનપોલીસ નામનો જુગાર રમી રમાડી પૈસાની હારજીત કરી રેઈડ દરમ્યાન રોકડા રૂ.૧૧૪૧૦/- ના મુદામાલ સાથે ઝડપાઈ ગયેલ છે.

**ફોટો પાડવા બાબતે બઘડાટી**

જામનગર : અહીં સીટી સી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં દિવ્યરાજસિંહ રણજીતસિંહ જાડેજા, ઉ.વ.૨૨, રે. અંધાશ્રમ શેરી નં.૨, હનુમાન ચોક વાળા એ ફરીયાદ નોંધાવી છે કે, તા.૧૯-૧-૨૦૨૬ ના સડોદર ગામે શંકરદાસ અમરદાસ શ્રીમાળીના ઘરની સામે શેરીમાં ખુલ્લા પટમાં આરોપીઓ પ્રફુલભાઈ દેવાભાઈ ભદ્રા, નરેન્દ્રભાઈ માધાભાઈ ચાંડપા, જેન્તીભાઈ વશરામભાઈ ધવલ, રંજનબેન વિરાભાઈ વસ્તાભાઈ ભદ્રા, નિમુબેન પમાભાઈ અમરાભાઈ વારગીયા, ખીમીબેન કમાભાઈ પાગાભાઈ ભદ્રા, શારદાબેન શંકરદાસ અમરદાસ શ્રીમાળી, કંકુબેન શામળાદાસ ગંગારામ ગાંજણ એ ગંજીપતાના પાના વડે તીનપતી રોનપોલીસ નામનો જુગાર રમી રમાડી પૈસાની હારજીત કરી રેઈડ દરમ્યાન રોકડા રૂ.૧૧૪૧૦/- ના મુદામાલ સાથે ઝડપાઈ ગયેલ છે.

**દારૂ સાથે ઝડપાયો**

જામનગર : અહીં સીટી એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં કોન્સ. રૂષીરાજસિંહ લાલુભા જાડેજા એ ફરીયાદ નોધાવી છે કે, તા.૧૯-૧-૨૦૨૬ ના રણજીતસાગર રોડ, ખેતલાઆપા ટી સ્ટોલની સામે, ઢાળીયો ઉતારતા આરોપી સનોજકુમાર ગોરખનાથ ચૌધરી એ ગેરકાયદેસર પાસ પરમીટ વગર ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂના ચપટા નંગ-૧૦ કિંમત રૂ.૧,૦૦૦/- સાથે ઝડપાઈ ગયેલ છે.

**દારૂ ઝડપાયો : આરોપી ફરાર**

જામનગર : અહીં સીટી એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં કોન્સ. કિશોરભાઈ ભુટાભાઈ ગાગીયા એ ફરીયાદ નોધાવી છે કે, તા.૧૯-૧-૨૦૨૬ ના મારૂ કંસારા હોલની પાછળ, આશાપુરા જનરલ સ્ટોરની નજીકમા આરોપી રણજીતસિંહ બહાદુરસિંહ જાડેજા એ પોતાના રહેણાક મકાનમાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂના ચપટા નંગ-૯૬ કિંમત રૂ.૯,૬૦૦/- સાથે ઝડપાઈ ગયેલ છે. તથા આરોપી રણજીતસિંહ બહાદુરસિંહ જાડેજા ફરાર થઈ ગયેલ છે આ અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.(૨૩.૧૪)

# INTIFY SOLAR PVT. LTD. કંપનીની સોલાર પેનલની ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પર જાહેરાત આપી ૧૦૦થી વધુ લોકો સાથે સાયબર ઠગાઇ કરતા ૪ આરોપીને પકડતી સાયબર ક્રાઇમ-જામનગર

(મુકુંદ બદિયાણી દ્વારા)જામનગર, તા. ૨૦: પોતાની **INTIFY SOLAR PVT. LTD.** નામની કંપનીની સોલાર પેનલ બાબતે ફેસબુક તથા ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આકર્ષક જાહેરાતો મૂકી, સસ્તા ભાવે અને સારી ગુણવત્તાની સોલાર પેનલ આપવાની લાલચ આપી હતી.આ જાહેરાતોના આધારે ફરીયાદી તથા અન્ય સાક્ષીઓ/ભોગ બનનારાઓ પાસેથી કુલ રૂપીયા ૬,૧૦,૯૩૨/- પડાવી લેવામાં આવ્યા તેમ છતાં, તહોમતદારોએ ન તો સોલાર પેનલ ફિટિંગ કરી આપી અને ન તો ચુકવેલ રકમ પરત આપી.

તપાસ દરમ્યાન ખુલ્યું છે કે આરોપીઓએ આ રીતે ૧૦૦ કરતાં વધુ લોકો સાથે સાયબર ફ્રોડ આચરી, સોલાર પેનલ ખરીદવાના બહાને લોન અપાવી, તે રકમ પોતાના અંગત બેંક ખાતામાં મેળવી હતી. ત્યારબાદ સોલાર પેનલ સ્થાપિત ન કરી, છેતરપિંડીથી મેળવેલ નાણાં પોતાના અંગત લાભ માટે વાપર્યા હતા, ઉપરાંત, આ નાણાં ઠગાઈના હોવાની જાણ હોવા છતાં આરોપીઓએ એકબીજા સાથે સાંઠગાંઠ કરી ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ રાખી હતી.



આ બાબતે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો નોંધવામાં આવેલ જે મુજબ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના એચસી દર્શિતભાઈ જગદીશભાઈ સિસોદીયા તથા પીસી રાજેશ દુદાભાઈ પરમાર નાઓ ઉપરોક્ત ગુના અંગે ટેકનિકલ એનાલિસીસ કરી તેમજ માહિતી એકત્રિત કરી જામનગર ખાતેથી આરોપી પકડી પાડી આગળની ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

પકડાયેલ આરોપીઓ: (૧) હિરેનભાઈ નાથાલાલ લાઠીયા, રહે. તીરૂપતી પાર્ક ૭/બી ઢિંચડા રોડ મુળ રહે.કૃષ્ણકુંજ, શેરી નં.૪ હિમાલય સોસયટી જામનગર. (૨) ચેતનભાઈ અશોકભાઈ પાણખાણીયા રહે.નિલકમલ સોસાયટી શેરી નં.૫ ખોડીયાર કોલોની જામનગર, (૩) રાહુલભાઈ રાજેન્દ્રપ્રશાદ ભટ્ટ રહે,૧/૨ મકવાણા સોસાયટી, શાંતિનગર પાછળ હરીયા સ્કૂલની સામે જામનગર, (૪) અભયભાઈ જીતેન્દ્રભાઈ પરમાર રહે. ખોડીયાર કોલોની ન્યુ આરામ કોલોની કોળીનો દંગો જામનગર, (૫) રામજી કમોદસિંધ લોધી, રહે જકાતનાકા પાસે પાર્થ એપાર્ટમેન્ટ ત્રીજો માળ જામનગર મુળ રહે-ગામ.બક્ષીપુરા તા.જિ.ભિંડ રાજય-મધ્યપ્રદેશ છે અને પકડવા પર બાકી આરોપી: કાનાભાઈ બેડીયાવદરા છે જેમાં કબજે કરાયેલ મુદામાલ (૧) પાસ બુક / ચેક બુક નંગ-૦૮, (૨) મોબાઈલ નંગ- ૧૨, (૩) સી.પી.યુ. નંગ-૦૨ છે.(૬.૧૧)

**રાજકોટ વેસણ**

| | |
|---|---|
| વેસણ (૫૦ કિલો) | ૪૪૦૦-૪૫૦૦ |
| ચણા | ૫૭૦૦-૫૮૦૦ |
| ચણા દાળ | ૭૦૦૦-૭૫૦૦ |

# ખેતી બેંકની બ્રાન્ડ એમ્બેસડર નિરમા ઠાકોરને ટાટા મુંબઈ મેરેથોનમાં સિલ્વર મેડલ

## ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ બેંક બ્રાન્ડ એમ્બેસડર તરીકે કુ. નિરમાબેન ઠાકોરની આ સફળતાને ખેતી બેંક માટે ગૌરવ અને દેશની યુવા શક્તિ માટે પ્રેરણા ગણાવી



(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા.૨૦: ખેતી બેંકની બ્રાન્ડ એમ્બેસડર કુમારી નિરમા ઠાકોરે મુંબઈ ખાતે યોજાયેલ ટાટા મુંબઈ મેરેથોનમાં અખૂટ મહેનત અને અડગ આત્મવિશ્વાસથી સિલ્વર મેડલ મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. તેમની આ ભવ્ય સફળતા બદલ ખેતી બેંક પરિવાર હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.

આ ગૌરવની ક્ષણે ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ બેંક બ્રાન્ડ એમ્બેસડર તરીકે કુ.નિરમાબેન ઠાકોરની આ સફળતાને ખેતી બેંક માટે ગૌરવ અને દેશની યુવા શક્તિ માટે પ્રરણા ગણાવી છે.

કુમારી નિરમા ઠાકોરની આ સિદ્ધિ તેમના અડગ સંકલ્પ, સતત પરિશ્રમ અને શિસ્તબદ્ધ જીવનશૈલીનું પ્રતિબિંબ છે. તેઓ ખેતી બેંક દ્વારા પ્રચારિત આત્મનિર્ભરતા, મહિલા સશક્તિકરણ અને સ્વસ્થ ભારતના મૂલ્યોનું જીવંત ઉદાહરણ છે.

માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજી અને માનનીય કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના દ્વારા પ્રેરિત આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવામાં અને માનનીય કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ ના દૂરદર્શી અને પ્રરણાદાયક નેતૃત્વ હેઠળ દેશમાં રમતગમત, ફિટ્લેશ અને મહિલા સશક્તિકરણને મળતું મજબૂત પ્રોત્સાહન આવી સિદ્ધિઓનો આધારસ્તંભ બની રહ્યું છે.

ખેતી બેંક કુમારી નિરમા ઠાકોરની આ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવે છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરે છે. તેમની સફળતા યુવા પેઢી, ખાસ કરીને ગ્રામ્ય અને ખેડૂત પરિવારોની દિકરીઓ માટે પ્રેરણારૂપ બનશે. ખેતી બેંકને તેની બ્રાન્ડ એમ્બેસેડર પર હૃદયથી ગર્વ છે.(તસ્વીર: મુકેશ વાઘેલા-જુનાગઢ) (૩.૪)



# સોમનાથ હેલિપેડ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનું ભાવભીનું સ્વાગત

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના ૧૮મા પદવીદાન સમારોહમાં સહભાગી થયા

વેરાવળ: શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના ૧૮માં પદવીદાન સમારોહમાં સહભાગી થવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સોમનાથ ખાતે આવી પહોંચતા ત્રિવેણી હેલિપેડ ખાતે તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીના સ્વાગત સત્કાર વેળાએ કલેક્ટર એન.વી.ઉપાધ્યાય અને જિલ્લા પોલીસવડા જયદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતાં.(તસ્વીર-અહેવાલ: દિપક કક્કડ-વેરાવળ)(૨.૧૫)

# વિસાવદરમાં ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના લાભાર્થે ૩૦ મિનિટમાં પાંચ લાખ રૂપિયાથી વધુનું દાન



(યાસીન બ્લોચ દ્વારા) વિસાવદર, તા.,૨૦ : ભક્તિ દ્વારા એકતાની શક્તિના સૂત્રને સાર્થક કરતા શ્રી ખોડલધામ ટ્રસ્ટ, કાગવડ દ્વારા સર્વ સમાજ માટે રાજકોટ નજીક અમરેલી ગામે શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ નું ભવ્ય નિર્માણ થઈ રહ્યું છે.

સૌરાષ્ટ્રના કેન્સર પીડિત દર્દીઓને વિશ્વસ્તરીય, આધુનિક અને વ્યાજબી દરે સારવાર ઉપલબ્ધ થાય તે હેતુથી આ હોસ્પિટલ રચાઈ રહી છે. ૪૩ એકર વિસ્તારમાં અંદાજે પાંચ લાખ ચોરસ વારના બાંધકામ સાથે આ એક વિશાળ અને ઐતિહાસિક સામાજિક પ્રોજેક્ટ બની રહ્યો છે.

આ ભગીરથ કાર્યમાં દરેક વ્યક્તિ પોતાનું યોગદાન આપી શકે અને જનસહયોગથી આ પ્રોજેક્ટને નવી ઊંચાઈ મળે તે માટે જનજાગૃતિ અને નિધિ એકત્રિકરણના ભાગરૂપે વિસાવદર તાલુકામાં મા ખોડલનો રથ દરેક ગામે પરિભ્રમણ કરી રહ્યો છે. શ્રી વિશાલભાઈ રીબડિયા, વિસાવદર તાલુકા કન્વીનર, ખોડલધામ દ્વારા જણાવ્યા મુજબ જૂનાગઢ જિલ્લા ખોડલધામ સમિતિ તથા વિસાવદર શહેર અને તાલુકા ખોડલધામ સમિતિના આયોજન હેઠળ વિસાવદર તાલુકાના તમામ ગામોમાં પરિભ્રમણ માટેની કાર્યકર્તા મિટિંગ તા. ૧૮ જાન્યુઆરીના રોજ યોજાઈ હતી. આ મિટિંગમાં ૧૧૦૦થી વધુ સંગઠનના કાર્યકર્તાઓ તથા સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા. ઉત્સાહ, ભક્તિ અને સેવા ભાવનાના સંગમ સાથે યોજાયેલી આ સંગઠન બેઠકમાં માત્ર ૩૦ મિનિટમાં પાંચ લાખ રૂપિયાથી વધુનું દાન જાહેર થયું, જે સમાજની એકતા અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે.

# જેતપુરમાં ભાજપ પ્રદેશ મહામંત્રી ડો.પ્રશાંત કોરાટની મુલાકાત



જેતપુર, તા.૨૦: ગુજરાત પ્રદેશ સમાજના આસ્થા કેન્દ્ર એવા સંગઠનના હોદેદારો લેઉવા પટેલ ખોડલધામ ખાતે શિસ ઝુકાવી મા ખોડલના આશીર્વાદ લીધા હતા, પ્રદેશ મહામંત્રી તરીકે જવાબદારી સંભાળ્યા બાદ પ્રથમ વખત પ્રશાંત કોરાટ ખોડલધામ ખાતે દર્શન કરવા આવ્યા હતા, તેમની સાથે પ્રદેશ ઉપપ્રમુખ રમેશભાઈ ધડુક, કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ હિરેન હિરપરા, મહિલા મોરચાના અંજુબેન તેમજ નીરવભાઈ અમીન પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા તમામ પ્રદેશ હોદેદારોનું માતાજીનો ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું, તેમજ પ્રદેશ સંગઠનના આગેવાનોના આગમનને લઈ રાજકોટ જિલ્લા ભાજપના આગેવાનો તથા કાર્યકરો મોટી સંખ્યામાં ખોડલધામ મંદિર ખાતે ઉમટી પડ્યા હતા, અને ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલે તમામ પ્રદેશ હોદેદારોને શુભેચ્છા પાઠવી હતી.

ત્યાર બાદ પોતાના માદરે વતન જેતપુર ખાતે આવતા પ્રશાંત કોરાટ આતશબાજી અને ડીજે સાથે સ્વાગત કરાયું હતું. ઠેરઠેર અદકેરું સન્માન કરવા કાર્યકર્તાઓ થનગની રહ્યા હતા.

પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટે જણાવ્યું હતું, પ્રદેશ મહામંત્રી તરીકે જવાબદારી મળ્યા બાદ મા ખોડલના આશીર્વાદ મેળવ્યા. ભારતીય જનતા પાર્ટીએ મારી ઉપર જે વિશ્વાસ મૂક્યો છે, તે વિશ્વાસ પર ખરો ઉતરવા સંપૂર્ણ નિષ્ઠાથી કામ કરીશ, સરકારની યોજનાઓ લોકો સુધી પહોંચે અને પાર્ટી વધુ મજબૂત બને તેવા પ્રયાસો કરશું.(૬.૯)

# જુનાગઢમાં ૪ ચોરાઉ બાઇક સાથે આરોપીને ઝડપી લેતા એ-ડિવીઝન પોલીસ



(વિનુ જોષી દ્વારા) જુનાગઢ: તા.૨૦, રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેષ જાંજડીયા તથા પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાની સુચના અને નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાના માર્ગદર્શન હેઠળ બાઈકની ચોરી કરનારને ઝડપી લીધો છે.

પોલીસે કેયુર સંદિપભાઈ જેઠવા રહે. જુનાગઢ, નાગર રોડ, અમરજયોત એપાર્ટમેન્ટને ૪ ચોરાઉ બાઈક સાથે ઝડપી પાડેલ છે.

આ કામગીરી જુનાગઢ 'એ' ડિવીઝન પો. ઈન્સ. વી.જે. સાવજ તથા પો. સબ ઈન્સ. વાયએન. સોલંકી તથા એ.એસ.આઈ. પંકજભાઈ સાગઠીયા તથા પો. કોન્સ. કલ્પેશભાઈ ગેલાભાઈ તથા પો. કોન્સ. અનકભાઈ બોઘરા તથા પ્રો.કો. હીતેષભાઈ જીલડીયા તથા પો.કોન્સ. જીગ્નેશભાઈ શુકલ, તથા પો. કોન્સ. નિતીનભાઈ હીરાણી તથા પો. કોન્સ. જયેશભાઈ કરમટા તથા પો. કોન્સ. નરેન્દ્રભાઈ બાલસ તથા જુનાગઢ 'બી' પો. સ્ટે.ના પો. કોન્સ. મનીષભાઈ હુંબલનાઓએ સાથે રહી કામગીરી કરેલ છે. (તસ્વીર: મુકેશ વાઘેલા- જુનાગઢ) (૩૫-૧૧)

## વિસાવદરના પોલીસ હેડ કોન્સ. ના પુત્રનું ઉચ્ચ અભ્યાસ અર્થે યુરોપ વિદેશગમન



(યાસીન બ્લોચ દ્વારા) વિસાવદર , તા.,૨૦ : વિસાવદર ડી.વાય.એસ.પી.કચેરી ખાતે ફરજ બજાવતા વિપ્રપરિવારના અવિનાશભાઈ પંડ્યા હેડ કોન્સ.ના પુત્ર તથા પાયલબેન અવિનાશભાઈ પંડયાના લાડકવાયા પુત્ર પુજન અવિનાશભાઈ પંડ્યા એમ.બી.બી.એસ.ની ડીગ્રી પ્રાપ્ત કર્યા બાદ વધુ ઉચ્ચ અભ્યાસ માટે બેલારૂસ ( યુરોપ) જવા માટે નીકળ્યા છે ત્યારે તેમને સમસ્ત બ્રહ્મસમાજ તથા દરેક સમાજના વિવિધ વર્ગના લોકો તરફથી શુભેચ્છાઓ સાથે પોતાના જીવનમાં ખુબજ આગળ વધે તેવી શુભકામનાઓ તેમના પિતા અવિનાશભાઈ પંડ્યા મોબાઈલ નં. ૯૯૨૫૩ ૩૭૫૫૬ ઉપર આપવામાં આવી રહી છે.(૪.૫)

## જૂનાગઢના મ્યુ. કમિશનર તેજસ પરમારનો જન્મદિન



રાજકોટ: જુનાગઢના મ્યુનિસીપલ કમિશનર શ્રી તેજસ પરમારનો જન્મ તા.૨૦ જાન્યુઆરી ૧૯૯૦ના દિવસે થયેલ આજે ૩૭ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

તેઓ મુળ બનાસકાંઠા પાલનપુરના વતની અને૨૦૧૬ ની બેચના આઈએએસ કેડરના અધિકારી છે. ભુતકાળમાં ગ્રામ વિકાસ વિભાગમાં મદદનીશ સચિવ દાહોદમાં પ્રાંત અધિકારી, અમરેલીમાં અને દાહોદમાં જિલ્લા વિકાસ અધિકારી હાલ વડોદરા ખાતે મધ્ય ગુજરાત વીજ કંપનીના મેનેજીંગ ડીરેકટર રાજયના શહેરી વિકાસ વિભાગમાં નાયબ સચિવ વગેરે પદ પર રહી ચુકયા છે. ફોન નં. ૦૨૮૫-૨૬૫૦૪૫૦ મો.૯૯૭૮૪૦૦૫૦૧. જુનાગઢ(૪.૩)

## જેતપુરમાં પાનની દુકાનમાંથી દારૂના ચપલા મળ્યા : ભાવેશ લાખાણીની ધરપકડ

(કેતન ઓઝા દ્વારા) જેતપુર, તા.૨૦: જેતપુરના ચાપરાજપુર રોડ પર પાનની દુકાનમાંથી ઈંગ્લિશ દારૂના ચપલા મળી આવતા પોલીસે દુકાનદારની ધરપકડ કરી હતી.

શહેર પોલીસ પેટ્રોલિંગમાં નીકળેલ દરમિયાન ચાપરાજપુર રોડ પરથી પસાર થતાં મળેલ બાતમીના આધારે આ રોડ પર આવેલ માધવ પાન એન્ડ કોલ્ડ્રિંકસની દુકાનમાં દારૂ અંગેની રેડ કરતા દુકાનમાંથી ઈંગ્લિશ દારૂના ચપલા નંગ-૭ મળી આવતા પોલીસે દુકાન માલિક ભાવેશ જેન્તીભાઈ લાખાણી (અમરનગર રોડ)ને દારૂના ચપલા સાથે પકડી પાડી કાર્યવાહી કરેલ.(૨૩.૧૭)

# જુનાગઢમાં પ્રશાંત કોરાટને શુભેચ્છા પાઠવતા ગિરીશભાઈ કોટેચા

### ગુજરાત ભારતીય જનતા પાર્ટીમા પ્રદેશ મહામંત્રી બન્યા બાદ સૌ પ્રથમવાર જૂનાગઢ શહેરમાં આવતા સ્વાગત કરાયું



(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા.૨૦: ગુજરાત ભારતીય જનતા પાર્ટીના નવ નિયુક્ત પ્રદેશ મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટ મહામંત્રી બન્યા બાદ સૌ પ્રથમ જૂનાગઢ શહેર માં જવાહર રોડ આવેલ સ્વામિ નારાયણ મંદિર ખાતે આવતા શેઠ શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિર ના સાનિધ્ય માં પ્રશાંતભાઈની ગોળતુલા પૂજ્ય સંતો મહંતો તથા ભારતીય જનતા પાર્ટીના આગેવાનો તથા કાર્યકર્તા ભાઈઓ તથા મહિલા મંડળ ના સભ્યો ની હાજરી માં કરવામાં આવી હતી.

આ શુભ પ્રસંગે પૂર્વ ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચાએ પ્રશાંતભાઈ કોરાટને અભીનંદન સાથે શુભેરછા પાઠવી હતી.(તસ્વીર: મુકેશ વાઘેલા-જુનાગઢ) (૩.૩)

## ન્યૂડ વિડીયો મોબાઇલ ફોનમાં ઉતરાવડાવી વાયરલ કરનાર આરોપીને પકડી પાડતી વિસાવદર પોલીસ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા.૨૦: જુનાગઢ જીલ્લાના વિસાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ન્યુડ વિડીયો મોબાઈલ ફોનમા ઉતરાવડાવી તે અભદ્ર ન્યુડ વિડીયો વોટસએપ મારફતે વિડીયો વાયરલ થયા અંગેનો બનાવ બનેલ હોય જે આધારે પોલીસ મહાનીરીક્ષક નિલેશ જાજડીયા તથા જુનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક સુબોષ ઓડેદરા તથા વિસાવદર વિભાગના મદદનીસ પોલીસ અધિક્ષક રોહીતકુમાર નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ વિસાવદર પોસ્ટેના પો.ઈન્સ એચ.વી.પટેલ નાઓની સૂચના મુજબ વિસાવદર પોલિસ સ્ટેશન ખાતે ગુ.ર.ન ૧૧૨૦૩૦૭૦૨૬૦૦૩૦/૨૦૨૬ ભારતીય ન્યાય સંહીતા(BNS) કલમ ૭૫(૧), ૭૮(૨), ૩૫૬(૩), ૩૫૧(૩) તથા આઈ.ટી.એકટ કલમ ૬૬(ઈ),૬૭ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેમા આરોપીએ ફરીયાદીને ગુનાહિત ધમકી આપી તેનો ન્યુડ વિડીયો મોબાઈલ ફોનમા ઉતરાવડાવી તે અભદ્ર ન્યુડ વિડીયો વોટસએપ મારફતે ફરીયાદીને ધમકી આપી વીડીયો મંગાવી બાદ ફરીયાદીના લગ્ન જીવનમા ખલેલ પહોચાડવા માટે તથા બદનામ કરવાના ઈરાદે ઈલેટ્રોનિક માધ્યમ વોટસએપ તથા અન્ય માધ્યમ મારફતે વાઈરલ કરી ગુન્હો કરેલ હોય જેથી આ કામે ના આરોપી ને શોધવા માટે પો.ઈન્સ શ્રી એચ.વી.પટેલ નાઓએ પોલીસ ની અલગ અલગ ટીમો બનાવી ઉપરોકત ગુના ના આરોપી ગોપાલ હરસુખભાઈ સાંગાણી રહે. ભુતડી તા.વિસાવદર વાળા ને ગણતરીના કલાકો મા પકડી પાડી આરોપી વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ કામગીરી વિસાવદર પોલિસ સ્ટેશન ના પોલિસ ઈન્સપેકટર શ્રી એ.ચ.વી.પટેલ તથા પો.હે.ડ.કોન્સ રવીરાજસિંહ વાઘેલા, કીરણભાઈ કરમટા પો.કોન્સ રાજુભાઈ પરમાર, રાકેશભાઈ ડોબરીયા, પ્રદીપભાઈ વાળા જિગ્નેશભાઈ ભેડા નાઓએ કરેલ છે. (૭.૨૧)



# સોમનાથમાં પોણા ચાર લાખનું ચરસ ઝડપાયું

વેરાવળ, તા.૨૦: ગીર સોમનાથ એસ.ઓ.જી પી.આઈ ડી.એમ.કાગડા એ જણાવેલ હતું કે સવારે સોમનાથ ત્રીવેણીરોડ ઉપર સ્મશાન ઘાટ ના રસ્તે ઉતરપ્રદેશ ના માનસીગ સમુદ્રસિંગ સૈની ને બાતમી ના આધારે ઝડપી તેની પાસેથી ચરસ દોઢ કીલો આશરે કીમત રૂા. ૩,૭૫,૦૦૦ નું કબજે કરેલ હતું આરોપીએ જણાવેલ હતું તેને દીલ્હી થી માલ ખરીદેલ હતો અને તે સોમનાથ પ્રભાસપાટણ વિસ્તારમાં અનેક ને છુટક છુટક વેચાણ કરવા માટે લાવેલ હતો આ વિસ્તારમાં કોણ કોણ માદક પદાર્થ લેનાર છે તેની પુછપરછ કરાઈ રહેલ છે અત્યારે એક આરોપીની અટકાયત કરાયેલ છે.

સોમનાથ ત્રીવેણી રોડ ઉપર દરીયા કિનારે અનેક મોટી ઝુપટ પટી છે તેમજ આ વિસ્તારમાં ચરપ,ગાંજો,ડ્રગ્સ સહીત નું વેચાણ થતું હોય તેવું પણ વારંવાર ફરીયાદો થયેલ છે જેથી સ્થાનીક આરોપીઓ છેલ્લા કેટલાય સમય થી વેચાણ કરતા હોય તેવું જાણવા મળેલ છે.(૨૩.૧૨)

# વેરાવળનાં ભાલકા મંદિરેમાં ભવ્ય પતંગ મહોત્સવ યોજાયો

## યાત્રીકો પતંગ રસીકોને વિના મુલ્યે પતંગ, દોરો, શેરડી, બોર, ચીકી,તલ સહીત અનેક વસ્તુઓ પ્રસાદીમાં અપાય: ફીલ્મ ટીવી સ્ટાર હેમાલી સેજપાલનું ભાલકા મંદિરે, ડોંગરેજી મહાજન અન્નક્ષેત્ર ભવ્ય સન્માન કરાયું



(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૧૯: ભાલકા મંદિરે કૃષ્ણ ભગવાન ના સાંનિધ્યમાં ભવ્ય પતંગ મહોત્સવ નું આયોજન કરાયેલ હતું જેમાં યાત્રીકો, સ્થાનીકોને વિના મુલ્યે પતંગ, દોરો,શેરડી,તલ મમરા ના લાડુ સહીત અનેક વસ્તુઓનું વિના મુલ્યે પ્રસાદી અપાયેલ હતી આ ભવ્ય પતંગ મહોત્સવમાં ફીલ્મ ટીવી સ્ટાર હેમાલી સેજપાલ સહીત અનેક આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.

સોમનાથ ટ્રસ્ટના સહકાર દર વર્ષે ભાલકા મંદિરે કૃષ્ણ ભગવાન ના સાંનિધ્યમાં ભવ્ય પતંગ મહોત્સવ યોજાય છે જેમાં ગીર સોમનાથ મીડીયા સેન્ટર ડી.કે.ગ્રુપ ના દીપક કક્કડે જણાવેલ હતું કે વિશાળ ગ્રાઉન્ડ માં હજારો યાત્રીકો, સ્થાનીકો ની ઉપસ્થિતીમાં ડીજે સાથે આ ભવ્ય પતંગ મહોત્સવ ઉજવાયેલ હતો જેમાં ફીલ્મ ટીવી સ્ટાર હેમાલી સેજપાલ ઉપસ્થિત રહેલ હતા તેમજ સોમનાથ ટ્રસ્ટ ના અજય દુબે,સુરુભા જાડેજા,વિક્રમ શામળા,જીતપુરી ગોસ્વામી સહીત સ્થાનીક અનેક આગેવાનો ઉપસ્થિત રહેલ હતા આ પ્રસંગે હેમાલી સેજપાલ નું ભવ્ય સન્માન કરાયેલ હતું ડીજે સાથે અનેક યાત્રીકો સ્થાનીકોએ ભવ્યરાસગરબા પણ લીધા હતા બાળકો તથા આવેલ તમામ યાત્રીકો સ્થાની કોને વિના મુલ્યે પતંગ,દોરો,ચીકી,તલ મમરા ના લાડુ શેરડી સહીતની અનેક વસ્તુઓ પ્રસાદી રૂપે આપવામાં આવેલ હતી.

પ્રભાસપાટણ ત્રીવેણી રોડ ઉપર પુજય ડોંગરેજી મહારાજ અન્નક્ષેત્ર માં હેમાલી સેજપાલ નું સન્માન અશોકભાઈ પરમાર,ધનસુખભાઈ પીઠડ દ્વારા કરવામાં આવેલ હતું તેમજ બન્ને ટ્રસ્ટીઓ છેલ્લા ૫૩ વર્ષથી વિશ્વભર માંથી આવતા તમામ યાત્રીકો બાવાસાધુ ઓને વિના મુલ્યે ભોજન પ્રસાદી અપાય રહેલ છે તેની માહીતી અપાય રહેલ છે ૨૪ કલાક શુધ્ધ પાણી મળી રહે તે માટે વિશાળ આરઓ પ્લાન્ટ પણ કાર્યરત છે સોમપુરા બ્રહમસમાજ દ્વારા ત્રીવેણી નદી કાંઠે દરરોજ સાંજે ત્રીવેણી નદી ની આરતી નું આયોજન થાય છે તેમાં પણ ભકિતભેર હાજરી આપેલ હતી આરતી નો લાભ લીધેલ હતો સોમનાથ સ્વાભીમાન પર્વ ને ૧૦૦૦ પુર્ણ થતા મંદિર તથા પરીષર માં ભવ્ય શુસોભન તેમજ યોજાયેલ કાર્યક્રમ માં સહભાગી બનેલ હતા. ભાલકા મંદિરે વર્ષોથી પતંગ મહોત્સવ ઉજવાય છે તેમાં મીલનભાઈ જોશી,રામભાઈ સોલંકી, વિપુલભાઈ રાજા,દીલીપ જશાભાઈ બારડ, અભય હીરાભાઈ જોટવા,ધનસુભાઈ પીઠડ, અશોકભાઈ પરમાર,વેજાનંદભાઈ વાળા,મીત રોહનભાઈ વૈધ, વેરાવળ મર્કન્ટાઈલ બેંક નો ખુબજ મોટો સહયોગ મળી રહેલ હતો.(૨૩.૧૭)

# જુનાગઢની આલ્ફા ઇન્ટરનેશનલ સ્કૂલના ૪ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ, તા.૨૦: આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલ જૂનાગઢ અંગ્રેજી માધ્યમના ધોરણ ૨ થી ૯ના ૨૮ વિદ્યાર્થીઓએ સાયન્સ ઓલમ્પિયાડ ફાઉન્ડેશન (SOF) દિલ્હી દ્વારા યોજવામાં આવતી ઈન્ટરનેશનલ જનરલનોલેજ ઓલમ્પિયાડ (IGKO) ની પરીક્ષામાં ભાગ લીધો હતો. તે પૈકી ૪ વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ અને પ્રમાણપત્રો મેળવીને શાળાનું ગૌરવ વધારેલું છે.(૧) પઢિયાર પ્રિયાંશ (૨) ડઢાણીયા જોવીઅલ (૩) ડાભી તીર્થ (૪) સૈયદ ફરહાન ને સાયન્સ ઓલમ્પિયાડ ફાઉન્ડેશન દ્વારા ગોલ્ડ મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ છે. આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલના સંચાલક જી.પી. કાઠી, પ્રિન્સીપાલ ગઢિયા ખુશ્બુબેન અને પરમાર હંસાબેન દ્વારા વિદ્યાર્થીઓને ગોલ્ડમેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા.(૨૩.૧૫)



# વિસાવદર પાસે ટ્રેક્ટરે બાઈકને હડફેટે લેતા યુવાનનું મૃત્યુ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા. ૨૦: વિસાવદર તાલુકાના ખાંભા ગામે રહેતા ભીખાભાઈ ઉકાભાઈ પરમારના ભત્રીજા નરેશભાઈ અને દીપકભાઈ તેના મોટરસાયકલ ઉપર બેસીને આવતા હતા ત્યારે વિસાવદર તાલુકાના લીમડ્રા ગામ પાસે જીજે ૧૧ એએસ ૯૦૫૫ નંબરના ટ્રેક્ટરના ચાલકે મોટરસાયકલને હડફેટે લીધું હતું.

આ અકસ્માતથી ૧૯ વર્ષના નરેશભાઈનું મૃત્યુ થયું હતું જ્યારે દીપકભાઈને ગંભીર ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા બનાવ અંગે મૃતકના કાકાએ ફરિયાદ કરતા વિસાવદર પોલીસે તપાસ હાથ ધરી હતી. (૭.૨૪)

# જેતપુરના મોટા ગુંદાળા ગામે ઘોડીપાસાના હાટડા ઉપર પોલીસ ત્રાટકી: છ પકડાયાને ચાર શખ્સો છૂ

## ચંદુ પરમાર બહારના માણસો બોલાવી જાહેરમાં જુગાર રમાડતો'તો: તાલુકા પોલીસનો દરોડો

(કેતન ઓઝા દ્વારા) જેતપુર, તા.૨૦: જેતપુરના મોટા ગુંદાળા ગામે, ઘોડી પાસાની હાટડા ઉપર તાલુકા પોલીસે રેઈડ કરી જુગાર રમતા ૬ને ઝડપી લીધા હતા અને ૪ શખ્સો નાસી છૂટયા હતા.

જેતપુરના મોટા ગુંદાળા ગામ, ઓવરબ્રિજની સામે, દરગાહ પાસે પીપળાના ઝાડ નીચે ઘોડીપાસાનો જુગાર રમતા હોવાની બાતમી મળતા તાલુકા પોલીસે રેઈડ કરી જુગાર રમતા (૧) હાજી ઈસ્માઈલભાઈ જુણેજા રહે. વીરાશકિતધોરાજી રોડ જેતપુર,(૨) કાદીર ઉર્ફે કાજલો વલીભાઈ ચૌહાણ રહે. નાનાચોક તકીયા શેરી જેતપુર,(૩) ભીખા વેલજીભાઈ વાઘેલા ૫૮ રહે. ભુખી ગામ તા. ધોરા, (૪) મોહસીન વલીભાઈ ચૌહાણ ૩૦ રહે. નાનાચોક તકીયા શેરી જેતપુર,(૫) ગોવિંદ ચનાભાઈ પરમાર ૫૬ રહે. મોટાગુંદાળા તાફ જેતપુર તથા (૬) ભીખાભાઈ જેઠાભાઈ સોલંકી રહે. મોટાગુંદાળા તા. જેતપુરને ઝડપી લીધા હતા. જયારે જુગાર રમાડનાર (૭) ચંદુ જેઠાભાઈ પરમાર રહે. મોટા ગુંદાળા, (૮) તોફિક ઉર્ફે ગાભો હનીફભાઈ ગરાણા રહે. ધોરાજી, (૯) જેટલી રહે. ધોરાજી બાકી તથા (૧૦) સુરેશ અરજણભાઈ ડાભી રહે. મોટાગુંદાળા નાસી છુટયા હતા.

તાલુકા પોલીસે સ્થળ ઉપરથી ૧૮૨૯૦ની રોકડરકમ તથા ઘોડીપાસા નંગ-૨ કબજે કરી કાર્યવાહી કરી હતી. (૩.૧૫)

## જુનાગઢ તેરૈયા પરિવારમાં શુભલગ્નઃ ચિ. વિવેક ✠ ચિ. રક્ષા



જુનાગઢ નિવાસી ચંદ્રકાન્તભાઈ મુળશંકરભાઈ તેરૈયા અને અ. સૌ. રસિલાબેનના સુપુત્ર ચિ. વિવેક (BCA)ના શુભ લગ્ન જાંબુડા નિવાસી દિલસુખભાઈ વિનુભાઈ જોષી અને અ.સૌ. દમયંતિબેનની સુપુત્રી ચિ. રક્ષા(BA) સાથે તા.૨૪ જાન્યુ.ને શનિવારના રોજ નિરધારેલ છે તેમજ તથા.૨૩ જાન્યુ.ને શુક્રવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે ભોજન સમારંભ અને રાત્રે ૮ કલાકે દાંડીયા રાસ ખોડિયાર પટેલ સમાજ, શેરનાથ બાપુના આશ્રમ પાસે ભવનાથ, જુનાગઢ ખાતે રાખેલ છે. (૩૫-૫)

# રાજકોટમાં નવનિયુકત પ્રદેશ ભાજપ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટનું ભવ્ય સ્વાગત



રાજકોટઃ ભારતીય જનતા પાર્ટીની પ્રદેશ હોદેદારોની વરણી થયાં બાદ નવનિયુકત પ્રદેશ ભાજપ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટ પ્રદેશ મહામંત્રી તરીકે નિયુકિત બાદ પ્રથમવાર રાજકોટ શહેરમાં તેમનું સ્વાગત ગ્રીનલેન્ડ ચોકડી ખાતે રાજકોટ શહેર હોદેદારોએ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું.

આ તકે રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવેના માર્ગદર્શન હેઠળ મહિલા મોરચાના કિરણબેન માકડીયાની આગેવાનીમાં મહિલા મોરચાના કાર્યકર્તાઓ દ્વારા કુમકુમ તિલક કરી પુષ્પવર્ષા કરવામાં આવેલ હતી, રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવેએ ફુલહાર, વિધાનસભા- ૬૮ ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડે તેમને કાઠીયાવાડી પાઘડી પહેરાવી અને ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ હતું. રાજકોટ પધારતા નવનિયુકત પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટનું સ્વાગત વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, પૂર્વ મંત્રી અને વિધાનસભા-૭૧ ગ્રામ્યના ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડીયા, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, શહેર પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી સહિતનાઓએ કુલહાર દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું. આ તકે ડે.મેયર નરેન્દ્રસીંહ જાડેજા, દંડક નેતા મનીષ રાડીયા, શાસકપક્ષનેતા લીલુબેન જાદવ, પુર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, શહેર ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, પરિમલભાઈ પરડવા, રાજાદિપસિંહ જાડેજા, રમેશભાઈ પરમાર, પુજાબેન પટેલ, હિતેષ ઢોલરીયા, શહેર મંત્રી વિજયભાઈ પાડલીયા, હરેશભાઈ કાનાણી, ભરતભાઈ શીંગાળા, ઈલાબેન પડીયા, ભગવતીબેન ધરોડીયા, કાર્યાલયના સહકાર્યાલયમંત્રી શૈલેષ દવે, શહેર મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવા, બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલીત વાડોલીયા, કિશાન મોરચાના પ્રમુખ યોગેશ ભુવા, અનુસુચિત જનજાતિ મોરચાના પ્રમુખ મનોજભાઈ દુબલ સહિત કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રભારી, વોર્ડ પ્રમુખ,મહામંત્રી, શહેર મોરચાના કાર્યકર્તાઓ સહિત તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નવનિયુકત પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટનું સ્વાગતની વ્યવસ્થા શહેર પ્રમુખ ડો. માધવ દવેના માર્ગદર્શન હેઠળ શહેર યુવા મોરચા પ્રમુખ કિશન ટીલવા અને યુવા મોરચાના કાર્યકર્તાઓ દ્વારા સંભાળવામાં આવેલ હતી.(૩૮.૫૬)

-હિતેષ ઢોલરીયા-શૈલેષ દવે



## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ ખાતે ૧૮મો દીક્ષાન્ત સમારોહ યોજાશે

વેરાવળ, તા. ૨૦ : છેલ્લા ૨૦ વર્ષથી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત અને સંસ્કારોનું નવી પેઢીમાં સિંચન થઈ રહ્યું છે. ગુજરાતની સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ વિવિધ શૈક્ષણિક સિદ્ધિઓને પ્રાપ્ત કરી ભારતની ૧૮ સંસ્કૃત યુનિવર્સિટીઓમાં મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં આવતીકાલે સવારે ૧૧ કલાકે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે ૧૮મો દીક્ષાન્ત સમારોહ યોજાશે.

આ સમારોહમાં સ્વામિનારાયણ શોધ સંસ્થાન, અક્ષરધામ, દિલ્લીના નિયામક મહામહોપાધ્યાય પ્રો.ભદ્રેશદાસ સ્વામીની પ્રેરક ઉપસ્થિતિ રહેશે તેમજ સારસ્વત અતિથિ તરીકે શ્રી લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત યુનિવર્સિટી, દિલ્લીના કુલપતિ પ્રો. મુરલી મનોહર પાઠક, વિશિષ્ટ અતિથિ રૂપે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના કુલપતિ પ્રો. ઉત્પલ જોશી તથા ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ હિમાંજય પાલીવાલ અતિથિરૂપે ઉપસ્થિત રહેશે.

સામનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. સુકાંતકમાર સેનાપતિ સ્વાગતકર્તારૂપે અને કુલસચિવ ડો. મહેશકમાર મેતરા આમંત્રકરૂપે તેમજ યુનિવર્સિટીની એકિઝકયુટીવ કાઉન્સીલ, એકેડેમિક કાઉન્સીલના સભ્યો, સંલગ્ન મહાવિદ્યાલયના પ્રધાનાચાર્યો વગેરે મહાનુભાવો આ સમારોહમાં ઉપસ્થિત રહેશે. (૩૬.૫)

## બ્રહ્માનંદ કોલેજ ઓફ નર્સીંગ - ચાપરડાને નવી એમએસસી નર્સીંગ કોલેજની મંજુરી

### શ્રી બ્રહ્માનંદ વિદ્યાલય છાત્રોને વધુ આગળ લઇ જશે : પૂ. મુક્તાનંદબાપુ

(વિનુ જોશી દ્વારા), જૂનાગઢ, તા. ૨૦ : જીલ્લાના વિસાવદર પાસે કાંતિકારી સંતશ્રી મુક્તાનંદબાપુ દ્વારા સ્થાપિત અને શિક્ષણવિદ શ્રી ગિજુભાઈ ભરાડ દ્વારા માર્ગદર્શિત બ્રહ્માનંદ ગ્રુપ ઓફ કોલેજીસ ચાપરડા વિસાવદર-બિલખા હાઈવે પર વિશાળ કોલેજ કેમ્પસમાં બી.એસ.સી. નર્સીંગ, પોસ્ટ બેઝીક નર્સીંગ, જી.એન.અમ., એ.એન.અમ., બી.સી.એ.,બી.બી.એ., બી.એડ. અને બી.એસ.સી. જનરલ (સાયન્સ) કોલેજ કાર્યરત છે.



તાજેતરમાં ગુજરાત સરકાર તથા ગુજરાત નર્સીંગ કાઉન્સિલ- અમદાવાદ અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી- જૂનાગઢ દ્વારા બ્રહ્માનંદ કોલેજ ઓફ નર્સીંગ- ચાપરડાને નવી એમ.એસ.સી. નર્સીંગ કોલેજની મંજુરી આપવામાં આવી હતી. આ કોલેજ પોતાનું અદ્યતન બિલ્ડીંગ અને પોતાની જ ૪૩૦ બેડની હોસ્પિટલ જય અંબે મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ ધરાવે છે. તેમજ નર્સીંગના જુદા-જુદા કોર્ષમાં ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાલ અભ્યાસ કરે છે. શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ, આધુનિક લેબો, અનુભવી ફેકલ્ટીઓ દ્વારા વિદ્યાર્થીઓને નર્સિંગ ક્ષેત્રે સક્ષમ બનાવે છે.

આ સફળતા માટે પૂજય મુક્તાનંદબાપુએ કોલેજના ડાયરેકટર ચિરાગ પંડ્યાને અભિનંદન પાઠવતા ખુશી વ્યક્ત કરી હતી. અને જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં એમ.એસ.સી. નર્સીંગ કોલેજ આવતા આ વિસ્તારના વિદ્યાર્થીઓને નર્સિંગ કોષમાં પીજી નર્સીંગ પ્રવેશ માટે (ઉચ્ચ અભ્યાસ માટે) બહાર જવાની જરૂર નહિ પડે. તેમજ વધમાં જણાવ્યું હતું કે, બ્રહ્માનંદ વિદ્યાધામ માત્ર શૈક્ષણિક જ્ઞાન પુરૂ પાડતું નથી પણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રેરિત કરે છે. બ્રહ્માનંદ વિદ્યાધામ શિક્ષણને નવી ઉંચાઈએ લઈ જવામાં આગળ છે.

આ તકે કોલેજના ડાયરેકટર ચિરાગ પંડ્યાએ પ્રિન્સિપાલ એમ.ડી. કારેણા તેમજ સમગ્ર સ્ટાફ મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા. તેમ કોલેજના ઓ.એસ. નિકુંજ નિમાવતની યાદી જણાવે છે. (૩૬.૪)



# વેરાવળમાં પોણા આઠ લાખનો દારૂ ઝડપાયો

### એકજ દિ'માં ત્રણ દરોડા : બૂટલેગર નાસી ગયો : ઘરમાંથી ૧૩૨૪ બોટલ મળી આવી

(દિપક કકકડ દ્વારા) વેરાવળ તા. ૨૦: ગીર સોમનાથ એલસીબીએ આખો દિવસ દરમ્યાન વિદેશીદારૂ ના દરોડા પાડી નામચીન બુટલેગર ના ઘરે બે વખત જથ્થો તેમજ એક મોટરકાર માં થી વિદેશીદારૂ ઝડપેલ હતો રૂા.૭,૭૬,૩૧૫ ની ૧૩૨૪ બોટલ ઝડપાયેલ હતી આ ગુનામાં કોઈપણ આરોપી મળી આવેલ નથી

આઈ.જી.નિલેષ ઝાજડીયા, એસ.પી જયદીપસિંહ જાડેજા આ વિસ્તારમાં નશા દુષણ ડામવા માટે કડક હાથે કામગીરી હાથ ધરતા ગીર સોમનાથ એલસીબીએ બાતમીના આધારે વેરાવળ બજરંગ સોસાયટી આદિત્ય બિરલા સ્કુલ ની સામેની ગલ્લીમા મોટરકાર માં તલાસી લેતા તેમાંથી વિદેશીદારૂ બોટલ નંગ ૧૦૧૭ રૂા.૨,૫૩,૫૫૦ તેમજ મોટરકાર રૂા. ૧,૦૦,૦૦૦ મોબાઈલ ફોનં. રૂા. ૧૦,૦૦૦ રોકડા રૂા. ૪૧૦૦૦ કુલ રૂા. ૪,૦૮,૫૫૦ નો મળી આવેલ હતો જેમાં આરોપી તરીકે રોહીત ઉર્ફે રેમ્બો રમેશ બારીયા કોળી, પીયુષ અરજણભાઈ બારીયા વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ હતો.

બીજા દરોડા માં મોટા કોળી વાડા માં મહાકાળી માતાજીના મઢ પાસે બુટલેગર અજય ઉર્ફે બાદલ મનુભાઈ બારીયા ના ઘર માંથી વિદેશી દારૂ બોટલ નંગ ૨૧૭ રૂા. ૩,૨૭,૭૬૫ ની મળી આવેલ હતી તેમાં પણ બીજો આરોપી રોહીત ઉર્ફે રેમ્બો રમેશભાઈ બારીયા એકજ હોય તેની સામે ગુનો દાખલ કરેલ હતો.

ત્રીજો દરોડો રોહીત ઉર્ફે રેમ્બો બારીયા મોટા કોળી વાડા માં રહેણાંમ મકાન માં દરોડો પડેલ હતો તેમાં વિદેશીદારૂબોટલ નંગ ૩૬ રૂા.૩૬૦૦૦ ની મળી આવેલ હતો તેમાં પણ કોઈ આરોપી ઝડપાયેલ ન હતા.

એલસીબી દ્વારા આખો દિવસ દરમ્યાન ૧૩૨૪ બોટલ મુદ્દામાલ ૭,૭૩,૩૧૫ નો મળી આવેલ હતો જેમાં જુદી જુદી ફરીયાદ નામચીન બુટલેગર રોહીત ઉર્ફે રેમ્બો રમેશ બારીયા તેમજ અન્ય બે આરોપીઓ સામે ગુનો દાખલ કરેલ હતો પણ કોઈ આરોપીઓ સ્થળ ઉપરથી મળી આવેલ ન હતા નામચીન બુટલેગર રોહીત ઉર્ફે રેમ્બો સામે પાસા પણ થયેલ છે તે અનેક વખત વિદેશીદારૂ ના ગુનામાં ઝડપાયેલ છે તેમ પોલીસ વિભાગે જણાવેલ હતું.

વેરાવળ સોમનાથ ટોકીઝ વિસ્તારમાં રહેતા ફારૂક હુસેનભાઈ રાઠોડ ને વેરાવળ સીટી પોલીસે બાતમીના આધારે બંદર રોડ ઉપર થી વિદેશીદારૂ બોટલ નંગ ૩ રૂા. ૩૬૦૦ સાથે ઝડપી વધુ તપાસ હાથ ધરેલ છે. (૭.૧૯)



## સોમનાથ મહાદેવ મંદિરે ૧૩૦ થી વધુ પરિવારો દ્વારા ધ્વજારોહણઃ ફોટોગ્રાફર પરિવારોની આસ્થા અને એકતાનું પ્રતીકઃ કલેક્ટરે હાજર રહી પ્રવૃત્તિને બિરદાવી

વેરાવળઃ સોમનાથ મહાદેવ મંદિર ખાતે આ વર્ષે પણ સ્થાનિક ફોટોગ્રાફર પરિવારો દ્વારા ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો. મંદિર પરિસરમાં ફોટોગ્રાફી કરી રોજગાર મેળવતા ૧૩૦ થી વધુ પરિવારોની આ સામૂહિક આસ્થા માત્ર ધાર્મિક વિધિ સુધી સીમિત ન રહી, પરંતુ એકતા, સમર્પણ અને રોજી-રોટી સાથે જોડાયેલી શ્રદ્ધાનું જીવંત ઉદાહરણ બની. આ પ્રસંગે અવધુતેશ્વર મંદિરથી સોમનાથ મંદિર સુધી શોભાયાત્રા યોજાઈ હતી. શોભાયાત્રા ના રૂટ મા આવતા તમામ મંદિરોમાં ધ્વજારોહણ કરવામાં આવેલ ડીજેના તાલે તેમજ ભક્તિગીતો, મહાદેવના જયઘોષ સાથે આગળ વધતી યાત્રામાં ફોટોગ્રાફર પરિવારો, તેમના પરિવારજનો પાથરણાવાળા અને સ્થાનિક વેપારીઓએ ભાગ લીધો હતો. સોમનાથ ફોટોગ્રાફર એસોસિએશનના પ્રમુખ દિવ્યેશભાઈ બામણીયા જણાવ્યું કે છેલ્લા આઠ વર્ષથી ફોટોગ્રાફરો પોતાની આવકમાંથી ફંડ એકત્ર કરી આ આયોજન કરે છે. મહાદેવ અમારી આસ્થા સાથે સાથે અમારા રોજગારનો આધાર છે, દર વર્ષે ફોટોગ્રાફ ના પ્રમુખ દિવ્યેશભાઈ બામણીયાના જન્મ દિવસ નિમિત્તે સોમનાથ મહાદેવ અને શોભાયાત્રા રૂટમા આવતા તમામ મંદિરોમાં ધ્વજારોહણ કરવામાં આવે છે.આ ધ્વજારોહણ મા જીલ્લા કલેકટર ઉપાધ્યાય, અખિલ ભારતીય કોળી સમાજના પ્રમુખ કાનાભાઈ વાલાભાઈ ગઢીયા, ભાજપ અગ્રણી દેવાભાઈ ધારેસા સહિત વિવિધ સમાજોના પ્રમુખો અને આગેવાનો તેમજ ફોટોગ્રાફના પરીવારજનોએ હાજરી આપી હતી.(૨.૮)



## ગિરનારની ગોદમાં જટાશંકર મહાદેવની જગ્યામાં મહંત પૂ. પૂર્ણાનંદબાપુની આગેવાનીમાં ડો. મહાદેવપ્રસાદ મહેતાના વ્યાસાસને દેવી ભાગવત સપ્તાહનો પોથીયાત્રા સાથે પ્રારંભ

જુનાગઢઃ ગિરનાર ની ગોદમાં જટાશંકર મહાદેવની જગ્યા ખાતે મહંતુ પૂ. પૂર્ણા નંદબાપુની આગેવાનીમાં આજથી શરૂ થયેલી દેવી ભાગવત સમાહની પોથીયાત્રા અગ્નિ અખાડા અને ભવનાથ મંદિરથી નીકળી હતી જેમાં વક્તા ડો. મહાદેવપ્રસાદ મહેતા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, શહેર ભાજપ પ્રમુખ ગૌરાંગભાઈ રૂપારેલીયા, યોગીભાઈ પઢીયાર વગેરે મહાનુભાવો આ યાત્રામાં જોડાયા હતા મહાનુભાવો સાધુ સંતો મહંતો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.(અહેવાલ: વિનુ જોશી, તસ્વીર: મુકેશ વાઘેલા-જુનાગઢ) (૩.૫)

## ખૂનના ગુન્હામાં આરોપીને તમંચા સાથે જુનાગઢ એસઓજીએ ઝડપી લીધો



(વિનુ જોશી દ્વારા) જૂનાગઢ, તા.૨૦: રેન્જનાં પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષકશ્રી સુબોધ ઓડેદરાની સુચના તથા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતિઓ ઉપર અંકુશ લાવવા અને ગેરકાયદેસર હથિયારો શોધી કાઢવા તેમજ શરીર સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા સુચના કરેલ હોય. જે અન્વયે આવી ગે.કા. પ્રવૃતિ શોધી કાઢવા અને ગુન્હાઓ બનતા અટકાવવા એસ.ઓ.જી. જૂનાગઢના પોલીસ ઈન્સ.શ્રી આર.કે. પરમાર તથા પો.સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હતા.

આજરોજ એસ.ઓ.જી.ના એ.એસ.આઈ.મહેન્દ્રભાઈ કુવાડીયા તથા વિક્રમભાઈ ચાવડા નાઓને સંયુકત બાતમીરાહે હકિકત મળેલ કે, ખૂન અને એનડીપીએસના ગુન્હામાં સંડોવાયેલ ઈલીયાસ હુશેન નારેજા રહે.જુનાગઢ ધારાગઢ દરવાજા વાળો ગેરકાયદેસર હથીયાર પોતાની પાસે રાખી મજેવડી દરવાજાથી ભરડાવાવ રોડ ઉપર સિધ્ધનાથ મંદીરની આજુ બાજુમાં ફરે છે જે ચોક્કસ બાતમી આધારે સિધ્ધનાથ મંદીર પાસેથી ઉપરોકત ઈસમને પકડી તેની અંગઝડતી કરતા તેના પેન્ટના નેફામાંથી દેશી તમંચો-૧ તથા જીવતા કાર્ટીસ નંગ-૦૨ મળી આવતા તેની વિરુધ્ધ એ ડીવીઝન પો.સ્ટે. ખાતે ગુનો રજી. કરાવેલ છે.

આ કામગીરી એસ.ઓ.જી.ના પોલીસ, ઈન્સ, આર.કે.પરમાર તથા એ.એસ.આઈ એમ.વી.કુવાડીયા, વિક્રમભાઈ ચાવડા તથા પો.હેડ કોન્સ. પ્રતાપભાઈ શેખવા, બાલુભાઈ બાલસ, મેણસીભાઈ અખેડ તથા પો.કોન્સ. રોહીતભાઈ ધાધલ વિગેરે સ્ટાફ આ કામગીરીમાં જોડાયેલ હતો. (૨૨.૯)

## કુકસવાડાના યુવકને નોકરી અપાવવાની લાલચ આપી ૩ લાખની છેતરપિંડી

### સમઢીયાળાના શખ્સ સામે પોલીસ ફરિયાદ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા. ૨૦ : કુકસવાડાના યુવકને નોકરી અપાવવાની લાલચ આપી ૩ લાખની સમઢીયાળાના શખ્સે છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ થતા માળીયા પોલીસે તપાસ હાથ ધરી હતી.

આ બનાવ અંગે મળેલી વિગતો એવી છે કે માળિયા હાટીના તાલુકાના કુકસવાડા ગામે રહેતા નવનીતભાઈ મહેશભાઈ ભરડવા ઉ.વ. ૨૨ નામના યુવકને સમઢીયાળા ગામના સંજયભાઈ દેવસીભાઈ ગોહેલ નામના શખ્સે કુડ એંડ ડ્રગ્સ વીભાગમા અગીયાર માસના કરાર આધારીત ૧૦ વર્ષ સુધીની રૂ. ૩૫,૦૦૦ના પગારથી નોકરી આપવાની લાલચ આપી હતી.

શખ્સે યુવાનને વિશ્વાસમાં લઈ અમદાવાદ ગાંધીનગર લઈ ગયો હતો અને કટકે કટકે રૂપીયા ૩ લાખ પડાવી લઈ નોકરીનો નિમણૂંક ઓર્ડર આપ્યો હતો પરંતુ યુવાનની સાથે નકકી કર્યા મુજબનો પગાર તથા નોકરી નહી આપી વીશ્વાતઘાત અને છેતરપીંડી આચરી હતી.

આ બારામાં યુવાને ગઈકાલે ફરિયાદ કરતા માળીયાહાટીના પોલીસે ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી. (૭.૨૪)

## જેતપુરમાં વીરદાદા જસરાજ સમૂહ જ્ઞાતિ પ્રસાદનું આયોજન

જેતપુર તા. ૨૦: રઘુવંશી સમાજ ના ગૌરવ સમા શૌર્ય ના પ્રતીક રઘુકુળ ભૂષણ લોહરગઢ ના યુવરાજ સમસ્ત લોહાણા પરિવાર ના આરાધ્યદેવ શ્રી વીરદાદા જસરાજજી ના ૯૬૮ માં શૌર્ય દિન નિમિત્તે શહેરની વીર દાદા જસરાજ સેવા સમિતિ દ્વારા આગામી ગુરૂવાર ના રોજ સાંજે ૭ થી ૯:૩૦ કલાકે શહેરમાં વસતા તમામ રઘુવંશી પરિવાર માટે સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ અરવિંદભાઈ વણઝારા સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે. (૭.૧૯)

## માંગરોળમાં પૈસા પરત આપવા મુદે બોલાવી પિતા-પુત્ર પર ૩ શખ્સનો હુમલો

### બોલાચાલી કરી લાકડી વડે માર માર્યો ફરિયાદ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા. ૨૦: માંગરોળમાં પૈસા પરત આપવા મુદે બોલાવી ૩ શખ્સે પિતા-પુત્ર પર હુમલો કરી ધમકી આપી હોવાની ફરિયાદ થતા પોલીસે તપાસ શરૂ કરી હતી.

બનાવ અંગે મળતી વિગત મુજબ માંગરોળના ૩૪ વર્ષીય મહમદઈરફાન સુલેમાનભાઈ ભાટાના પિતાએ ફૈઝાન ઈબ્રાહીમ જેઠવાને ૩ મહિના પહેલા ઉધાર નાણાં આપ્યા હતા. ગત તા. ૧૫ જાન્યુઆરીના રોજ ફૈઝાન અને તેના પિતાએ ફોન કરી પૈસા પરત આપવા બાબતે વાતચીત કરવા માટે જેતખમ બાયપાસ પર આવેલ એશિયન માર્બલના ગોડાઉન પાસે બોલાવ્યા હતા. આથી યુવક અને તેના પિતા ત્યાં પહોંચ્યા હતા.

ત્યારે શખ્સ અને તેના પિતા ઈબ્રાહીમ જેઠવાએ પૈસા આપવાની ના પાડી બોલાચાલી કરી ઉશ્કેરાઈ જઈને ગાળો કાઢી પિતા-પુત્રને ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન, ફૈઝાને તેના મોટાભાઈ ઈસ્માઈલને બોલાવતા તેણે આવી રીક્ષામાંથી લાકડી કાઢી સુલેમાનભાઈને માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્રણેય નાસી ગયા હતા.

માંગરોળ પોલીસે બનાવ અંગે યુવાનની ફરિયાદ આધારે મામલે ઈબ્રાહીમ જેઠવા, તેના પુત્રો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (૭.૨૪)

## જુનાગઢ અને કેશોદમાં સોનીને ૨.૬૨ લાખનો ચુનો

### ૨ મહિલા સહિત ૪ શખ્સ સામે છેતરપિંડીની ફરિયાદ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા.૨૦ : જુનાગઢ અને કેશોદમાં સોનીને ૨.૬૨ લાખનો ચુનો ચોપડી ૨ મહિલા સહિત ૪ શખ્સે છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ થતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

જુનાગઢમાં સોની બજારમાં ''ન્યુ ગીરીરાજ'' જવેલર્સ નામની સોના ચાંદીનાની દુકાન ધરાવતા જમનભાઈ છગનભાઈ પાલા સોની ઉવ. ૬૦ નામના વૃધ્ધ સોની વેપારી ગઈ તારીખ ૧૦ જાન્યુઆરીના રોજ બપોરે પોતાની દુકાને હતા ત્યારે ૪૦ થી ૪૫ વર્ષની મહિલા અને શખ્સ દુકાને ગ્રાહક બનીને ખરીદી કરવા આવ્યા હતા. બંનેએ પોતાની સાથે લાવેલ સોનાની હાંસડી વહેચીને વેપારીને તેની દુકાનેથી સોનાના ચેઈન તથા વીટીની ખરીદી કરવાનુ જણાવ્યું હતું. મહિલા અને શખ્સે રૂપિયા ૩.૧૦ લાખમાં હાંસડી વહેચી હતી અને દુકાનેથી ૨૨ કેરેટનો ૧૫.૬૯૦ મીલી ગ્રામના વજનનો સોનાનો ચેન તથા સોનાની વીટી મળી કુલ રૂપિયા ૨,૬૬,૧૫૨ની ખરીદી કરી તથા હાંસડી વહેચેલ તેના બાકી નીકળતા રૂ. ૪૪,૦૦૦ મળી કુલ રૂ. ૩.૧૦ લાખના દાગીના લઈ જઈ અને વિશ્વાસમાં લઈ ભેળસેળવાળી હાસડી વહેચી નાસી ગયા હતા.

આ અંગે સોની વેપારીએ ગઈકાલે ફરિયાદ નોંધાવતા એ ડિવિઝન પોલીસે સ્ત્રી અને પુરૂષ સામે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આવા એક અન્ય કિસ્સામાં ગઈ તારીખ ૧૦ જાન્યુઆરીના રોજ કેશોદમાં સુતારવાવ ચોક સોની બજારમાં સોના ચાંદીના દાગીનાની દુકાન ધરાવતા નરેન્દ્રભાઈ ખીમજીભાઈ પાલા જાતે. સોની ઉ.વ. ૬૦ પોતાની દુકાને હતા ત્યારે સાંજે ૫૦ થી ૫૫ વર્ષની વયનો શખ્સ અને મહિલા દુકાને આવ્યા હતા અને સોની વેપારીને વિશ્વાસ લઈને પીળી ધાતુ જેમા અમુક ટકા સોનુ હોય તે હાર મુકીને ૨,૭૨,૯૯૬ની કિંમતના સોનાના દાગીના સોની વેપારી ગઈકાલે ફરિયાદ કરતા કેશોદ તેની અવેજીમા મારી પાસેથી બે દીવસમા તથા રોકડા રૂ. ૨૨૦૦૦ આપી જશુ તેવો પોલીસે વિશ્વાસઘાત છેતરપીડીનો તપાસ હાર લઈ જશુ અને તમારા રૂપિયા વિશ્વાસ આપીને નાસી ગયા હતા. આ અંગે હાથ ધરી હતી.





## વડોદરામાં તામિલ સંગમ ગ્રુપ દ્વારા પોંગલની પારંપરિક ઉજવણી કરવામાં આવી :




જેતપુર: શહેરમાં વસતા તામિલ પરિવાર માટે તેમના અર્વાચીન તહેવારે અને તામિલ સંસ્કૃતિ ને જીવંત રાખવા અકોટા અતિથિ ગૃહ ખાતે પોંગલ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ ઉપસ્થિત રહેલ તેમનું વોર્ડ નં. ૧૧ ના કાઉન્સિલર શ્રીમતી મહાલક્ષ્મી સેટિયારે શાલ દ્વારા સન્માન કરેલ. ઉપસ્થિત તમામ માટે જુદી જુદી ગેમ્સ નું આયોજન શ્રીમતી શર્મિલાની ટીમ દ્વારા કરવામાં આવેલ. શ્રીમતી મહાલક્ષ્મી સેટિયારે સાંસ્કૃતિક રીતે પોંગલ (ખીર) બનાવેલ. આ કાર્યક્રમ માં વડોદરામાં વસતા તામિલ સમુદાયના લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ નું સંચાલન કે. સુબ્રમણિ એ કરેલ કાર્યક્રમ ને સફળ બનાવવા પ્રમુખ સી. પી. કાનન, જનરલ સેક્રેટરી વી. વાય. સેટિયાર (શેખર) સહિતનાએ જહેમત ઉઠાવી હતી.(૬.૧૦)

## જુનાગઢ હોટલ લોટસ ખાતે પ્રશાંત કોરાટનું આગેવાનો અને સંસ્થા દ્વારા સન્માન

જુનાગઢ આવેલ ભાજપના પ્રદેશ મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટનું હોટલ લોટસ ખાતે કાઠીયાવાડી પંરપરા મુજબ સાફો પહેરાવી કોર્પોરેટર શૈલેષભાઈ દવે તથા દર્શનભાઈ શેઠ દ્વારા ભવ્ય સન્માન કરાયુ હતું આ સ્વાગત કાર્યક્રમમાં મહામંત્રી ભરત શિંગાળા ડે. મેયર આકાશ કટારા , શાસકપક્ષના નેતા મનન અભાણી, લલિત સુવાગીયાં, વનરાજભાઈ તથા હરિ પ્રબોધમ સંસ્થાના યુવક મંડળના પ્રમુખ ઉજવળ વાછાણીએ સ્વામીજીની મૂર્તિ આપી સન્માન કર્યું હતું. જે તસ્વીરમાં નજરે પડે છે. (અહેવાલ: વિનુ જોષી-તસ્વીર: મુકેશ વાઘેલા જુનાગઢ) (૩૫-૪)